॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૧૬

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# વિપાકશ્રુત, ઔપપાતિક

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૧૬ માં છે...

૦ બે આગમ સૂત્રો-સંપૂર્ણ...

—૦— વિપાકશ્રુત-અંગસૂત્ર-૧૧

અને

—૦— ઔપપાતિક-ઉપાંગસૂત્ર-૧

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૬ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી **૧૦ ભાગો માટે**
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(3) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ४६-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફસ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. [૧]

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** [3]

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** [3]

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** [૧]

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

(૮) જિનભક્તિ સાહિત્ય :- ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

(૯) પ્રકીર્ણ સાહિત્ય :- ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :- ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૧૬ :-

૦ આ ભાગમાં બે આગમોનો સમાવેશ કરાયેલો છે. આગમ-૧૧ અને ૧૨. અંગસૂત્ર ક્રમ-૧૧ અને ઉપાંગ સૂત્ર ક્રમ-૧. આ આગમોના પ્રાકૃત નામો અનુક્રમે विवागसूय અને उववाइअं છે. તેને સંસ્કૃતમાં विपाकश्रुत અને औपपातिक કહે છે. વ્યવહારમાં તે વિપાકસૂત્ર અને ઉવવાઈ કે ઔપપાતિક નામે પણ ઓળખાય છે.

**વિપાક-અંગસૂત્રમાં** બે શ્રુતસ્કંધ છે. બંને શ્રુત-સ્કંધમાં દશ-દશ અધ્યયનો છે, કુલ વીશ અધ્યયનો છે. મુખ્યત્વે ધર્મકથાનુયોગવાળા આ આગમમાં દુઃખ [અશુભ] અને સુખ [શુભ] વિપાકને જણાવેલ છે. અશુભ કર્મના વિપાકમાં કિંચિત્ દ્રવ્યાનુયોગ અને શુભકર્મના વિપાકમાં કિંચિત્ ચરણકરણાનુયોગ સમાવિષ્ટ છે.

**ઉવવાઈ-ઉપાંગસૂત્રમાં** કોઈ શ્રુતસ્કંધ, અધ્યયન કે ઉદ્દેશા નથી, સૂત્ર-સમૂહ જ છે. આ સૂત્ર ધર્મકથાનુયોગ રૂપે પ્રસિદ્ધ છે. પણ તેમાં ચરણકરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ પણ જોવા મળે છે. આ સૂત્રની વિશેષતા એ છે કે – તેના વિવિધ વર્ણનોનો સાક્ષી પાઠ આગમોમાં અનેક સ્થાને જોવા મળે છે. જેમકે जहा उववाइए, जहा कोणिए આદિ.

આ બંને આગમોના મૂળસૂત્રોનો પૂર્ણ અનુવાદ તો અહીં કરેલો જ છે. તે સાથે વિવેચન પણ છે. જે માટે અમે ‘‘ટીકાનુસારી વિવેચન’’ શબ્દ પસંદ કરેલ છે. તેમાં વૃત્તિ સાથે ક્વચિત્ અન્ય સંદર્ભોની નોંધ પણ છે. વૃત્તિનો અનુવાદ પણ છે. આ બંને આગમોની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ હોવાનો ઉલ્લેખ અમોને મળેલ નથી. અમે વૃત્તિના અનુવાદનો જે ભાગ છોડી દીધેલ છે. ત્યાં - x - x - આવી નિશાની મુકેલ છે. વૃત્તિકારની પદ્ધતિ મુજબ અમે ‘‘વિવેચન’’ શબ્દ લખ્યો છે, પણ વૃત્તિમાં અનેક સ્થાને શબ્દાર્થની પ્રચુરતા જ જોવા મળે છે. કેટલુંક વિવરણ સૂત્રાર્થમાં આવી જ જાય છે, તેથી વિવેચનમાં અમે આવા શબ્દાર્થ કે વિવરણને છોડી પણ દીધેલ છે. –





# ૧૧–વિપાકદશાંગ સૂત્ર

## *અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન*

૦ અહીં ‘‘વિપાકશ્રુત’’ શબ્દનો શો અર્થ છે ? વિપાક-પુણ્ય, પાપરૂપ કર્મફળ, તેને પ્રતિપાદન કરનાર શ્રુત-આગમ તે વિપાકશ્રુત. આ બાર અંગરૂપ પ્રવચન પુરુષનું અગીયારમું અંગ છે. આ શાસ્ત્રમાં શિષ્ટ સિદ્ધાંત પરિપાલનાર્થે મંગલ-સંબંધ-અભિધેય-પ્રયોજન ચારે કહેવા જોઈએ. તેમાં આ શાસ્ત્ર જ સમગ્ર કલ્યાણને કરનાર સર્વજ્ઞએ શ્રુતપણે રચેલું હોવાથી ભાવનંદીરૂપ છે, તેથી સ્વયં મંગલરૂપ છે. તેથી અહીં જુદું મંગલ બતાવેલ નથી. શુભાશુભ કર્મનો વિપાક તે અભિધેય છે તે શાસ્ત્રના નામથી જ જણાઈ છે. શ્રોતામાં રહેલ અનંતર પ્રયોજન કર્મના વિપાકનું જ્ઞાન શાસ્ત્રના નામથી જ જણાય છે. કેમકે કર્મના વિપાકને જણાવનાર શ્રુત સાંભળવાથી જ શ્રોતાને પ્રાયે કર્મ વિપાકનું જ્ઞાન થાય છે. પરંપર પ્રયોજન શ્રોતાને મોક્ષ પ્રાપ્તિરૂપ છે, જે આપ્ત પ્રણીતતાથી સ્પષ્ટ છે. કેમકે આપ્તપુરુષો મોક્ષનું સાધક ન હોય તેવા શાસ્ત્રને કહેવામાં ઉત્સાહિત હોતા નથી, તેવી રચનાથી આપ્તત્વને હાનિ થાય છે. ગ્રંથનો ઉપાયોપેય સંબંધ ગ્રંથના નામથી જ જણાઈ આવે છે તે એ કે - શાસ્ત્ર ઉપાય રૂપ છે, કર્મવિપાકનું જ્ઞાન ઉપેય છે

## 卐 શ્રુતસ્કંધ-૧, દુઃખવિપાક 卐

-- ૦ -- ૦ -- ૦ -- ૦ -- ૦ --

● **સૂત્ર-૧ :-**

***તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. વર્ણવો. પૂર્ણભદ્ર ચૈત્ય હતું. તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય આર્ય સુધર્મા અણગાર, જાતિસંપન્ન૦ હતા, વર્ણવો. ચૌદપૂર્વી, ચાર જ્ઞાન સહિત, ૫૦૦ અણગારો સાથે પરીવરી પૂર્વાનુપૂર્વી યાવત્ પૂર્ણભદ્ર ચૈત્યે યથાપ્રતિરૂપ અવગ્રહ લઈ યાવત્ વિચરતા હતા... પર્ષદા નીકળી, ધર્મને સાંભળી, અવધારી, જે દિશામાંથી આવેલ તે દિશામાં પાછા ગયા.***

***તે કાળે તે સમયે આર્ય સુધર્માના શિષ્ય આર્ય જંબૂ અણગાર, જે સાત હાથ ઉંચા તથા ગૌતમસ્વામીની જેમ યાવત્ ધ્યાન રૂપી કોઠામાં રહી વિચરતા હતા. ત્યારે આર્ય જંબૂ અણગારે જાતશ્રદ્ધ થઈ યાવત્ આર્ય સુધર્મા અણગાર પાસે આવી, ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમસ્કાર કરીને યાવત્ પર્યુપાસતા આ પ્રમાણે કહ્યું –***

● **વિવેચન-૧ :-**

તે કાળમાં, તે સમયમાં - x - કાળ અને સમયમાં શો ભેદ છે ? સામાન્ય વર્તમાન અવસર્પિણીના ચોથા આરારૂપ કાળ, વિશિષ્ટ, તેના એક દેશભૂત તે સમય. અથવા તે કાળના હેતુરૂપ, તે સમયના હેતુરૂપ. જો કે તે નગરી આવી હતી, તથા અવસર્પિણીકાળ સ્વભાવથી તે વસ્તુ સ્વભાવોની હાની પામતાં વર્ણક ગ્રંથોક્ત રૂપ, સુધર્માસ્વામીના કાળે તેવી ન હતી. વર્ણન — ઋદ્ધ, સમૃદ્ધ, સ્તિમિત આદિ ઉવવાઈ માફક જાણવું. પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું.

अहापडिरूव - દ્વારા આમ સૂચવે છે - આર્ય સુધર્મા સ્થવિર યથા પ્રતિરૂપ અવગ્રહ ગ્રહીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. તેમાં જે પ્રકારથી સાધુ ઉચિત રૂપ, તે યથાપ્રતિરૂપ, તે અવગ્રહ-આશ્રય, વિહરતિ-રહે છે. - x - સતુસ્સેહ-સાત હાથ ઉંચા, जहा गोयमसामी तहा - જેમ ભગવતીસૂત્રમાં ગૌતમને વર્ણવ્યા છે, તેમ અહીં વર્ણવવા. ક્યાં સુધી ? ''ધ્યાનકોષ્ઠગત'' સુધી. તે આ પ્રમાણે - સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, વજ્રઋષભ નારાચ સંઘયણી, સુવર્ણના કકડાની કસોટીમાં કરેલી જે રેખા, તેની જેવા તથા કમળના ગર્ભ જેવા ગૌર વર્ણી. પરાભવ ન પમાડી શકાય તેવા તપવાળા, કર્મરૂપી વનને બાળવામાં અગ્નિ જેવા તેજસ્વી તપવાળા, તપને તપાવનાર જેના વડે કર્મોને તપાવીને, પોતાના આત્માને સમ્યક્પણે તપાવનાર, કે જે તપ બીજા કરી શકે નહીં, પ્રશસ્ત તપસ્વી, ભીમ-અતિ કષ્ટકારીતપ કરીને પાસે રહેલા અલ્પસત્વીને ભય ઉત્પન્ન કરવાથી પ્રધાન —

- - घोर - પરિષહાદિ શત્રુના વિનાશમાં નિર્દય, બીજા વડે આચરી ન શકાય તેવા ગુણવાન્, ઘોર તપવાળા, અલ્પસત્વી પ્રાણી ન આચરી શકે તેવા દારુણ બ્રહ્મચર્યને વિશે રહેનારા, પ્રતિકર્મના ત્યાગથી શરીરના ત્યાગી, શરીરમાં સંકોચેલી હોવાથી સંક્ષિપ્ત અને અનેક યોજન પ્રમાણ વસ્તુને બાળવામાં સમર્થ હોવાથી વિપુલ તેજોલેશ્યા-વિશિષ્ટ તપોજન્ય લબ્ધિવાળા, શુદ્ધપૃથ્વી આસન ત્યાગીને ઔપગ્રહિક નિષધા અભાવે ઉભડક આસને રહેલા. અધોમુખ - ઉંચે કે તિર્છી દૃષ્ટિ ન રાખી નીચી દૃષ્ટિ રાખનારા. ધ્યાન કોષ્ઠમાં રહેલા. સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહે છે.

जातश्रद्ध - વિવક્ષિત અર્થના શ્રવણની ઈચ્છાવાળા, જાતસંશય - નિશ્ચય ન થયેલ અર્થમાં શ્રદ્ધાવાળા, જાતકુતુહલ-શ્રવણ ઉત્સુકતાવાળા, પહેલા ન હતી પણ હવે જેને શ્રવણેચ્છા ઉત્પન્ન થઈ છે તેવા. એ પ્રમાણે ઉત્પન્ન સંશય, ઉત્પન્ન કુતૂહલ. સંજાત શ્રદ્ધ-સંશય-કુતૂહલ, સમુત્પન્ન શ્રદ્ધ-સંશય-કુતૂહલ. આ પદો सं શબ્દ પ્રકર્ષાદિ વચન છે. બીજા આચાર્યો આ પદોનો અર્થ આમ કરે છે - જાતશ્રદ્ધ - પ્રશ્ન પૂછવાની ઈચ્છાવાળા, શા માટે? જાતસંશય-સંશય થયો માટે, શા માટે? જાતકુતૂહલ-આ ત્રણ પદથી અવગ્રહ કહ્યો. એ રીતે અન્ય ત્રણ ત્રણ પદો વડે ઈહા, અપાય, ધારણા કહી.

ત્રણ વખત જમણા પડખેથી આરંભી પ્રદક્ષિણા કરી. પર્યુપાસે છે, પાસે યાવત્ શબ્દથી શુશ્રુષા-નમસ્કાર કરતા વિનય વડે અંજલિ જોડી, સન્મુખ રહીને પર્યુપાસે છે.



● **સૂત્ર-૨ :-**

***હે પૂજ્ય ! જો શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સંપ્રાપ્તે દશમાં અંગ પ્રશ્ન વ્યાકરણનો આ અર્થ કહ્યો, તો હે ભંતે ! અગ્યારમાં વિપાકશ્રુતનો શો અર્થ કહ્યો છે ? ત્યારે આર્ય સુધર્માએ જંબૂ અણગારને આમ કહ્યું — હે જંબૂ ! શ્રમણ યાવત્ સંપ્રાપ્ત ભગવંતે અગ્યારમાં અંગ વિપાકશ્રુતના બે શ્રુતસ્કંધ કહ્યા છે — દુઃખવિપાક અને સુખવિપાક. હે ભંતે ! શ્રમણ યાવત્ સંપ્રાપ્તે ૧૧માં અંગ વિપાકશ્રુતના બે શ્રુતસ્કંધ કહ્યા છે, તો પહેલા શ્રુતસ્કંધ દુઃખવિપાકના શ્રમણ યાવત્ સંપ્રાપ્તે કેટલાં અધ્યયનો કહ્યા છે ? ત્યારે આર્ય સુધર્માએ જંબૂ અણગારને કહ્યું — હે જંબૂ ! આદિકર તીર્થંકર શ્રમણ ભગવંત મહાવીરે દુઃખવિપાકના દશ અધ્યયનો કહ્યા છે.***

● **વિવેચન-૨ :-**

દુઃખવિપાક-પાપકર્મના ફળ, દુઃખના હેતુરૂપ હોવાથી પાપકર્મ, તેનો વિપાક. આ પહેલો શ્રુતસ્કંધ છે, બીજો સુખવિપાક છે.

● **સૂત્ર-૩ :-**

***મૃગાપુત્ર, ઉજ્ઝિતક, અભગ્ન, શકટ, બૃહસ્પતી, નંદી, ઉંબર, શૌર્યદત્ત, દેવદત્તા, અંજૂ. [આ દશ અધ્યયનો છે.]***

● **વિવેચન-૩ :-**

(૧) મૃગાપુત્ર - આ નામે રાજપુત્ર વક્તવ્યતાવાળું અધ્યયન, (૨) ઉજ્ઝિતક-સાર્થવાહપુત્ર (૩) અભગ્ન-વિજય ચોર સેનાપતિનો પુત્ર, (૪) શકટ-સાર્થવાહ પુત્ર, (૫) બૃહસ્પતિ-પુરોહિતપુત્ર, (૬) નંદી-નંદીવર્ધન રાજકુમાર, (૭) ઉંબર-ઉંબરદત્ત, સાર્થવાહ પુત્ર, (૮) સૌરિકદત્ત-માછીમાર પુત્ર, (૯) દેવદત્તા-ગૃહપતિ પુત્રી, (૧૦) અંજૂ-સાર્થવાહ પુત્રી.

## ❀ અધ્યયન-૧-''મૃગાપુત્ર'' ❀

— x — x — x — x —

● **સૂત્ર-૪ :-**

***ભંતે જો આદિકર તીર્થંકર યાવત્ સંપ્રાપ્તે દુઃખવિપાકના દશ અધ્યયનો કહ્યા છે - x - તો ભંતે પહેલા દુઃખવિપાક અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? ત્યારે સુધર્મા અણગારે જંબૂ અણગારને કહ્યું — હે જંબૂ ! તે કાળે, તે સમયે મૃગગ્રામ નગર હતું, વર્ણક. તે મૃગગ્રામ નગરની બહાર ઈશાન દિશિભાગમાં ચંદન પાદપ નામે ઉદ્યાન હતું. તે સર્વઋતુક૦ હતો. ત્યાં સુધર્મયક્ષનું જુનું, પૂર્ણભદ્ર જેવું યક્ષાયતન હતું. તે મૃગગ્રામ નગરમાં વિજય નામે ક્ષત્રિય રાજા હતો.***

***તે વિજય ક્ષત્રિયને મૃગા નામે અહીન૦ રાણી હતી. વર્ણક. તે વિજય ક્ષત્રિયનો પુત્ર અને મૃગા રાણીનો આત્મજ મૃગાપુત્ર નામે પુત્ર હતો. તે જાતિઅંધ, જાતિમૂક, જાતિબધિર, જાતિપંગુલ, હુંડ, વાયુ વાળો હતો. તે બાળકના હાથ, પગ, કાન, આંખ, નાક ન હતા. કેવળ તેને તે અંગોપાંગની આકૃતિ-માત્ર***

*આકારરૂપ હતો.*

*પછી તે મૃગાદેવી, તે મૃગાપુત્ર બાળકને ગોપવીને ભૂમિ ઘરમાં ગુપ્ત રીતે ભોજન-પાન વડે પોષતી રહે છે.*

● વિવેચન-૪ :-

सव्वोउय - સર્વઋતુના ફૂલ વડે વ્યાપ્ત, નંદનવન સદૃશ ઈત્યાદિ ઉધાનવર્ણન કહેવું. ચિરાદિક-ઘણાં કાળનું બનેલ આદિ, જેમ ઉવવાઈમાં પૂર્ણભદ્ર ચૈત્ય છે તેમ કહેવું. અહીન-પૂર્ણ પંચેન્દ્રિય શરીર, ઈત્યાદિ વર્ણન કહેવું. આત્મજ-પુત્ર. જાતિ અંધ - જન્મથી અંધ, હુંડ-સર્વ અવયવના પ્રમાણથી રહિત. વાયવ્વ-વાત પ્રકૃતિવાળો. આગઈમેત્ત - આકાર માત્ર, ઉચિત સ્વરૂપવાળો નહીં. રહસ્સ-ખાનગી.

● સૂત્ર-૫ :-

*તે મૃગગ્રામ નગરમાં એક જાતિઅંધ પુરુષ રહેતો હતો. તે એક ચક્ષુવાળા પુરુષ વડે દંડ વડે આગળ ખેંચાતો-ખેંચાતો જતો હતો. તેના મસ્તકના કેશ કુટેલા અને અત્યંત વિખરાયેલા હતા. માખીના ઝુંડ તેની પાછળ બણબણતા હતા. આવો તે અંધ મિયગ્રામ નગરમાં ઘેર ઘેર દયા ઉપજાવતો આજીવિકાને કરતો રહેતો હતો.*

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ પધાર્યા. યાવત્ પર્ષદા નીકળી. ત્યારે તે વિજય ક્ષત્રિય આ કથાના અર્થને પામીને કોણિક રાજાની જેમ નીકળ્યો યાવત્ પર્યુપાસવા લાગ્યો. ત્યારે તે જાતિ અંધ પુરુષે તે મોટા જન શબ્દને યાવત્ સાંભળીને, તેણે કહ્યું — દેવાનુપ્રિય ! શું આજે મૃગગ્રામ નગરે ઈન્દ્રમહોત્સવ૦ છે ? યાવત્ બધાં જઈ રહ્યા છે. ત્યારે એક ચક્ષુ પુરુષે જાતિ અંધ પુરુષને કહ્યું — હે દેવાનુપ્રિય ! ઈન્દ્રમહોત્સવ આદિ નથી, યાવત્ તે માટે લોકો જતાં નથી. પણ શ્રમણ ભગવંત મહાવીર યાવત્ પધાર્યા છે, તે કારણે યાવત્ બધાં જઈ રહ્યા છે.*

*ત્યારે તે અંધપુરુષે તે એકાક્ષી પુરુષને કહ્યું — દેવાનુપ્રિય ! ચાલો, આપણે પણ ભગવંત મહાવીરની પાસે જઈને યાવત્ પર્યુપાસીએ. ત્યારે તે જાતિ અંધ પુરુષ આગળ ચાલતા પુરુષ વડે લાકડીથી દોરવાતો ભગવંત મહાવીર પાસે આવ્યો, આવીને ત્રણ વખત જમણેથી પ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમન કર્યા, યાવત્ પર્યુપાસવા લાગ્યો.*

*ત્યારે ભગવંતે તે વિજય ક્ષત્રિય અને પર્ષદાને ધર્મ કહ્યો. પર્ષદા યાવત્ પાછી ગઈ. વિજય રાજા પણ ગયો.*

● વિવેચન-૫ :-

કુટ્ટ-સ્ફુટિતવાળના સંચયથી વિખરાયેલ કેશ. હડાહડ-અતિ, મસ્તક જેનું તે. મચ્છિયા-માખી, ચટકરપ્રધાન-વિસ્તરતો એવો, પહકર-સમૂહ. અથવા માખીના વૃંદનો જે પ્રહકર, તેના વડે માર્ગમાં ગમન કરાતો. પ્રાયઃ મેલવાળી વસ્તુમાં જ માખી અનુગમન કરે છે. કાલુણવડિયાએ - કરુણવૃત્તિથી, વિત્તિંકપ્પેમાણે - આજીવિકા



કરતો. - - - जाव समोसरिए - પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ વિચરતા ઈત્યાદિ. महया० મોટો જનશબ્દ-કોલાહલાદિ. તેમાં જનવ્યૂહ-ચક્રાદિ આકાર. સમૂહ, તેનો શબ્દ, બોલ-અવ્યક્ત ધ્વનિ.

इंदमहे - ઈન્દ્ર મહોત્સવ, યાવત્ શબ્દથી - સ્કંદ, રુદ્રાદિ મહોત્સવ અથવા ઉધાન યાત્રા. જેમાં ઘણાં ઉગ્ર, ભોગાદિ લોકો એક દિશામાં જ મુખ કરીને ચાલતા હોય. *વૃત્તિકાર શ્રીનું પછીનું લખાણ સૂત્રમાં પ્રત્યક્ષ જ નોંધાયેલું છે.* હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવંત મહાવીર યાવત્ પધાર્યા છે, અહીં સંપ્રાપ્ત છે, આજ મૃગગ્રામ નગરના મૃગવન ઉધાનમાં યથા પ્રતિરૂપ અવગ્રહ સ્વીકારી, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં રહ્યા છે.

ભગવંતે ઉપદેશ આપ્યો - x - જે રીતે જીવો બંધાય છે આદિ. જાતિ અંધ-જન્મથી જ અંધ, તે ચક્ષુના ઉપઘાતથી પણ થાય, તેથી કહે છે — ઉત્પન્ન અંધ-આરંભથી જ ચક્ષુ ન હોય તેવો કુત્સિત અંગ સ્વરૂપ.

● સૂત્ર-૬ :-

*તે કાળે તે સમયે ભગવંતના મુખ્ય શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર યાવત્ વિચરતા હતા. પછી તે ગૌતમસ્વામીએ તે જાત્યંધ પુરુષને જોયો. જોઈને જાતશ્રદ્ધ યાવત્ કહ્યું — ભગવન્ ! કોઈ પુરુષ જાત્યંધ, જાત્યંધરૂપ હોય ? હા હોય. - - ભગવન્ ! તે પુરુષ જાતિઅંધ, જાતિઅંધરૂપ કેવી રીતે છે ? હે ગૌતમ ! આ જ મૃગગ્રામ નગરમાં વિજયક્ષત્રિયનો પુત્ર, મૃગાદેવીનો આત્મજ એવો મૃગાપુત્ર નામે બાળક જાતિઅંધ, જાતિઅંધરૂપ છે, તે બાળકને અવયવો નથી યાવત્ આકૃતિ માત્ર છે. મૃગાદેવી યાવત્ તેનું પાલન કરે છે.*

*ત્યારે ગૌતમસ્વામીએ શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમન કર્યા, કરીને કહ્યું — હે ભગવન્ ! હું આપની આજ્ઞા પામીને મૃગાપુત્ર બાળકને જોવા ઈચ્છું છું - - - હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો. ત્યારે ગૌતમસ્વામી ભગવંતની આજ્ઞા પામીને હૃષ્ટ તુષ્ટ થઈ ભગવન્ પાસેથી નીકળ્યા, નીકળીને અત્વરિત યાવત્ ઈર્યાસમિતિ શોધતા મૃગગ્રામ નગરે આવ્યા, આવીને મૃગગ્રામ નગર મધ્યેથી મૃગાદેવીને ઘેર આવ્યા. ત્યારે મૃગાદેવી ગૌતમસ્વામીને આવતા જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ બોલી — દેવાનુપ્રિય ! આપના આગમનનું પ્રયોજન શું છે ? તે જણાવો.*

*ત્યારે ગૌતમસ્વામીએ મૃગાદેવીને કહ્યું — હે દેવાનુપ્રિયા ! હું તમારા પુત્રને જોવાને જલ્દી આવેલો છું. ત્યારે મૃગાદેવીએ મૃગાપુત્ર બાળકની પછી જન્મેલા ચારે પુત્રોને સર્વાલંકાર વિભૂષિત કર્યા, કરીને ગૌતમસ્વામીના પગે લગાડ્યા પછી કહ્યું — ભગવન્ ! આ મારા ચાર પુત્રો, તમે જુઓ. ત્યારે ગૌતમસ્વામીએ મૃગાદેવીને કહ્યું — દેવાનુપ્રિયા ! હું તમારા આ પુત્રોને જોવા જલ્દી નથી આવ્યો. તમારો જે મોટો પુત્ર 'મૃગાપુત્ર' જે જાતિ અંધ, જાતિ અંધરૂપ છે, જેને તમે છુપી રીતે ભોંયરામાં રાખીને ગુપ્તપણે ભોજન-પાન વડે*

*પાલન-પોષણ કરો છો, તેને જોવા આવ્યો છું.*

*ત્યારે તે મૃગાદેવીએ ગૌતમસ્વામીને પૂછ્યું – હે ગૌતમ! તે કોણ એવા તથારૂપ જ્ઞાની કે તપસ્વી છે? જેણે આપને મારા આ રહસ્યિક અર્થને શીઘ્રપણે કહ્યો, જેથી તમે આ અર્થને જાણો છો? ત્યારે ગૌતમસ્વામીએ મૃગાદેવીને કહ્યું – હે દેવાનુપ્રિય! મારા ધર્માચાર્ય શ્રમણ ભગવંત મહાવીર છે, જેનાથી હું આ વૃત્તાંત જાણું છું. મૃગાદેવી, ગૌતમસ્વામી સાથે આ વાત કરતી હતી તેટલામાં મૃગાપુત્ર બાળકની ભોજનવેળા થઈ ગઈ. ત્યારે મૃગાદેવીએ ગૌતમસ્વામીને કહ્યું – ભંતે! આપ અહીં જ ઉભા રહો. જેથી હું તમને મૃગાપુત્ર બાળક બતાવું. એમ કહી ભોજનપાન ગૃહે ગઈ, જઈને વસ્ત્ર પરાવર્તન કર્યા, કરીને કાષ્ઠની ગાડી ગ્રહણ કરી, કરીને વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ભર્યા. ભરીને તે કાષ્ઠની ગાડીને ખેંચતી ખેંચતી ગૌતમસ્વામી પાસે આવી, પછી ગૌતમસ્વામીને કહ્યું તમે આવો, મારી પાછળ ચાલો, હું તમને મૃગાપુત્ર બાળક બતાવું.*

*ત્યારપછી ગૌતમસ્વામી મૃગાદેવીની પાછળ ચાલ્યા. ત્યારે તે મૃગાદેવી કાષ્ઠની ગાડીને ખેંચતા ખેંચતા ભૂમિગૃહે આવ્યા, આવીને ચતુષ્પટ વસ્ત્ર વડે મુખ બાંધ્યુ, મુખ બાંધતા ગૌતમસ્વામીને કહ્યું, તમે પણ ભગવન્ ! મુહપત્તિ વડે મુખને બાંધો ત્યારે ગૌતમ સ્વામીએ પણ મુખને બાંધ્યુ. પછી મૃગાદેવીએ અવળુ મુખ રાખી ભૂમિગૃહના દ્વાર ઉઘાડ્યા. તેમાંથી જે ગંધ નીકળી, તે સર્પનું મૃતક, સર્પનું કલેવર યાવત્ તેનાથી પણ અનિષ્ટતર એવા પ્રકારે ગંધ હતી.*

*ત્યારે તે મૃગાપુત્ર બાળક તે વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમની ગંધથી અભિભૂત થઈને તે વિપુલ અશન, પાન આદિમાં મૂર્છિત૦ થઈ તે વિપુલ અશનાદિને, તેમાં બેસીને આહાર કર્યો, આહાર કરીને જલ્દીથી તે આહાર વિધ્વંસ થયો, પછી તે પરુ-લોહીપણે પરીણમ્યો, તે પરુ-લોહીનો આહાર કર્યો.*

*ત્યારપછી ગૌતમસ્વામી, તે મૃગાપુત્ર બાળકને જોઈને આવા પ્રકારે સંકલ્પ ઉત્પન્ન થયો – અહો! આ બાળક પુરાણા-દુષ્ટ રીતે આચરેલા, દુષ્પ્રતિકાંત અશુભ પાપકૃત્ કર્મોના પાપક ફળ-વૃત્તિ વિશેષને અનુભવતો રહ્યો છે. મેં નરક કે નારકીને પ્રત્યક્ષ જોયા નથી પણ આ પુરુષ નરક પ્રતિરૂપ વેદના વેદે છે. એમ વિચારી મૃગાદેવીને પૂછીને મૃગાદેવીના ઘેરથી નીકળે છે, નીકળીને મૃગાગ્રામ નગરની મધ્યેથી નીકળીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વંદન-નમન કરીને પૂછ્યું –*

*હું આપની આજ્ઞા પામીને મૃગગ્રામ નગરની મધ્યેથી પ્રવેશીને મૃગાદેવીના ઘેર ગયો ત્યાં તે મૃગાદેવી મને આવતો જોયો, જોઈને હર્ષિત થઈ૦ ઈત્યાદિ બધું યાવત્ પરુ-લોહીને આહારે છે સુધી કહેવું. ત્યારપછી મને આવો મનોગત સંકલ્પ થયો કે – અહો ! આ બાળક તેના જૂના કર્મોને વશ યાવત્ રહેલો છે.*



● **વિવેચન-૬ :-**

अतुरिय - મનની સ્થિરતાથી અત્વરિત. યાવત્ શબ્દથી આ પ્રમાણે - અચપળ, અસંભ્રાંત, યુગપ્રમાણ અંતરને પ્રલોકતી દૃષ્ટિને આગળ રાખી ચાલે છે. અચપળ - કાયાની ચપળતાના અભાવે, અસંભ્રાંત-ભ્રમરહિત, યુગ-યૂપ પ્રમાણ ભૂમિભાગ. रियं - ઈર્યા, ગમન - તેનો માર્ગ. हट्ठ० - હર્ષિત, સંતુષ્ટ, આનંદિત. આ શબ્દો એકાર્થક છે. हव्व-જલ્દીથી. जाया यावि होत्था - થયા. वत्थपरियट्ट - વસ્ત્ર પરિવર્તન.

से जहानामए - તે આ પ્રમાણે. अहिमडे० આદિ - ગાયનું કે શ્વાનનું મૃતક. - x - અનિષ્ટતર-અતિ અનિષ્ટ ગંધ, યાવત્ શબ્દથી અકાંતતર, અપ્રિયતર, અમનોજ્ઞતર, અમણામતર. આ શબ્દો એકાર્થક છે. मुर्छित० આદિ - ગ્રથિત, ગૃદ્ધ, અધ્યુપપન્ન, આ પણ એકાર્થક શબ્દો છે. अज्झत्थिए० આ ચિંતિત, કલ્પિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ. એકાર્થક છે.

पुरापोराणाणं० - જરઠ, કર્કશરૂપ, પૂર્વકાળે, પ્રાણાતિપાતાદિ દુશ્ચરિત હેતુ, दुप्पडिक्कंत - દુઃશબ્દ અભાવ અર્થમાં છે, તેનાથી પ્રાયશ્ચિત્ત સ્વીકાર આદિ વડે વિપાકોને દૂર ન કર્યા. અશુભ-અસુખ હેતુ, पावाणां-પાપ, દુષ્ટ સ્વભાવ. कम्माणं - જ્ઞાનાવરણ આદિ.

● **સૂત્ર-૭ :-**

*ભગવન્ ! તે પુરુષ પૂર્વભવે કોણ હતો ? તેનું નામ કે ગોત્ર શું હતા ? કયા ગામ કે નગરમાં, શું આપીને કે ભોગવીને, શું આચરીને ? પૂર્વના કેવા કર્મોથી યાવત્ વિચરે છે ? - - હે ગૌતમ ! એમ સંબોધીને શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું –*

*હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપના ભરતમાં શતદ્વાર નામે નગર હતું. જે ઋદ્ધ-સ્તિમિત૦ હતું. તે શતદ્વાર નગરમાં ધનપતિ નામે રાજા હતો. તે શતદ્વાર નગરની કંઈક સમીપે દક્ષિણ-પશ્ચિમ દિશા ભાગમાં વિજયવર્દ્ધમાન નામે ખેટક હતું, તે ઋદ્ધ-સ્તિમિતાદિ હતું. તે વિજય વર્દ્ધમાન ખેટકની પાછળ બીજા ૫૦૦ ગામો હતા.*

*વિજયવર્ધમાન ખેટકમાં ઇક્કઈ નામે રાષ્ટ્રકૂટ હતો. તે અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનંદ હતો. ૫૦૦ ગામનો અધિપતિ થઈ યાવત્ પાલન કરતો રહેતો હતો. તે વિજયવર્ધમાન ખેટકના ૫૦૦ ગામોને ઘણાં કર, ભાર, વૃદ્ધિ, ઉત્કોટ, પરાભવ, દેય, ભેદ્ય, કુંત, લંછપોષ, આદીપન, પંથકોટ્ટ વડે પીડા કરતો, ધર્મરહિત કરતો તર્જના-તાડના-નિર્ધન કરતો - કરતો રહેતો હતો.*

*ત્યારપછી તે ઈક્કાઈ રાષ્ટ્રકૂટ વિજયવર્દ્ધમાન ખેટકના ઘણાં રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, શ્રેષ્ઠી, સાર્થવાહોને તથા બીજા પણ ઘણાં ગ્રામ્યપુરુષોને ઘણાં કાર્યો - કારણોમાં, રહસ્ય-નિશ્ચય-વ્યવહારોમાં સાંભળવા છતાં “ન સાંભળ્યું” કહેતો, ન સાંભળ્યા છતાં “સાંભળ્યુ” એમ કહેતો એ પ્રમાણે જોવામાં - બોલવામાં - લેવામાં - જાણવામાં કરતો હતો. ત્યારે તે ઈક્કાઈ*

*રાષ્ટ્રકૂટને આવા કર્મમાં, આવી પ્રધાનતામાં, આવી વિદ્યામાં, એવા આચરણમાં ઘણાં પાપકર્મોને અને કલહહેતુરૂપ પાપકર્મોને ઉપાર્જતો વિચરતો હતો.*

*ત્યારપછી તે ઈક્કાઈ રાષ્ટ્રકૂટને અન્ય કોઈ દિવસે શરીરમાં એક સાથે સોળ રોગાતંક ઉત્પન્ન થયા. તે આ પ્રમાણે —*

**● વિવેચન-૭ :-**

પૂર્વભવે કોણ હતો ? નામ શું હતું ? ગોત્ર-કુળ શું હતું ? પુરા - પૂર્વેના દુશ્ચિર્ણ, દુષ્પ્રતિક્રાંત, અશુભ પાપકર્મોના પાપક ફળ-વૃત્તિ વિશેષને અનુભવતો વિચરે છે ? ગોયમાઇ - ગૌતમને આમંત્રીને. ઋદ્ધિસ્તિમિત-નિર્ભય. વણઓ - નગર વર્ણન કહેવું, તે ઉવવાઈવત્. અદૂર સામંત-બહુ દૂર કે નજીક નહીં. ખેડ-ધૂળીયા પ્રાકારવાળું. રિદ્ધ-ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ જાણવું. આભોગ - વિસ્તાર, રાષ્ટ્રકૂટ-મંડલોપજીવિ રાજનિયોગિક. અધાર્મિક-યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું —

અધર્માનુગ-શ્રુત ચારિત્રના અભાવને અનુસરનાર, આવું કઈ રીતે ? અધર્મિષ્ટ-અધર્મ જ જેને વલ્લભ કે પૂજિત છે તે અથવા અતિશયથી અધર્મી-ધર્મવર્જિત, તેથી જ અધર્માખ્યાયી - અધર્મના પ્રતિપાદક અથવા આ ''અવિધમાનધર્મી'' છે એવી પ્રસિદ્ધિવાળો. તથા અધર્મ પ્રલોક્યતિ - ઉપાદેયરૂપે જાણે તે. તેથી જ અધર્મપ્રરંજન-અધર્મરાગી, તેથી જ અધર્મસમુદાચાર-સમાચારીવાળો. તેથી અધર્મ વડે - હિંસાદિ વડે વૃત્તિ-આજીવિકાને કરતો, દુઃશીલ-શુભ સ્વભાવથી હીન, દુર્વ્રત-વ્રતરહિત, દુષ્પ્રત્યાનંદ-સાધુ દર્શનાદિથી ખુશ નહીં.

આહેવચ્ચ - અધિપતિકર્મ, યાવત્ શબ્દથી-પોરેવચ્ચ અર્થાત્ અગ્રેસરત્વ, સ્વામિત્વ-નાયકત્વ, ભર્તૃત્વ-પોષકત્વ, મહત્તરકત્વ-ઉત્તમત્વ, આજ્ઞેશ્વરસ્ય-જેનું સેનાપતિત્વ આજ્ઞાપ્રધાન છે તેને નિયોગિક વડે કરતો, સ્વયં પાળતો એવો. કરૈઃ ક્ષેત્રાદિ આશ્રિત રાજદેય દ્રવ્ય. ભરેહિ-તેની જ પ્રચુરતાથી, વિદ્ધિ-કુટુંબીને વિતીર્ણ ધાન્યના બમણાદિનું ગ્રહણ. ક્વચિત્ વૃત્તિ વડે, તેમાં રાજાના આદેશકારીની જીવિકા. ઉક્કોડ-લાંચ, પરાભય-પરાભવ વડે. દેજ્જ-દેય દ્રવ્ય-વ્યાજ વડે, ભેજ્જ-મારામારી આદિ અપરાધને આશ્રીને તે ગામના મનુષ્યો ઉપર દંડનું દ્રવ્ય નંખાય, તથા પ્રત્યેક કણબી પાસે જુદું જુદું દંડ દ્રવ્ય ઉઘરાવે, તેવા ભેદ્ય વડે, તેના વડે કુંત - ''આટલું ધન તારે મને આપવું'' એ શરતે નિયોગિકને અમુક દેશ આપી તે ધન લેવું.

લંછપોસ-ચોર વિશેષને પોષવા તે. આલીવણ - લોકોને વ્યાકુળ કરીને લુંટવાને ગ્રામાદિકને સળગાવવા વડે. પંથકોટ્ટ-સાર્થગાત, ઉવીલમાણ-પીડા કરતો. વિહમ્મમાણ-સ્વ આચારથી ભ્રષ્ટ કરતો, તજ્જમાણ-તર્જના કરતો, ''મારી અમુક વસ્તુ તું આપતો નથી'' તું યાદ રાખજે, એમ કહી ડરાવતો. તાલેમાણ-ચાબુક અને થપ્પડો વડે મારતો. નિદ્ધણ-નિર્ધન.

તલવર - રાજપ્રસાદવાળા રાજોત્થાસનિક, માડંબિક-મડંબના અધિપતિ, મડંબ-સંનિવેશ વિશેષ, જેના બે યોજનમાં ગ્રામાદિ નિવેશ અવિધમાન હોય. - - કજ્જ-કાર્ય, પ્રયોજનમાં અનિષ્પન્ન, કારણ - સાધવાના પ્રયોજન વિષયભૂતમાં જે મંત્રાદિ



વ્યવહાર, તેમાં મંત્ર-પર્યાલોચન, ગુહ્ય-રહસ્ય, નિશ્ચય-વસ્તુનિર્ણય, વ્યવહાર-વિવાદ.

એયકમ્મ - આ વ્યાપાર. એયપ્પહાણ - એમાં જ રહેલ, એયવિજ્જ-આ જ વિદ્યા-વિજ્ઞાન, - x - પાવકમ્મ-અશુભ, જ્ઞાનાવરણાદિ કલિ કલુસ - કલહ હેતુ મલીન સમ. જમગસમગ-એક સાથે. - x -

**● સૂત્ર-૮ :-**

*શ્વાસ, ખાંસી, જ્વર, દાહ, કુક્ષિશૂળ, ભગંદર, મસા, અજીર્ણ, નેત્રશૂળ, મસ્તક શૂળ, અરુચિ, નેત્રપીડા, કર્ણપીડા, ખરજ, જલોદર, કોઢ.*

**● વિવેચન-૮ :-**

યોનિશૂળ એ અપપાઠ છે, અન્યત્ર અહીં કુક્ષિશૂળ છે. ભગંદલ-ભગંદર, અકારઅ-અરોચક, ઉદર-જલોદર.

**● સૂત્ર-૯ :-**

*ત્યારપછી તે ઈક્કાઈ રાષ્ટ્રકૂટે ૧૬-રોગાતંકથી અભિભૂત થઈને કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું — હે દેવાનુપ્રિયો ! તમે જાઓ, વિજય વર્ધમાન ખેટકના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ, પથમાં મોટા-મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા-કરતા આ પ્રમાણે કહો — દેવાનુપ્રિય ! અહીં ઈક્કાઈ રાષ્ટ્રકૂટના શરીરમાં ૧૬-રોગાતંકો ઉત્પન્ન થયા છે, તે આ — શ્વાસ, ખાંસી યાવત્ કોઢ. હે દેવાનુપ્રિયો ! જે કોઈ વૈદ્ય-વૈદ્યપુત્ર, જ્ઞાયક-જ્ઞાયકપુત્ર, ચિકિત્સક-ચિકિત્સકપુત્ર, જે ઇક્કાઈ રાષ્ટ્રકૂટના તે ૧૬-રોગાતંકમાંનો એક પણ રોગાતંકને શમાવી દે, તેને ઇક્કાઈ રાષ્ટ્રકૂટ વિપુલ અર્થસંપદા આપશે. બીજી-ત્રીજી વખત આ ઉદ્‌ઘોષણા કરીને મારી આ આજ્ઞા મને પાછી સોંપો.*

*ત્યારે તે કૌટુંબિક પુરુષોએ યાવત્ આજ્ઞા પાછી સોંપી.*

*ત્યારે તે વિજય વર્દ્ધમાન ખેટકમાં આ આવા પ્રકારની ઉદ્‌ઘોષણા સાંભળી, સમજીને ઘણાં વૈદ્ય આદિ છ એ હાથમાં શસ્ત્રકોશ લઈને પોત-પોતાના ઘેરથી નીકળ્યા, નીકળીને વિજય વર્ધમાન ખેટક મધ્યે થઈને ઇક્કાઈ રાષ્ટ્રકૂટના ઘેર આવ્યા, આવીને ઇક્કાઈ રાષ્ટ્રકૂટના શરીરને તપાસીને, તે રોગનું નિદાન પૂછ્યું, પૂછીને ઇક્કાઈ રાષ્ટ્રકૂટને ઘણાં અભ્યંગન, ઉદ્‌વર્તના, સ્નેહપાન, વમન, વિરેચન, અપદ્રાવણ, અપસ્નાન, અનુવાસના, વસ્તિકર્મ, નિરોધ, શિરોવેધ, તક્ષણ, પ્રક્ષણ, શિરોવસ્તિ, તર્પણ, પુટપાક, છાલ, મૂલ, કંદ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, શિલિકા, ગુલિકા, ઔષધ અને ભેષજ વડે - તે સોળ રોગાતંકમાંથી એકપણ રોગાતંકને શમાવવા પ્રયત્ન કર્યો, પણ તેમાંના એકને પણ શમાવવા સમર્થ ન થયા.*

*ત્યારે તે ઘણાં વૈદ્યો, વૈદ્યપુત્રો આદિ જ્યારે સોળમાંના એક પણ રોગાતંકને ઉપશમાવી ન શક્યા ત્યારે શ્રાંત, તાંત, પરિતાંત થઈને જે દિશામાંથી આવ્યા હતા, તે જ દિશામાં પાછા ગયા. ત્યારપછી ઇક્કાઈ રાષ્ટ્રકૂટ, વૈદ્ય વગેરે છ એ નિષેધ કર્યો, તેના પરિચારકોએ પણ તેનો ત્યાગ કર્યો, તે ઔષધ અને ભેષજ કરવાથી પણ ખેદ પામ્યો, સોળ રોગાતંકોથી પરાભવ પામેલો તે રાજ્ય, રાષ્ટ્ર*

*યાવત્ અંતઃપુરમાં મૂર્છિત, રાજ્ય અને રાષ્ટ્રનો આસ્વાદ-પ્રાર્થના-ઈચ્છા-અભિલાષા કરતો, આર્ત્ત-દુઃખાર્ત્ત-વશાર્ત્ત થઈ ૨૫૦ વર્ષનું ઉત્કૃષ્ટ આયુ પાળી કાળમાસે કાળ કરીને આ રત્નપ્રભાપૃથ્વીમાં ઉત્કૃષ્ટ સાગરોપમની સ્થિતિવાળા નારકીઓને વિશે નારકીપણે ઉત્પન્ન થયો. ત્યારપછી ત્યાંથી અનંતર ચ્યવીને આ મૃગગ્રામ નગરમાં વિજયક્ષત્રિયની મૃગાદેવીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો.*

*ત્યારે તે મૃગાદેવીના શરીરમાં ઉજ્જ્વળ યાવત્ જ્વલંત વેદના ઉત્પન્ન થઈ, જ્યારથી મૃગાપુત્ર દારક મૃગાદેવીની કુક્ષીમાં ગર્ભપણે ઉત્પન્ન થયો છે, ત્યારથી મૃગાદેવી વિજયરાજાને અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ થઈ છે.*

*ત્યારપછી તે મૃગાદેવીએ અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિએ કુટુંબ જાગરિકાથી જાગતા આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો - એ પ્રમાણે હું વિજયક્ષત્રિયને પૂર્વે ઈષ્ટ૦ આદિ, ધ્યેયા, વિશ્વસનીયા, અનુમતા હતી. જ્યારથી મારી કુક્ષિમાં આ ગર્ભ ગર્ભપણે ઉત્પન્ન થયો છે, ત્યારથી હું વિજય ક્ષત્રિયને અનિષ્ટ યાવત્ અમનોજ્ઞ થઈ છું. વિજય ક્ષત્રિય મારા નામ કે ગોત્રને પણ ગ્રહણ કરવા ઈચ્છતા નથી. તો મારી સામે જોવું કે ભોગોપભોગ તો ક્યાંથી જ હોય ?*

*તેથી મારે નિશ્ચે આ ગર્ભને ઘણાં ગર્ભશાતન-પાતન-ગાલન-મારણ વડે શાતના આદિને યોગ્ય છે. આ પ્રમાણે વિચાર કર્યો. વિચારીને ઘણાં જ ખારા, કડવા, તૂરા આદિ ગર્ભશાતન ઔષધને ખાતી અને પીતી તે ગર્ભનું શાતન આદિ કરવાને ઈચ્છવા લાગી, પણ તે ગર્ભનું શાતન-પાતન-ગલન-મરણ ન થયું. ત્યારે તેણી શ્રાંત, તાંત, પરિતાંત, અકામિત, પરાધીન થઈ દુઃખે દુઃખે ગર્ભને વહેવા લાગી.*

*તે બાળક ગર્ભમાં હતો ત્યારે જ તેને આઠ નાડી શરીરમાં અને આઠ નાડી શરીરની બહાર વહેતી હતી, આઠ પરુને અને આઠ લોહીને વહાવતી હતી. બબ્બે નાડી કાનના છિદ્રમાં, બબ્બે આંખમાં, બબ્બે નાકમાં, બબ્બે ધમનીમાં વારંવાર પરુ-લોહીને ઝરતી હતી.*

*તે બાળક ગર્ભમાં હતો ત્યારથી જ અગ્નિક નામે વ્યાધિ પ્રગટેલો, તેથી તે બાળક જે કંઈ ખાતો, તે તુરંત વિધ્વંસ પામતો હતો અને પરુ તથા લોહીપણે પરિણમતો હતો. તે પણ તે પરુ અને લોહી ખાઈ જતો. - - - પછી તે મૃગાદેવીએ અન્ય કોઈ દિવસે નવ માસ પ્રતિપૂર્ણ થતા બાળકને જન્મ આપ્યો, જે જાતિઅંધ યાવત્ આકૃતિ માત્ર હતો. ત્યારે તે મૃગાદેવી તે બાળકને હુંડ અને અંધરૂપ જુએ છે. જોઈને ભયભીત આદિ થઈને અંબધાત્રીને બોલાવે છે.*

*અંબધાત્રીને કહ્યું — હે દેવાનુપ્રિયા ! તમે આ બાળકને એકાંત ઉકરડામાં ફેંકી દો. ત્યારપછી તે અંબધાત્રીએ મૃગાદેવીને 'તહત્તિ' કહી આ અર્થને સ્વીકાર્યો. સ્વીકારીને વિજય ક્ષત્રિય પાસે આવી, આવીને બે હાથ જોડી, આમ કહ્યું — હે સ્વામી ! મૃગાદેવીએ નવ માસ પૂર્ણ થતાં યાવત્ આકૃતિ માત્ર છે.*



*પછી તે મૃગાદેવી, તે હુંડ અને અંધરૂપને જોઈને ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન, સંજાતભય થઈને મને બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિય ! તું જા, અને આ બાળકને એકાંતમાં ઉકરડામાં ફેંકી દો. તો હે સ્વામી ! આજ્ઞા આપો કે આ બાળકને એકાંતમાં ઉકરડામાં ફેંકું કે નહીં ?*

*ત્યારે તે વિજય ક્ષત્રિયે, તે અંબધાત્રી પાસે આ વાત સાંભળી, તે રીતે જ સંભ્રાંત થઈ ઉભો થયો, થઈને મૃગાદેવી પાસે આવ્યો, આવીને મૃગાદેવીને કહ્યું — હે દેવાનુપ્રિયા ! આ તારો પહેલો ગર્ભ છે, જો તું આને એકાંત ઉકરડામાં ફેંકીશ, તો તારી પ્રજા સ્થિર થશે નહીં, તો તું આ બાળકને ગુપ્ત રીતે ભોંયરામાં કોઈ ન જાણે તેમ ભોજન-પાન વડે પાલનપોષણ કરતી વિચર. તો તારી પ્રજા સ્થિર થશે, ત્યારે મૃગાદેવીએ વિજયક્ષત્રિયની આ વાતને 'તહત્તિ' કહી વિનય વડે સ્વીકારી, સ્વીકારીને તે બાળકને ગુપ્ત રીતે ભોયરામાં કોઈ ન જાણે તેમ ભોજન-પાન વડે પાલન કરતી રહી.*

*હે ગૌતમ ! મૃગાપુત્ર બાળક પૂર્વ કાળકૃત્ ચિરંતન યાવત્ કર્મને અનુભવતા વિચરે છે.*

**● વિવેચન-૯ :-**

વિજ્જ - વૈદ્ય શાસ્ત્ર અને ચિકિત્સામાં કુશળ, જ્ઞાયક-કેવળ શાસ્ત્રકુશળ, તેગિચ્છિઅ-ચિકિત્સા માત્ર કુશળ, અત્થ સંપયા-અર્થદાન. સત્થકોસ-નેરણી આદિ શસ્ત્ર પેટી. અવદ્દહણ-ડામ દઈને, અવણહાણ -તેના દ્રવ્ય વડે સંસ્કારેલ જળ, અનુવાસના-ગુદા દ્વારા જઠરમાં તેલ પ્રવેશ કરવો, વત્થિકમ્મ-ચર્મવિષ્ટન પ્રયોગથી મસ્તકાદિમાં સ્નેહ પૂરણ અથવા ગૂદામાં વર્ત્ત્યાદિ ક્ષેપણ, નિરુહ-અનુવાસ, સિરાવેહ-નાડી વેધ, તચ્છણ-છરી આદિથી ત્વચાને પાતળી કરવી. પચ્છણ-અલ્પ ચામડી કાપવી, શિરોબસ્તિ-માથામાં ચર્મકોશથી તેલ પુરવા વડે. - x - x - તપ્પણા-સ્નેહાદિથી શરીર પુષ્ટ કરવું, પુડપાગ-પાક વિશેષ નિષ્પન્ન ઔષધિ વિશેષ, છલ્લી-રોહિણી આદિ, શિલિકા-કિરાત, તિક્તક આદિ, ગુલિયા-દ્રવ્યવટિકા, ઇત્યાદિ - x -

સંત-દેહખેદથી શ્રાંત, તંત-મનથી ખેદ, પરિતાંત-ઉભયથી ખેદ પામેલ. રાજ્ય આદિ૦ યાવત્ શબ્દથી કોશ, કોષ્ઠાગાર, વાહન. મૂર્છિત-ગ્રથિત આદિ એકાર્થક છે. આર્ત્ત-મનથી દુઃખિત, આદિ શબ્દો એકાર્થક છે, અનિષ્ટ-અકાંત આદિ એકાર્થક છે.

પુવ્વરત્ત - રાત્રિનો પૂર્વભાગ, અવરરત્ત-રાત્રિનો પશ્ચિમ ભાગ, તે રૂપ જે કાળ સમય. કુડુંબ જાગરિયા - કુટુંબ ચિંતા. અજ્ઝત્થિય-આત્મવિષયક, ચિંતિય-સ્મૃતિરૂપ, કપ્પિય-બુદ્ધિ વડે વ્યવસ્થાપિત, પત્થિય-પ્રાર્થનારૂપ, મનોગત-મનમાં રહેલ, બહાર અપ્રકાશિત, સંકલ્પ-પર્યાલોચ. ઇષ્ટ આદિ પાંચ એકાર્થક શબ્દો છે. ધિજ્જ-ધ્યેય, વેસાસિય-વિશ્વસનીય, અનુમય-વિપરીત માન્યતા હોવા છતાં પછીથી માની લે તે. નામ-પારિભાષિકી સંજ્ઞા, ગોત્ર-આન્વર્થિકી સંજ્ઞા.

ગબ્મ - ગર્ભ, શાતના-પાડી દેવા માટે ટુકડા કરવા / થવા. પાડણ-પાતના, જે ઉપાયથી ખંડ ગર્ભ પડે. ગાલણ-દ્રવીભૂત થઈ ક્ષરે. મારણ-મરણ હેતુ. - - અકામિય-

નિરભિલાષ, અસયંવશ-પરતંત્ર, નાલી-નાડી, શિરા. અભ્યંતરપ્રવહ - શરીરમાં જ લોહી આદિ સ્રવે તે. બાહિરપ્રવહ-શરીરની બહાર પરુ આદિ ક્ષરે. દુવે દુવે - બે પરુને વહેતી, બે લોહીને વહેતી. કર્ણાંતર-કાનના છિદ્ર આદિ.

જાતિ અંધ૦થી જાતિમૂક આદિ પણ લેવું. હુંડ-જેના શરીરના અવયવ અવ્યવસ્થિત છે તે. અંધારૂવ-અંધ-આકૃતિ. ભીત૦ શબ્દથી ત્રસ, ઉદ્વિગ્ન, સંજાતભય લેવું. करयल० બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરીને. - x - સંભંત-ઉત્સુક, પય-પ્રજા, સંતતિ - x -. પુરા-પૂર્વકાળે કરેલ. પુરાણ-દીર્ઘકાળના, યાવત્‌થી દુશ્ચિર્ણ, દુષ્પ્રતિ-ક્રાંત લેવું.

● સૂત્ર-૧૦ :-

*ભગવન્! મૃગાપુત્ર અહીંથી કાળમાસે કાળ કરીને ક્યાં જશે? ક્યાં ઉપજશે? ગૌતમ! તે ૨૬-વર્ષ પરમાયુ પાળીને કાળમાસે કાળ કરી આ જ જંબૂદ્વીપના ભરતના વૈતાઢ્યગિરિની તળેટીમાં સીંહકુળમાં સીંહરૂપે જન્મશે. તે સીંહ ત્યાં અધાર્મિક યાવત્ સાહસિક થઈ ઘણાં પાપને યાવત્ ભેગા કરશે. કરીને કાળમાસે કાળ કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સાગરોપમસ્થિતિમાં યાવત્ ઉપજશે. ત્યાંથી અનંતર ઉદ્‌વર્તીને સરીસર્પમાં ઉપજશે. ત્યાં કાળ કરીને બીજી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ સ્થિતિવાળો થશે. ત્યાંથી ઉદ્‌વર્તી પક્ષીમાં ઉપજશે. ત્યાં મરીને ત્રીજી પૃથ્વીમાં સાત સાગરોપમ સ્થિતિ થશે. ત્યાંથી સીંહમાં. પછી ચોથી, ત્યાંથી ઉરગમાં, ત્યાંથી પાંચમી, પછી સ્ત્રી, પછી છઠ્ઠી, ત્યાંથી મનુષ્ય, પછી સાતમી નારકીમાં. ત્યાંથી ચ્યવીને આ જલચરપંચેન્દ્રિય તિર્યંચ યોનિમાં મત્સ્ય, કાચબો, ગ્રાહ, મગર, સુંસુમારાદિ સાડા બાર લાખ જાતિ કુલકોટિ પ્રમુખ કહી છે, તેમાં એક એક યોનિમાં અનેક લાખવાર ઉત્પન્ન થશે.*

*ત્યાંથી ઉદ્‌વર્તીને ચતુષ્પદ ઉરપરિસર્પ, ભુજપરિસર્પ, ખેચરમાં, ચાર-ત્રણ-બે ઈન્દ્રિયમાં, વનસ્પતિમાં, કડવા વૃક્ષમાં, કડવા રસવાળી વનસ્પતિમાં, વાયુકાય-તેઉકાય-અપ્‌કાયમાં અનેક લાખ વખત જન્મશે-મરશે. ત્યાંથી નીકળી અનંતર સુપ્રતિષ્ઠપુરમાં વૃષભપણે થશે. તે બાલ્યાવસ્થા મૂકી યાવત્ યૌવનને પામશે. કોઈ વખતે પહેલી વર્ષા ઋતુમાં ગંગા મહાનદીને કાંઠે ભેખડ ખણતાં, ભેખડ પડવાથી મૃત્યુ પામી, સુપ્રતિષ્ઠપુરમાં શ્રેષ્ઠીના કુળમાં પુત્ર થશે.*

*ત્યાં બાલ્યભાવથી મુક્ત થઈ યાવત્ યૌવન પામીને તથારૂપ સ્થવિર પાસે ધર્મ સાંભળી, સમજી, મુંડ થઈ, ગૃહવાસ છોડી અણગારિક દીક્ષા લેશે. તે ત્યાં અણગાર થશે, ઈર્યાસમિત યાવત્ બ્રહ્મચારી. તે ત્યાં ઘણાં વર્ષ શ્રામણ્યપર્યાય પાળી, આલોચના-પ્રતિક્રમણ કરી, કાળમાસે કાળ કરી સૌધર્મકલ્પે દેવપણે ઉપજશે. તે ત્યાંથી અનંતર ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જે આઢ્ય કુળો છે, ત્યાં જન્મશે. દૃઢપ્રતિજ્ઞની જેમ વક્તવ્યતા કહેવી, કળા શીખીને યાવત્ સિદ્ધ થશે.*

*હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સંપ્રાપ્તે દુઃખવિપાકના પહેલા*



*અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તે કહું કહું છું.*

● વિવેચન-૧૦ :-

कालमासे - મરણ અવસરે, સાગરોવમ૦ - સાગરોપમ સ્થિતિક નૈરયિકપણે. जाति - પંચેન્દ્રિય જાતિ, કુલકોટિના યોનિપ્રમુખ - યોનિ દ્વારક. જોણિ વિહાણંસિ-યોનિ ભેદો, ખલીલ મટ્ટિય-આકાશમાં રહેલ છિન્ન તટની ઉપર રહેલી માટી. - - - उम्मुक्क जाव - બાલ્યભાવ છોડીને, વિજ્ઞાન પરિણત થયા પછી યૌવન પ્રાપ્ત થતાં - બુદ્ધિ પરિણામ પ્રાપ્ત તે વિજ્ઞાન પરિણત.

अनंतरं चयं चइत्त - અનન્તર શરીર ત્યજીને કે ચ્યવન કરીને દૃઢપ્રતિજ્ઞાવત્ - ઉવવાઈ સૂત્રમાં દૃઢપ્રતિજ્ઞ ભવ્ય વર્ણવેલ છે, તેમ આને પણ કહેવો. - તેવી જ વક્તવ્યતા કહેવી, દૃઢપ્રતિજ્ઞ માફક કલા ગ્રહણ કરી, પ્રવ્રજ્યા લઈ યાવત્ મોક્ષે જશે. सेत्स्यति - કૃતકૃત્ય થશે. ભોત્સ્યતે-કેવળજ્ઞાન વડે સકલ જાણવાલાયક જાણશે. મોક્ષ્યતિ-સર્વકર્મ મુક્ત થશે. પરિનિર્વાસ્યતિ - સર્વ કર્મ કૃત્ સંતાપરહિત થશે. સર્વ દુઃખોનો અંત કરશે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૧-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ અધ્યયન-૨-ઉજ્ઝિતક ❁

-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૧ :-**

*ભંતે ! જો શ્રમણ ભગવંત મહાવીર યાવત્ દુઃખવિપાકના પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો બીજાનો યાવત્ શો અર્થ કહ્યો છે ? ત્યારે સુધર્મા અણગારે જંબૂ અણગારને આ પ્રમાણે કહ્યું –*

*હે જંબૂ ! તે કાળે, તે સમયે વાણિજ્યગ્રામ નામે ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ નગર હતું. તે વાણિજ્યગ્રામની ઉત્તર-પૂર્વ દિશામાં દૂતિપલાશ નામે ઉધાન હતું, તેમાં સુધર્મ યક્ષનું યક્ષાયતન હતું. તે વાણિજ્યગ્રામમાં મિત્ત નામે રાજા હતો. તેને શ્રી નામે રાણી હતી. તે વાણિજ્યગ્રામમાં કામધ્વજા નામે ગણિકા હતી, જે અહીન યાવત્ સુરૂપા, ૭૨-કલામાં નિપુણા, ૬૪-ગણિકાગુણ યુક્તા, ૨૯ વિશેષોમાં ક્રીડા કરનારી, ૨૧-રતિગુણપ્રધાન, ૩૨-પુરુષોપચાર કુશલા, નવ સુપ્ત અંગો જાગૃત થયેલી, ૧૮-દેશી ભાષા વિશારદા, શ્રૃંગારના આગાર સમ, સુંદર વેશવાળી, ગીત-રતિ-ગંધર્વ-નૃત્ય કુશલા, સંગતગત૰ સુંદરસ્તન૰ ધ્વજા ઉંચી કરેલી, હજારના મૂલ્યની પ્રાપ્ત, રાજા દ્વારા છત્ર-ચામરરૂપી વાળ વ્યંજનિકા અર્પિત, કર્ણીરથ વડે ગમનાગમન કરતી, બીજી ઘણી હજારો ગણિકાનું આધિપત્ય કરતી વિચરતી હતી.*

● **વિવેચન-૧૧ :-**

અહીન૰ - અહીન પૂર્ણ પંચેન્દ્રિય શરીરી, લક્ષણ-વ્યંજન. ગુણયુક્ત, માન-ઉન્માન-પ્રમાણથી પ્રતિપૂર્ણ, સુજાત, સર્વાંગસુંદરી હતી. તેમાં લક્ષણ-સ્વસ્તિકાદિ, વ્યંજન-મષી, તિલકાદિ, ગુણ-સૌભાગ્યાદિ - x - લેખથી શકુન પર્યન્ત ૭૨ કળા પંડિતા, આ કળા પ્રાયઃ પુરુષોને અભ્યાસ યોગ્ય અને સ્ત્રીઓને જાણવા યોગ્ય છે. ગીત-નૃત્યાદિ ૬૪-કળા, જે વિશેષથી પણ્ય સ્ત્રીજનને ઉચિત ૬૪ વિજ્ઞાનયુક્ત છે તે. અથવા વાત્સ્યાયને કહેલ આલિંગનાદિ આઠ વસ્તુ, તે પ્રત્યેકના આઠ ભેદ, એ રીતે ૬૪-થાય. - x - ૩૨ પુરુષોપચાર કામશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

બે કાન, બે આંખ, બે ઘ્રાણ, એક જીભ, એક ત્વચા, એક મન એ નવ અંગ સુપ્ત હોય છે, પણ યૌવન વડે પટુતાથી પ્રાપ્ત થાય છે. તથા - x - શ્રૃંગાર-રસવિશેષના ગૃહ જેવી, સુંદર વેશવાળી, ગીત અને રતિ એવા ગાંધવ, નૃત્યમાં કુશલા. संगयगय - સંગતગત, ભણિત, વિહિત, વિલાસ, સલલિત, સંલાપ નિપુણ યુક્તોપચાર કુશલ. તેમાં સંગત-ઉચિત, સલલિત-પ્રસન્નતાયુક્ત જે સંલાપ, તેમાં નિપુણ, ઉપચાર-વ્યવહાર, તેમાં કુશળ. सुंदरथण૰ - સુંદર સ્તન, જઘન, વદન, હાથ, પગ, નયન, લાવણ્ય, વિલાસથી યુક્ત. - x -

ऊसियज्झय - ઉંચી કરેલી જયપતાકા. विदिन्नछत्त૰ - રાજાએ પ્રસાદરૂપે આપેલ છત્ર, ચામર રૂપ વીંઝણો. कन्नीरहप्पयाया - કર્ણીરથ-વાહન, તેના વડે જનારી. होत्थ- હતી. आहेवच्च૰ - આધિપત્ય, પુરોવર્તિત્વ, પોષકત્વ, સ્વામીત્વ, મહત્તરત્વ-બાકીની વેશ્યાની તુલનાએ મહત્તમ, આજ્ઞેશ્વર-આજ્ઞા પ્રધાન જે સેનાનાયક તે પણું. કારેમાણા-



કરતી-બીજા પાસે કરાવતી, પોતે પાળતી એવી.

● **સૂત્ર-૧૨ :-**

*તે વાણિજ્યગ્રામમાં વિજયમિત્ર નામે આઢ્ય સાર્થવાહ વસતો હતો. તેને સુભદ્રા નામે અહીન૰ પત્ની હતી. તે વિજયમિત્રનો પુત્ર અને સુભદ્રા ભાર્યાનો આત્મજ ઉજ્ઝિતક નામે અહીન યાવત્ સુરૂપ પુત્ર હતો. - - - તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા, પર્ષદા નીકળી, રાજા પણ કોણિક માફક નીકળ્યો, ભગવંતે ધર્મ કહ્યો, પર્ષદા પાછી ગઈ, રાજા પણ પાછો ગયો.*

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના પટ્ટશિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર યાવત્ છટ્ઠ-છટ્ઠ વડે જેમ ભગવતીમાં કહ્યું તેમ યાવત્ વાણિજ્યગ્રામે આવ્યા. ઉચ્ચ-નીચાદિમાં ભિક્ષાર્થે ભ્રમણ કરતાં રાજમાર્ગે પસાર થયા. ત્યાં ઘણાં હાથી સન્નદ્ધ-બદ્ધ-વર્મિત-ગુડિય-ઉપ્પીલિત-કચ્છવાળા, ઘંટ બાંધેલા, વિવિધ મણિ-રત્ન-ગ્રૈવેયક-ઉત્તર કંચુક વિશેષથી શણગારેલા હાથી હતા. તે ધ્વજ-પતાકા વડે શોભિત, મસ્તકે પાંચ પાંચ શિખરો લટકાવેલા હતા. તે હાથીઓ ઉપર આયુધ અને પ્રહરણ ગ્રહણ કરેલા મહાવતો બેઠા હતા.*

*ત્યાં ઘણાં અશ્વો જોયા, જે સન્નદ્ધ-બદ્ધ-વર્મિત-ગુડિત હતા, તેમના શરીરના રક્ષણાર્થે પાખર નામક ઉપકરણો બાંધેલા હતા ઉત્તર કંચુક ઉપકરણો બાંધેલા હતા. મુખમાં ચોકડા હતા, તેનાથી નીચેના હોઠ ભયંકર લાગતા હતા. ચામર-દર્પણથી કટિભાગ શોભતો હતો. તેની ઉપર આયુધ અને પ્રહરણ ગ્રહણ કરેલા અસવારો હતા.*

*બીજા પણ ત્યાં ઘણાં પુરુષો જોયા. તે પણ સન્નદ્ધ-બદ્ધ-વર્મિત-કવચ હતા. ધનુષરૂપી પટ્ટિકા ઉપર પ્રત્યંચા ચડાવેલ હતી, કંઠે ગ્રૈવેયક પહેરેલ, નિર્મળ શ્રેષ્ઠ ચિન્હપટ્ટ બાંધેલ હતો. આયુધ અને પ્રહરણો તેમણે ગ્રહણ કરેલા. - - - તે પુરુષોની મધ્યે રહેલ પુરુષને જોયો, જેને અવળા મુખે બાંધેલો, નાક-કાન કાપેલા, શરીર ચીકાશવાળું કરેલ, વધ્ય હોવાથી બે હાથ કટિદેશે બાંધેલા, કંઠમાં રાતા કણેરની માળા પહેરાવેલી, ગેરુ ચૂર્ણથી શરીર રંગેલું હતું. તે વધ્ય પ્રાણપ્રીય તલતલ છેદાતો, અલ્પ માંસના ટુકડા ખવડાવાતો હતો. તે પાપી, સેંકડો ચાબુકોથી પ્રહાર કરાતો, અનેક નર-નારીથી પરીવરેલો, ચોરે-ચૌટે ફૂટેલા ઢોલ વડે ઘોષણા કરાતો હતો.*

*આ આવા પ્રકારની ઘોષણા તેણે સાંભળી - હે લોકો ! આ ઉજ્ઝિતક બાળક ઉપર કોઈ રાજા કે રાજપુત્રે અપરાધ કર્યો નથી, પણ તેના પોતાના કરેલા કર્મો જ અપરાધી છે.*

● **વિવેચન-૧૨ :-**

अहीन૰ - અહીન પૂર્ણ પંચેન્દ્રિય. - x - ઈન્દ્રભૂતિ-ગૌતમ ગોત્રના અણગાર, સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાવાળા. ભગવતી સૂત્રમાં કહ્યા મુજબ નિરંતર છટ્ઠ-છટ્ઠ તપોકર્મ વડે આત્મો ભાવિત કરતા વિચરે છે. ત્યારે ભગવંત ગૌતમે છટ્ઠના પારણે

પહેલી પોરિસિમાં સજ્ઝાય કરી, બીજામાં ધ્યાન કર્યુ, ત્રીજીમાં અત્વરિત, અચપલ, અસંભ્રાંતપણે મુહપતિ પ્રતિલેખી, ભાજન-વસ્ત્રોનું પડિલેહણ કર્યુ, ભાજન પ્રમાર્જી, લઈ, ભગવંત પાસે આવ્યા, ભગવંતને વાંદી-નમી-છઠ્ઠના પારણે ભિક્ષાર્થે જવાની રજા માંગી ઈત્યાદિ - x -

સંનદ્ધ-બખ્તર બાંધેલા, વર્મ-ચામડીના રક્ષણ માટે ઉપકરણ બાંધ્યુ, ગુડા-મોટુ શરીર રક્ષક વિશેષ. ઉપ્પીલિય કચ્છ-ગાઢતર ઉરો બંધન બાંધ્યુ, ઉદ્દામિય ઘંટ-લટકતા ઘંટ બાંધ્યા. ગ્રૈવેયક-ડોકનું આભરણ, ઉત્તરકંચુક-શરીર રક્ષક વિશેષ અવચૂલ-મુખે બાંધેલ ચોકડું, - x - x - તેથી જ પડિકપ્પિય-બખ્તર આદિ સામગ્રી યુક્ત, ઝય-ગરુડાદિ ધ્વજા, પતાકા-ચિન્હરહિત પતાકા, આમેલક-શેખરક, આરૂઢા-હાથી ઉપર બેસેલ મહાવત. ગહિયાઉહપ્પહરણા - આયુધ અને પ્રહરણ ગ્રહણ કરેલા. કંઠ-ગળુ, ગુણ-કંઠસૂત્ર, મલ્લદામ-પુષ્પમાળા, ચુન્નગુંડિયગાય-ગૈરિક ચૂર્ણ વડે ચોળેલ શરીર. ચુન્નય-સંત્રસ્ત, બજ્ઝ-વધ્ય, પ્રાણ-ઉચ્છવાસાદિ કાગણિમંસ-નાના માસખંડ, પાવ-પાપી, ખર્ખર-ચાબુક - x -

● સૂત્ર-૧૩ :-

*ત્યારપછી ગૌતમસ્વામીએ તે પુરુષને જોઈને, આવો મનોગત સંકલ્પ થયો કે — આ પુરુષ યાવત્ નરકપ્રતિરૂપ વેદના વેદે છે, એમ વિચારી વાણિજ્યગ્રામ નગરમાં ઉચ્ચ-નીચ-મધ્યમ કુળમાં યાવત્ ભ્રમણ કરતા, યથાપર્યાપ્ત સામુદાનિક ભિક્ષા ગ્રહણ કરીને વાણિજ્યગ્રામ નગરની મધ્યેથી નીકળી યાવત્ ગૌચરી દેખાડી. ભગવંતને વાંદી-નમીને આ પ્રમાણે પૂછ્યું —*

*હે ભગવન્ ! હું આપની અનુજ્ઞા પામીને વાણિજ્યગ્રામ નગરમાં યાવત્ પૂર્વવત્ કહેવું. ભગવન્ ! તે પુરુષ પૂર્વભવમાં કોણ હતો ? યાવત્ અનુભવતો વિચરે છે ? - - હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં હસ્તિનાપુર નામે ઋદ્ધિમાન્ નગર હતું ત્યાં સુનંદ નામે મહાન્ રાજા હતો. તે નગરના બહુમધ્યદેશ ભાગમાં એક મોટો ગોમંડપ હતો, જે અનેક સેંકડો સ્તંભ ઉપર રહેલો અને પ્રાસાદીય આદિ હતો.*

*ત્યાં ઘણાં અનાથ-અનાથ પશુઓ, નગરની ગાયો-બળદો-વાછરડા-પાડા-સાંઢો રહેતા હતા. તેમને માટે પુષ્કળ ઘાસ અને પાણી હતા, તેથી તેઓ નિર્ભય-નિરુપસર્ગ-સુખેસુખે રહેતા.*

*તે નગરમાં ભીમ નામે કૂટગ્રાહી હતો, જે અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનંદ હતો. તે ભીમ કૂટગ્રાહની ઉત્પલા નામે અહીન૦ પત્ની હતી. તે ઉત્પલા કૂટગ્રાહિણી કોઈ દિવસે ગર્ભિણી થઈ.*

*તેણીને ત્રણ માસ પરિપૂર્ણ થતાં આવા દોહદ ઉત્પન્ન થયા. તે માતાઓ ધન્ય છે ઇત્યાદિ યાવત્ તેણીના જન્મ અને જીવિતનું સારું ફળ પ્રાપ્ત થયું છે, જેઓ નગરના ઘણાં સનાથ-અનાથ પશુઓના યાવત્ વૃષભોના ઉધસ્, સ્તન, વૃષણ, પુચ્છ, કકુદ, વધ, કાન, આંખ, નાક, જીભ, હોઠ, કંબલ, [આ અવયવો]*





*પકાવેલા, તળેલા, શેકેલા, સ્વયં સુકાઈ ગયેલા, તેનો લવણાદિથી સંસ્કાર કર્યો હોય, તે સાથે સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ, પ્રસન્નાને આસ્વાદતી, વિસ્વાદતી, ભોગવતી, ભાગ પાડતી દોહદને પરિપૂર્ણ કરે છે.*

*તો હું પણ ઘણાં નગરના પશુ યાવત્ પરિપૂર્ણ કરું, એમ વિચારી, તે દોહદ પરિપૂર્ણ ન થતા શુષ્ક, ભુક્ખ, નિર્માંસ, અવરુગ્ણા, અવરુગ્ણશરીરી, નિસ્તેજ, દીન-વિમન વદનવાળી, પાંડુરક મુખવાળી, નીચા નમેલા નયન-વદનકમલા, યથોચિત પુષ્પ-વસ્ત્ર-ગંધ-માળા-અલંકાર-આહારને ન ભોગવતી, હથેળીમાં મસળેલી કમળની માળાની જેમ કરમાયેલી યાવત્ ચિંતા કરે છે.*

*આ અવસરે ભીમ કૂટગ્રાહ, ઉત્પલા કૂટગ્રાહિણી પાસે આવ્યો. આવીને ચિંતામગ્ન યાવત્ જોઈ, જોઈને કહ્યું — હે દેવાનુપ્રિયા ! તું કેમ અપહત મનવાળી અને ચિંતામાં છો ? ત્યારે તે ઉત્પલા ભાર્યાએ ભીમ કૂટગ્રાહને કહ્યું — દેવાનુપ્રિય ! મને ત્રણ માસ પૂર્ણ થતાં દોહદ ઉત્પન્ન થયો છે કે — તે માતાઓ ધન્ય છે, જે ઘણાં પશુઓના ઉધસ્ ઈત્યાદિને સુરાદિ સાથે આસ્વાદતી આદિ દોહદને પૂર્ણ કરે છે. પણ હું તે દોહદને પૂર્ણ કરી શકી નહીં હોવાથી યાવત્ ચિંતામગ્ન છું.*

*ત્યારે તે ભીમ કૂટગ્રાહે, ઉત્પલાને કહ્યું — દેવાનુપ્રિયા ! તું ચિંતામગ્ન ન થા. હું એવું કંઈક કરીશ, જેથી તારા દોહદો સંપ્રાપ્ત થશે. તેણીને ઈષ્ટાદિ વાણી વડે યાવત્ આશ્વાસિત કરી. પછી તે ભીમકૂટગ્રાહ અર્ધરાત્રિકાળ સમયમાં એકલો, બીજાની સહાય રહિત, બખ્તર બાંધી યાવત્ પ્રહરણ લઈ પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને હસ્તિનાપુર નગરની મધ્યેથી ગોમંડપ પાસે આવ્યો, ઘણાં જ નગરના પશુ યાવત્ વૃષભોમાંના કેટલાંકના ઉધસ્ છેદે છે યાવત્ કેટલાંકના કંબલ છેદે છે, કેટલાંકના અન્ય અન્ય અંગોપાંગને વિકલ કર્યા, કરીને પોતાને ઘેર આવ્યો. આવીને તે ઉત્પલા કૂટગ્રાહિણીને આપ્યા.*

*ત્યારપછી તે ઉત્પલા, તે ઘણાં ગોમાંસને પકાવી, મદિરાદિનું આસ્વાદન કરતી, તે દોહલા પૂર્ણ કરે છે. ત્યારપછી તે ઉત્પલા કૂટગ્રાહીના દોહદ સંપૂર્ણ થયા - સંમાનિત થયા - વિનિત થયા - વ્યુચ્છિન્ન થયા - સંપન્ન થયા, તેથી તે ગર્ભને સુખે સુખે વહન કરે છે. તેણીએ અન્ય કોઈ દિવસે નવ માસ પરિપૂર્ણ થતાં એક બાળકને જન્મ આપ્યો.*

● વિવેચન-૧૩ :-

अज्झत्थिअ - આત્મગત, કલ્પિત-ભેદવાળો અથવા કલ્પિક-ઉચિત. ચિંતિત-સ્મૃતિરૂપ, પ્રાર્થિત-ભગવંતને પ્રાર્થનારૂપ, મનોગત-અપ્રકાશિત સંકલ્પ-વિકલ્પ. આ પુરુષ પૂર્વના, દીર્ઘકાળના દુશ્ચિર્ણ, દુષ્પ્રતિક્રાંત, અશુભ પાપ કર્મોના પાપી ફળ વિશેષને અનુભવતો વિચરે છે ઈત્યાદિ, પહેલા અધ્યયનવત્.

ઋદ્ધ-ભવનાદિ વડે વૃદ્ધિને પામેલ, સ્તિમિત-ભયવર્જિત, સમૃદ્ધ-ધનાદિ યુક્ત. महया - મહા હિમવંત - મલય-મેરુ-મહેન્દ્રસાર. અર્થાત્ મહાહિમવંત પર્વત જેવો પ્રધાન पासाईय० પ્રાસાદીય-મનને પ્રસન્નતા હેતુ, દર્શનીય-જેને જોતા આંખો થાકે નહીં,

અભિરૂપ-અભિમતરૂપ, પ્રતિરૂપ.

બલીવર્દ-ખસી કરાયેલ બળદ, પડ્ડિકા-નાની ભેંસ કે ગાય કે સાંઢ. કૂડગાહ-કપટ વડે જીવોને પકડનાર. અધાર્મિક-ધર્મ વડે આચરણ કે વ્યવહાર ન કરનાર. યાવત્ શબ્દથી - અધર્માનુગ-પાપલોકને અનુસરનાર, અધર્મિષ્ટ-ધર્મરહિત, અધર્મ ભાષણશીલ અથવા અધાર્મિક રૂપે પ્રસિદ્ધ, બીજાના દોષોને જોવાના સ્વભાવવાળો તે અધર્મપ્રલોકી. હિંસાદિમાં અનુરાગવાળો તે અધર્મપ્રરંજન, અધર્મરૂપ સમાચારવાળો. અધર્મથી આજીવિકા કરનારો. દુસ્સીલ-દુષ્ટશીલ, વ્રતરહિત, અસંતોષશીલ.

અહીન - અહીન પૂર્ણ પંચેન્દ્રિય શરીરી, આપન્નસત્ત-ગર્ભમાં જીવનું આવવું. અમ્મયા-માતા, યાવત્ શબ્દથી તે માતા પુન્યશાળી છે, કૃતાર્થ છે, કૃતલક્ષણ છે ઈત્યાદિ.

● સૂત્ર-૧૪ :-

*તે બાળક જન્મતાની સાથે મોટા મોટા શબ્દોથી ઘોષ કરતો, વિરસ શબ્દ કરતો, બૂમો પાડવા લાગ્યો. તે બાળકની બુમો આદિ શબ્દો સાંભળી, સમજી હસ્તિનાપુર નગરના ઘણાં નગરપશુ યાવત્ વૃષભો ભયભીત થયા, ઉદ્વિગ્ન થયા, સર્વે દિશામાં ભાગી ગયા. ત્યારે તેના માતાપિતાએ આ પ્રમાણે નામ પાડ્યું — અમારો આ બાળક જન્મતા જ મોટા મોટા શબ્દોથી ચીસો પાડવા લાગ્યો - x - તે સાંભળીને - x - નગરના પશુ આદિ ભયભીત થઈને ચારે દિશામાં ભાગી ગયા, તેથી અમારા આ બાળકનું નામ ગોત્રાસ થાઓ. પછી ગોત્રાસ બાળક બાળભાવ છોડી, યુવાન થયો. પછી કોઈ દિવસે તે ભીમકૂટગ્રાહ મરણ પામ્યો.*

*ત્યારપછી તે ગોત્રાસ ઘણાં મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન સંબંધિ પરિજન સાથે પરીવરીને રોતો-કંદન કરતો - વિલાપ કરતો, ભીમ કૂટગ્રાહનું નીહરણ કર્યું, કરીને ઘણાં લૌકિક મૃતક કૃત્યો કર્યા. પછી સુનંદ રાજાએ ગોત્રાસને અન્ય કોઈ દિને સ્વયં જ કૂટગ્રાહીપણે સ્થાપ્યો. પછી ગોત્રાસ કૂટગ્રાહ અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનંદ થઈ ગયો. પછી તે પ્રતિદિન અર્ધરાત્રિ કાળ સમયે એકલો, અદ્વિતીય, બખ્તરકવચ બાંધી યાવત્ આયુધ-પ્રહરણ લઈને પોતાના ઘેરથી નીકળતો, ગોમંડપે આવતો. આવીને ઘણાં નગર પશુઓ જે સનાથ-અનાથ હોય યાવત્ તેમને અંગરહિત કરતો હતો.*

*પછી પોતાને ઘેર આવીને તે ઘણાં ગોમાંસને પકાવીને સૂરા, મદ્યાદિ સાથે આસ્વાદતો, વિસ્વાદતો યાવત્ વિચરતો હતો. ત્યાર પછી તે ગોત્રાસકૂડગ્રાહ આવો પાપકર્મી, આવા વિજ્ઞાન અને આચારવાળો થઈ અત્યંત પાપકર્મને ઉપાર્જન કરીને ૫૦૦ વર્ષનું આયુ પાળીને આર્ત્ત-દુઃખાર્ત્ત થઈ કાળમાસે કાળ કરી, બીજી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ સ્થિતિક નૈરયિકમાં નૈરયિકપણે ઉત્પન્ન થયો.*

● વિવેચન-૧૪ :-

ભયભીત થયો, અહીં ત્રસ્ત, ત્રસિત, સંજાતભય કહેવું. ભયોત્કર્ષ પ્રતિપાદન



કરતા આ એકાર્થિક શબ્દો છે. સવ્વઓ-સર્વદિશામાં, સમંત-વિદિશામાં. વિપલાઈત્થ-ભાગી ગયા. - x - તહયા ચિચ્ચી-મોટો ચિત્કાર. આરસિત-રાડો પાડતો હતો. સોચ્ચ-અવધારીને. - x - આર્ત્ત-આર્ત્તધ્યાન, દુર્ઘટ-દુઃખે નિવાર્ય, ઉપગત-પ્રાપ્ત.

● સૂત્ર-૧૫ :-

*ત્યારપછી તે વિજયમિત્ર સાર્થવાહની સુભદ્રા નામે પત્ની જાતનિંદુકા હતી. તેના ઉત્પન્ન થયેલા પુત્રો વિનાશ પામતા હતા. પછી ગોત્રાસ કૂટગ્રાહ બીજી પૃથ્વીથી અનંતર ઉદ્વર્તીને આ જ વાણિજ્ય ગ્રામ નગરમાં વિજયમિત્ર સાર્થવાહની સુભદ્રા પત્નીની કુક્ષિમાં પુત્રપણે ઉપજ્યો. પછી તે સુભદ્રા સાર્થવાહી અન્ય કોઈ દિવસે નવ માસ બહુપ્રતિપૂર્ણ થતા બાળકને જન્મ આપ્યો.*

*ત્યારપછી તે સુભદ્રા સાર્થવાહીએ તે પુત્ર ઉત્પન્ન થતાં તુરંત એકાંતે ઉકરડામાં ફેંકાવ્યો, ફેંકાવીને પછી બીજીવાર ગ્રહણ કરાવ્યો. કરાવીને અનુક્રમે તેને સંરક્ષતી-સંગોપતી-સંવર્ધન કરતી હતી.*

*ત્યારપછી તે બાળકના માતાપિતાએ સ્થિતિપતિતા કરી, ચંદ્ર-સૂર્યના દર્શન, જાગરિકાને મહા ઋદ્ધિ-સત્કાર સમુદાય કરે છે.*

*ત્યારપછી તે બાળકના માતાપિતાએ અગિયારમે દિવસે નિવૃત્ત થતાં, બારમો દિવસ પ્રાપ્ત થતાં આ આવા પ્રકારનું ગૌણ અને ગુણનિષ્પન્ન નામ કર્યું, જ્યારથી અમારો આ બાળક જન્મ્યો, ત્યારે એકાંતે ઉકરડામાં ત્યાગ કરેલો, તે કારણે આ પુત્રનું નામ ઉજ્ઝિતક હો. પછી ઉજ્ઝિતક બાળક પાંચ ધાત્રીઓએ ગ્રહણ કર્યો. તે આ - ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, ક્રીડાપનધાત્રી, અંકધાત્રી. સર્વે દૃઢપ્રતિજ્ઞની જેમ કહેવું યાવત્ નિર્વ્યાઘાત પર્વતની ગુફામાં રહેલા ચંપકના વૃક્ષની જેમ સુખે સુખે વિચરવા લાગ્યો.*

*ત્યારપછી તે વિજયમિત્ર સાર્થવાહ અન્ય કોઈ દિવસે ગણિમ, ધરિમ, મેય, પારિછેદ્ય એ ચાર પ્રકારના ભાંડ ગ્રહીને લવણસમુદ્રમાં વહાણ વડે વેપાર કરવા ગયા. તેમનું વહાણ લવણસમુદ્રમાં ભાંગી ગયું, સારભૂત ભાંડ બૂડી ગયા. તે અત્રાણ, અશરણ થઈ મરણ પામ્યો. પછી વિજયમિત્ર સાર્થવાહને જે ઘણાં ઈશ્વર-તલવર-માડંબિક-કૌટુંબિક-ઈભ્ય-શ્રેષ્ઠી-સાર્થવાહોએ જ્યારે લવણસમુદ્રમાં વહાણ ભાંગી ગયું યાવત્ મરણ પામ્યો, જાણ્યું ત્યારે હસ્તનિક્ષેપ તથા બાહ્ય ભાંડસારને લઈને એકાંતમાં ચાલ્યા ગયા.*

*પછી સુભદ્રા સાર્થવાહીએ વિજય સાર્થવાહને - x - મૃત્યુ પામ્યો જાણી, પતિના વિયોગના મોટા શોકથી અતી પીડા પામીને તેણી કુહાડાથી કપાયેલ ચંપકલતાની માફક ધસ કરતી જમીને પડી ગઈ. પછી મુહૂર્તવાર પછી સાવધાન થઈ ઘણાં મિત્રો સાથે યાવત્ પરિવરી રુદન-કૂંદન-વિલાપ કરતી વિજયમિત્ર સાર્થવાહના લૌકિક મૃતક કાર્ય કરે છે, પછી સુભદ્રા સાર્થવાહી કોઈ દિવસે લવણસમુદ્રમાં જવું - લક્ષ્મી વિનાશ-વહાણ વિનાશ - પતિ મરણને ચિંતવતી મૃત્યુ પામી.*

● **વિવેચન-૧૫ :-**

કષ્ટોથી સંરક્ષણ કરતી, વસ્ત્રાચ્છાદન અને ગર્ભગૃહમાં રાખીને સંગોપન કરતી. - - - સ્થિતિ પતિતા - કુળ ક્રમથી આવેલ પુત્ર-જન્મ ક્રિયા, ચંદ-સૂર્ય દર્શન-ત્રીજા દિવસનો ઉત્સવ, ષષ્ઠી જાગરણ કર્યુ ગૌણનો અર્થ અપ્રધાન પણ થાય, તેથી ગુણનિષ્પન્ન કહ્યું. ઉવવાઈમાં કરેલ દૃઢપ્રતિજ્ઞાના વર્ણન મુજબ બધું અહીં પણ કહેવું.

કાળધર્મ-મરણ. - x - નિબુડ્ડબૂડી ગયા. - x - હત્થનિક્ખેવ-થાપણ મૂકેલ દ્રવ્ય, બાહિર ભંડસાર-હસ્તનિક્ષેપ સિવાયનું સાર ભાંડ - x - x - તેને હરી લે છે. પરસુણિયત્તા-કુહાડાથી છેદેલ. મિત્ર૦ યાવત્ શબ્દથી જ્ઞાતિ આદિ. જ્ઞાતિ-સમાનજાતિના. નિજક-કાકા આદિ, સંબંધી-શ્વશૂરપક્ષના, રોયમાણી-આંસુ મુક્તા, કંદમાણી-આક્રંદ કરતા, વિલવમાણી - આર્ત્તસ્વર કરતી.

● **સૂત્ર-૧૬ :-**

*ત્યારપછી નગર આરક્ષકોએ સુભદ્રા સાર્થવાહીને મૃત્યુ પામેલી જાણીને ઉજ્ઝિતકને તેના પોતાના ઘરમાંથી કાઢી મૂક્યો, કાઢી મૂકીને તે ઘર બીજાને આપી દીધું. ત્યારપછી તે ઉજ્ઝિતક પોતાના ઘેરથી કાઢી મૂકાયેલો વાણિજ્યગ્રામ નગરમાં શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં જુગારના સ્થાનોમાં, વેશ્યાગૃહોમાં, મદિરાપાનગૃહોમાં સુખે સુખે મોટો થયો.*

*ત્યારપછી તે ઉજ્ઝિતક અનપઘટ્ટક, અનિવારિત, સ્વચ્છંદ મતિ, સ્વૈરપ્રવિચારી, મદ્યમાં આસક્ત, ચોરી-દ્યુત-વેશ્યા આસક્ત થઈ ગયો. પછી તે અન્ય કોઈ દિને કામધ્વજા ગણિકા સાથે આસક્ત થયો. કામધ્વજા ગણિકા સાથે વિપુલ, ઉદાર, માનુષી, ભોગપભોગ ભોગવતો રહ્યો. તે વખતે તે વિજયમિત્ર રાજાની શ્રી નામની રાણીને કોઈ દિવસે યોનિશૂળ ઉત્પન્ન થયું, તેથી તે રાજા શ્રીદેવી સાથે ઉદાર એવા માનુષી ભોગોપભોગ ભોગવતો વિચરવાને અસમર્થ થયો.*

*ત્યારપછી તે વિજયમિત્ર રાજાએ કોઈ દિવસે ઉજ્ઝિતકને કામધ્વજા ગણિકાના ઘેરથી કાઢી મૂક્યો, કાઢી મૂકીને કામધ્વજા ગણિકાને અંતઃપુરમાં રાખી, રાખીને કામધ્વજા સાથે ઉદાર ભોગ ભોગવતો રહ્યો.*

*ત્યારે તે ઉજ્ઝિતક કામધ્વજા ગણિકાના ઘેરથી કાઢી મૂકાતા, કામધ્વજામાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, અતિ આસક્ત થવાથી બીજે ક્યાંય સ્મૃતિ રતિ ધૃતિ ન પામવાથી તેણીને વિશે જ ચિત્ત-મન-લેશ્યા-અધ્યવસાનવાળો થઈને તદર્થોપયુક્ત-તદર્પિતકરણ-તેણીની ભાવના ભાવતો, કામધ્વજાના ઘણાં અંતર-છિદ્ર-વિવરને શોધતો વિચરે છે.*

*ત્યારપછી તે ઉજ્ઝિતક અન્ય કોઈ દિને કામધ્વજા ગણિકાના આંતરાને પામ્યો. તેણીના ઘરમાં ગુપ્ત રીતે પ્રવેશ્યો, પ્રવેશીને કામધ્વજા સાથે ઉદાર માનુષી ભોગોપભોગ ભોગવતો વિચરવા લાગ્યો.*

*આ તરફ મિત્ર રાજા સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકાર વિભૂષિત થઈ, મનુષ્યરૂપી વાગુરા વડે વ્યાપ્ત થઈ કામધ્વજાને ઘેર આવ્યો,*



*આવીને ત્યાં ઉજ્ઝિતકને કામધ્વજા ગણિકા સાથે ઉદાર ભોગ ભોગવતો યાવત્ રહેલો જોયો, જોઈને ક્રોધિત થઈ, કપાળે ત્રણ વલીવાળી ભૃકુટી ચડાવીને, ઉજ્ઝિતકને પોતાના સેવકો પાસે પકડાવ્યો, પકડાવીને મુષ્ઠિ-ઢીંચણ-કોણીના પ્રહાર વડે તેના શરીરને ભાંગી નંખાવ્યુ, મથિત કરાવ્યુ, કરાવીને અવકોટક બંધન કરાવ્યું પછી આ રીતે કરાવીને વધ કરવાની આજ્ઞા આપી.*

*હે ગૌતમ ! આ રીતે ઉજ્ઝિતક જૂના પુરાણા કર્મોને યાવત્ અનુભવતો વિચરી રહ્યો છે.*

● **વિવેચન-૧૬ :-**

अणोहट्टए - બળપૂર્વક હાથ પકડીને તેની પ્રવૃત્તિથી રોકવો. અનિવારિય-નિષેધક રહિત, તેથી જ સચ્છંદમઈ - સ્વચ્છંદ મતિવાળો. તેથી જ સઈરપ્પયાર-અનિવારિતપણે ફરનારો. વેસદારપસંગી-વેશ્યા અને સ્ત્રી પ્રસંગી કે વેશ્યારૂપ સ્ત્રી પ્રસંગી. ભોગભોગાઇં-જે ભોગવાય તે ભોગ-પરિભોગ, ભોગ-શબ્દાદિ, ભોગભોગ-મનોજ્ઞ શબ્દાદિ.

મુચ્છિત-મૂર્છિત, દોષોમાં પણ ગુણના આરોપણથી મૂઢ. તેથી બીજા કોઈપણ વસ્તુમાં સુઈ-સ્મરણ, રઈ-આસક્તિ, ધિઈ-ધૃતિ, ચિત્તસ્વાસ્થ્ય, અવિંદમાણે - ન પામતો. તચ્ચિત્તે-તેણીમાં જ ચિત્ત - ભાવમનવાળો, તમ્મણ-દ્રવ્યમનને આશ્રીને વિશેષ ઉપયોગવાળો, તલ્લેસ-તેણીમાં રહેલ અશુભ આત્મ પરિણામ વિશેષ લેશ્યા-કૃષ્ણાદિ દ્રવ્ય જનિત આત્મ પરિણામ. તદજ્ઝવસાણ - ભોગ ક્રિયા પ્રયત્ન વિશેષ, તદટ્ઠોવઉત્ત-તેની પ્રાપ્તિમાં ઉપયોગવાળો, તયપ્પિયકરણ - તેણીમાં જ અર્પિત ઈન્દ્રિયવાળો, તબ્ભાવણાભાવિત-કામધ્વજાની ચિંતામાં વાસિત.

અંતર - રાજગમન અંતર, છિદ્ર-રાજપરિવાર અલ્પ હોય તે, વિવર-બાકીના લોકો ન હોય, પડિજાગરમાણ-શોધતો. - - ण्हाए० યાવત્ શબ્દથી - બલિકર્મ કરીને, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરીને, मणुस्स वग्गुरापरिक्खित्त - મનુષ્ય વાગુરા - મૃગબંધન માફક પરિવરેલા, તેના વડે આસુરુત્ત-શીઘ્ર ક્રોધ વડે વિમોહિત્ થવા અસુરવત્ કોપથી દારુણપણે બોલનાર, રુષ્ટ-રોષવાળો, કુવિય-મનથી કોપવાળો, ચંડિક્કિએ-દારુણરૂપ, મિસિમિસીમાણ-ક્રોધ જ્વાળાથી બળતો, - x - અવકોટક-ડોકને પાછળના ભાગે લઈ જઈને બાંધવી. પુરાપોરણ૦ - દુશ્ચિર્ણ, દુષ્પ્રતિક્રાંત લેવું.

● **સૂત્ર-૧૭ :-**

*ભગવન્ ! ઉજ્ઝિતકદારક અહીંથી કાળ માસે કાળ કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? - - હે ગૌતમ ! ઉજ્ઝિતક દારક ૨૫-વર્ષનું પરમ આયુ પાળીને આજે જ ત્રણ ભાગ દિવસ બાકી હશે ત્યારે શૂળી વડે ભેદાઈને કાળમાસે કાળ કરી આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકપણે ઉપજશે. તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને આ જ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વાનર કુળમાં વાનરરૂપે ઉપજશે. તે ત્યાં બાલ્યભાવથી મુક્ત થઈને તિર્યંચના કામભોગોમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, અતિ આસક્ત થઈને ઉત્પન્ન થતા-થતા*

વાનરના બાળકોને મારી નાંખવા માંડશે.

આવા પાપકર્મવાળો, આવા કર્મ કરવામાં તત્પર, આવા જ વિજ્ઞાનવાળો, આવા જ આચારવાળો તે કાળમાસે કાળ કરીને આ જ જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં ઈન્દ્રપુરનગરમાં ગણિકાના કુળમાં પુત્રપણે ઉત્પન્ન થશે. ત્યારપછી તે દારકના માતાપિતા તેના જન્મતાં જ વર્ધિતક-ખસી કરશે, તેને નપુંસક કર્મ શીખવાડશે.

તે બાળકના માતાપિતાએ બાર દિવસ વીત્યા પછી આવું આ પ્રકારનું નામ કરશે - પ્રિયસેન નામે નપુંસક થાઓ. ત્યારપછી પ્રિયસેન નપુંસક બાલ્યભાવથી મુક્ત થઈ, યૌવનને અનુક્રમે પામી, વિજ્ઞાન પરિણત થતાં રૂપ-યૌવન અને લાવણ્યવાળો તથા ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ શરીરી થશે. ત્યારપછી તે પ્રિયસેન નપુંસક ઈન્દ્રપુર નગરના ઘણાં રાજા, ઈશ્વર યાવત્ આવા બધાં લોકોના હૃદયની શૂન્યતાને કરનારા, નિહ્નવણ, પણ્હવણ, વશીકરણ, આભિયોગ વડે આભિયોગિક કરનારા ઘણાં વિદ્યા પ્રયોગ વડે, મંત્ર અને ચૂર્ણના પ્રયોગ વડે વશ કરીને મનુષ્ય સંબંધી ઉદાર કામભોગ ભોગવતો વિચરશે.

ત્યારપછી તે પ્રિયસેન નપુંસક આવા પાપકર્માદિથી ઘણાં જ પાપકર્મો એકઠા કરીને-૧૨૧-વર્ષનું પરમાયુ પાળીને મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકપણે ઉપજશે. ત્યાંથી સરિસર્પોમાં સુંસુમારમાં યાવત્ પહેલા અધ્યયન માફક યાવત્ સર્વે નરક કહેવી. ત્યાંથી ઉદ્‌વર્તીને આ જ જંબૂદ્વીપમાં ભરતમાં ચંપાનગરીમાં પાડો થશે. કોઈ દિવસે તે ત્યાં ગોષ્ઠિક વડે મારી નંખાશે.

તે જ ચંપા નગરીના શ્રેષ્ઠીકુળમાં પુત્રપણે જન્મશે. તે ત્યાં બાલ્યભાવથી મુક્ત થઈ, તથારૂપ સ્થવિર પાસે કેવલ બોધિ અણગાર થઈ, સૌધર્મકલ્પે ઈત્યાદિ પહેલા અધ્યયન મુજબ મોક્ષે જશે.

● **વિવેચન-૧૭ :-**

વાનરપેલ્લય-વાંદરાનું બચ્ચુ. - x - વદ્ધહિંતિ-ખસી કરશે. ઉક્કિટ્ઠ-ઉત્કર્ષવાન. - x - વિધા, મંત્ર, ચૂર્ણ પ્રયોગ વડે. કેવા પ્રકારના ? હૃદયોડ્ડાપન-શૂન્યચિત્તતાકારક, ણિણ્હવણ-અદૃશ્યતા કારક, કઈ રીતે ? બીજાના ધનનું હરણ કરીને પછી જાહેર ન કરે. પણ્હવણ-બીજા મનુષ્યોને આનંદ ઉપજાવનારા, વસીકરણ-વશ્યતાકારક, અભિયોગ-પરવશતા, અભિયોગ બે પ્રકારે - દ્રવ્યથી અને ભાવથી. તેમાં ઔષધ-ચૂર્ણનો યોગ તે દ્રવ્ય, વિદ્યા અને મંત્ર તે ભાવ અભિયોગ. અભિતોગિત્ત-વશ કરીને.

નિક્ષેપ કહેવો - હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે દુઃખવિપાકના બીજા અધ્યયનનો આ અર્થ કહ્યો, તે હું કહું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૨-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**



## ❁ અધ્યયન-૩-અભગ્નસેન ❁

— x — x — x — x — x —

● **સૂત્ર-૧૮ :-**

ત્રીજાનો ઉત્ક્ષેપ૦ હે જંબૂ ! તે કાળે તે સમયે પુરિમતાલ નામે ઋદ્ધિવાળું નગર હતું. તે પુરિમતાલ નગરની ઉત્તર પૂર્વ દિશામાં “અમોઘદર્શન” ઉદ્યાન હતું. તેમાં અમોઘદર્શી યક્ષનું યક્ષાયતન હતું. તે પુરિમતાલમાં મહાબલ નામે રાજા હતો. તે નગરના ઉત્તર-પૂર્વ દિશા ભાગમાં દેશને છેડે એક અટવી હતી. અટવીમાં શાલા અટવી નામે ચોરની પલ્લી હતી. તે ચોરપલ્લી વિષમ ગિરિકંદરાને છેડે રહેલી, વાંસની ઝાડીમય વાડરૂપી કિલ્લાથી વીંટાયેલી હતી. પર્વતીય ફાટમાં રહેલા વિષમ ખાડારૂપી ખાઈ વડે વ્યાપ્ત હતી, તે પલ્લીમાં જ પાણી મળતું હતું. તેની બહારના ભાગમાં પાણી દુર્લભ હતું. મનુષ્યોને નાસી જવા માટે તેમાં અનેક છીંડીઓ હતી. ગુપ્ત હોવાથી જાણીતા લોકો જ આવાગમન કરી શકતા, લુંટીને લાવેલ માલ પાછો લેવા આવનારા ઘણાં માણસો પણ તે પલ્લીનો નાશ કરી શકે તેમ ન હતા.

તે શાલાટવી ચોરપલ્લીમાં વિજય નામે ચોર સેનાપતિ રહેતો હતો, તે અધાર્મિક યાવત્ હણ-છેદ-ભેદ-વિનાશકર, રક્તરંજિત હાથવાળો, ઘણાં નગરોમાં પ્રસિદ્ધ યશવાળો, શૂર, દૃઢપ્રહારી, સાહસિક, શબ્દવેધી હતો. તે ખડ્ગલતાને વિશે પહેલો મલ્લ હતો. તે ત્યાં શાલાટવી ચોરપલ્લીમાં ૫૦૦ ચોરના અધિપતિરૂપે રહેલો હતો.

● **વિવેચન-૧૮ :-**

ત્રીજા અધ્યયનની પ્રસ્તાવના - ભંતે ! જો શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ બીજા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભંતે ! ત્રીજા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? - x - x - દેસપ્પંતે-મંડલને અંતે. વિસમગિરિ૦ વિષમ એવો જે પર્વત, તેની કંદરા, તેનો કોલંબ-છેડો, ત્યાં સંનિવિષ્ટ-રહેલી, કોલંબ જ લોકમાં નમેલ વૃક્ષ શાખાગ્ર કહેવાય છે, તેથી ઉપચારથી કંદરપ્રાંત કોલંબ કહ્યું. વંશીકલંક-વાંસની જાળમયી, પરિક્ષિપ્તા-તેના વડે વીંટાયેલ, છિન્ન-અવયવ અંતર અપેક્ષાએ વિભક્ત જે પર્વત, તેનો વિષમ પ્રપાત-ખાડ, તે રૂપ પરિખા વડે વીંટાયેલ.

- x - x - અનેગખંડી-અનેક નાસતા લોકોના માર્ગરૂપ, ખંડી-અપદ્વાર. વિદિત-જાણકાર લોકોનો. કુવિયજણ-ચોરીમાં પ્રવર્તેલ લોકો. અધાર્મિક-અધર્મ વડે વિચરનાર, અધર્મિષ્ટ-અતિ નિર્દ્ધર્મ-દયા રહિત કર્મ કરનારા. અધમ્મક્ખાઈ-અધર્મને કહેવાના સ્વભાવવાળા. અધર્માનુગ-અધર્મ કર્તવ્યના અનુમોદક - x - અધમ્મપ્પલોય-અધર્મને જ જોવાના આચારવાળા, અધમ્મપલજ્જણ-અધર્મ પ્રાય કર્મોમાં પ્રકર્ષથી રાગવાળા. અધમ્મસીલસમુદાચાર-અધર્મ જ જેનો સ્વભાવ અને અનુષ્ઠાન-આચરણ-વાળા. અધમ્મેણ-સાવદ્ય અનુષ્ઠાન વડે દહન-અંકન-નિર્લાછન કર્મ વડે વૃત્તિ કરતા.

હણ-વિનાશ કરો, છિન્દિ-બે ભાગ કરો, ભિન્દ-કુંત આદિથી ભેદ કરો, આ પ્રમાણે બીજાને પ્રેરણા કરી પ્રાણીને હણનાર. - x - લોહિયપાણી - જીવોનો વિનાશ કરી લોહીથી લાલ થયેલ હાથ જેના છે તે. બહુનગરનિગ્ગયજસ - ઘણાં નગરોમાં ફેલાયેલ યશ. અસિલટ્ઠિપઢમમલ્લ-ખડ્ગ લતામાં પ્રધાન યોદ્ધો. આહેવચ્ચ-અધિપતિ કર્મ, યાવત્ શબ્દથી અગ્રેસરત્વ, ભતૃત્વ આદિ કહેવું.

● સૂત્ર-૧૯ :-

*ત્યારે તે ચોર સેનાપતિ, ઘણાં ચોરો, પારદારિકો, ગ્રંથિભેદકો, સંધિ છેદકો, વસ્ત્રખંડ ધારકો તથા બીજા પણ ઘણાં છેદી-ભેદીને બહીષ્કૃત્ કરાયેલા માટે કુડંગ સમાન હતો. પછી તે વિજય ચોરસેનાપતિ પુરિમતાલ નગરના ઉત્તર-પૂર્વીય જનપદના ઘણાં ગામ-નગરનો ઘાતક, ગાય આદિના ગ્રહણ વડે, બંદિગ્રહણ વડે, પંથકોટ્ટ અને ખાતર પાડનાર વડે પીડા કરતો-કરતો, નાશ કરતો-કરતો, તર્જના-તાડના કરતો, સ્થાન-ધન-ધાન્ય રહિત કરતો વિચરતો હતો. મહાબલ રાજાના કલ્પ-આયને વારંવાર લઈ લેતો.*

*તે વિજય ચોર સેનાપતિને સ્કંદશ્રી નામે પત્ની હતી, તે અહીન પૂર્ણ પંચેન્દ્રિયાદિ હતી. તે વિજય ચોરનો પુત્ર અને ખંદશ્રીનો આત્મજ અભગ્નસેન નામે પુત્ર હતો. તે અહીન પૂર્ણ પંચેન્દ્રિયશરીરી, વિજ્ઞાન પરિણત, અનુક્રમે યૌવનને પામ્યો.*

*તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર પુરિમતાલ નગરે પધાર્યા, પર્ષદા નીકળી, રાજા નીકળ્યો, ભગવંતે ધર્મ કહ્યો, પર્ષદા અને રાજા પાછા ગયા. - - તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મુખ્ય શિષ્ય ગૌતમ યાવત્ રાજમાર્ગે ચાલ્યા. ત્યાં ઘણાં હાથી જોયા, ઘણાં ઘોડા અને બખ્તર-કવચાદિ પહેરેલા પુરુષો જોયા. તે પુરુષોની મધ્યે એક પુરુષને જોયો. તે અવકોટક બંધને બાંધેલો યાવત્ ઉદ્ઘોષણા કરાવાતો હતો. પછી તે પુરુષને રાજપુરુષોએ પહેલાં ચત્વરે બેસાડ્યો-બેસાડીને તેની સન્મુખ તેના આઠ કાકાઓને મારવા લાગ્યા, મારીને ચાબુકના પ્રહારથી તાડન કરતાં કરતાં કરુણા ઉપજે તે પુરુષને માંસના ટુકડા ખવડાવવા લાગ્યા, પછી લોહીરૂપી જળ પાવા લાગ્યા.*

*ત્યારપછી બીજા ચત્વરે આઠ કાકી કે લઘુમાતાને, મારવા લાગ્યા, એ પ્રમાણે ત્રીજા ચત્વરે આઠ મોટા કાકાને, ચોથા ચત્વરે આઠ મહામાતાને, પાંચમે પુત્રોને, છટ્ઠે પુત્રીઓને, સાતમે જમાઈઓને, આઠમે પુત્રવધૂને, નવમે પૌત્રોને, દશમે પૌત્રીને, અગ્યારમે પૌત્રીની પતિઓને, બારમે પૌત્રોની પત્નીઓને, તેરમે ફૂવાઓને, ચૌદમે ફોઈઓને, પંદરમે માસાઓને, સોળમે માસીઓને, સત્તરમે મામીઓને, અઢારમે ચત્વરે બાકીના મિત્ર-જ્ઞાતિ-નિજક-સ્વજન-સંબંધી-પરિજનોને, તેની સમક્ષ મારતા હતા, મારીને ચાબુકના પ્રહારથી તાડન કરતા કરતા કરુણાસ્પદ તે પુરુષને માંસના ટુકડા ખવડાવે છે, લોહીરૂપી પાણી પીવડાવતા હતા.*



● વિવેચન-૧૯ :-

ગ્રંથિભેદક - ગજવા વગેરે કાપનાર, સંધિછેદક-ભિંતના સાંધાને છેદનાર, ખંડપટ્ટ-અપરિપૂર્ણ વસ્ત્ર પહેરેલા, મદ્ય-દ્યુતાદિ વ્યસનમાં અભિભૂત હોવાથી પૂર્ણ વસ્ત્રો પ્રાપ્ત ન થવાથી, તે ખંડ-પટ્ટ-જુગારી આદિ અથવા ધૂર્ત કે અન્યાયવ્યવહારી. છિન્નભિન્ન-બાહિરાહિય-હાથ આદિ છેદીને, નાક આદિ ભેદીને, નગરથી બહાર કરાયેલા અથવા સ્વઆચારથી ભ્રષ્ટ થઈ વિશિષ્ટ લોક બહિવર્ત્તી. અહિય-ગ્રામાદિ દાહકત્વથી અહિત. કુડંગ-વાંસની ઝાડી સમાન.

માઉસિયાપઈય-માસા, માઉસિયા-માસી, માસિયા-મામી. જ્ઞાતિ-સમાન જાતીય, નિજક-સ્વજન, મામાના દીકરા આદિ, સંબંધી-સસરો, શાળા આદિ, પરિજન-દાસદાસાદિ.

● સૂત્ર-૨૦ :-

*ત્યારે તે ગૌતમસ્વામીએ તે પુરુષને જોયો, જોઈને આ આવા પ્રકારે આધ્યાત્મિક, પ્રાર્થિત વિચાર આવ્યો. યાવત્ પૂર્વવત્ નીકળ્યા, એમ કહ્યું – ભગવન્ ! હું આપની આજ્ઞાથી ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ આ પુરુષ પૂર્વભવે કોણ હતો ? આદિ.*

*હે ગૌતમ ! તે કાળે તે સમયે આ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં પુરિમતાલ નામે નગર હતું. ત્યાં ઉદિતોદિત નામે મહાન્ રાજા હતો. તે પુરિમતાલમાં નિર્ણય નામે ઈંડાનો વેપારી હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત, અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનંદ હતો. તે નિર્ણય અંડવણિકે ઘણાં પુરુષોને દૈનિક વેતન અને ભોજન આપીને રાખેલા, જેઓ હંમેશાં કોદાળીઓ અને ટોપલા આદિને ગ્રહણ કરતા હતા. પુરિમતાલ નગરની ચોતરફ ઘણાં કાગડી-ઘૂવડ-કબૂતરી-ટીંટોડી-બગલી-મયૂરી-કુકડીના ઇંડાને તથા બીજા પણ ઘણાં જલચર-સ્થલચર-ખેચરના ઇંડાને ગ્રહણ કરતાં, કરીને વાંસના ટોપલા ભરતા, ભરીને નિર્ણય અંડવણિક પાસે આવતા, આવીને તેને ટોપલા આપતા.*

*ત્યારે તે નિર્ણય અંડવણિકે બીજા ઘણાં પુરુષોને દૈનિક વેતન અને ભોજનાદિથી ઘણાં કાગડીના યાવત્ કુકડીના ઇંડાને તથા બીજાં પણ ઘણાં જલચર-સ્થલચર-ખેચરાદિના ઇંડાને તવા, કવલ્લી, કંડુક, ભર્જનક અને અંગારામાં તળતા-સેકતા-પકાવતા હતા. એ રીતે તળીને-ભુંજીને-સેકીને રાજમાર્ગમાં-મધ્યમાં ઇંડાઓ વેચવા વડે આજીવિકા કરતા વિચરતા હતા. તે નિર્ણય અંડવણિક પોતે પણ ઘણાં કાગડી યાવત્ કુકડીના ઇંડા કે જે રાંધેલ-તળેલ-ભુંજેલ હતા, તેની સાથે સુરા આદિને આસ્વાદતો, વિસ્વાદતો વિચરતો હતો.*

*ત્યારે તે નિર્ણય અંડવણિક આ પાપકર્મથી ઘણાં જ પાપકર્મને ઉપાર્જન કરીને ૧૦૦૦ વર્ષનું પરમાયુ પાળીને મૃત્યુ અવસરે મરીને ત્રીજી નરકમાં ઉત્કૃષ્ટ સાત સાગરોપમ સ્થિતિક નૈરયિકમાં નારકપણે ઉત્પન્ન થયો.*

● વિવેચન-૨૦ :-

अड्ढे० दिप्त विच्छर्दित-विपुल ભોજન-પાન ઈત્યાદિ લેવું. दित्तभईभत्तवेयण-

તેમાં ભૃતિ-દ્રવ્યાદિ, ભક્ત-ઘી, ધાન્યાદિ તે રૂપ વેતન-મૂલ્ય આપતો. કલ્લાકલ્લિ-પ્રતિદિન, કુદ્દાલિકા-કોદાળી.

પત્થિકાપિટક-વાંસનો ટોપલો - x - તવક-તવો, તળવાનું વાસણ. કવલી-ગોળ આદિ પકાવવાનું વાસણ. કવલી-ગોળ આદિ પકાવવાનું વાસણ. કંડુ-રોટલા આદિ પકાવવાનું વાસણ, ભજ્જણ-ધાણી પકાવવાનું ભાજન, તલિંતિ-તળવું, ભજ્જંતિ-ભુંજવું, સોલ્લિંતિ-ભાતની જેમ રાંધવું, અંતરાવણ-રાજમાર્ગ મધ્યેની દુકાન, અંડયપણિય-ઇંડા વેચીને.

● સૂત્ર-૨૧ :-

*તે ત્યાંથી ઉદ્વર્તીને અનંતર આ જ શાલાટવી ચોર પલ્લીમાં વિજય ચોર સેનાપતિની સ્કંદશ્રી પત્નીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. પછી સ્કંદશ્રીને અન્ય કોઈ દિને ત્રણ માસ પ્રતિપૂર્ણ થતાં આ આવા સ્વરૂપનો દોહદ ઉત્પન્ન થયો. તે માતાઓ ધન્ય છે, જે ઘણાં મિત્ર-જ્ઞાતિ-નિજક-સ્વજન-સંબંધી-પરિજન મહિલાઓ તથા બીજી પણ ચોર મહિલા સાથે પરીવરી, સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકાર વિભૂષિત થઈ, વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ અને સુરાને આસ્વાદતી, વિસ્વાદતી રહે છે. ભોજન કર્યા પછી ઉચિત સ્થાને આવી પુરુષવેશ લઈ, સન્નદ્ધ-બદ્ધ યાવત્ પ્રહરણ-આયુધ ગ્રહણ કરીને, ઢાલને હાથમાં લઈ, ખડ્ગને મ્યાનમુક્ત કરી, બાણના ભાથાને ખભે લટકાવી, ધનુષ્ ઉપર પ્રત્યંચા ચડાવી, બાણને ઉંચા કરી, માળાને લાંબી કરી અથવા વિશિષ્ટ પ્રહરણને ઉલ્લાસિત કરી, જંઘાએ ઘુંઘરા લટકાવી, શીઘ્ર વાજિંત્ર વગડાવી, મોટા મોટા ઉત્કૃષ્ટ યાવત્ સમુદ્ર રવ વડે યુક્ત એવા કરતી શાલાટવી ચોરપલ્લીની સર્વ દિશા-વિદિશામાં જોતી-જોતી, ફરતી-ફરતી પોતાના દોહદ પૂર્ણ કરે છે. તેથી જો હું પણ યાવત્ દોહદ પૂર્ણ કરું, એમ વિચારી તે દોહદ પૂર્ણ ન થવાથી યાવત્ ચિંતામગ્ન બની.*

*ત્યારે તે વિજય ચોર સેનાપતિ સ્કંદશ્રીને ઉપહત યાવત્ જોઈ, જોઈને કહ્યું કે — હે દેવાનુપ્રિયા ! તું કેમ ઉપહત યાવત્ ચિંતામગ્ન છે ? ત્યારે સ્કંદશ્રીએ વિજયને કહ્યું — હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે મને ત્રણ માસ પરિપૂર્ણ થતા યાવત્ હું ચિંતામગ્ન છું.*

*ત્યારે વિજયચોર સેનાપતિએ સ્કંદશ્રીની પાસે આ અર્થ સાંભળીને યાવત્ સમજીને સ્કંદશ્રીને આમ કહ્યું — હે દેવાનુપ્રિયા ! તને સુખ ઉપજે તેમ કર. આ વચન સાંભળીને, પછી તે સ્કંદશ્રી, વિજય ચોર સેનાપતિની અનુજ્ઞા પામીને હર્ષિત, સંતુષ્ટ૦ થઈ, ઘણી મિત્ર યાવત્ બીજી પણ ચોર મહિલા સાથે પરીવરીને, સ્નાન યાવત્ વિભૂષિત થઈ, વિપુલ અશનાદિ અને સુરાને આસ્વાદતી, વિસ્વાદતી૦ વિચરે છે. ભોજન કર્યા પછી ઉચિત સ્થાને આવીને, પુરુષવેશ લઈ, સન્નદ્ધબદ્ધ થઈ યાવત્ ફરતી-ફરતી દોહદને પૂર્ણ કરે છે. ત્યારપછી તે સ્કંદશ્રી દોહલા-સંપૂર્ણ, સંમાનિત, વિનીત, વ્યુત્છિન્ન, સંપન્ન થવાથી ગર્ભને સુખે-સુખે વહન કરે છે.*



*ત્યારપછી તે સ્કંદશ્રી ચોર સેનાપતિણીએ નવ માસ બહુ પ્રતિપૂર્ણ થતા બાળકને જન્મ આપ્યો. ત્યારે તે વિજય ચોર સેનાપતિએ તે બાળકનો મહા ઋદ્ધિસત્કારપૂર્વક દશ રાત્રિની સ્થિતિપતિતા કરે છે. પછી તે વિજય ચોરસેનાપતિ તે બાળકના [જન્મના] અગ્યારમે દિવસે વિપુલ અશનાદિ તૈયાર કરાવી, મિત્ર-જ્ઞાતિ૦ ને આમંત્રે છે. આમંત્રીને યાવત્ તે જ મિત્ર-જ્ઞાતિ૦ પાસે આમ કહે છે — જે કારણે અમારો આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારે આ આવા પ્રકારના દોહદ ઉત્પન્ન થયેલા, તે કારણથી અમારા બાળકનું અભગ્નસેન નામ થાઓ. પછી અભગ્નસેન કુમાર પાંચ ધાત્રીઓ વડે યાવત્ મોટો થાય છે.*

● વિવેચન-૨૧ :-

जिमियभुत्तुत्तरागत - ભોજન કરીને, ભોજન પછી ઉચિત સ્થાને આવ્યા. નેવત્થિજ્જ-વેશ ધરીને, सन्नद्ध० - બદ્ધવર્મિત કવચવાળા, સરાસણપટ્ટિકા બાંધીને, ગ્રૈવેયક પહેરીને, વિમલવર ચિહ્ન પટ્ટ બાંધી, આયુધ-પ્રહરણ લઈને. ભરિય-હસ્તપાશ, ફલિહ-સ્ફટિક, નિક્કટ્ટ-મ્યાનથી બહાર કાઢેલ, અસી-ખડ્ગ, અંસાગત-પાછલના ભાગે બાંધતા ખંભે આવેલ. સજીવ-ધનુષ્ આરોપિત પ્રત્યંચા, ધનૂ-કોદંડક, સમુક્ખિત સર-નિસર્ગને માટે કાઢેલ બાણ, દામ-પાશક વિશેષ, દાહ-લાંબા વાંસડા ઉપર બાંધેલ દાંતરડારૂપ, ઓસારિય-લંબાવેલ. - x - x - महता उक्किट्ठि० - આનંદ મહાધ્વનિ, સિંહનાદ, વર્ણવ્યક્તતા રહિત ધ્વનિ, કલકલ-વ્યક્ત વચન તે રૂપ જે રવ. સમુદ્દરવભૂયંપિવ-ગગન મંડલમાં વ્યાપ્ત સમુદ્ર ગર્જના માફક.

- x - x - तंसि दोहलंसि० દોહદ પૂર્ણ ન થતાં શુષ્ક, ભુખી, અવલગ્ન ઈત્યાદિ થઈ. "આર્ત્તધ્યાનોપગત થઈ" સુધી કહેવું. तते णं से० સ્કંદશ્રીને ઉપહત મનસંકલ્પવાળી, જમીન તરફ દૃષ્ટિ કરેલ આર્ત્તધ્યાન યુક્ત થઈ ચિંતિત થયેલી જોઈ. ઈત્યાદિ - x -

ઋદ્ધિ-વસ્ત્ર, સુવર્ણાદિ સંપત્તિ, સત્કાર-પૂજા વિશેષ, તેનો સમુદાય. દશરત્તંઠિઈ-પડિયં-દશ રાત્રિ સુધી કુલક્રમાગત પુત્ર જન્માનુષ્ઠાન.

● સૂત્ર-૨૨ :-

*ત્યારપછી તે અભગ્નસેનકુમાર બાલભાવથી મુક્ત થયો. આઠ કન્યા સાથે લગ્ન થયા, યાવત્ આઠનો દાયજો મળ્યો. ઉપરી પ્રાસાદમાં ભોગ ભોગવતો વિચરે છે. પછી તે વિજય ચોર સેનાપતિ કોઈ દિવસે મૃત્યુ પામ્યો. પછી તે અભગ્નસેન કુમાર ૫૦૦ ચોરો સાથે પરીવરીને રુદન-કંદન-વિલાપ કરતો વિજય ચોર સેનાપતિનું મહા ઋદ્ધિ સત્કારના સમુદયથી નીહરણ કર્યું, કરીને ઘણાં લૌકિક મૃતકાર્યો કર્યા. કરીને કેટલોક કાળ જતાં અલ્પશોકવાળા થયા.*

*ત્યારપછી તે ૫૦૦ ચોરોએ કોઈ દિવસે અભગ્નસેન કુમારને શાલાટવી ચોરપલ્લીમાં મોટા-મોટા ચોર સેનાપતિપણે અભિષેક કર્યો. પછી તે અભગ્નસેનકુમાર ચોર સેનાપતિ થયો. તે અધાર્મિક યાવત્ નીકટની નગરીને*

લુંટવા લાગ્યો.

ત્યારપછી તે દેશના લોકો અભગ્નસેન ચોર સેનાપતિએ ઘણાં ગામોનો ઘાત કરવાથી, તાપ પામીને, એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! નિશ્ચે અભગ્નસેન ચોરસેનાપતિ પુરિમતાલ નગરની ઉત્તરે રહેલા દેશને, ઘણાં ગામના ઘાત વડે યાવત્ નિર્ધન કરતો વિચરે છે. તેથી નિશ્ચે હે દેવાનુપ્રિયો ! પુરિમતાલનગરમાં જઈ આપણે મહાબલ રાજાને આ વૃત્તાંત જણાવવો શ્રેયસ્કર છે.

ત્યારપછી તે જાનપદ પુરુષોએ આ વૃત્તાંતને પરસ્પર સ્વીકાર્યો, સ્વીકારીને મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, રાજાર્હ પ્રાભૃતને ગ્રહણ કર્યું, કરીને પુરિમતાલ નગરે આવ્યા, મહાબલ રાજા પાસે આવ્યા, આવીને મહાબલ રાજાને તે મહાર્થ યાવત્ પ્રાભૃત ધર્યું, બે હાથની અંજલિ કરી મહાબલ રાજાને આ પ્રમાણે કહ્યું – નિશ્ચે હે સ્વામી ! શાલાટવી ચોરપલ્લીમાં અભગ્નસેન ચોર સેનાપતિ રહે છે, તે અમને ઘણાં ગામોના ઘાત વડે યાવત્ નિર્ધન કરતો વિચરે છે. તો હે સ્વામી ! અમે ઈચ્છિએ છીએ કે - તમારી બાહુની છાયામાં ગ્રહણ કરાયેલા અમે ભય અને ઉપસર્ગ રહિત સુખે સુખે રહીએ. આમ કહી, રાજાને પગે પડી, બે હાથ જોડી મહાબલ રાજાને આ વૃત્તાંત વિજ્ઞપ્ત કર્યો.

ત્યારે તે મહાબલ રાજાએ તે જાનપદ પુરુષો પાસે આ અર્થ સાંભળી, અવધારી અતિ ક્રોધિત થઈ યાવત્ ધમધમતા ત્રણ વળી-વાળી ભૃકુટીને કપાળમાં ચડાવી દંડનાયકને બોલાવ્યો, બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિય ! તું જા, સાલાટવી ચોરપલ્લીનો નાશ કર. નાશ કરીને અભગ્નસેન ચોર સેનાપતિને જીવતો પકડ, પકડીને મારી પાસે લાવ.

ત્યારે તે દંડનાયકે "તહત્તિ" કહી, તે વાત સ્વીકારી. પછી તે ઘણાં પુરુષો સાથે સન્નદ્ધ બદ્ધ થઈ યાવત્ આયુધો સાથે તેમની સાથે પરીવરીને હાથમાં પાશ અને ઢાલ લઈ યાવત્ શીઘ્ર વાગતા વાજિંત્રો વગાડાતા, મોટા યાવત્ ઉત્કૃષ્ટ શબ્દ યાવત્ કરતા પુરિમતાલ નગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને શાલાટવી ચોરપલ્લીએ જવા નીકળ્યા.

ત્યારે તે અભગ્નસેન ચોર સેનાપતિના ચાર પુરુષો આ વૃત્તાંતને જાણીને શાલાટવી ચોરપલ્લીમાં અભગ્નસેન પાસે આવ્યા, આવીને બે હાથ જોડી યાવત્ આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! પુરિમતાલનગરમાં મહાબલ રાજાએ મોટા સુભટોના સમૂહ સહિત દંડનાયકને આજ્ઞા કરી છે કે – હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને શાલાટવી ચોરપલ્લીનો વિનાશ કરો, અભગ્નસેન ચોર સેનાપતિને જીવતો ગ્રહણ કરો. ગ્રહણ કરીને મારી પાસે લાવો. તેથી તે દંડનાયક મોટા સુભટોના સમૂહ સહિત શાલાટવી ચોરપલ્લી આવવા નીકળેલ છે.

ત્યારે તે અભગ્નસેને ચોરસેનાપતિ તે ચાર પુરુષો પાસે આ વૃત્તાંત સાંભળી, સમજીને ૫૦૦ ચોરોને બોલાવ્યા, બોલાવી આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! નિશ્ચે પુરિમતાલ નગરે મહાબલ યાવત્ (દંડનાયક) જવાને નીકળ્યો છે, તે આવી રહ્યો છે. ત્યારે અભગ્નસેને તે ૫૦૦ ચોરોને કહ્યું – હે દેવાનુપ્રિયો ! આપણે તે દંડનાયકને શાલા અટવી ચોરપલ્લી પ્રાપ્ત થતા પહેલાં માર્ગમાં જ પ્રતિષેધ કરવો શ્રેય છે. ત્યારે તે ૫૦૦ ચોરોએ અભગ્નસેનની વાત 'તહત્તિ' કહી સ્વીકારી.



ત્યારપછી તે અભગ્નસેન ચોર સેનાપતિ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવે છે, કરાવીને ૫૦૦ ચોરો સાથે સ્નાન યાવત્ પ્રાયશ્ચિત્ત કરી ભોજન મંડપમાં તે વિપુલ અશનાદિને સુરા સાથે આસ્વાદિત આદિ કરતા વિચરે છે ભોજન કર્યા પછી ઉચિત સ્થાને આવીને આચમન કરી, મુખશુદ્ધિ કરી, અતિ પવિત્ર થઈ ૫૦૦ ચોરો સાથે આર્દ્રચર્મ ઉપર બેસીને સન્નદ્ધ-બદ્ધ થઈ યાવત્ પ્રહરણ ગ્રહણ કરી, હાથમાં પાશ ગ્રહણ કરી યાવત્ શબ્દો સાથે મધ્યાહ્ન કાળસમયે શાલાટવી ચોરપલ્લીથી નીકળે છે. નીકળીને વિષમ-દુર્ગ-ગહનમાં રહી, ભોજન-પાણી ગ્રહણ કરીને તે દંડનાયકની રાહ જોતો ત્યાં રહ્યો.

ત્યારપછી તે દંડનાયક અભગ્નસેન ચોર સેનાપતિ પાસે આવ્યો, આવીને અભગ્નસેન ચોરસેનાપતિ સાથે યુદ્ધ કરવા લાગ્યો. પછી અભગ્નસેન ચોર સેનાપતિએ તે દંડનાયકને જલ્દીથી હત-મથિત યાવત્ પ્રતિષેધ કર્યો. ત્યારે તે દંડનાયક અભગ્નસેન ચોર સેનાપતિ વડે હત-મથિત-પ્રતિષેધિત થતા તેજ-બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમ રહિત થયો. તેથી અધારણીય છે, એમ જાણીને પુરિમતાલ નગરે મહાબલ રાજા પાસે આવ્યો, આવીને બે હાથ જોડીને આ પ્રમાણે કહ્યું –

હે સ્વામી ! નિશ્ચે અભગ્નસેન ચોર સેનાપતિ વિષમ-દુર્ગ-ગહનમાં રહીને, ભોજન-પાણીને ગ્રહણ કરીને રહ્યો છે. કોઈપણ અતિ મોટા અશ્વ-હાથી-યોદ્ધા-રથ સૈન્યથી એમ ચતુરંગ સૈન્યથી પણ સાક્ષાત્ ગ્રહણ કરી શકે તેમ નથી. તેથી શામ-ભેદ-ઉપપ્રદાન વડે વિશ્વાસ પમાડીને વશ કરવા લાયક છે. વળી જે તેના અભ્યંતર શિષ્ય સમાન તથા મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજનને વિપુલ ધન-કનક-રત્ન-ઉત્તમ સારભૂત ધન વડે ભેદ પામશે. તે અભગ્નસેન ચોર સેનાપતિને પણ વારંવાર મહાર્થ-મહાર્ઘ-મહાર્હ પ્રાભૃત મોકલી અભગ્નસેન ચોર સેનાપતિને વિશ્વાસ પમાડાશે.

● **વિવેચન-૨૨ :-**

अट्ठदारिया० - ત્યારે તે અભગ્નસેનના માતાપિતાએ અભગ્નસેનને શોભન તિથિ-કરણ-નક્ષત્ર-મુહૂર્તમાં આઠ કન્યાઓ સાથે એક દિવસે પાણિગ્રહણ કરાવ્યું. તેના માતાપિતાએ આ આવું પ્રીતિદાન આપ્યુ. આઠ-આઠ પરિમાણવાળું દાય-દાન, તે આ - આઠ કોટિ હિરણ્ય, આઠ કોટિ સુવર્ણ, આઠ પ્રેષણકારી, ઈત્યાદિ અને વિપુલ ધન-ધાન્ય-કનક-રત્ન-મણિ-મોતી-શંખ-શિલા-પ્રવાલ-રક્તરત્ન ઈત્યાદિ.

उप्पिं भुंजर - તે અભગ્નસેનકુમાર ઉપરી શ્રેષ્ઠ પ્રાસાદે રહી, સ્ફૂટ વાગતા

મૃદંગ, શ્રેષ્ઠ તરુણીયુક્ત બત્રીશબદ્ધ નાટક, ગવાતા ગીતો, સહિત વિપુલ માનુષી કામભોગ અનુભવતો વિચરે છે.

મહાર્થ-મહાપ્રયોજન, મહાર્ઘ-બહુમૂલ્ય, મહાર્હ-મહાન્‌ને યોગ્ય. - - દંડ-દંડનાયક. જીવગાહ-જીવતો, ભડચડગર-યોદ્ધાસમૂહ. મગ્ગઈત-હસ્તપાશ. - x - વિષમ-ઉંચાનીચા, દુર્ગ-દુષ્પ્રવેશ, ગહન-વૃક્ષોથી ઢંકાયેલ. સંપલગ્ગ-યુદ્ધ કરવાનું શરૂ કર્યુ. હયમહિય૦ હત-સૈન્યના હણાવાથી, મથિત-માનના મથનથી, પ્રવરવીર-સુભટ, ઘાતિત-વિનાશિત, જેની ચિહ્નયુક્ત ધજાઓ પડી ગઈ. વિપ્પડિસેહ-ભાગી ગયા.

અથામ - તેવા સ્થામ રહિત, અબલ-શારીરબલ રહિત, અવીરિય-જીવવીર્ય રહિત, અપુરિસક્કારપરક્કમ-પૌરુષ અભિમાનથી નિષ્પાદિત સ્વપ્રયોજન પરાક્રમ રહિત. અધારણિજ્જ-ધારણ કરવાને કે રહેવાને અશક્ય. - - ઉરંઉરેણ-સાક્ષાત્. સામ-પ્રેમોત્પાદક વચન, ભેદ-પરસ્પર અવિશ્વાસ ઉપજાવવો, ઉપપ્રદાન-અભિમત અર્થે દાન.

અબ્ભિંતરગાસીસગભમ-નીકટના મંત્રી વગેરે. કેવા ? શિષ્ય જેવા - શિષ્યની ભ્રાંતિ થાય તેવા, વિનિતપણાખી શિષ્યતુલ્ય. અથવા મસ્તકના કવચનો ભ્રમ કે શરીરરક્ષત્વથી શીર્ષભ્રમ. - x - x -

● **સૂત્ર-૨૩ :-**

*ત્યારપછી તે મહાબલ રાજાએ અન્ય કોઈ દિવસે પુરિમતાલ નગરમાં એક મોટી મહાતિ મહાલિકા કૂટાકારશાળા કરાવી. તે અનેક શત સ્તંભ ઉપર રહેલી, પ્રાસાદીય, દર્શનીય હતી. પછી મહાબલ રાજાએ અન્ય કોઈ દિને પુરિમતાલ નગરે શુલ્ક રહિત યાવત્ દશ દિવસનો પ્રમોદ-મહોત્સવની ઘોષણા કરાવી, પછી કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું —*

*હે દેવાનુપ્રિયો ! તમે શાલાટવી ચોરપલ્લીમાં જાઓ, ત્યાં તમે અભગ્નસેન ચોર સેનાપતિને બે હાથ જોડીને કહો — હે દેવાનુપ્રિય ! નિશ્ચે પુરિમતાલ નગરે મહાબલ રાજા ઉત્શૂલ્ક યાવત્ દશ દિવસનો મહોત્સવ ઘોષિત કરાવેલ છે. તો હે દેવાનુપ્રિય ! તમારે માટે વિપુલ અશનાદિ, પુષ્પ-વસ્ત્ર-માળા-અલંકાર શીઘ્ર અહીં મોકલીએ કે તમે જાતે જ ત્યાં આવશો ? ત્યારે કૌટુંબિક પુરુષોએ મહાબલ રાજાની આજ્ઞાને બે હાથ જોડી યાવત્ સ્વીકારી, સ્વીકારીને પુરિમતાલ નગરથી નીકળ્યા. પછી બહુ લાંબા નહીં એવા માર્ગમાં સુખેથી વસતા અને ભોજનાદિ કરતા શાલાટવી ચોરપલ્લીએ આવ્યા.*

*ત્યાં અભગ્નસેન ચોર સેનાપતિને બે હાથ જોડીને આમ કહ્યું — હે દેવાનુપ્રિય ! પુરિમતાલ નગરે મહાબલ રાજાએ શુલ્ક રહિત મહોત્સવ જાહેર કર્યો છે તો યાવત્ તમે જાતે જ આવશો ? ત્યારે અભગ્નસેન ચોર સેનાપતિએ કહ્યું — હે દેવાનુપ્રિયો ! હું જાતે જ પુરિમતાલ નગરે આવીશ. તે કૌટુંબિક પુરુષોનો સત્કાર કરી વિદાય આપી.*

*ત્યારપછી તે અભગ્નસેન ચોર સેનાપતિ, ઘણાં મિત્રોથી યાવત્ પરિવૃત્ત થઈને સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકાર વિભૂષિત થઈ શાલાટવી*



*ચોરપલ્લીથી નીકળ્યો. નીકળીને પુરિમતાલ નગરે મહાબલ રાજા પાસે આવ્યો, આવીને બે હાથ જોડી, મહાબલ રાજાને જય-વિજયથી વધાવ્યા, વધાવીને મહાર્થ યાવત્ ભેટણું ધર્યું.*

*ત્યારે મહાબલ રાજાએ અભગ્નસેનના તે મહાર્થ ભેટણાને યાવત્ સ્વીકાર્યું. તેનો સત્કાર, સન્માન કરી વિદાય આપીને કૂટાગારશાળામાં રહેવાનું સ્થાન આપ્યું. ત્યારપછી અભગ્નસેન, મહાબલ રાજા પાસેથી વિદાય પામીને કૂટાગાર શાળાએ આવ્યો. પછી મહાબલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું —*

*હે દેવાનુપ્રિયો ! તમે જાઓ, વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ તૈયાર કરાવો. તે વિપુલ અશનાદિ અને સુરાને તથા ઘણાં જ પુષ્પ-ગંધ-માળા-અલંકારને અભગ્નસેન ચોર સેનાપતિની કૂટાગારશાળામાં લઈ જાઓ. કૌટુંબિક પુરુષો હાથ જોડી યાવત્ લઈ ગયા.*

*ત્યારે તે અભગ્નસેન ઘણાં મિત્ર, જ્ઞાતિ૦ સાથે પરીવરી સ્નાન કરી યાવત્ સર્વાલંકાર વિભૂષિત થઈ, તે વિપુલ અશનાદિ અને સુરાને આસ્વાદિત કરતો પ્રમાદી થઈ વિચરવા લાગ્યો.*

*ત્યારપછી મહાબલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને કહ્યું — હે દેવાનુપ્રિયો ! તમે જઈને પુરિમતાલ નગરના દ્વારોને બંધ કરો અને અભગ્નસેનને જીવતો પકડીને મારી પાસે લાવો.*

*ત્યારે તે કૌટુંબિક પુરુષોએ બે હાથ જોડી યાવત્ સ્વીકાર કર્યો, સ્વીકારીને પુરિમતાલ નગરના દ્વારો બંધ કર્યા. અભગ્નસેન ચોર સેનાપતિને જીવતો પકડીને મહાબલ રાજા પાસે લાવ્યા. ત્યારે મહાબલ રાજાએ અભગ્નસેન ચોર સેનાપતિને આ વિધાનથી વધ કરવાની આજ્ઞા કરી.*

*હે ગૌતમ ! આ રીતે અભગ્નસેન ચોર સેનાપતિ જુના-પુરાણા [પોતાના કર્મોથી] યાવત્ વિચરે છે. - - ભગવન્ ! અભગ્નસેન મરણ અવસરે મરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?*

*હે ગૌતમ ! તે ૩૭ - વર્ષનું પરમાયુ પાળીને આજે ત્રણ ભાગ શેષ દિવસ બાકી રહેતા શૂળીએ ભેદાઈને કાળ માસે કાળ કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિક નૈરયિકપણે ઉપજશે. તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને, એ પ્રમાણે પ્રથમ અધ્યયનવત્ તેનું સંસાર પરિભ્રમણ જાણવું. યાવત્ નરકમાંથી ઉદ્વર્તીને વાણારસી નગરીમાં સૂકરપણે ઉત્પન્ન થશે. તે ત્યાં સૂકરપણામાં જીવિતથી રહિત થઈને તે જ વાણારસી નગરીમાં શ્રેષ્ઠી કુળમાં પુત્રપણે જન્મશે. તે ત્યાં બાલ્ય ભાવથી મુક્ત થઈ, પ્રથમ અધ્યયનવત્ અંત કરશે. નિક્ષેપ કહેવો.*

● **વિવેચન-૨૩ :-**

મહતી-પ્રશસ્ત, અતિમહાલિકા-મહા મોટી, કૂટ-પર્વતના શિખરના જેવા આકારવાળી એવી શાળા. અનેક શત સ્તંભ ઉપર રહેલી, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ. વ્યાખ્યા પૂર્વવત્.

ઉસ્સુક્ક-શુલ્કરહિત યાવત્ શબ્દથી ક્ષેત્ર-પશુ આદિના રાજાને દેવાના કરરહિત. અભડપ્પવેસ-કૌટુંબિક ઘરોમાં રાજાના સુભટોનો પ્રવેશ નહીં. દંડ-નિગ્રહ, તેનાથી નિવૃત્ત, કુદંડિમ-અસમ્યગ્ નિગ્રહઓથી રહિત, જે મહોત્સવ. અધરિમ-ઋણદ્રવ્ય માફ, અધારણીય-દેવાદાર રહિત, અનુદ્ધૂત-આનુરૂપેણ વગાડવા માટે ઉત્ક્ષિપ્ત, અનુદ્ધૂત-વગાડવા માટે વાદક વડે ન ત્યજાયેલ મૃદંગ. અમિલાયમલ્લદામ-અમ્લાનપુષ્પ-માળા, નાડઈજ્જકલિત-નાટક પાત્રો વડે યુક્ત. તાલાચરાનુચરિત-પ્રેક્ષાકારી વડે સેવાયેલ. - x - जहारिह - યથા યોગ્ય. - x -

નાઈવિગિટ્ઠ-અત્યંત દીર્ઘ, અદ્ધાણ-પ્રયાણક, માર્ગ. બસહિપાયરાસ-વાસિક પ્રાતઃભોજન. - x -

શંકા-જ્યાં તીર્થંકર વિચરે તે દેશમાં પચ્ચીશ કે બાર યોજન સુધી તીર્થંકરના અતિશયથી વૈરાદિ અનર્થો ન થાય - x - તો ભગવંત મહાવીર પુરિમતાલમાં હતા ત્યારે અભગ્ન સેનનો વૃત્તાંત કેમ થયો ? - - - આ સર્વે અર્થ-અનર્થ પ્રાણીના પોતાના કરેલા કર્મથી જ ઉત્પન્ન થાય છે તે કર્મ સોપક્રમ અને નિરુપક્રમ બે ભેદે છે. તેમાં સોપક્રમ કર્મ જ જિન અતિશયથી શાંત થાય, પણ નિરૂપક્રમ કર્મ તો અવશ્ય ફળરૂપે વેદવા જ પડે. - x - તે જિનઅતિશયથી શાંત ન થાય.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૩-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**





## ❀ અધ્યયન-૪-"શકટ" ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૨૪ :-**

*ચોથા અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો. હે જંબૂ! તે કાળે, તે સમયે સાહંજણી નામે નગરી હતી, તે ઋદ્ધ-નિર્ભય-સમૃદ્ધ હતી. તે સાહંજણીની બહાર ઉત્તર-પૂર્વ દિશિ ભાગમાં દેવરમણ નામે ઉધાન હતું. તેમાં અમોઘ યક્ષનું પુરાતન યક્ષાયતન હતું. તે સાહંજણીમાં મહાચંદ્ર નામે મહાન્૦ રાજા હતો. તેને સુસેન નામે સામ-ભેદ-દંડ૦ વડે નિગ્રહ કરવામાં કુશળ અમાત્ય હતો. સુદર્શના નામે ગણિકા હતી.*

*તે સાહંજણી નગરીમાં સુભદ્ર નામે આઢ્ય૦ સાર્થવાહ રહેતો હતો. તેને સુભદ્રા નામે અહીન પૂર્ણ પંચેન્દ્રિય૦ પત્ની હતી. તે સુભદ્રનો પુત્ર અને ભદ્રાનો આત્મજ એવો શકટ નામે અહીન૦ પુત્ર હતો.*

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા. પર્ષદા અને રાજા નીકળ્યા, ભગવંતે ધર્મ કહ્યો, પર્ષદા પાછી ગઈ.*

*તે કાળે, તે સમયે ભગવંત મહાવીરના મોટા શિષ્ય યાવત્ રાજમાર્ગે પ્રવેશ્યા. ત્યાં ઘણાં હાથી, ઘોડા, પુરુષો હતા. તે પુરુષો મધ્યે એક સ્ત્રી સહિત પુરુષને જોયો. તેને અવકોટક બંધને બાંધેલ, નાક-કાન કાપેલ, યાવત્ ઉદ્ઘોષણા કરાવાતી હતી. ગૌતમસ્વામીને પૂર્વવત્ વિચાર. યાવત્ ભગવંતે ઉત્તર આપ્યો. —*

*હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં છગલપુર નામે નગર હતું. ત્યાં સિંહગિરિ નામે મહાન્૦ રાજા હતો તે નગરમાં છણિક નામે કસાઈ રહેતો હતો. તે ઋદ્ધિમાન્, અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનંદ હતો. તે છણિક કસાઈ ઘણાં બકરા, ઘેટા, રોઝ, બળદ, સસલા, સૂકર, પસય, સિંહ, હરણ, મોર અને પાડાને સેંકડો-હજારોની સંખ્યામાં વાડામાં બાંધી રાખતો હતો. બીજા પણ ત્યાં ઘણાં પુરુષો દૈનિક વેતન અને ભોજનથી ઘણાં બકરા યાવત્ પાડાનું રક્ષણ અને પાલન કરતા હતા.*

*બીજા પણ ઘણાં પુરુષો બકરા આદિને યાવત્ ઘરમાં રુંધેલા-રાખતા હતા. બીજા પણ ઘણાં પુરુષો દૈનિક વેતન અને ભોજનથી (રાખેલા જે) સેંકડો-હજારો બકરા આદિને મારી નાંખતા હતા, તેના માંસને છરી આદિથી કાપીને કકડા કરતા હતા, કરીને છણિક કસાઈને આપતા હતા.*

*બીજા પણ ઘણાં પુરુષો તે ઘણાં બકરા યાવત્ પાડાના માંસને તવા-કવલ્લી-કંદૂક-ભર્જનક-અંગારામાં તળતા-ભુંજતા-પકાવતા અને રાજમાર્ગમાં આજીવિકાને કરતા રહેતા હતા. તે છણિક કસાઈ પોતે પણ ઘણાં બકરા યાવત્ ભેંસના માંસને પકાવી-તળી-ભુંજીને સુરા સાથે આસ્વાદતો વિચરતો હતો. ત્યારે તે છણિક કસાઈ, આ કર્મોથી ઘણાં જ મલિન પાપકર્મોને ઉપાર્જિત કરી ૭૦૦ વર્ષનું પરમ આયુ પાળીને મરણ અવસરે મૃત્યુ પામી ચોથી નારકીમાં ઉત્કૃષ્ટ દશ સાગરોપમ સ્થિતિક નૈરયિકપણે ઉપજ્યો.*

● **વિવેચન-૨૪ :-**

ભગવન્ ! જો૦ ઈત્યાદિ ચોથા અધ્યયનો ઉત્ક્ષેપ - પ્રસ્તાવના કહેવી. તે આ - જો શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ દુઃખવિપાકના ત્રીજા અધ્યયનનો આ અર્થ કહ્યો છે. તો ચોથા અધ્યનનો શો અર્થ કહ્યો છે ?

મહતા૦ મહા હિમવંત, મહાન્ મલય, મેરુ ગિરિ મહેન્દ્રસાર ઈત્યાદિ રાજા વર્ણન જાણવું. સામભેદદંડ૦ - તેમાં સામ-પ્રિયવચન, ભેદ-નાયક અને સેવકના ચિત્તમાં ભેદ કરવો, દંડ-શરીર અને ધનનું હરણ, ઉપપ્રદાન-અભિમત અર્થે દાન. આ નીતિઓથી જે સુપ્રયુક્ત છે તેથી જ નયોમાં વિવિધ પ્રકારોને જાણે છે, ઈત્યાદિ અમાત્ય વર્ણન જાણવું.

● **સૂત્ર-૨૫ :-**

*ત્યારે સુભદ્ર સાર્થવાહની પત્ની ભદ્રા યાવત્ જાતનિંદુકા હતી. જન્મતા-જન્મતા બાળકો વિનાશ પામતા હતા. ત્યારે તે છણિક કસાઈનો જીવ ચોથી પૃથ્વીથી અનંતર ઉદ્વર્તીને આ જ સાહંજણી નગરીમાં સુભદ્ર સાર્થવાહની ભદ્રા નામે પત્નીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. પછી કોઈ દિવસે ભદ્રા સાર્થવાહીએ પુરા નવ માસે પુત્ર પ્રસવ્યો.*

*તે બાળકને જન્મતાં જ તેના માતાપિતાએ ગાડાની નીચે સ્થાપ્યો, ફરી ગ્રહણ કરાવી, અનુક્રમે સંરક્ષણ, સંગોપન, સંવર્ધન કરતા ઉજ્ઝિતકની જેમ કહેવું. યાવત્ આ બાળક જન્મતાં જ શકટ-ગાડાં નીચે સ્થાપેલો, તેથી આ બાળકનું નામ શકટ થાઓ. બાકી બધું ઉજ્ઝિતક માફક જાણવું.*

*સુભદ્ર લવણસમુદ્રમાં મૃત્યુ પામ્યો, માતા પણ મૃત્યુ પામી. તે પણ પોતાના ઘેરથી કાઢી મૂકાયો. ત્યારે શકટ બાળક પોતાના ઘેરથી કાઢી મૂકાયેલો શ્રૃંગાટક આદિમાં પૂર્વવત્ યાવત્ સુદર્શના ગણિકા સાથે લુબ્ધ થયો. ત્યારપછી સુસેન અમાત્યે તે શકટને કોઈ દિવસે સુદર્શના ગણિકાના ઘેરથી કાઢી મૂક્યો અને સુદર્શના ગણિકાને પોતાના ઘરમાં સ્ત્રીરૂપે સ્થાપી. પછી સુદર્શના ગણિકા સાથે ઉદાર એવા માનુષી કામભોગ ભોગવતો રહ્યો.*

*ત્યારપછી તે શકટ સુદર્શનાના ઘરથી કાઢી મૂકાયેલો એવો, બીજે ક્યાંય સ્મૃતિ-રતિ-ધૃતિ ન પામતાં, કોઈ દિવસે ગુપ્તપણે સુદર્શનાના ઘેર પ્રવેશ્યો, પ્રવેશીને સુદર્શના સાથે ઉદાર કામભોગ ભોગવતો વિચરવા લાગ્યો. આ તરફ સુસેન અમાત્ય સ્નાન યાવત્ વિભૂષા કરી મનુષ્યરૂપી વાગુરા સાથે સુદર્શના ગણિકાને ઘેર આવ્યો, આવીને શકટને સુદર્શના ગણિકા સાથે ઉદાર કામભોગ ભોગવતો જોયો, જોઈને અતિ ક્રોધિત થઈ યાવત્ ધમધમતો કપાળમાં ત્રિવલી ચડાવી શકટને પુરુષો પાસે પકડાવ્યો. પકડાવીને લાકડી, મુઠ્ઠી આદિથી યાવત્ મથિત કર્યો, અવકોટક બંધને બાંધ્યો. બાંધીને મહાચંદ્ર રાજા પાસે આવ્યો. આવીને બે હાથ જોડી યાવત્ આ પ્રમાણે કહ્યું —*

*હે સ્વામી ! એ પ્રમાણે શકટે મારા અંતઃપુરમાં પ્રવેશરૂપ અપરાધ કર્યો છે.*



*ત્યારે મહાચંદ્ર રાજાએ સુસેણ અમાત્યને કહ્યું — હે દેવાનુપ્રિય ! તમે જ શકટનો દંડ કરો. ત્યારે સુસેણ અમાત્યે મહાચંદ્ર રાજાની અનુજ્ઞા પામીને શકટને અને સુદ્રશના ગણિકાને આવા પ્રકારે વધ કરવાની આજ્ઞા આપી. હે ગૌતમ ! એ પ્રમાણે શકટદારક પૂર્વ જન્મના જૂનાં પાપકર્મનો અનુભવ કરતો વિચરે છે.*

● **વિવેચન-૨૫ :-**

સુભદ્દે લવણે૦ સુભદ્ર સાર્થવાહ લવણસમુદ્રમાં મૃત્યુ પામ્યો.

● **સૂત્ર-૨૬ :-**

*ભગવન્! શકટ મૃત્યુ પામીને ક્યાં ગયો? ક્યાં ઉત્પન્ન થયો? હે ગૌતમ! શકટ દારક-૫૭-વર્ષ પરમાયુ પાળીને આજે જ ત્રિભાગ દિવસ શેષ બાકી રહેતા, એક મોટી લોઢાની તપાવેલી અગ્નિવર્ણસમ સ્ત્રીની પ્રતિમાને આલિંગન કરાવાયેલો મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકપણે ઉત્પન્ન થશે.*

*તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને રાજગૃહનગરમાં માતંગકુળમાં યુગલપણે જન્મ લેશે. ત્યારે તે બાળકના માતાપિતા બાર દિવસ પુરા થતાં આ આવું ગુણસંપન્ન નામ કરશે - અમારા આ પુત્રનું નામ શકટ અને પુત્રીનું નામ સુદર્શના થાઓ. પછી શકટ બાળક, બાલ્યભાવથી મુક્ત થઈ યૌવનને પામશે. ત્યારે તે સુદર્શના પુત્રી પણ બાલ્યભાવ છોડી અનુક્રમે યૌવનને પામશે, તેણી રૂપ-યૌવન અને લાવણ્યથી ઉત્કૃષ્ટા, ઉત્કૃષ્ટ શરીરી થશે. ત્યારે તે શકટ, સુદર્શનાના રૂપ-યૌવન અને લાવણ્યથી મૂર્છિત થઈ સુદર્શના સાથે ઉદાર ભોગ ભોગવશે.*

*ત્યારપછી શકટ અન્ય કોઈ દિવસે સ્વયં જ કૂટગ્રાહીપણાંને સ્વીકારીને રહેશે. ત્યારપછી તે શકટ કૂટગ્રાહ થશે, અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનંદ થશે. આ [અશુભ] કર્મો૦ વડે ઘણું જ પાપકર્મને ઉપાર્જિત કરીને, કાળમાસે કાળ કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકપણે ઉત્પન્ન થશે. તે જ પ્રમામે તેનો સંસાર યાવત્ સાતમી પૃથ્વી સુધી છે.*

*તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને વાણારસી નગરીમાં મત્સ્યપણે ઉપજશે. તે ત્યાં માછીમાર વડે વધ પામીને તે જ વાણારસી નગરીમાં શ્રેષ્ઠીના કુળમાં પુત્રપણે ઉત્પન્ન થશે. ત્યારે તે સમકિત પામી, પ્રતિબોધ પામી દીક્ષા ગ્રહણ કરી, સૌધર્મકલ્પે દેવ થશે. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં દીક્ષા લઈ, સિદ્ધિ પામશે.*

*નિક્ષેપ. દુખવિપાકના ચોથા અધ્યયનનો આ અર્થ કહ્યો.*

● **વિવેચન-૨૬ :-**

અઓમય - લોઢાની, તત્તં - તપ્ત, સમજોઈભૂય-અગ્નિ સમાન. અવયાસાવિય-આલિંગિત. જોવણ૦ - યૌવન પામીને, ભોગ સમર્થ થયો. - x - x - નિક્ષેપ-હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે ચોથા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૪-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❁ અધ્યયન-૫-“બૃહસ્પતિદત્ત” ❁

-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૨૭ :-

*પાંચમાં અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો. હે જંબૂ ! નિશ્ચે તે કાળે, તે સમયે કૌશાંબી નામે ઋદ્ધ, નિર્ભય૦ નગરી હતી. તેની બહાર ચંદ્રોત્તરણ ઉધાન હતું, ત્યાં શ્વેતભદ્ર યક્ષનું યક્ષાયતન હતું. તે કૌશાંબી નગરીમાં શતાનીક નામે મહાન્‌૦ રાજા હતો, મૃગાવતી નામે રાણી હતી. તે શતાનીકનો પુત્ર અને મૃગાદેવીનો આત્મજ ઉદાયન નામે અહીન પંચેન્દ્રિય૦કુમાર હતો, તે યુવરાજ હતો. તે ઉદાયન કુમારને પદ્માવતી નામે [પત્ની] રાણી હતી. તે શતાનીક રાજાનો સોમદત્ત નામે ઋગ્વેદાદિને ભણેલ૦ પુરોહિત હતો. તે સોમદત્તની વસુદત્તા નામે પત્ની હતી. તે સોમદત્તનો પુત્ર અને વસુદત્તાનો આત્મજ બૃહસ્પતિદત્ત નામે અહીન પૂર્ણ પંચેન્દ્રિય૦ બાળક હતો.*

*તે કાળે, તે સમયે ભગવન્ મહાવીર પધાર્યા. તે કાળે, તે સમયે ગૌતમસ્વામી પૂર્વવત્ યાવત્ રાજમાર્ગે નીકળ્યા. પૂર્વવત્ હાથી, ઘોડા, પુરુષો મધ્યે એક પુરુષને જોયો. ગૌતમે પૂર્વવત્ વિચાર્યુ, પૂર્વવત્ પ્રશ્ન કર્યો. ભગવંત તેને ઉત્તર આપે છે. હે ગૌતમ! નિશ્ચે તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપદ્વીપમાં ભરતક્ષેત્રમાં સર્વતોભદ્ર નામે ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ નગર હતું. ત્યાં જિતશત્રુ રાજા હતો. તે રાજાને મહેશ્વરદત્ત નામે પુરોહિત હતો. જે ઋગ્વેદાદિમાં યાવત્ કુશલ હતો.*

*ત્યારપછી મહેશ્વરદત્ત પુરોહિત જિતશત્રુ રાજાના રાજ્ય, અને સૈન્યની વૃદ્ધિ નિમિત્તે હંમેશા એક-એક બ્રાહ્મણપુત્ર - ક્ષત્રિયપુત્ર - વૈશ્યપુત્ર અને શુદ્ર પુત્રને પકડાવતો હતો. પકડાવીને તેમના જીવતાના જ હૃદયના માંસને ગ્રહણ કરતો અને જિતશત્રુની શાંતિને માટે હોમ કરતો.*

*ત્યારે તે મહેશ્વરદત્ત પુરોહિત આઠમ, ચૌદશે બબ્બે-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્રના બાળકને, ચાર માસે ચાર-ચાર બ્રાહ્મણ આદિના બાળકને, છ માસે આઠ-આઠ બાળકને, વરસે સોળ-સોળ બાળકોને તથા જ્યારે જ્યારે જિતશત્રુ રાજાને શત્રુના સૈન્ય સાથે યુદ્ધનો પ્રસંગ આવતો ત્યારે તે મહેશ્વરદત્ત પુરોહિત ૧૦૮-૧૦૮ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર બાળકોને પુરુષો પાસે પકડાવે છે. પકડાવીને તેમના જીવતાના જ હૃદયમાંથી માંસની પેશીઓ કઢાવતો હતો. કઢાવીને જિતશત્રુ રાજાની શાંતિ નિમિત્તે હોમ કરતો હતો. તેથી તે શત્રુસૈન્ય શીઘ્રપણે નાશ પામતું હતું અથવા છિન્નભિન્ન થઈને નાશી જતું હતું.*

● વિવેચન-૨૭ :-

रिउव्वेय० - ઋગ્વેદ, યજુર્વેદ આદિ. हिययउंडीय - હૃદયના માંસપિંડ.

● સૂત્ર-૨૮ :-

*ત્યારપછી તે મહેશ્વરદત્ત પુરોહિત ઉક્ત અશુભકર્મ૦ વડે ઘણાં જ પાપકર્મોને ઉપાર્જીને ૩૦૦૦ વર્ષનું પરમ આયુ પાળીને, મૃત્યુ અવસરે મૃત્યુ પામી પાંચમી નરકમાં ઉત્કૃષ્ટ ૧૭-સાગરોપમ સ્થિતિક નરકમાં ઉત્પન્ન થયો. તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને આ જ કૌશાંબી નગરીમાં સોમદત્ત પુરોહિતની વસુદત્તા પત્નીના પુત્રપણે ઉત્પન્ન થયો છે. તે બાળકના માતાપિતાએ બાર દિવસ પુરા થતાં આ આવા સ્વરૂપનું નામ કર્યુ, જે કારણે અમારો આ બાળક સોમદત્ત પુરોહિતનો પુત્ર અને વસુદત્તાનો આત્મજ છે, તેથી અમારા આ પુત્રનું નામ બૃહસ્પતિદત્ત થાઓ. પછી તે બાળક પાંચ ધાત્રી વડે વૃદ્ધિ પામ્યો.*



*ત્યારપછી તે બૃહસ્પતિદત્ત બાલ્યભાવથી મુક્ત થઈ, યૌવન વય પામ્યો, વિજ્ઞાન પરિણત થયો. તે ઉદાયનકુમારનો પ્રિય બાલમિત્ર થયો. કેમકે તેઓ સાથે જન્મ્યા, સાથે વૃદ્ધિ પામ્યા, સાથે ધૂળમાં રમેલા હતા. કોઈ દિવસે શતાનીક રાજા મૃત્યુ પામ્યો. ત્યારપછી ઉદાયનકુમારે ઘણાં રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ આદિ સાથે પરીવરીને રુદન-કંદન-વિલાપ કરતાં શતાનીક રાજાનું મહા ઋદ્ધિ, સત્કારના સમુદયથી નીહરણ કર્યુ, ઘણાં લૌકિક મૃતક કાર્ય કર્યા.*

*ત્યારપછી ઘણાં રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહે ઉદાયન કુમારને મહાન્ રાજાભિષેકથી સિંચિત્ કર્યો. ત્યારે તે ઉદાયનકુમાર મહાન્ રાજા થયો. ત્યારે તે બૃહસ્પતિદત્ત, ઉદાયન રાજાનું પુરોહિતકર્મ કરતો સર્વે સ્થાનોમાં, સર્વે ભૂમિકામાં અને અંતઃપુરમાં ઈચ્છા મુજબ ગમનાગમન કરનારો થયો. ત્યારપછી તે બૃહસ્પતિ પુરોહિત ઉદાયન રાજાના અંતઃપુરમાં વેળાએ-અવેળાએ, કાળે-અકાળે, રાત્રિમાં-વિકાલમાં પ્રવેશ કરતો હતો. કોઈ દિવસે પદ્માવતી રાણી સાથે સંપ્રલગ્ન થઈને પદ્માવતી રાણી સાથે ઉદાર કામભોગ ભોગવતો વિચરવા લાગ્યો.*

*આ તરફ ઉદાયન રાજા સ્નાન કરી યાવત્ વિભૂષિત થઈ પદ્માવતી દેવી પાસે આવ્યો. બૃહસ્પતિ દત્ત પુરોહિતને પદ્માવતી રાણી સાથે ઉદાર કામભોગ ભોગવતો જોઈને અતિ ક્રોધિત થઈ, કપાળમાં ત્રિવલી કરી, ભૃકુટી ચડાવી બૃહસ્પતિદત્તને પુરુષો પાસે પકડાવી દીધો યાવત્ આવા પ્રકારે વધની આજ્ઞા આપી. હે ગૌતમ! આ પ્રમાણે નિશ્ચે બૃહસ્પતિદત્ત જૂના-પુરાણા કર્મોને યાવત્ ભોગવે છે.*

*ભગવન્ ! બૃહસ્પતિદત્ત અહીંથી મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! બૃહસ્પતિ પુરોહિત ૬૪-વર્ષનું પરમ આયુ પાળીને આજે ત્રિભાગ દિવસ શેષ રહેતા શૂળી વડે ભેદાઈ મૃત્યુ અવસરે મૃત્યુ પામી, આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થશે. તે જ રીતે સાતે પૃથ્વીમાં ઉત્પન્ન થવારૂપ સંસાર કહેવો.*

*ત્યાંથી હસ્તિનાપુર નગરમાં મૃગપણે ઉત્પન્ન થશે. તે ત્યાં વાગુરિક વડે હણાઈને, ત્યાં હસ્તિનાપુર નગરમાં શ્રેષ્ઠી કુળમાં પુત્રપણે ઉત્પન્ન થઈ, બોધિ પામી, સૌધર્મ કલ્પે ઉપજી, મહાવિદેહે મોક્ષે જશે. નિક્ષેપ કહેવો.*

● વિવેચન-૨૮ :-

वेलासु - ભોજન, શયનાદિ કાળમાં. અવેળા-અવસર રહિત, કાળ-ત્રીજા અને પહેલા પ્રહરની આદિમાં, અકાળ-મધ્યાહ્નાદિમાં, રાઓ-રાત્રિમાં, વિયાલ-સંધ્યામાં.

## ❁ અધ્યયન-૬-"નંદિવર્ધન" [નંદિષેણ] ❁

-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૨૯ :-

છઠ્ઠા અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો. હે જંબૂ ! તે કાળે, તે સમયે મથુરા નામે નગરી હતી. ભંડીર ઉધાન, સુદર્શન યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં શ્રીદામ રાજા, બંધુશ્રી રાણી, નંદીવર્ધન કુમાર અહીન૦ યુવરાજ. શ્રી દામનો સુબંધુ નામે શામદંડ૦ નીતિજ્ઞ અમાત્ય હતો. સુબંધુ અમાત્યનો બહુમિત્રપુત્ર નામે અહીન૦ બાળક હતો.

તે શ્રીદામ રાજાનો ચિત્ર નામે અલંકારિક-વાણંદ હતો. શ્રીદામ રાજાનું આશ્ચર્યકારી અને બહુવિધ અલંકારિક કર્મ કરતો, સર્વ સ્થાનોમાં, સર્વ ભૂમિકામાં અને અંતઃપુરમાં ઈચ્છિતપણે વિચરતો હતો.

તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી, રાજા પણ નીકળ્યો, યાવત્ પર્ષદા પાછી ગઈ. - - તે કાળે, તે સમયે ભગવંત મહાવીરના મુખ્ય શિષ્ય ગૌતમ યાવત્ રાજમાર્ગે નીકળ્યા. પૂર્વવત્ હાથી, ઘોડા, પુરુષો જોયા. તે પુરુષો મધ્યે એક પુરુષને જોયો યાવત્ તે નર-નારિ વડે પરીવરેલો હતો. ત્યારપછી તે પુરુષને રાજપુરુષોએ ચૌટામાં તપાવેલા લોઢાના અગ્નિવર્ણા સિંહાસને બેસાડ્યો.

ત્યારપછી પુરુષો મધ્યે રહેલ તે પુરુષને લોઢાના ઘણાં કળશોથી તપાવી અગ્નિ સમ વર્ણવાળા કરી, કેટલાંકમાં તાંબાનો, કેટલાંકમાં તરવાનો, કેટલાકમાં સીસાનો રસ ભર્યો. કેટલાંકમાં ઉકાળેલા પાણી ભર્યા, કેટલાંકમાં ક્ષાર સહિત ઉકાળેલા તેલ ભર્યા, તેના વડે મોટા-મોટા રાજ્યાભિષેકે કરીને અભિષેક કર્યો. ત્યારપચી તપ્ત લોહમય અગ્નિ જ્યોતિષરૂપ લોઢાની સાણસી વડે લઈને હાર પહેરાવ્યો, પછી અર્ધહાર યાવત્ પટ્ટ, મુગટ પહેરાવ્યા. ગૌતમને પૂર્વવત્ વિચાર આવ્યો યાવત્ ઉત્તર આપ્યો.

હે ગૌતમ ! નિશ્ચે, તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સીંહપુર નામે ઋદ્ધ૦ નગર હતું. તે સીંહપુરનગરમાં સીહરથ નામે રાજા હતો. તે સીંહ રાજાને દુર્યોધન નામે ચારગપાલકના આવા સ્વરૂપના કેદખાનાના ઉપકરણો હતા - ઘણી લોહકુંડીઓ હતી. કેટલીક તાંબાના, કેટલીક તરવાના, કેટલીક શીશાના રસથી ભરેલી હતી. કેટલીક ઉકાળેલા પાણીથી, કેટલીક ક્ષાર અને તેલથી ભરેલી હતી. તે બધી કુંડીઓ અગ્નિકાય ઉપર ઉકળતી જ રહેલી હતી.

તે દુર્યોધન ચારગપાલકને ઘણાં માટીના કુંડા હતા, તેમાં કેટલાંક અશ્વમૂત્રથી, કેટલાંક હસ્તિમૂત્રથી, કેટલીક ગોમૂત્રથી, કેટલીક ભેંસમૂત્રથી, કેટલીક ઉંટના મૂત્રથી, કેટલીક બકરાના મૂત્રથી, કેટલીક ઘેટાના મૂત્રથી ભરેલી હતી, એ રીતે સંપૂર્ણ ભરેલી હતી.

તે દુર્યોધન ચારગ પાલક પાસે ઘણાં હસ્તાંદુક હતા, પાદાદુંક, હેડો,



નિગડ, સાંકળોના ઘણા પુંજ અને નીકરો તેની પાસે હતા.

તે દુર્યોધન ચારગ પાલકની પાસે ઘણી વેણુલતા, વેંતલતા, આંબલીની સોટી, કોમળ ચર્મ ચાબુક, ચર્મ સોટી, વટવૃક્ષાદિ છાલની સોટીઓ વગેરેના ઘણાં પુંજ અને નિકર રહેલા હતા.

તે દુર્યોધન પાસે ઘણી શિલા, લાકડી, મુદ્ગરો, કનંગરોના પુંજ અને નિકરો હતા. - - તે દુર્યોધન પાસે ઘણી તાંતો, વરત્રા, ચર્મની દોરી તથા વાળ, સુતરના દોરડાના ઘણાં પૂંજ અને નિકર હતા.

તે દુર્યોધનની પાસે ઘણાં અસિપત્ર, કરપત્ર, ક્ષુરપત્ર, કલંબચીર પત્રોના પુંજ અને નિકર હતા. - - તેની પાસે ઘણાં લોઢાના ખીલા, વંશશલાકા, ચર્મપટ્ટા, અલ્લપલ્લના પુંજ અને નિકર હતા.

તે દુર્યોધનની પાસે ઘણી સોયો, ડંભણો, કોટિલ્લોના પુંજ અને નિકરો હતા. - - તેની પાસે ઘણાં શસ્ત્રો-પ્રચ્છનક, પિપ્પલ, કુહાડા, નખછેદક, દર્ભતૃણના પુંજો અને નિકરો રહેતા હતા.

ત્યારે તે દુર્યોધન ચારગપાલ સીંહરથ રાજાના ઘણાં ચોર, પારદારિક, ગ્રંથિભેદક, રાજ અપકારી, ઋણધારક, બાલઘાતક, વિશ્વાસઘાતી, જુગારી અને ધૂર્તાદિને પુરુષો પાસે પકડાવતો, પકડાવીને તેમને ચત્તા પાડતો, લોઢાના દંડથી તેમના મુખને ફાડતો, પછી કેટલાંકને તપેલા તાંબાનો, કેટલાંકને તરુઆનો એ પ્રમાણે સીસાનો રસ પીવડાવતો, ઉકળતું પાણી, ક્ષારતેલ પીવડાવતો, તેમજ કેટલાંકનો આ બધાં વડે અભિષેક કરતો હતો.

કેટલાંકને ચત્તા પાડીને ઘોડાનું મૂત્ર પીવડાવતો. કેટલાંકને હાથીનું મૂત્ર યાવત્ ઘેટાનું મૂત્ર પીવડાવતો હતો. - - કેટલાંકને ઉંધા મુખે પાડીને સડસડ શબ્દથી વમન કરાવતો, કેટલાંકના મસ્તકે તે જ મૂત્રના કુંડ મૂકતો, કેટલાંકને હસ્તબંધને બાંધતો, કેટલાંકને પાદબંધને, એ રીતે હેડ બંધને, નિગડ બંધને બાંધતો હતો. કેટલાંકના અંગને સંકોચી-મરડીને બાંધતો-હતો. કેટલાંકને સાંકળ બંધને બાંધતો, કેટલાંકના હાથ છેદતો યાવત્ શસ્ત્રોથી વિદારતો હતો. કેટાલંકને વેણુલતાથી યાવત્ વટવૃક્ષાદિની છાલની સોટી મરાવતો હતો.

કેટલાંકને ચત્તા પાડી, તેની છાતી ઉપર શિલા મૂકાવતો, તેના ઉપર મોટું લાકડું મૂકાવી, તેને પુરુષો પાસે કંપાવતો હતો. કેટલાંકને તાંતો વડે યાવત્ સુતરના દોરડા વડે હાથ-પગ બંધાવતો, બંધાવીને કુવામાં ઉંધે મસ્તકે લટકાવી, ડૂબાડી પાણી પીવડાવતો.

કેટલાંકને ખડ્ગ વડે યાવત્ કલંબચીરથી છેદાવતો હતો, પછી તેમાં ક્ષારતેલ વડે અભ્યંગન કરાવતો. - - કેટલાંકના કપાળમાં, કંઠમાં, કોણીમાં, ઢીંચણમાં, પગની પીંડીમાં લોઢાના અને વાંસના ખીલા ઠોકાવતો, વીંછીના આંકડા ખોસાવતો. - - કેટલાંકના હાથ કે પગની આંગળીઓમાં સોયોને, ડંભનકોને મુદ્ગરથી ઠોકાવતો, પછી તેના વડે ભૂમિને ખણાવતો. કેટલાંકના

*શસ્ત્ર યાવત્ નખ છેદની વડે અંગને છેદાવતો, પછી તેને ડાભ-કુશ-આર્દ્ર વાધરી વડે બંધાવતો, બંધાવીને તડકામાં તપાવતો, સુકેલી ચામડી ચીરાવતો.*

*ત્યારપછી તે દુર્યોધન ચારકપાલ આવા અશુભકર્મ વડે ઘણાં જ પાપકર્મનું ઉપાર્જન કરીને ૩૧૦૦ વર્ષનું પરમાયુ પાળીને મરણ અવસરે મૃત્યુ પામી છટ્ટી નરકમાં ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમ સ્થિતિક નૈરયિકપણે ઉત્પન્ન થયો.*

● વિવેચન-૨૯ :-

चित्तं बहुविहं - ઘણાં પ્રકારે આશ્ચર્યભૂત, અલંકારિય કમ્મ-ક્ષુરકર્મ. સવ્વટ્ઠાણ-શય્યા, ભોજન, મંત્રસ્થાનાદિ અથવા શુલ્ક આદિ આયસ્થાનમાં. સવ્વભૂમિયા-પ્રાસાદ ભૂમિકા અથવા સાતમે માળે પુરા થતાં મહેલમાં, અથવા અમાત્યાદિ સર્વે પદોમાં. દિન્ન વિચાર - રાજા દ્વારા અનુજ્ઞાત સંચરણ કે વિચરણ.

કલકલ-ચૂર્ણાદિ મિશ્ર જળ. પિણદ્ધંતિ-પહેરાવે છે. કઈ રીતે ? લોઢાની સાણસી વડે. હાર-અઢાર સરો, અદ્ધહાર-નવસરો. યાવત્ શબ્દથી ત્રણ સરોહાર, પ્રાલંબ, કટીસૂત્રાદિ પહેરાવ્યા. પટ્ટ-લલાટ આભરણ, મુગટ-શેખરક. - - - તે પુરુષને જોઈને ગૌતમને પ્રથમ અધ્યયનવત્ વિકલ્પ થયો. જેમકે - મેં નરક કે નૈરયિક જોયા નથી, પણ આ પુરુષ નરક પ્રતિરૂપ વેદના વેદે છે યાવત્ શબ્દથી યથાપર્યાપ્ત ભોજન-પાન ગ્રહણ કરીને ભગવંત મહાવીર પાસે આવ્યા. वागरेति - જન્માંતરમાં આ કોણ હતો ? ગૌતમે પૂછ્યું. ભગવંત કહે છે.

चारगपाल - ગુપ્તિપાલક. ચારગભંડ-ગુપ્તિ ઉપકરણ. અંડૂનિ-કાષ્ઠાદિમય બંધન વિશેષ, હડીણ-ખોટક, પુંજ-સશિખર રાશિ, નિકર-રાશિ માત્ર. વેણુલતા-સ્થૂળ વંશલતા, વેત્તલતા-જલજવંશલતા, ચિંચ-આંબલી, છિયાણ-મૃદુચર્મકશ, કસ-ચામડાની લાઠી - x -

સિલા-શીલા, લઉલ-લાકડી, મુગ્ગર-મુદ્‌ગર - x - x - અસિ-ખડ્‌ગના, કરપત્ત-ક્રકચના, ખુર-છુરાના, કલંબચીર-શસ્ત્રવિશેષ, કડિસક્કર-વંશ સલાકા, ચમ્મપટ્ટ-વાધરી, અલ્લપલ્લ-વીંછીના પૂંછની આકૃતિવાળા, ડંભણ-અગ્નિથી તપાવેલ લોહશલાકા વડે બીજાના શરીરે ડામ દેવા, કોટિલ્લ-નાના મુદ્‌ગર વિશેષ પચ્છાણ-પ્રચ્છનક, પિપ્પલ-નાના ક્ષુરા, કુઠાર-કુહાડા, નખછેદક-નેરણી.

અણહારઅ-ઋણ ધારક, સંડપટ્ટ-ધૂર્ત, पज्जेंती - પીવડાવે છે, અવપીડ-શેખર, મસ્તકે તેનું આરોપણ, ઉપ્પીડા-વેદના - x - હત્થચ્છિન્ન૦ હાથ-પગ-નાક-હોઠ-જીભ-મસ્તકનું છેદન કરે છે. सत्थ उवाडिय - ખડ્‌ગ વડે વિદારવું. - x - ઉરે સિલં દલાવે - છાતી ઉપર પત્થર રાખે, તેના ઉપર લાકડુ રાખે, બે પુરુષો વડે લાકડાના બંને છેડે બેસે, લાકડાને કંપાવે, જેથી અપરાધીના હાડકાં દબાવે છે.

તંતી૦ યાવત્ શબ્દથી વરત્ર૦ આદિ કહેવું. અગડ-કૂવો, ઉચ્ચૂલયાલગ-માથુ નીચે અને પગ ઉપર એ રીતે કૂવામાં ઉતારી પાણીમાં ડૂબાડે. પજ્જેઈ૦ પીવડાવે છે - ખવડાવે છે ઈત્યાદિ લૌકિકી ભાષા કરે છે. અવદૂ-કૃકાટિકા, ખલુય-પાદમણિબંધ, અલિય ભંજાવેઈ - વીંછીના કાંટાને શરીરમાં પ્રવેશાવે છે. સૂઈ-સોય, ડંભણ-સોય



જેવી લોઢાની ખીલી, કોટ્ટિલક-મુદ્‌ગર, આઓડાવેઈ-પ્રવેશ કરાવે છે. ભૂમિંકંડુયાવેઈ - આંગળીમાં પ્રવેશ કરાયેલ સોય વડે ભૂમિ ખોદાવે છે, મહા દુઃખ ઉત્પન્ન કરાવે છે. દર્ભ-સમૂલ, કુશ-નિર્મૂલ.

● સૂત્ર-૩૦ :-

*તે દુર્યોધન નરકથી અનંતર ઉદ્વર્તીને આ જ મથુરા નગરીમાં શ્રી દામ રાજાની બંધુશ્રી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. પછી બંધુશ્રીએ નવ માસ પરિપૂર્ણ થતા યાવત્ પુત્રને જન્મ આપ્યો. ત્યારપછી તે બાળકના માતાપિતાએ બાર દિવસ વીત્યા પછી આ આવા પ્રકારનું નામ કર્યુ. અમારા પુત્રનું નંદિષેણ નામ થાઓ. ત્યારપછી તે નંદિષેણકુમાર પાંચધાત્રીથી પાલન કરાતો યાવત્ મોટો થયો.*

*ત્યારે તે નંદિષેણકુમાર બાલ્યભાવથી મુક્ત થઈ યાવત્ વિચરે છે. યૌવન પામી, યુવરાજ થયો. પછી તે નંદિષેણકુમાર રાજ્યમાં યાવત્ અંતઃપુરમાં મૂર્છિત થઈ, શ્રીદામ રાજાને જીવિતથી રહિત કરવાને તથા પોતે જ રાજ્યલક્ષ્મીને પોતાની કરવાને અને પાલન કરતો વિચરવા ઈચ્છે છે. ત્યારપછી તે નંદિસેનકુમાર, શ્રીદામ રાજાના ઘણાં અંતર, છિદ્ર, વિવરને શોધતો વિચરે છે.*

*ત્યારપછી નંદિષેણકુમાર, શ્રીદામ રાજાના અંતર આદિ પ્રાપ્ત ન થતાં, અન્ય કોઈ દિવસે ચિત્ત અલંકારિકને બોલાવે છે, બોલાવી આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિય ! તું શ્રીદામ રાજાના સર્વ સ્થાનોમાં, સર્વભૂમિમાં અને અંતઃપુરમાં સ્વચ્છંદપણે વિચરતો અને શ્રીદામ રાજાનું વારંવાર અલંકારિક કર્મ કરતો વિચરે છે. તેથી હે દેવાનુપ્રિય ! તું શ્રીદામ રાજાનું અલંકારિક કર્મ કરતા, તેના ગળામાં છરા વડે કાપી નાંખે તો હું તને અર્ધું રાજ્ય આપું, જેથી તું અમારી સાથે ઉદાર કામભોગ ભોગવતો વિચરીશ.*

*ત્યારે તે ચિત્ત અલંકારિક, નંદિષેણ કુમારના આ અર્થવાળા વચનને સ્વીકાર્યું. ત્યારપછી તે ચિત્ત અલંકારિકને આવા સ્વરૂપનો યાવત્ ઉત્પન્ન થયો — જો મારા આ કાર્યને શ્રીદામ રાજા જાણશે, તો હું નથી જાણતો કે મને કેવા અશુભ કુમરણ વડે મારશે ? આમ વિચારી ભય પામેલો તે શ્રીદામ રાજા પાસે ગયો શ્રીદામ રાજાને ગુપ્ત રીતે બે હાથ જોડી આ પ્રમાણે કહ્યું — હે સ્વામી ! નિશ્ચે નંદિષેણ કુમાર રાજ્યમાં યાવત્ મૂર્છિત થઈને આપને જીવિતથી રહિત કરવા ઈચ્છે છે, સ્વયં જ રાજ્યશ્રી કરતો - પાળતો વિચરવા ઈચ્છે છે.*

*ત્યારે તે શ્રીદામ રાજા ચિત્ત અલંકારિકના આ અર્થને સાંભળી, સમજીને અતિ ક્રોધિત થઈ યાવત્ ભ્રૃકુટી ચડાવી, નંદીષેણ કુમારને સેવકો પાસે પકડાવ્યો. પછી આ પ્રકારે વધની આજ્ઞા આપી.*

*હે ગૌતમ ! તે નંદીષેણ આવું દુઃખ અનુભવી રહ્યો છે.*

*નંદિસેનકુમાર અહીંથી ચ્યવીને મરણ સમયે મરીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? હે ગૌતમ ! નંદિષેણકુમાર ૬૦ વર્ષનું પરમ આયુ પાળીને મૃત્યુ*

*અવસરે મૃત્યુ પામી, આ રત્નપ્રભા પૃથ્વીમાં નારકપણે ઉત્પન્ન થશે, સર્વ સંસાર તે પ્રમાણે પૂર્વવત્ કહેવો.*

*ત્યાંથી ચ્યવી હસ્તિનાપુર નગરમાં મત્સ્યપણે ઉપજશે. તે ત્યાં માછીમારથી વધ કરાઈને ત્યાં જ શ્રેષ્ઠીકુળમાં જન્મી, પછી દીક્ષા લઈ, સૌધર્મકલ્પે જઈને, પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ - x - સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈ સર્વે દુઃખોનો અંત કરશે.*

*હે જંબૂ ! નિક્ષેપ કહેવો૦ તેમ હું કહું છું.*

● **વિવેચન-૩૦ :-**

अंतर - અવસર, छिड्डु - અલ્પ પરિવારત્વ, વિરહ-વિજનત્વ, નિક્ષેપ - નિગમન. - x - बेमि - ભગવંત સમીપે આ વ્યતિકર જાણીને હું કહું છું. *[નંદિવર્ધન નામ કહે છે, કથામાં નંદિષેણ નામ છે.]*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૬-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**



## ❀ અધ્યયન-૭-'ઉંબરદત્ત'' ❀

— x — x — x — x — x — x —

● **સૂત્ર-૩૧ :-**

*સાતમાં અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો... હે જંબૂ ! તે કાળે, તે સમયે પાડલખંડ નગર હતું, ત્યાં વનખંડ નામે ઉધાન હતું, ઉંબરદત્તનું યક્ષાયતન હતું. તે નગરમાં સિદ્ધાર્થ રાજા હતો. ત્યાં પાડલસંડ નગરમાં સાગરદત્ત નામે ઋદ્ધિમાન્ સાર્થવાહ હતો, તેની પત્ની ગંગદત્તા હતી. તે સાગરદત્તનો પુત્ર અને ગંગદત્તાનો આત્મજ ઉંબરદત્ત નો અહીન યાવત્ પંચેન્દ્રિય શરીરી પુત્ર હતો.*

*તે કાળે, તે સમયે ભગવંત પધાર્યા, યાવત્ પર્ષદા પાછી ગઈ. તે કાળે, તે સમયે ગૌતમસ્વામી પૂર્વવત્ પાડલસંડ નગરે આવ્યા. પાડલસંડ નગરના પૂર્વ દ્વારેથી પ્રવેશ્યા. ત્યાં એક પુરુષને જોયો, તેને ખરજ, કોઢ, જલોદર, ભગંદર, અર્શ, કાસ અને શ્વાસનો રોગ હતો. સોજા ચડેલ હતા - તેના મુખ, હાથ, પગ સોજાવાળા હતા. તેના હાથ અને પગની આંગળી, તથા કાન-નાક સડી ગયા હતા. તેના શરીરમાંથી રસી અને પરુ વહેતા હતા. તેના શરીરમાં ઘણાં વ્રણો હતા. તે વ્રણોના મુખમાં કીડા ખદબદતા હતા. તેનાથી પીડાતો હતો. તેમાંથી પરુ અને લોહી વહેતા હતા. તેના નાક-કાનમાંથી રસી નીકળતા હતા. તે વારંવાર પરુ-લોહી - કૃમિના કોગળાનું વમન કરતો હતો. તે કષ્ટકારક, કરુણા ઉપજાવે તેવા, નીરસ શબ્દને બોલતો હતો, માર્ગમાં માખીઓનો મોટો સમૂહ તેને અનુસરતો હતો, કેશનો સમૂહ ફૂટેલો હોવાથી તેના મસ્તકપરના કેશો અત્યંત વિખરાયેલો હતો. તેણે ખંડિત-ફાટેલ વસ્ત્ર પહેરેલું હતું, તેના હાથમાં ફુટેલ ઠીબરુ અને ફુટલો ઘડો હતો, આ રીતે તે પુરુષ ઘેર-ઘેર દેહબલીએ કરીને આજીવિકા કરતો ફરતો હતો, તેને [ગૌતમસ્વામીએ] જોયો.*

*ત્યારે ગૌતમસ્વામી ઉચ્ચ-નીચ યાવત્ ભ્રમણ કરે છે યથાપર્યાપ્ત ગ્રહણ કરે છે. પાડલીસંડની નીકળીને ભગવંત મહાવીર પાસે આવી, ભોજન-પાન દેખાડ્યા, ભગવંતની અનુજ્ઞા પામીને યાવત્ બિલમાં સાપ જાય તેમ આહાર કરી સંયમ-તપથી આત્માને ભાવતા રહ્યા.*

*પછી તે ગૌતમસ્વામી બીજા છઠ્ઠ તપના પારણે પહેલી પોરસીમાં સજ્ઝાય કરી યાવત્ પાડલિસંડ નગરના દક્ષિણ દ્વારેથી પ્રવેશ્યા. તે જ પુરુષ જોયો કે જે ખરજ આદિનો રોગી હતો, ઈત્યાદિ સર્વે પૂર્વવત્. યાવત્ સંયમ અને તપથી વિચરે છે.*

*ત્યારપછી ગૌતમસ્વામી ત્રીજી વખત છઠ્ઠના પારણે પૂર્વવત્ યાવત્ પશ્ચિમ દ્વારથી પ્રવેશતા તે જ ખરજાદિ વ્યાધિવાળા પુરુષને જોયો. ચોથા છઠ્ઠને પારણે ઉત્તર દ્વારેથી પ્રવેશતા તેને જ જોઈને ગૌતમસ્વામીને આવો વિચાર ઉત્પન્ન થયો કે અહો આ પુરુષ પોતાના પૂર્વના જૂના ઉપાર્જન કરેલા કર્મોનું ફળ ભોગવે છે યાવત્ કહ્યું —*

*ભગવન્ ! નિશ્ચે હું છટ્ઠના પારણે યાવત્ ભ્રમ કરતા પાડલસંડ નગરે પહોંચ્યો, પહોંચીને પાડલીસંડના પૂર્વ દ્વારેથી પ્રવેશ્યો, ત્યાં મેં એક ખરજ આદિના વ્યાધિવાળા પુરુષને જોયો યાત્ ભિક્ષાથી તે આજીવિકા કરતો હતો. બીજા છટ્ઠના પારણે ઉત્તર દ્વારેથી પ્રવેશતા તે જ પુરુષને યાવત્ આજીવિકા કરતો રહેલો જોઈને વિચાર આવ્યો. આ પ્રમાણે પૂર્વભવ પૂછતા, ભગવંતે ઉત્તર આપ્યો –*

*હે ગૌતમ ! નિશ્ચે તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિજયપુર નામે નગર હતું. તે વિજયપુર નગરે કનકરથ નામે રાજા હતો. તે કનકરથ રાજાને ધન્વંતરી નામે વૈધ હતો. તે અષ્ટાંગ આયુર્વેદનો પાઠક હતો. તે આ પ્રમાણે – કુમારભૃત્ય, શાલાક્ય, શલ્યહત્ય, કાયચિકિત્સા, જંગોલ, ભૂતવિધા, રસાયણ, વાજીકરણ. તે વૈધ શિવહસ્ત-સુખહસ્ત-લઘુહસ્ત હતો.*

*ત્યારપછી તે ધન્વંતરી વૈધ વિજયપુરમાં કનકરથ રાજાને, અંતઃપુરને, બીજા પણ ઘણાં રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહનતે તથા બીજા પણ દુર્બળ, ગ્લાન, વ્યાધિત, રોગીને તથા અનાથ અને સનાથને, શ્રમણ-બ્રાહ્મણ-ભિક્ષુક-કારોટિક-કાપાલિકને આ સર્વે આતુરોમાં કેટલાંકને મત્સ્ય-માંસનો ઉપદેશ આપતો. કેટલાંકને કાચબાનું માંસ, એ પ્રમાણે ગ્રાહ-મગર-સુંસુમાર-બકરા-ઘેટા-રોઝ-સુવર-હરણ-સસલા-ગાય-ભેંસનું માંસ ખાવાનો, કેટલાંકને તિતર-વર્તક-કલાપ-કપોત-કુકડા-મયુરના માસનો, બીજા પણ ઘણાં જલચર-સ્થલચર-ખેચર આદિના માંસને ખાવાનો ઉપદેશ આપતો હતો.*

*તે ધન્વંતરી વૈધ પણ તે ઘણાં મત્સ્ય યાવત્ મોરના માંસને અને ઘણાં જલચર-સ્થલચર-ખેચરના માંસને સેકીને, તળીને, ભુંજીને સુરા આદિ સાથે આસ્વાદતો૦ વિચરતો હતો.*

*ત્યારપછી તે ધન્વંતરી વૈધ આવા અશુભ કર્મોથી ઘણાં પાપકર્મને ઉપાર્જિત કરી ૩૨૦૦ વર્ષનું પરમ આયુ પાળીને કાળ માસે કાળ કરી છઠ્ઠી નરકમાં ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમ સ્થિતિક નૈરયિકપણે ઉત્પન્ન થયો.*

*ત્યારે ગંગદત્તા, જે જાતનિંદુકા હતી. તેના બાળકો જન્મતાં જ મરણ પામતા હતા. ત્યારે તે ગંગદત્તા સાર્થવાહીએ અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિ કાળ-સમયે કુટુંબ ચિંતાથી જાગતી હતી. ત્યારે આવો વિચાર ઉત્પન્ન થયો. નિશ્ચે હું સાગરદત્ત સાર્થવાહ સાથે ઘણાં વર્ષોથી ઉદાર માનુષી કામભોગો ભોગવતી વિચરુ છું, પણ મેં એક પણ બાળક કે બાલિકાને જન્મ આપ્યો નથી. તે માતાઓ ધન્ય છે, પુન્યવાન્ છે, કૃતાર્થ-કૃતલક્ષણ છે, તે માતાઓના જન્મ અને જીવિતનું ફળ પ્રાપ્ત કરેલ છે, હું માનું છું કે જે માતાઓના પોતાની કુક્ષિથી ઉત્પન્ન થયેલા બાળકો સ્તનદુધ લુબ્ધક, મધુર વચન બોલતા, મન્મન કરતા, સ્તનમૂળ કક્ષ દેશ ભાગે સરકતા, મુગ્ધ હોય, વળી કોમળ કમળની ઉપમાવાળા હાથ વડે તેને ગ્રહણ કરી ખોળામાં બેસાડે છે ત્યારે તે બાળકો મધુર ઉલ્લાપને આપે છે, મંજુલ શબ્દો બોલે છે. [પણ] હું અધન્ય-અપુન્ય-અકૃત્ પુન્ય છું, આમાંનું કંઈ પણ ન પામી.*



*મારે માટે શ્રેયસ્કર છે કે યાવત્ સૂર્ય જાજ્વલ્યમાન થતાં સાગરદત્ત સાર્થવાહને પૂછીને ઘણાં પુષ્પ-વસ્ત્ર-ગંધ-માળા-અલંકાર લઈને, ઘણાં મિત્ર-જ્ઞાતિ-નિજક-સ્વજન-સંબંધિ-પરિજન મહિલાઓ સાથે પાડલસંડ નગરથી નીકળીને બહાર ઉંબરદત્ત યક્ષના યક્ષાયતને જઈશ. જઈને ત્યાં ઉંબરદત્ત યક્ષની મહાર્હ પુષ્પાર્ચન કરીને, ઢીંચણને પૃથ્વી પર રાખી, પગે પડી આવી માનતા કરું –*

*હે દેવાનુપ્રિય ! જો હું કોઈ બાળક કે બાલિકાને જન્મ આપીશ, તો હું તમારા યાગ, દાન, ભાગ અને અક્ષયનિધિમાં વૃદ્ધિ કરીશ. એમ કરીને મારે માનતા માનવી તે કલ્યાણકારક છે, આ પ્રમાણે વિચારી, બીજે દિવસે યાવત્ સૂર્ય જાજ્વલ્યમાન થયો ત્યારે સાગરદત્ત સાર્થવાહ પાસે આવી. આવીને સાગરદત્ત સાર્થવાહને આ પ્રમાણે કહ્યું –*

*નિશ્ચે હે દેવાનુપ્રિય ! હું તમારી સાથે ભોગ ભોગવું છું યાવત્ એકે બાળક ન પામી. હે દેવાનુપ્રિય ! તમારી આજ્ઞા પામીને યાવત્ [ઉંબરદત્ત યક્ષની] માનતા માનવાને ઈચ્છું છું. ત્યારે સાગરદત્તે ગંગદત્તાને કહ્યું – હે દેવાનુપ્રિયા ! મારો પણ આ જ મનોરથ છે, તું કયા ઉપાયથી પુત્ર કે પુત્રીને જન્મ આપીશ ? ગંગદત્તાને અનુજ્ઞા આપી.*

*ત્યારે તે ગંગદત્તા, સાગરદત્ત સાર્થવાહની અનુજ્ઞા પામીને ઘણાં પુષ્પ આદિ લઈ યાવત્ મહિલાઓ સાથે પોતાના ઘેરથી નીકળી, નીકળીને પાડલસંડ નગરની વચ્ચોવચ્ચથી નીકળી. નીકળીને પુષ્કરિણીએ આવી. આવીને પુષ્કરિણીના કિનારે ઘણાં પુષ્પ-વસ્ત્ર-ગંધ-માલા-અલંકાર લાવીને પુષ્કરિણીમાં ઉતરી, ઉતરીને જળસ્નાન કર્યુ, કરીને જલક્રીડા કરતી, સ્નાન કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, ભીના પટશાટકને પહેરીને પુષ્કરિણીમાંથી બહાર આવી. તે પુષ્પાદિ લઈને ઉંબરદત્ત યક્ષના યક્ષાયતને આવી, આવીને ઉંબરદત્ત યક્ષને જોતાં જ પ્રણામ કર્યા, કરીને મોરપીંછી વડે પ્રમાર્જન કર્યુ, કરીને જળધારા વડે સ્નાન કરાવ્યું. કરાવીને બારીક૦ વસ્ત્ર વડે ગાત્રયષ્ટિને લુંછી, પછી યક્ષને શ્વેત વસ્ત્ર પહેરાવ્યા. મહાર્હ પુષ્પ-વસ્ત્ર-માળા-ગંધ-ચૂર્ણા રોહણ કર્યુ, કરીને ધૂપ ઉવેખ્યો. ઢીંચણથી પગે પડીને આમ કહ્યું – દેવાનુપ્રિય ! જો હું બાળક કે બાલિકાને જન્મ આપીશ, તો યાવત્ માનતા માની, માનીને જે દિશામાંથી આવેલી, તે દિશામાં પાછી ગઈ.*

*ત્યારપછી તે ધન્વંતરી વૈધનો જીવ તે નરકોમાંથી અનંતર ઉદ્વર્તીને આ જ જંબૂદ્વીપમાં પાડલસંડ નગરમાં ગંગદત્તાની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. ત્યારપછી તે ગંગદત્તાને ત્રણ માસ બહુ પ્રતિપૂર્ણ થતાં આવા સ્વરૂપનો દોહદ ઉત્પન્ન થયો - તે માતાઓ ધન્ય છે યાવત્ તેમનું જીવિત સફળ છે જે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવે છે, કરાવીને ઘણી સ્ત્રીઓ સાથે યાવત્ પરીવરીને તે વિપુલ અશનાદિ અને સુરાને તથા પુષ્પ આદિને યાવત્ ગ્રહણ કરીને પાડસસંડ નગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને પુષ્કરિણી જાય છે. જઈને પુષ્કરિણીમાં ઉતરે છે, સ્નાન યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, તે વિપુલ*

***અશનાદિ ઘણી મિત્ર, જ્ઞાતિ૦ યાવત્ સ્ત્રીઓ સાથે આસ્વાદતી પોતાના દોહદને પૂર્ણ કરે છે. આ પ્રમાણે વિચાર્યું. વિચારીને બીજે દિવસે યાવત્ સૂર્ય જાજ્વલ્યમાન્ થતાં સાગરદત્ત પાસે આવીને આમ કહ્યું — તે માતાઓ ધન્ય છે યાવત્ દોહદ પૂર્ણ કરે છે તો હું પણ યાવત્ તેમ ઈચ્છું છું.***

***ત્યારે સાગરદત્ત સાર્થવાહે ગંગદત્તાને આ વાત માટે અનુજ્ઞા આપી. ત્યારે તે ગંગદત્તા સાગરદત્તની અનુજ્ઞા પામવાથી વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવે છે. તે વિપુલ અશનાદિ અને સુરા આદિ તથા ઘણાં પુષ્પાદિ એકઠા કરાવે છે. પછી યાવત્ સ્નાન કરી, બલિકર્મ કરી ઉંબરદત્તના યક્ષાયતને યાવત્ ધૂપ ઉવેખી, પુષ્કરિણીએ જાય છે. પછી તે મિત્ર યાવત્ મહિલાઓ ગંગદત્તા સાર્થવાહીને સર્વાલંકારથી વિભૂષિત કરે છે. ત્યારપછી ગંગદત્તા તે મિત્ર, જ્ઞાતિ૦ બીજી પણ ઘણી નગર સ્ત્રીઓ સાથે તે વિપુલ અશનાદિ અને સુરાને આસ્વાદતા દોહદને પૂર્ણ કરે છે, કરીને જે દિશામાંથી આવેલી તે દિશામાં પાછી જાય છે.***

***તે ગંગદત્તા પ્રશસ્ત દોહદવાળી થઈને ગર્ભને સુખે સુખે વહન કરે છે. પછી તેણી નવ માસ બહુ પ્રતિપૂર્ણ થતા યાવત્ બાળકને જન્મ આપે છે. સ્થિતિપતિતા કરે છે યાવત્ જે કારણે આ બાળક ઉંબરદત્ત યક્ષની માનતાથી પ્રાપ્ત થયો, તેથી આ બાળકનું ઉંબરદત્ત નામ થાઓ. પછી તે ઉંબરદત્ત બાળક પાંચ ધાત્રી વડે ગ્રહણ થઈ ઉછરે છે.***

***ત્યારપછી સાગરદત્ત સાર્થવાહ “વિજયમિત્ર”ની જેમ યાવત્ મરણ સમયે મરણ પામ્યો. ગંગદત્તા પણ મરણ પામી, ઉંબરદત્ત ઉજ્ઝિતકની માફક ઘરમાંથી બહાર કાઢી મૂકાયો. ત્યારપછી ઉંબરદત્તને અન્ય કોઈ દિવસે શરીરમાં એક સાથે સોળ રોગાંતકો ઉત્પન્ન થયા. તે આ - શ્વાસ, કાસ યાવત્ કોઢ. ત્યારે તે ઉંબરદત્ત સોળ રોગાતંકથી અભિભૂત થઈને સડેલા હાથવાળો આદિ થઈને યાવત્ વિચરે છે.***

***હે ગૌતમ ! નિશ્ચે આ પ્રમાણે ઉંબરદત્ત તેના જૂના-પુરાણા સંચિત કર્મોને યાવત્ અનુભવતો રહે છે. ભગવન્ ! તે ઉંબરદત્ત મરણ સમયે મરીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! ઉંબરદત્ત ૭૨-વર્ષનું પરમ આયુ પાળીને મરણ અવસરે મરણ પામી આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકપણે ઉપજશે. સંસાર ભ્રમણ પૂર્વવત્. પછી હસ્તિનાપુરમાં કુકડા રૂપે જન્મશે. ગોષ્ઠી દ્વારા વધ પામી પૂર્વવત્ હસ્તિનાપુરમાં શ્રેષ્ઠી કુળમાં ઉપજશે. બોધ પામી, દીક્ષા લઈ સૌધર્મ કલ્પે જઈ, મહાવિદેહે જન્મી, દીક્ષા લઈ સિદ્ધ થશે.***

**● વિવેચન-૩૧ :-**

સાતમાં અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો. कच्छुल्ल - ખરજવાળો. દોઉયરિય-જલોદરિક, ભગંદલિય-ભગંદરવાળો, સોગિલ-સોજાવાળો.

થિવિથિવિંત-આ અનુકરણ શબ્દ છે. वणमुह० વ્રણ મુખમાં કીડાઓ વડે ઉપર પીડા કરાતો. લાલ-લાળના તંતુ, - x - અભિક્ખણ-વારંવાર. કટ્ઠ-કલેશહેતુક, કલુણ-કરુણોત્પાદક, વિસર-વિરૂપધ્વની, કૂયમાણ-અવ્યક્ત શબ્દ કરતો. બાકી બધું



પહેલા અધ્યયનવત્. - x - પાડ-પાડલિસંડ નગરથી. પડિણ-નીકળે છે, ભગવંત મહાવીર પાસે જાય છે, ઈર્યાપથિકી પ્રતિક્રમે છે, ભોજનપાન આલોચે છે, દેખાડે છે. - x - બિલમાં સર્પ પ્રવેશે તેની જેમ રસરહિતપણે આહાર કરે છે.

આયુર્વેદ-વૈદકશાસ્ત્ર, કુમારભિચ્ચ-બાળકોના પોષણમાં સારું શાસ્ત્ર - x - તન્નિમિત્ત વ્યાધિ ઉપશમનાર્થે. સલાગ-શલાકા કર્મ, તેનું પ્રતિપાદક તંત્ર, તે ઉર્ધ્વગત જંતુના રોગોના શ્રવણ-વદનાદિ રોગના ઉપશમનાર્થે. સલ્લહત્ત-શલ્યને હણીને ઉદ્ધરવું તેનું પ્રતિપાદક શાસ્ત્ર કાય તિગિચ્છ-જ્વરાદિ રોગ ગ્રસ્ત શરીરની ચિકિત્સા, મધ્યાંગમાં રહેલા જ્વર, અતીસારાદિના શમન માટેનું તંત્ર, જંગોલ-વિષઘાત ક્રિયા નામક, સર્પ કે કીડા આદિથી ડસેલના વિનાશાર્થે વિવિધ વિષ સંયોગ શમાવવા. ભૂયવેજ્જ-ભૂતોના નિગ્રહ માટેની વિદ્યા, દેવ-અસુર-ગંધર્વાદિથી પીડિત ચિત્તની શાંતિકર્મ, બલિકરણાદિ વડે ગ્રહોનું ઉપશમન. રસાયણ-અમૃત રસની પ્રાપ્તિ, આયુ-મેધાકર અને રોગના અપહરણ માટેનું તંત્ર. વાજીકરણ-શુક્રની વૃદ્ધિ વડે ઘોડા જેવો કરવો તેનું - x - શાસ્ત્ર. સિવહત્થ-આરોગ્યકર હસ્ત. સુહત્થ-પ્રશસ્તકર કે સુખહેતુ હસ્ત. લઘુહત્થ-દક્ષહસ્ત.

રાજા, ઈશ્વર૦ યાવત્થી તલવર, માડંબિક, કૌટુંબિક, શ્રેષ્ઠી. દુબ્બલ-કૃશ, હીનબલ, ગિલાણ-ક્ષીણ હર્ષને શોકજનિત પીડા, વાહિય-વ્યાધિ, ચિરસ્થાયી કુષ્ઠ આદિ અથવા ઉષ્ણ આદિ વડે અભિભૂત. તેથી રોગિક-સંજાત ચિરસ્થાયી જ્વરાદિ દોષ. આવું કોને હોય ? સનાથ-સ્વામીવાળા, અણાહ-સ્વામી વગરના, સમણ-ગૈરિકાદિ, ભિકખાગ-તે સિવાયના, કરોડિક-કાપાલિક, આઉર-ચિકિત્સા ન થયેલ. - x -

નિયગકુચ્છિસંભૂત-પોતાના સંતાનો. - x - x - x - અપુન્ન-પુન્યરહિત, અક્યપુન્ન-અવિહિતપુન્ય અથવા અપુન્ન-અપૂર્ણ મનોરથપમાથી. એત્તો-આવી બાળ ચેષ્ટાએ. - x - કલ્લં૦ યાવત્ શબ્દથી રાત્રિ વીત્યા પછી પ્રભાત થતાં, વિકસિત જે પદ્મ અને કમળ જેવા કોમળ, નયનનો ઉન્મેષ થતો, લાલ પ્રભાવાળો સૂર્ય તેજ વડે જાજ્વલ્યમાન થતો. - x - યાગ-પૂજા કે યાત્રા, દાય-દાન, ભાય-લાભનો અંશ, અક્ખયનિહિદેવનો ભંડાર, અણુવડ્ઢિસ્સામિ-વૃદ્ધિ પમાડીશ. ઓવાઈય-માનતા. ઉવાઈણિત્તએ-યાચના કરવાને, માનતા માનવાને.

કૌતુક-મષી, પુંડ્રકાદિ. મંગલ-દહીં, ચોખા આદિ. ઉલ્લભીની, પટ-પ્રાવરણ, સાટક-વસ્ત્ર.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૭-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❁ અધ્યયન-૮-''શૌર્યદત્ત'' ❁

-- x -- x -- x -- x --

● સૂત્ર-૩૨ :-

આઠમા અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો. - - હે જંબૂ ! તે કાળે, તે સમયે શૌર્યપુર નગર, શૌર્યાવતંસક ઉધાન, શૌર્ય યક્ષ, શૌર્યદત્ત રાજા હતો તે શૌર્યપુર નગરની બહાર ઈશાનખૂણામાં માછીમારોનો એક પાડો-મહોલ્લો હતો. ત્યાં સમુદ્રદત્ત નામે મત્સ્યંધ રહેતો હતો. તે અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનંદ હતો. તે સમુદ્રદત્તની સમુદ્રદત્તા નામે અહીન૦ પંચેન્દ્રિય શરીરી પત્ની હતી. તે સમુદ્રદત્તનો પુત્ર, સમુદ્રદત્તાનો આત્મજ શૌર્યદત્ત નામે અહીન૦ પુત્ર હતો.

તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા યાવત્ પર્ષદા પાછી ગઈ. તે કાળે, તે સમયે ગૌતમસ્વામી યાવત્ શૌર્યપુર નગરના ઉચ્ચ, નીચ, મધ્યમ કુળોમાં યથા પર્યાપ્ત સમુદાન ભિક્ષા લઈને શૌર્યપુરથી નીકળ્યા. તે માછીમાર મહોલ્લાની કંઈક નજીકથી પસાર થતા મહા-મોટી મનુષ્યપર્ષદાની મધ્યે જોયું કે એક પુરુષ શુષ્ક, ભુખ્યો, નિર્માંસ, અસ્થિ-ચર્મથી મઢેલ હાડકાનું પંજર જેવું હતું, હાડકાં કડકડ કરતા હતા. તેણે ભીનું વસ્ત્ર પહેરેલું. તેના ગળામાં માછલીનો કાંટો લાગેલો હતો. તેથી તે કષ્ટકારી, કરુણ, વિસ્વરે આક્રંદ કરતો હતો. વારંવાર તે પરુ, લોહી અને કૃમિના કોગળા વમતો હતો, તેવા પુરુષને જોયો, જોઈને ગૌતમસ્વામીને આવો વિચાર થયો - આ પુરુષ જૂના કર્મોનું ફળ ભોગવે છે.

આ પ્રમાણે વિચારી ભગવંત મહાવીર પાસે યાવત્ પૂર્વભવ પૂછ્યો યાવત્ ભગવંતે ઉત્તર આપ્યો – હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં નંદીપુર નગર હતું, મિત્ર રાજા હતો, તે રાજાને શ્રીયક નામે રસોયો હતો. તે અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનંદ હતો.

તે શ્રીયક રસોઈયાને ઘણાં મચ્છીમાર, વાગુરિક, શાકુનિક દૈનિક ભોજન-વેતનથી હતા. તે રોજ ઘણાં નાના મત્સ્ય યાવત્ પતાકાતિપતાક મત્સ્ય, બકરા યાવત્ પાડા, તિતર યાવત્ મોરને જીવિતથી રહિત કરીને શ્રીયક રસોઈયા પાસે લાવતા. બીજા પણ ઘણાં તિતર યાવત્ મોરને પાંજરામાં પુરીને રહેતા હતા બીજા પણ ઘણાં પુરુષો દૈનિક ભોજન-વેતનથી ઘણાં તિતર યાવત્ મોરને મારી નાંખીને શ્રીયકને આપતા.

ત્યારે તે શ્રીયક રસોઈયો ઘણાં જલચર, સ્થલચર, ખેચરના માંસને કાપણી વડે કાપી રાખતો, તે આ – સૂક્ષ્મ, ગોળ, દીર્ઘ, હ્રસ્વ કકડા કરી, હીમમાં પકાવી, જમ્મ-ઘમ્મ-વેગ વાયુથી પકાવી, કાળા-હીંગલોક વર્ણવાળા કરી, છાસ-આમળા-દ્રાક્ષ-કોઠ-દાડમ-મચ્છીના રસથી મિશ્ર કરી, પછી તેને અગ્નિએ મૂકી, તેલ આદિથી તળીને, ભુંજીને, પકાવીને તૈયાર કરતો હતો. બીજા પણ ઘણાં મત્સ્ય, મૃગ, તેતરના માંસના રસ યાવત્ મોરના માંસના રસ તથા બીજું વિપુલ લીલું શાક આદિ તૈયાર કરાવતો હતો, મિત્ર રાજાના ભોજન સમયે





લઈ જતો.

તે શ્રીયક રસોઈયો પોતે પણ ઘણા માંસ આદિ યાવત્ જલચર આદિના માંસના રસ, લીલા શાક એ સર્વે શેકેલા, તળેલા, રાંધેલા હતા, તે સર્વના ભોજનની સાથે મદિરાનું આસ્વાદન કરતો હતો.

ત્યારે તે શ્રીયક રસોઈયો, આ અશુભ કર્મથી ઘણાં પાપકર્મ ઉપાર્જીને ૩૩૦૦ વર્ષનું પરમાયુ પાળીને મૃત્યુ અવસરે મરીને છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયો. - - ત્યારે તે સમુદ્રદત્તા નિંદૂ હતી. તેણીના જન્મતા બાળકો જ નાશ પામતા હતા. ગંગદત્તાની જેમ વિચાર્યું, પૂછીને માનતા માની, દોહદ થયો યાવત્ બાળક થયો. યાવત્ અમારો આ પુત્ર શૌર્ય યક્ષની માનતાથી પ્રાપ્ત થયો. તેથી અમારા આ પુત્રનું શૌર્યદત્ત નામ થાઓ. શૌર્યદત્ત પુત્ર, પંચ ધાત્રી વડે પાલન કરાતો યાવત્ બાલ્યભાવથી મુક્ત થઈને, વિજ્ઞાન પરિણત માત્ર થઈ, યૌવનને પામ્યો.

ત્યારે તે સમુદ્રદત્ત કોઈ દિવસે મૃત્યુ પામ્યો. પછી તે શૌર્યદત્તે ઘણાં મિત્ર-જ્ઞાતિ૦ સાથે રુદન કરતાં સમુદ્રદત્તનું નીહરણ કર્યુ, લૌકિક મૃતક કાર્યો કર્યા. કોઈ દિવસે સ્વયં માછીમારનો મહત્તરક થઈને વિચરવા લાગ્યો. ત્યારે તે શૌર્યદત્ત માછીમાર, અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનંદ થયો. ત્યારે તે શૌર્યદત્તે ઘણાં પુરુષોને દૈનિક ભોજન અને વેતનથી રાખેલા, જે રોજ વહાણ વડે યમુના મહાનદીમાં પ્રવેશતા અને ઘણાં દ્રહગાલન વડે દ્રહ મથન-વહન-પ્રવહણ વડે અયંપુલ, પંચપુલ, મત્સ્યબંધ, મત્સ્યપુચ્છ, જંભા, તિસિરા, ભિસિરા, ધિસરા, હિલ્લીરી, ઝિલ્લીરિ, જાળ, ગલ, કૂટપાશ જાતિની માછલા પકડવાની જાળો વડે, છાલબંધન-સુતરબંધન-વાળબંધન વડે ઘણાં નાના મત્સ્યો યાવત્ પતાકાતિપતાકા મત્સ્યોને ગ્રહણ કરી, એક નાવમાં ભરી, કાંઠે લાવીને મત્સ્યખલ કરતા, તેને તડકો આપતા.

બીજા પણ ઘણાં પુરુષો દૈનિક ભોજન-વેતનથી તે તડકા દીધેલા મત્સ્યોને પકાવી, તળી, ભુંજીને રાજમાર્ગે આજીવિકા કરતા વિચરતા હતા. - - તે શૌર્યદત્ત પોતે પણ ઘણાં શ્લક્ષ્ણ મત્સ્ય યાવત્ પતાકાપતિકોને પકાવી, ભુંજીને સુરાદિ સાથે આસ્વાદતો રહેતો હતો.

ત્યારે તે શૌર્યદત્ત માછીમાર અન્ય કોઈ દિવસે તે માંસના ટુકડા પકાવી-તળી-ભુંજીને આહાર કરતા મત્સ્યકંટક ગળે લાગી ગયો. ત્યારે તે શૌર્યદત્તે મહા વેદનાથી અભિભૂત થઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે જાઓ, સૌર્યપુરના શ્રૃંગાટક યાવત્ માર્ગમાં મોટા-મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરાવતા કહો કે – હે દેવાનુપ્રિયો ! શૌર્યદત્તને મત્સ્યના કાંટો ગળામાં ભરાઈ ગયો છે, તો જે કોઈ વૈદ્ય આદિ શૌર્ય માછીમારના ગળાથી માછલીનો કાંટો કાઢી આપશે, તેને શૌર્યદત્ત વિપુલ અર્થસંપદા આપશે. ત્યારે તે કૌટુંબિક પુરુષોએ ઉક્ત ઉદ્‌ઘોષણા કરાવી.

ત્યારે તે ઘણાં વૈદ્ય આદિ આવી ઉદ્‌ઘોષણા કરાતી સાંભળીને શૌર્યદત્તના ઘેર આવ્યા. શૌર્ય માછીમાર પાસે આવી, ઘણી ઔપપાતિકી આદિ બુદ્ધિ વડે

*પરિણામ પામેલા, તેઓએ વમન-છર્દન-ઉત્પીડન-કવલગ્રાહ-શલ્યોદ્ધરણ-વિશલ્યકરણ વડે શૌર્ય માછીમારના મત્સ્યકંટકને ગળામાંથી કાઢવાને ઈચ્છયો પણ તેને કાઢવા કે વિશોધિ કરવામાં સમર્થ ન થયા. ત્યારે તે ઘણાં વૈદ્યાદિ જ્યારે શૌર્યના મત્સ્યકંટકને ગળામાંથી કાઢવા સમર્થ ન થયા ત્યારે થાકીને યાવત્ જે દિશામાંથી આવેલા, તે જ દિશામાં પાછા ગયા.*

*ત્યારપછી શૌરિક મચ્છિમાર વૈદ્યના પ્રતિકારથી ખેદ પામ્યો, તે દુઃખ વડે મોટો પરાભવ પામી, શુષ્ક થઈ યાવત્ વિચરે છે. હે ગૌતમ ! આ રીતે શૌર્યદત્ત જૂના પુરાણા કર્મોને અનુભવતો વિચરે છે.*

*ભગવન્ ! શૌર્ય મચ્છીમાર અહીંથી મરીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! ૭૦-વર્ષનું પરમાયુ પાળીને, મૃત્યુ પામી. રત્નપ્રભા પૃથ્વીમાં જશે, તે પ્રમાણે સાતે પૃથ્વીનો સંસાર કહેવો. પછી હસ્તિનાપુરમાં માછલો થશે. ત્યાં માછીમાર દ્વારા હણાઈને, ત્યાં જ શ્રેષ્ઠીકુળમાં જન્મી, દીક્ષા લઈ, સૌધર્મકલ્પે જઈ, મહાવિદેહે જન્મ લઈ, મોક્ષે જશે.*

● **વિવેચન-૩૨ :-**

મચ્છંધ - માછીમાર, સણ્હમચ્છ૦ યાવત્ શબ્દથી ખવલ્લમચ્છા, વિજ્ઝિડિમચ્છા, હલિમચ્છા ઈત્યાદિ પતાકા સુધી કહેવું. મત્સ્યના ભેદોને રૂઢિથી જાણવા. અએ૦ યાવત્‌થી બકરા, ઘેટા, રોઝ, સુવર, મૃગ આદિ.

સણ્હખંડિત - સૂક્ષ્મ ખંડ કરાયેલ, વટ્ટ-વૃત્ત ખંડિત, દીહ-દીર્ઘ ખંડિત, રહસ્સ-હ્રસ્વ ખંડિત. હિમપક્ક-શીત વડે પકાવેલ. - x - મારુયપક્ક-વાયુ વડે પકાવેલ. - x - મહિટ્ઠાણિ-છાસ વડે સંસ્કારેલ, આમલરસિત-આમળાના રસ વડે સંસૃષ્ટ. મુદ્દિયારસિત-દ્રાક્ષના રસથી સંસૃષ્ટ - x - તલિત-તેલ આદિ વડે અગ્નિમાં સંસ્કારેલ, ભજ્જિય-અગ્નિ વડે ભુંજિત, સોલ્લિય-શૂળ વડે પકાવેલ. મચ્છરસ-મત્સ્યના માંસનો રસ, એણિજ્જ-મૃગનું માંસ, - x - હરિયસાગ-પત્રશાક - x -

ચિંત-મનોરથ ઉત્પત્તિ કહેવી. - x - ગંગદત્તા, તે સાતમાં અધ્યયનમાં કહેલ. આપુચ્છણ-પતિને પૂછીને. - x - ઓવાઈય-ઉપયાચિત. દોહદ-ગંગાદત્તામાં કહ્યા મુજબ કહેવા. એગટ્ઠિય-નાવ. - x - હ્રદ ગલન-દ્રહ મધ્યે મત્સ્યાદિ ગ્રહણાર્થે-ભ્રમણ કે પાણીને કાઢવું તે. હ્રદ મથન-દ્રહના જળનું વૃક્ષ શાખા વડે વિલોડન. હ્રદવહન-જાતે જ દ્રહથી જળનું નીકળવું તે. હ્રદપ્રવહણ-દ્રહના જળનું પ્રકૃષ્ટ વહન. - x -

વમણ - વમન, છડ્ડણ-છર્દન, ઉવીલણ-અવપીડન, કવલગ્રાહ-ગળાના કાંટાને કાઢવા માટે સ્થૂળ કવળનું ગ્રહણ - x - શલ્યોદ્ધરણ-યંત્ર પ્રયોગ વડે કાંટો કાઢવો. વિશલ્યકરણ-ઔષધના સામર્થ્યથી. વિસોહિત્તએ-પરુ આદિ કાઢવા.

**મુનિ દીપરત્ન સાગરે કરેલ**
**અધ્યયન-૮-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## ❀ અધ્યયન-૯-“બૃહસ્પતિદત્ત” [દેવદત્તા] ❀

— x — x — x — x — x — x —

● **સૂત્ર-33 :-**

*અધ્યયન-૯-નો ઉત્ક્ષેપ કહેવો. - - હે જંબૂ ! તે કાળે, તે સમયે રોહીતક નામ ઋદ્ધ૦ નગર હતું. પૃથ્વીવતંસક ઉદ્યાન હતું, ધરણ યક્ષનું યક્ષાયતન હતું. વૈશ્રમણ દત્ત રાજા, શ્રી રાણી, પુષ્પનંદિકુમાર યુવરાજ હતો. તે રોહીતક નગરમાં દત્ત નામે આઢ્ય ગાથાપતિ રહેતો હતો, તેને કૃષ્ણશ્રી નામે પત્ની હતી. તે દત્તની પુત્રી અને કૃષ્ણશ્રી ભાર્યાની આત્મજા દેવદત્તા નામે પુત્રી હતી. તે અહીન૦ યાવત્ ઉત્કૃષ્ટા, ઉત્કૃષ્ટ શરીરી હતી.*

*તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા યાવત્ પર્ષદા નીકળી. તે કાળે, તે સમયે ગૌતમસ્વામી છટ્ઠ તપના પારણે પૂર્વવત્ યાવત્ રાજમાર્ગે પધાર્યા. હાથી-ઘોડા-પુરુષને જોયો. તે પુરુષો મધ્યે એક સ્ત્રીને જોઈ. તેણી અવકોટક બંધને બાંધેલી, કાન-નાક છેદાયેલા હતા યાવત્ શૂળ વડે ભેદાયેલી જોઈ. આવો વિચાર થયો, પૂર્વવત્ યાવત્ કહ્યું — આ સ્ત્રી પૂર્વભવમાં કોણ હતી ? ભગવંતે કહ્યું — હે ગૌતમ ! નિશ્ચે —*

*તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુપ્રતિષ્ઠ નામે ઋદ્ધ૦ નગર હતું. ત્યાં મહસેન રાજા હતો, તેને ધારિણી આદિ ૧૦૦૦ રાણી અંતઃપુરમાં હતી. તે મહાસેન રાજાનો પુત્ર, ધારણી દેવીનો આત્મજ સીંહસેન નામે કુમાર હતો. તે અહીન૦ યાવત્ યુવરાજ હતો.*

*ત્યારે તે સીંહસેન કુમારના માતાપિતાએ કોઈ દિવસે ૫૦૦ ઉંચા પ્રાસાદાવતંસકો કરાવ્યા. ત્યારપછી તે સીંહસેનકુમારને કોઈ દિવસે શ્યામા આદિ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે એક દિવસે પાણિગ્રહણ કરાવ્યુ. ૫૦૦-૫૦૦નો દાયજો આપ્યો. પછી સીંહસેનકુમાર શ્યામા આદિ ૫૦૦ દેવી સાથે ઉપરી પ્રાસાદમાં યાવત્ વિચરવા લાગ્યો.*

*ત્યારપછી તે મહસેન રાજા કોઈ દિવસે મૃત્યુ પામ્યો. નીહરણ કર્યુ, સીંહસેન મહાન્૦ રાજા થયો. પછી સીંહસેન રાજા શ્યામા રાણીમાં મૂર્છિત આદિ થયો. બાકીની રાણીનો આદર કરતો નથી, જાણતો નથી. એ રીતે આદર ન કરતો, ન જાણતો તે વિચરતો હતો. ત્યારપછી ૪૯૯ રાણીઓની ૪૯૯ ધાવ માતાઓ આ વૃત્તાંત જાણીને વિચારવા લાગી કે નિશ્ચે સિંહસેન રાજા શ્યામા રાણીમાં મૂર્છિતાદિ થઈ આપણી પુત્રીઓનો આદર ન કરતો, ન જાણતો - x - વિચરે છે. તો આપણે શ્રેયસર છે કે આપણે શ્યામા રાણીને અગ્નિ-વિષ-શસ્ત્ર પ્રયોગથી મારી નાંખવી. આ પ્રમાણે શ્યામા રાણીના અંતર-છિદ્ર-વિવરોને શોધતી-શોધતી વિચરવા લાગી.*

*ત્યારે શ્યામા દેવીએ આ વૃત્તાંત જાણીને આમ કહ્યું — હે સ્વામી ! મારી ૪૯૯ શૌક્યો અને તેની ૪૯૯ માતાઓ આ વૃત્તાંતને જાણીને પરસ્પર એમ*

કહેતી હતી કે – સીંહસેન રાજા શ્યામા રાણીમાં મૂર્છિત થયો છે, યાવત્ શોધતી વિચરે છે. તો ન જાણે મને કેવા કુમરણ વડે મારશે. એમ વિચારીને ભય પામી કોપ ઘરમાં ગઈ, જઈને અપહત મનવાળી થઈ યાવત્ ચિંતા કરવા લાગી.

ત્યારે તે સીંહસેન રાજા આ વૃત્તાંત જાણીને કોપ ઘરમાં શ્યામા રાણી પાસે આવ્યો, આવીને તેણીને અપહત મનવાળી યાવત્ જોઈ, જોઈને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયા ! તું કેમ યાવત્ ચિંતામગ્ન છો ? ત્યારે શ્યામા રાણીએ, સીંહસેન રાજાને આમ કહેતા સાંભળીને ઉષ્ણ વચનો વડે સીંહસેન રાજાને કહ્યું – નિશ્ચે હે સ્વામી ! મારી ૪૯૯ સપત્ની અને ૪૯૯ માતાઓ તમારો મારા ઉપર રાગ જાણી, તેઓએ પરસ્પર કહ્યું કે – સીંહસેન રાજા શ્યામારાણી ઉપર મૂર્છિત છે - x - યાવત્ છિદ્રાદિ શોધતી રહી છે, ન જાણે કઈ રીતે મારશે યાવત્ તેથી ચિંતામાં છું.

ત્યારે સીંહસેન રાજાએ શ્યામા રાણીને કહ્યું – દેવાનુપ્રિયા ! તું અપહત યાવત્ ચિંતામગ્ન ન થા. હું તેવી રીતે યત્ન કરીશ કે જેથી તારા શરીરને કોઈથી પણ આબાધા, પ્રબાધા ન થાય, એમ કહી તેને ઈષ્ટ આદિ વાણી વડે આશ્વાસિત કરી, ત્યારપછી ત્યાંથી નીકળી, તેણે કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને સુપ્રતિષ્ઠ નગરની બહાર એક મહા કૂટાગાર શાલા કરાવો, જે અનેક સ્તંભ સન્નિવિષ્ટ હોય, પ્રાસાદીયાદિ કરાવો. પછી મારી આજ્ઞા પાછી આપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ બે હાથ જોડી યાવત્ આજ્ઞા સ્વીકારીને સુપ્રતિષ્ઠ નગરની બહાર પશ્ચિમ દિશા ભાગમાં એક મોટી કૂટાગાર શાળા યાવત્ કરાવી, જે અનેક સ્તંભ સંનિવિષ્ટ, પ્રાસાદીયાદિ હતી. પછી સીંહસેન રાજા પાસે આવીને તેમની આજ્ઞા પાછી સોંપી. ત્યારે સીંહસેન રાજાએ કોઈ દિવસે ૪૯૯ રાણી અને ૪૯૯ માતાઓને આમંત્રી. પછી તે ૪૯૯ રાણીઓ અને ૪૯૯ માતાઓને સીંહસેન રાજાએ આમંત્રણ અપાતા, સર્વાલંકાર વિભૂષિત થઈ યથાવૈભવ સુપ્રતિષ્ઠ નગરે સીંહસેન રાજા પાસે આવી. ત્યારે તે સીંહસેન રાજાએ ૪૯૯ રાણીઓ અને ૪૯૯ માતાઓને કૂટાગાર શાળામાં આવાસ આપ્યો.

ત્યારપછી સીંહસેન રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને કહ્યું – દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિપુલ અશનાદિ લાવો તથા ઘણાં જ પુષ્પ-ગંધ-વસ્ત્ર-માળા-અલંકારોને કૂટાગાર શાળામાં લઈ જાઓ. ત્યારે તે કૌટુંબિક પુરુષો તે પ્રમાણે લઈ ગયા. ત્યારે તે ૪૯૯ રાણીઓ અને ૪૯૯ માતાઓને સર્વાલંકારથી વિભૂષિત કરી. કરીને તે વિપુલ અશનાદિ અને સુરા આદિ આસ્વાદન વગેરે કરતી, ગંધર્વ અને નાટક વડે ઉપગીત કરાતી વિચરવા લાગી. ત્યારે સીંહસેન મધ્યરાત્રિ કાળ સમયે ઘણાં પુરુષો સાથે સંપરીવરીને કૂટાગાર શાળાએ આવ્યો. આવીને કૂટાગાર શાળાના દ્વારો બંધ કર્યા, કૂટાગાર શાળાને ચોતરફથી અગ્નિ સળગાવ્યો. ત્યારે ૪૯૯ રાણી, ૪૯૯ ધાવમાતાઓ, સીંહસેન રાજા વડે



બળાતા રોતી-કકડતી અત્રાણ, અશરણ થઈ મૃત્યુ પામી.

ત્યારે સીંહસેન રાજા આવા અશુભ કર્માદિથી ઘણાં પાપકર્મો ઉપાર્જી ૩૪૦૦ વર્ષનું પરમાયુ પાળીને મૃત્યુ અવસરે મૃત્યુ પામી છઠ્ઠી નરકમાં ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમ સ્થિતિમાં ઉત્પન્ન થયો. ત્યાંથી અનંતર ઉદ્વર્તીને આ રોહીતક નગરમાં દત્ત સાર્થવાહની કૃષ્ણશ્રી નામક પત્નીની કુક્ષિમાં પુત્રીપણે ઉત્પન્ન થયો. ત્યારપછી કૃષ્ણશ્રીએ નવ માસ પુરા થતા યાવત્ પુત્રીને જન્મ આપ્યો, જે સુકુમાલ, સુરૂપા હતી. પછી તે કન્યાના માતાપિતાએ બાર દિવસ વ્યતીત થતા વિપુલ અશનાદિ તૈયાર કરાવી યાવત્ મિત્ર જ્ઞાતિ૰ નામકરણ કર્યુ. અમારી આ કન્યાનું દેવદત્તા નામ થાઓ. પાંચ ધાત્રી વડે પરિગૃહીત થઈ યાવત્ ઉછરવા લાગી. કાળક્રમે તેણી બાલ્યભાવથી મુક્ત થઈ, યૌવન-રૂપ-લાવણ્ય વડે યાવત્ અતી ઉત્કૃષ્ટા, ઉત્કૃષ્ટ શરીરી થઈ.

ત્યારપછી તે દેવદત્તા કન્યા કોઈ દિવસે સ્નાન કરી યાવત્ વિભૂષિત થઈ ઘણી દાસી વડે યાવત્ પરીવરીને ઉપરી આકાશતલમાં સુવર્ણના દડા વડે ક્રીડા કરતી રહેલી. આ તરફ વૈશ્રમણ દત્ત રાજા સ્નાન યાવત્ વિભૂષા કરી અશ્વ ઉપર બેસી, ઘણાં પુરુષો સાથે સંપરીવરીને અશ્વ વાહનીકાએ નીકળેલો હતો ત્યારે દત્ત ગાથાપતિના ઘરની કંઈક સમીપથી નીકળ્યો. ત્યારે તે વૈશ્રમણ રાજાએ યાવત્ જતા-જતા દેવદત્તા કન્યાને ઉપરી આકાશતળે સુવર્ણના દડા વડે રમતી જોઈ. દેવદત્તા કન્યાના યૌવન અને લાવણ્યથી યાવત્ વિસ્મીત થઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિયો ! આ કોની પુત્રી છે ?, તેનું નામ શું છે ? ત્યારે કૌટુંબિક પુરુષોએ વૈશ્રમણ રાજાને બે હાથ જોડીને કહ્યું – હે સ્વામી ! આ દત્ત સાર્થવાહની પુત્રી, કૃષ્ણશ્રીની આત્મજા દેવદત્તા નામે રૂપ-યૌવન અને લાવણ્યથી ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ શરીરી કન્યા છે. ત્યારે વૈશ્રમણ રાજા અશ્વવાહનિકાથી પાછો ફરીને અભ્યંતર સ્થાનીય પુરુષોને બોલાવ્યા, બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે જાઓ, દત્તની પુત્રી અને કૃષ્ણશ્રી ભાર્યાની આત્મજા દેવદત્તા કન્યાને પુષ્પનંદી યુવરાજની પત્નીરૂપે માંગો. તેના બદલામાં જે શુલ્ક આપવાનું હોય તે આપજો.

ત્યારે તે અભ્યંતર સ્થાનીય પુરુષો વૈશ્રમણ રાજાએ આમ કહેતા હર્ષિત-સંતુષ્ટ થતા બે હાથ જોડી યાવત્ સ્વીકારીને, સ્નાન કરી યાવત્ શુદ્ધ પ્રાવેશ્ય વસ્ત્રો પહેરી, દત્તના ઘેર આવ્યા. ત્યારે તે દત્ત સાર્થવાહે તે પુરુષોને આવતા જોઈને હર્ષિત-સંતુષ્ટ થઈને આસનેથી ઉભો થયો, ઉભો થઈને સાત-આઠ પગલા સામે ગયો. પછી આસને બેસવા નિમંત્રણા કરી, કરીને તે પુરુષો આશ્વસ્ત, વિશ્વસ્ત થઈ, ઉત્તમ સુખાસને બેઠા. ત્યારે તેણે તેમને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! મને આજ્ઞા આપો. આપના આવવાનું શું પ્રયોજન છે ?

ત્યારે રાજપુરુષોએ દત્ત સાર્થવાહને કહ્યું – દેવાનુપ્રિય ! અમે તમારી પુત્રી અને કૃષ્ણશ્રીની આત્મજા દેવદત્તા કન્યાની પુષ્પનંદી યુવરાજની પત્નીરૂપે માંગણી

કરીએ છીએ. હે દેવાનુપ્રિય ! જો તમે માનતા હો કે આ યોગ્ય છે, પાત્ર છે, શ્લાધ્ય છે, સદૃશ સંયોગ છે તો દેવદત્તાને પુષ્પનંદિ યુવરાજને આપો. કહો કે અમે તેનું શું શુલ્ક આપીએ ?

ત્યારે દત્તે અભ્યંતર સ્થાનીય પુરુષોને કહ્યું — દેવાનુપ્રિય ! વૈશ્રમણ રાજા મારી પુત્રી નિમિત્તે જે અનુગ્રહ કરે છે, તે જ મારું શુલ્ક છે. પછી તે સ્થાનીય પુરુષોનો વિપુલ પુષ્પ-વસ્ત્ર-ગંધ-માળા-અલંકાર વડે સત્કારી, સન્માનીને વિદાય આપી. ત્યારે તે પુરુષો વૈશ્રમણ રાજા પાસે આવ્યા, આવીને વૈશ્રમણ રાજાને આ અર્થનું નિવેદન કર્યુ.

ત્યારપછી દત્ત ગાથાપતિએ કોઈ દિવસે શોભન તિથિ-કરણ-દિવસ-નક્ષત્ર-મુહૂર્તમાં વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા, કરાવીને મિત્ર, જ્ઞાતિ૦ આમંત્ર્યા. સ્નાન યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, ઉત્તમ સુખાસને બેસી, તે મિત્ર આદિ સાથે પરીવરીને તે વિપુલ અશનાદિને આસ્વાદિત આદિ કરતો રહ્યો. જમીને આચમન કર્યું૦ પછી તે મિત્ર આદિનો વિપુલ ગંધ-પુષ્પ યાવત્ અલંકાર વડે સત્કાર, સન્માન કર્યા. પછી દેવદત્તા કન્યાને સ્નાન કરાવી, વિભૂષિત શરીરી કરી, સહસ્ર પુરુષવાહિની શીબિકામાં બેસાડી, બેસાડીને ઘણાં મિત્ર યાવત્ સાથે પરીવરી સર્વઋદ્ધિ યાવત્ નાદિતરવ સાથે રોહીડ નગરની મધ્યે થઈને વૈશ્રમણ રાજાને ઘેર વૈશ્રમણ રાજા પાસે આવી, બે હાથ જોડી યાવત્ વધાવે છે, વધાવીને વૈશ્રમણ રાજા પાસે દેવદત્તા કન્યાને અર્પણ કરી.

ત્યારપછી તે વૈશ્રમણ રાજા દેવદત્તા કન્યાને પ્રાપ્ત થયેલી જોઈ. જોઈને હર્ષિત-સંતુષ્ટ થઈ વિપુલ અશનાદિને તૈયાર કરાવ્યા, કરાવીને મિત્ર, જ્ઞાતિ૦ આમંત્રે છે યાવત્ સત્કારીને પુષ્પનંદી કુમારને તથા દેવદત્તા કન્યાને બાજોઠે બેસાડ્યા, બેસાડીને ચાંદી-સોનાના કળશો વડે સ્નાન કરાવ્યું, કરાવીને શ્રેષ્ઠ વસ્ત્રાદિ પહેરાવ્યા. પછી અગ્નિનો હોમ કર્યો. પુષ્પનંદી અને દેવદત્તાનું પાણિગ્રહણ કરાવ્યું.

પછી વૈશ્રમણ રાજા, પુષ્પનંદીકુમાર એ દેવદત્તા કન્યાને સર્વઋદ્ધિ યાવત્ રવ સાથે મોટા ઋદ્ધિ-સત્કારના સમુદયથી પાણિગ્રહણ કરાવીને દેવદત્તાના માતા-પિતા, મિત્ર યાવત્ પરિજનોને વિપુલ અશનાદિથી તથા વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર વડે સત્કારી, સન્માની યાવત્ વિદાય આપી. - - ત્યારપછી પુષ્પનંદીકુમાર દેવદત્તા સાથે ઉપરી પ્રાસાદમાં, મૃદંગના અવાજ સાથે, નાટ્યાદિ૦ ભોગોપૂર્વક રહે છે.

ત્યારે તે વૈશ્રમણ રાજા કોઈ દિવસે મૃત્યુ પામ્યો, તેની નીહરણ ક્રિયા કરી યાવત્ પુષ્પનંદી રાજા થયો. પછી પુષ્પનંદી રાજા શ્રીદેવી માતાની ભક્તિથી પ્રતિદિન શ્રીદેવી પાસે આવે છે, આવીને શ્રીદેવીને પાદવંદન કરે છે, પછી શતપાક-સહસ્રપાક તેલ વડે અભ્યંગન કરે છે. અસ્થિ-માંસ-ત્વચા-ચર્મ અને રોમને સુખકારક સંબાધના વડે સંબાધન કરે છે, સુરભિ ગંધચૂર્ણથી ઉદ્વર્તન



કરે છે. ત્રણ પ્રકારના જળથી સ્નાન કરાવે છે. તે આ — ઉષ્ણ, શીત અને ગંધ ઉદક વડે. પછી વિપુલ અશનાદિ ખવડાવે છે. શ્રીદેવી સ્નાન યાવત્ પ્રાયશ્ચિત્ત કરી ભોજન કરે છે, પછી પોતાને સ્થાન આવીને બેસે છે. ત્યારપછી રાજા પોતે સ્નાન કરે છે, ભોજન કરે છે, ઉદાર માનુષી કામભોગ ભોગવતો વિચરે છે.

ત્યારે તે દેવદત્તા રાણીને કોઈ દિવસે મધ્યારત્રિએ કુટુંબ ચિંતાથી જાગતી હતી ત્યારે આ આવો વિચાર ઉત્પન્ન થયો. - નિશ્ચે પુષ્પનંદી રાજા શ્રીદેવીની માતૃભક્તિથી યાવત્ વિચરે છે. તો આ વ્યાક્ષેપથી હું પુષ્પનંદી રાજા સાથે ઉદાર ભોગ ભોગવતી વિચરવા સમર્થ થતી નથી. તો મારે માટે શ્રેયસ્કર છે કે શ્રીદેવીને અગ્નિ-શસ્ત્ર-વિષ-મંત્ર પ્રયોગથી મારી નાંખુ. મારીને પુષ્પનંદી રાજા સાથે ઉદાર ભોગ ભોગવતી વિચરું. આ પ્રમાણે વિચારીને શ્રીદેવીના અંતર આદિ શોધતી વિચરે છે.

ત્યારે તે શ્રીદેવી કોઈ દિવસે મદિરાપાન કરી એકાંતે શય્યામાં સુખે-સુતી હતી. આ તરફ દેવદત્તા રાણી, શ્રીદેવી માતા પાસે આવી, આવી શ્રીદેવી મદ્યપાન કરી એકાંતમાં સુખે સુતેલા જોયા - જોઈને દિશાલોક કર્યો. કરીને ભોજનગૃહમાં આવી, આવીને લોહદંડ લીધો, લોહદંડને તપાવ્યો, તપીને અગ્નિજ્યોતિરૂપ, કિંશુકના ફૂલ સમાન લાલ થયો, તેને સાણસી વડે ગ્રહણ કર્યો. પછી શ્રીદેવી પાસે આવી. આવીને શ્રીદેવીના અપાન સ્થાનમાં દંડ નાંખ્યો. ત્યારે શ્રીદેવી મોટા-મોટા શબ્દોથી બરાડતી મૃત્યુ પામી. ત્યારે શ્રીદેવીની દાસીએ આ બરાડવાના શબ્દો સાંભળી, સમજીને શ્રીદેવી પાસે આવી. દેવદત્તા રાણીને ત્યાંથી પાછી ફરતી જોઈ. ''હા-હા અહો ! અકાર્ય થયું'' એમ કહી, રુદન-કંદન-વિલાપ કરતી પુષ્પનંદી રાજા પાસે આવીને રાજને કહ્યું —

હે સ્વામી ! નિશ્ચે, શ્રીદેવીને દેવદત્તા રાણીએ અકાળે મારી નાંખ્યા છે. ત્યારે પુષ્પનંદી રાજાએ તે દાસી પાસે આ અર્થને સાંભળી, સમજીને મહા માતૃશોકથી સ્પર્શ કરાયેલો એવો કુહાડા વડે કપાયેલ ચંપકવૃક્ષની જેમ ધસ્ કરતો સર્વાંગથી ભૂમિતલે પડ્યો.

ત્યાર પછી પુષ્પનંદી રાજા મુહૂર્ત માત્ર પછી આશ્વસ્ત, વિશ્વસ્ત થઈને ઘણાં રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ તથા મિત્ર યાવત્ પરિજનો સાથે રુદનાદિ કરતો, શ્રીદેવી માતાનું મહાઋદ્ધિ સત્કારપૂર્વક નીહરણ કર્યું, કરીને અતિ ક્રોધિત આદિ થઈ દેવદત્તા રાણીને પુરુષો વડે પકડાવી, તે પ્રકારે વધ્ય કરવાની આજ્ઞા આપી. હે ગૌતમ ! આ પ્રમાણે નિશ્ચે તે દેવદતા રાણી પોતા જુના સંચિત કર્મો અનુભવતી રહી છે.

ભગવન્ ! દેવદત્તા અહીંથી મૃત્યુ અવસરે મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! ૮૦ વર્ષનું પરમાયુ પાળીને કાળ માસે કાળ કરી, આ રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિકપણે ઉપજશે. તેનું સંસાર ભ્રમણ વનસ્પતિકાળ કહેવું. ત્યાંથી અનંતર ઉદ્વર્તીને ગંગપુર નગરે હંસપણે ઉત્પન્ન થશે. તે ત્યાં શાકુનિક

*વડે વધ કરાતા તે જ ગંગપુર નગરમાં શ્રેષ્ઠી કુળમાં ઉત્પન્ન થઈ, બોધિ પામી, દીક્ષા લઈ, સૌધર્મે ઉપજી, મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે. - તેમ હું કહું છું.*

● **વિવેચન-૩૩ :-**

અબ્ભુગ્ગયમૂસિય - અત્યંત ઉચ્ચ, પ્રહસિત-હસવાનો આરંભ કરેલ. મણિકણગરયણચિત્ત-મણિ, સુવર્ણ, રત્નો વડે વિચિત્ર. ''ભવન'' માટે ભવન સૂત્ર જોવું. પંચસયઓ દાઓ - કોટિ હિરણ્ય, કોટિ સુવર્ણ આદિથી પ્રેષણકારિકા સુધીના ૫૦૦-૫૦૦ સિંહસેન કુમારના માતાપિતાએ આપ્યા. તે તેણે પ્રત્યેક પોતાની પત્નીઓને આપ્યા. મહયા-મહા હિમવંત મહા મલય, મંદરાચલ અને મહેન્દ્ર જેવો સારભૂત રાજા.

ओहयजाव० યાવત્ શબ્દથી - અપહત મન સંકલ્પવાળી, ભૂમિ તરફ દૃષ્ટિ રાખેલી, મુખને હસ્તતલે રાખી, આર્ત્તધ્યાનોપગત થઈ. ઉપ્ફેણ ઉપ્ફેણિય-કોપ સહિતના ઉષ્માવચન. [વૃત્તિમાં નોંધેલ પછીના વાક્યો સૂત્ર મુજબ છે] - x - x - x - ઘત્તિહામિ-પ્રયત્ન કરીશ. कत्तोइ - કંઈપણ શરીરને આબાધા — થોડી પીડા, પ્રબાધા-પ્રકૃષ્ટ પીડા (નહીં થાય). पासा० - પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ. - x - x - जुत्तं - સંગત, पत्त - પાત્ર, सलाहणिज्ज - શ્લાઘ્ય, सरिस - વર-વહુનો ઉચિત સંયોગ. - - आयंत - જળ ગ્રહણથી આચમન કર્યુ. ચોક્ષ-સિક્થ લેપાદિને દૂર કર્યો. શું થયું ? અત્યંત પવિત્ર થયા.

ण्हायं० - યાવત્ શબ્દથી - બલિકર્મ કર્યુ, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યા, સર્વાલંકારથી વિભૂષિત થયો. मित्त० યાવત્ શબ્દથી નિજક, સ્વજન, સંબંધી, પરિજન. - - सव्विड्ढिए० યાવત્ શબ્દથી-સર્વધુત્યા-આભરણાદિ સંબંધી અથવા ઉચિત વસ્તુ ઘટના લક્ષણા સર્વ યુક્તિ વડે. સર્વબલ-સર્વ સૈન્ય, સર્વ સમુદાય - પૌરજનોના મીલનથી, સર્વાદર-સર્વોચિત્ત કૃત્ય-કરણરૂપ. સર્વ વિભૂતિ-સર્વ સંપદા, સવ્વ વિભૂસા-સમસ્ત શોભા વડે, સવ્વસંભમ-પ્રમોદકૃત ઉત્સુકતાથી, સર્વ વાદ્યોના શબ્દોના મીલનથી જે સંગત નાદ-મહાન્ ઘોષ.

ઉક્ત ઋદ્ધ્યાદિ અલ્પ પણ હોય, તેથી કહે છે — મહા ઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબલ, મહાસમુદય, મહા વરતુરિય યુગપત્ વાદિંત્ર વડે. આ જ વાતને વિશેષથી કહે છે — શંખ, પ્રણવ, પટહ, ભેરી, ઝલ્લરી, ખરમુખી, હુડુક્ક, મૃદંગ, દુંદુભિના નિર્ઘોષ અને નાદ વડે.

સેયાપીય-ચાંદી અને સોનાના. - x - x - કલ્લાકલ્લિ-રોજ રોજ, ગંધવટ્ટક-ગંધચૂર્ણ. જિમિયભુત્તુત્તરાગયાએ - ભોજન કર્યા પછી, સ્વસ્થાને આવેલ. ઉદાર-મનોજ્ઞ ભોગ ભોગવતો રહ્યો. પુવ્વરત્તાવરત્ત-પૂર્વરાત્ર અને અપરરાત્ર, મધ્યરાત્રિએ. આસુરુત્ત - શીઘ્ર કોપથી વિમોહિત. અહીં ચાર પદ છે — રુટ્ઠ-ઉદિત રોષ, કુવિય - પ્રવૃદ્ધ કોપોદય, ચંડિક્કિય - પ્રકટિત રૌદ્ર રૂપ, મિસિમિસિમાણ-કોપ અગ્નિ વડે દીપતો.

**મુનિ દીપરત્નસાગરે કરેલ
અધ્યયન-૯-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**



## અધ્યયન-૧૦-''ઉંબરદત્ત'' (અંજૂશ્રી)

— x — x — x — x — x — x —

● **સૂત્ર-૩૪ :-**

*અધ્યયન-૧૦-નો ઉત્ક્ષેપ કહેવો. - - જંબૂ ! નિશ્ચે, તે કાળે તે સમયે વર્દ્ધમાનપુર નગર હતું. વિજયવર્દ્ધમાન ઉદ્યાન, માણિભદ્ર યક્ષ, વિજયમિત્ર રાજા. ત્યાં ધનદેવ નામે આઢ્ય સાર્થવાહ, તેને પ્રિયંગુ નામે પત્ની, અંજૂ નામે યાવત્ ઉત્કૃષ્ટ શરીરી પુત્રી. ભગવંત પધાર્યા. પર્ષદા નીકળી યાવત્ પાછી ગઈ. તે કાળે તે સમયે ગૌતમ સ્વામી યાવત્ ભ્રમણ કરતા યાવત્ વિજયમિત્ર રાજાના ઘરની અશોકવાટિકાની કંઈક સમીપથી પસાર થતા જુએ છે કે — એક સ્ત્રી, શુષ્ક-ભુખી-નિર્માંસ-હાડકાં કડકડ કરતી - અસ્થિચર્મથી વીંટાયેલ-ભીની સાડી પહેરેલી-કષ્ટ કારી - કરુણ-વિરૂપ સ્વરે શબ્દ કરતી [સ્ત્રીને] જોઈ.*

*ગૌતમસ્વામીને પૂર્વવત્ વિચાર આવ્યો યાવત્ કહ્યું — ભગવન્ ! તે સ્ત્રી પૂર્વભવે કોણ હતી ? ભગવંતે કહ્યું — હે ગૌતમ ! તે કાળે તે સમયે આ જંબૂદ્વીપના ભરતમાં ઈન્દ્રપુર નગર હતું. ત્યાં રાજા ઈન્દ્રદત્ત અને પૃથ્વીશ્રી ગણિકા હતી. તે ગણિકા ઈન્દ્રપુરનગરના ઘણાં રાજા, ઈશ્વર ઈત્યાદિને ઘણાં ચૂર્ણ પ્રયોગથી યાવત્ અભિયોગથી ઉદાર માનુષ્યસંબંધી કામભોગ ભોગવતી વિચરતી હતી.*

*ત્યારે તે પૃથ્વીશ્રી, આ અશુભ કર્માદિથી ઘણાં કર્મો ઉપાર્જન કરી, ૩૫૦૦ વર્ષનું પરમાયુ પાળી, મૃત્યુ પામી, છઠ્ઠી નરકે ઉત્કૃષ્ટ નૈરયિકપણે ઉપજી. ત્યાંથી ઉદ્વર્તીને આ વર્દ્ધમાનપુરમાં ધનદેવ સાર્થવાહની પ્રિયંગુ પત્નીની કુક્ષિમાં પુત્રીપણે ઉપજી. પછી પ્રિયંગુએ નવ માસે પુત્રી પ્રસવી. અંજૂશ્રી નામ રાખ્યુ. બાકી બધું દેવદત્તાવત્ જાણવું.*

*ત્યારે તે વિજય રાજા અશ્વવાહનિકાએ વૈશ્રમણદત્તની જેમ નીકળ્યો, તે રીતે અંજૂને જોઈ. ફર્ક એ કે ''તેતલી'' માફક પોતાની ભાર્યારૂપે માંગી યાવત્ અંજૂ સાથે ઉપરી પ્રાસાદે યાવત્ વિચરે છે. પછી અંજૂરાણીને કોઈ દિવસે યોનિશૂળ ઉપન્યુ. વિજય રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવી કહ્યું —*

*હે દેવાનુપ્રિયો ! જાઓ, વર્દ્ધમાનપુરના શ્રૃંગાટકાદિએ યાવત્ એમ કહો કે — અંજૂરાણીને યોનિશૂળ ઉત્પન્ન થયું છે. જે કોઈ વૈદ્ય આદિ યાવત્ ઉદ્ઘોષણા કરાવી. ઘણાં વૈદ્ય આદિ આ સાંભળી, સમજીને વિજય રાજા પાસે આવ્યા. આવીને ઘણી ઔત્પાતિકી આદિ બુદ્ધિ વડે અંજૂદેવીના યોનિશૂળને ઉપશામિત કરવા - પરિણામ પામવા ઈચ્છે છે. પણ તેઓ તેને ઉપશામિત કરવામાં સમર્થ-સફળ થયા નહીં.*

*ત્યારપછી તે ઘણાં વૈદ્ય આદિ, જ્યારે અંજૂદેવીના યોનિશૂળને શાંત કરવામાં સફળ ન થયા, ત્યારે શ્રાંત, તાંત, પરિતાંત થઈ જે દિશાથી આવેલા, તે દિશામાં પાછા ગયા. ત્યારે તે અંજૂદેવી તે વેદનાથી પરાભૂત થઈ શુષ્ક, ભૂખી,*

*નિર્માસ, કષ્ટકારી, કરુણ, વિરૂપ સ્વરે વિલાપ કરતી રહી. હે ગૌતમ ! નિશ્ચે, અંજૂદેવી પોતાના જૂના સંચિત કર્મોના ફળને ભોગવતી વિચરે છે.*

*ભગવન્ ! અંજૂદેવી મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! અંજૂદેવી ૯૦ વર્ષનું પરમાયુ પાળી, મૃત્યુ પામી, રત્નપ્રભામાં નૈરયિકપણે ઉપજશે. સંસાર ભ્રમણ પ્રથમ અધ્યયનવત્ જાણવું યાવત્ વનસ્પતિકાળ. ત્યાંથી ચ્યવીને સર્વતોભદ્ર નગરમાં મોરપણે ઉપજશે. શાકુનિક વડે વધ પામી, તે સર્વતોભદ્ર નગરમાં શ્રેષ્ઠીકુળમાં પુત્રપણે ઉપજશે. બાલ્યભાવથી મુક્ત થઈ, તથારૂપ સ્થવિરો પાસે બોધ પામી, દીક્ષા લઈ, સૌધર્મકલ્પે ઉપજશે. ત્યાંથી ચ્યવીને - x - x - મહાવિદેહમાં પહેલા અધ્યયનવત્ મોક્ષે જશે.*

*જંબૂ ! ભગવંત મહાવીરે દુઃખવિપાકના અધ્યયન-૧૦નો આ અર્થ કહ્યો છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૩૪ :-**

'તેતલિ'-નાયાધમ્મકહામાં આવેલ 'તેતલિસુત' નામે અમાત્ય, તેની કથા મુજબ અહીં કહેવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૧૦-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

-- x -- x -- x -- x --

## 卐 શ્રુતસ્કંધ-૧-પૂર્ણ 卐

-- o -- o -- o --



# 卐 શ્રુતસ્કંધ-૨-"સુખવિપાક" 卐

-- o -- o -- o -- o -- o -- o --

● **સૂત્ર-૩૫,૩૬ :-**

*[૩૫] તે કાળે, તે સમયે રાજગૃહ નગરે ગુણશીલ ચૈત્યે સુધર્માસ્વામી પધાર્યા. જંબૂ અણગારે યાવત્ પર્યુપાસના કરતા પૂછ્યું – ભંતે ! જો શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ દુઃખવિપાકનો આ અર્થ કહ્યો છે, તો ભંતે ! શ્રમણ ભગવંતે સુખવિપાકનો શો અર્થ કહ્યો છે ?*

*ત્યારે સુધર્માસ્વામીએ જંબૂ અણગારને કહ્યું – હે જંબૂ ! શ્રમણ યાવત્ સંપ્રાપ્તે સુખવિપાકના દશ અધ્યયનો કહ્યા છે. તે આ –*

*[૩૬] સુબાહુ, ભદ્રનંદી, સુજાત, સુવાસવ, જિનદાસ, ધનપતિ, મહાબલ, ભદ્રનંદી, મહાચંદ્ર અને વરદત્ત.*

## ❀ અધ્યયન-૧-"સુબાહુ" ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૩૭ :-**

*ભંતે ! જો શ્રમણ ભગવંત મહાવીરે સુખવિપાકના દશ અધ્યયનો કહ્યા છે, તો ભંતે ! તેના - x - પહેલા અધ્યયનનો શો અર્થ છે ?*

*ત્યારે સુધર્માસ્વામીએ જંબૂ અણગારને કહ્યું – હે જંબૂ ! તે કાળે, તે સમયે હસ્તીશીર્ષ નગર હતું. તે હસ્તીશીર્ષ નગરની બહાર ઈશાનકોણમાં પુષ્પકરંડક ઉદ્યાન હતું, તે સર્વઋતુક૦ હતું. ત્યાં કૃતવન માલપ્રિય યક્ષનું દિવ્ય યક્ષાયતન હતું. તે નગરમાં અદીનશત્રુ રાજા હતો. તે મહાન્૦ હતો. તે અદીનશત્રુ રાજાને ધારણી આદિ હજાર રાણી અંતઃપુરમાં હતી. તે ધારણી રાણી કોઈ દિવસે તે તેવા પ્રકારના વાસગૃહમાં સ્વપ્નમાં સીંહને જોયો. 'મેઘ'ની જેમ તેનો જન્મ આદિ કહેવું યાવત્ સુબાહુકુમાર ભોગ સમર્થ થયો જાણ્યો. માતાપિતાએ અતિ ઉંચા ૫૦૦ પ્રાસાદાવતંસક કરાવ્યા. ભવન કરાવ્યું. મહાબલ રાજાવત્ કહેવું. વિશેષ એ કે પુષ્પચૂલા આદિ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યા સાથે એક દિવસે પાણિગ્રહણ કરાવ્યું. પૂર્વવત્ ૫૦૦નો દાયજો, યાવત્ ઉપરી પ્રાસાદે યાવત્ વિચરે છે.*

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા. પર્ષદા નીકળી. કોણિકની જેમ અદીનશત્રુ નીકળ્યો. સુબાહુ પણ જમાલી માફક રથ વડે નીકળ્યો યાવત્ ધર્મ કહ્યો. રાજા-પર્ષદા પાછા ગયા.*

*ત્યારે તે સુબાહુકુમાર, ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, અવધારી, હૃષ્ટ-તુષ્ટ થઈ, ઉત્થાનથી ઉઠીને યાવત્ કહ્યું – ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું. આપ દેવાનુપ્રિયની પાસે જેમ ઘણાં રાજા, ઈશ્વર [દીક્ષા લે છે] યાવત્ હે દેવાનુપ્રિય ! હું [તેમ કરવા સમર્થ] નથી, હું આપ દેવાનુપ્રિય પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતિક ગૃહીધર્મ સ્વીકારવા ઈચ્છું છું.*

જેમ સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો. - - ત્યારે તે સુબાહુએ ભગવંત પાસે પાંચ અણુવ્રતિક, સાત શિક્ષાવ્રતિક ગૃહીધર્મ સ્વીકાર્યો. સ્વીકારીને, રથારૂઢ થઈ પાછો ચાલ્યો ગયો.

તે કાળે તે સમયે ભગવંતના જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિએ યાવત્ કહ્યું – અહો ભગવન્ ! સુબાહુકુમાર ઈષ્ટ-ઈષ્ટરૂપ, કાંત-કાંત રૂપ, પ્રિય-પ્રિયરૂપ એ રીતે મનોજ્ઞ, મણામ, સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન અને સુરૂપ છે. ભગવન્ ! તે સુબાહુકુમાર, ઘણાં લોકોને ઈષ્ટ૦ આદિ અને સૌમ્ય છે. ભગવન્ ! સાધુજનને પણ તે ઈષ્ટ૦ આદિ યાવત્ સુરૂપ છે. ભગવન્ ! તેણે આ, આવી, ઉદાર માનુષી ઋદ્ધિ શાથી લબ્ધ-પ્રાપ્ત-અભિસમન્વાગત કરી, અથવા તે પૂર્વભવે કોણ હતો ?

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામે ઋદ્ધ૦ નગર હતું. ત્યાં સુમુખ ગાથાપતિ રહેતો હતો. તે કાળે, તે સમયે ધર્મઘોષ નો જાતિસંપન્ન સ્થવિર યાવત્ ૫૦૦ શ્રમણો સાથે સંપરીવરીને, અનુક્રમે ચાલતા, એક ગામથી બીજે ગામ વિહાર કરતાં હસ્તિનાપુર નગરે, સહસ્રામ્રવન ઉદ્યાનમાં આવ્યા, આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

તે કાળે, તે સમયે ધર્મઘોષ સ્થવિરના શિષ્ય સુદત્તમુનિ ઉદાર યાવત્ વિપુલ લેશ્યી, માસક્ષમણનો નિરંતર તપ કરતા વિચરતા હતા. તે સુદત્ત મુનિએ માસક્ષમણને પારણે પહેલી પોરસીમાં સજ્ઝાય કરી, ગૌતમસ્વામીવત્ બધું કહેવું. ધર્મઘોષ સ્થવિરને પૂછીને યાવત્ ભિક્ષાભ્રમણ કરતા સુમુખ ગાથાપતિના ઘેર પ્રવેશ્યા.

ત્યારે સુમુખ ગૃહપતિ, સુદત્તમુનિને આવતા જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈ, આસનેથી ઉભો થયો, પાદપીઠથી નીચે ઉતર્યો, પાદુકા કાઢી, એકશાટિક ઉત્તરાસંગ કર્યુ, સુદત્તમુનિ તરફ સાત-આઠ પગલાં સામે ગયો. ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણ કરી. વંદન-નમસ્કાર કર્યા, ભોજનગૃહમાં ગયો. જઈને સ્વહસ્તે વિપુલ અશન-પાનાદિ વડે હું પ્રતિલાભીશ એમ વિચારી તુષ્ટ થયો. ત્યારપછી તે સુમુખ ગાથાપતિએ તેવી દ્રવ્ય-દાયક-પ્રતિગ્રાહક શુદ્ધિથી, ત્રિવિધ-ત્રિકરણ શુદ્ધિ વડે સુદત્ત મુનિને પ્રતિલાભતા પોતાનો સંસાર પરિમિત કર્યો, મનુષ્યનું આયુ બાંધ્યું, તેના ઘેર આ પાંચ દિવ્યો પ્રગટ થયા - વસુધારાવૃષ્ટિ, પંચવર્ણી પુષ્પોનો નિપાત, વસ્ત્રોત્ક્ષેપ, આકાશમાં દેવદુંદુભીનો ધ્વનિ ''અહોદાનં અહોદાનં'' એવી ઉદ્‌ઘોષણા. [તે જોઈને–]

હસ્તિનાપુરના શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં ઘણાં લોકો એકબીજાને એમ કહેવા લાગ્યા – હે દેવાનુપ્રિય ! સુમુખ ગાથાપતિ ધન્ય છે, સુકૃતપુન્ય છે, કૃત્‌લક્ષણ છે, મનુષ્યજન્મનું ફળ પામ્યો છે, સુકૃતાર્થ છે. તેથી કરીને હે દેવાનુપ્રિય ! સુમુખ ગાથાપતિ ધન્ય છે.

ત્યારપછી તે સુમુખ ગાથાપતિ ઘણાં સેંકડો વર્ષનું આયુ પાળીને, કાળમાસે



કાળ કરીને આ જ હસ્તીશીર્ષ નગરમાં અદીન-શત્રુ રાજાની ધારણી દેવીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો છે. પછી તે ધારણીદેવી શય્યામાં સુતી-જાગતી ચલિત નિદ્રાવાળી હતી, ત્યારે તેણીએ સ્વપ્નમાં સીંહને જોયો. બાકી પૂર્વવત્. યાવત્ ઉપરી પ્રાસાદે વિચરે છે.

હે ગૌતમ ! નિશ્ચે, સુબાહુ વડે આ, આવા સ્વરૂપની માનુષી રિદ્ધિ લબ્ધ-પ્રાપ્ત-અભિસમન્વાગત કરી છે. ભગવન્ ! શું સુબાહુકુમાર આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને, ઘેરથી નીકળી દીક્ષા લેવાને સમર્થ છે ? હા, સમર્થ છે. ત્યારે ગૌતમસ્વામીએ ભગવંતને વંદન-નમન કર્યા. સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહ્યા.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીર કોઈ દિવસે હસ્તિશીર્ષ નગરના પુષ્પકરંડક ઉદ્યાનના કૃતવનમાયક્ષના યક્ષાયતનથી વિહાર કર્યો, કરીને બહારના જનપદમાં વિચરે છે. - - ત્યારે સુબાહુકુમાર શ્રાવક થયો, તે જીવાજીવનો જ્ઞાતા થઈ યાવત્ પ્રતિલાભતો વિચરે છે.

ત્યારપછી સુબાહુકુમાર કોઈ દિવસે ચૌદશ-આઠમ-પૂનમ-અમાસમાં પૌષધ-શાળાએ આવ્યો. પૌષધશાળા પ્રમાર્જી. પછી ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિને પડીલેહીને દર્ભ-સંસ્તારક પાથર્યો, તેના ઉપર બેસીને અટ્ઠમભક્ત સ્વીકાર્યો, સ્વીકારીને પૌષધશાળામાં પૌષધિક થઈને અટ્ઠમભક્તિક પૌષધનું પાલન કરતો રહ્યો.

ત્યારે તે સુબાહુકુમારને મધ્યરાત્રિ કાળ સમયે ધર્મ-જાગરિકાથી જાગતા આવો વિચાર આવ્યો કે – તે ગ્રામ, નગર યાવત્ સન્નિવેશ ધન્ય છે, જ્યારે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ વિચરે છે. તે રાજા, ઈશ્વર, તલવર આદિ ધન્ય છે, જે શ્રમણ ભગવંત મહાવીર પાસે મુંડ થઈ યાવત્ દીક્ષા લે છે. તે રાજા, ઈશ્વરાદિ ધન્ય છે, જે ભગવંત પાસે પાંચ અણુવ્રત યાવત્ ગૃહીધર્મ સ્વીકારે છે. તે રાજા, ઈશ્વરાદિ ધન્ય છે, જે ભગવંત પાસે ધર્મ સાંભળે છે.

જો તે શ્રમણ ભગવંત મહાવીર અનુક્રમે ચાલતા, એક ગામથી બીજે ગામ ચાલતા, એક ગામથી બીજે ગામ વિચરતા, અહીં આવીને યાવત્ વિચરે તો હું શ્રમણ ભગવંત પાસે મુંડ થઈ યાવત્ દીક્ષા લઉં. ત્યારે ભગવંતે સુબાહુકુમારના આવા આધ્યાત્મિક વિચારને યાવત્ જાણીને અનુક્રમે યાવત્ વિચરતા હસ્તિશીર્ષ નગરના પુષ્પક ઉદ્યાને કૃતવનમાલપ્રિય યક્ષના યક્ષાયતને આવ્યા. આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. પર્ષદા નીકળી. પછી તે સુબાહુ કુમાર પૂર્વવત્ નીકળ્યો તેને અને તે મોટી પર્ષદાને ધર્મ કહ્યો. પર્ષદા, રાજા પાછા ગયા.

ત્યારે સુબાહુકુમારે ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારી, હર્ષિત-સંતુષ્ટ થઈ, મેઘકુમારની જેમ માતા-પિતાને પૂછ્યું. તે પ્રમાણે નિષ્ક્રમણાભિષેક કર્યો યાવત્ અણગાર થયા. [કેવા ?] ઈર્યાસમિત યાવત્ બ્રહ્મચારી. ત્યારપછી તે સુબાહુમુનિ ભગવંતના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકથી આરંભીને અગિયાર

***અંગો ભણ્યા. ઘણાં ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમાદિ તપો વિધાનથી આત્માને ભાવતા, ઘણાં વર્ષનો શ્રામણ્યપર્યાય પાળીને, માસિકી સંલેખના વડે આત્માને આરાધી, અનશન વડે ૬૦ ભક્તોનો છેદીને આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિ પામી, કાળ કરી, સૌધર્મકલ્પે દેવ થયા.***

***તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિનો ક્ષય થતાં અનંતર ચ્યવીને મનુષ્ય ગતિ પામીને, બોધ પામીને તતારૂપ સ્થવિરો પાસે મુંડ થઈ યાવત્ દીક્ષા લેશે. ત્યાં ઘણાં વર્ષો શ્રામણ્ય પાળીને, આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિ પામી, કાળ કરી સનત્કુમાર કલ્પે દેવ થશે. ત્યાંથી મનુષ્ય-ત્યાંથી બ્રહ્મલોકે, ત્યાંથી મનુષ્ય-મહાશુક્રે, ત્યાંથી મનુષ્ય-આનત કલ્પે, ત્યાંથી મનુષ્ય - આરણ કલ્પે, ત્યાંથી મનુષ્ય-સર્વાર્થસિદ્ધે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રે યાવત્ ઋદ્ધિમંત કુળે ઉત્પન્ન થઈ, દૃઢપ્રતિજ્ઞાની જેમ મોક્ષે જશે.***

***હે જંબૂ ! ભગવંત મહાવીરે યાવત્ સુખવિપાકના પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે.***

**● વિવેચન-૩૭ :-**

सव्वोउय० - સર્વઋતુક પુષ્પ-ફળથી સમૃદ્ધ, રમ્ય, નંદનવન સમાન, પ્રાસાદીય આદિ. तारिसगंसि वासभवणंसि-રાજલોક ઉચિત વાસગૃહ. जहा मेघ - નાયાધમ્મકહાના પહેલા અધ્યયન મુજબ. માત્ર અકાલ મેઘનો દોહદ ન કહેવો. सुबाहुकुमार० ૭૨ કળામાં પંડિત થયો, તેના નવ સુપ્ત અંગો જાગૃત થયા - x - x - અઢાર દેશીભાષા વિશારદ, ભોગ સમર્થ, સાહસિક, વિકાલચારી થયો. - x - ભવન-એક ભવન કરાવ્યુ. પ્રાસાદ એટલે પોતાના લંબાઈ કરતા બમણી ઉંચાઈ હોય, ભવન-લંબાઈ અપેક્ષાએ પાદોન ઉંચુ હોય. પ્રાસાદ, પત્નીઓ માટે અને ભવન કુમાર માટે જાણવું.

जहा महाबल - ભગવતીમાં કહેલ મહાબલ કથન મુજબ કહેવું. માત્ર ત્યાં કમલશ્રી આદિ છે, અહીં પુષ્પચૂલાદિ કન્યાઓ કહેવી. पंचसइओ दाओ - ૫૦૦ કોટી રૂપુ ઈત્યાદિ દાન. તેમાં સુબાહુકુમાર પ્રત્યેક ભાર્યાને એક-એક હિરણ્યકોડી આદિ આપે છે. - x - x - x - बत्तीसइबद्ध - બત્રીશ ભક્તિ નિબદ્ધ અથવા બત્રીશ પાત્ર નિબદ્ધ. ગવાતા, લાલિત કરાતા માનુષી કામભોગને અનુભવતો વિચરે છે. जहा कूणिए - ઉવવાઈ સૂત્રમાં કોણિક રાજા ભગવંતને વાંદવાને નીકળ્યો, તેવું વર્ણન અહીં જાણવું.

सुबाहू जहा जमालि - ભગવતી સૂત્રમાં વર્ણિત જમાલિ-ભગવંતને વાંદવાને રથ વડે નીકળ્યો તેમ સુબાહુ પણ નીકળ્યો. યાવત્ શબ્દથી - ભગવંત મહાવીરના છત્રાતિછત્ર, પતાકાતિપતાકા, વિદ્યાચારણ, જૃંભક દેવોનું ચડવું-ઉતરવું જોઈને રથથી નીચે ઉતર્યો, એમ જાણવું.

हट्ठतुट्ठ - અતીહર્ષિત. उट्ठाए० યાવત્ શબ્દથી-ઉઠીને ભગવંતને વંદન-નમન કર્યુ, કરીને - ભગવન્ નિર્ગ્રન્થ પ્રવચનની શ્રધા અને પ્રતીતિ કરું છું. - x - ઈત્યાદિ - x - x - इंदभूइ० યાવત્ શબ્દથી ગૌતમગોત્રીય અણગાર ઈત્યાદિ જાણવું.



इट्ठ - ઈષ્ટ, इट्ठरूव - ઈષ્ટ સ્વરૂપ. कंत - કમનીય, कंतरूव - કમનીય સ્વરૂપ. શોભન અને શોભન સ્વભાવ, આમ હોવા છતાં કોઈ કર્મના દોષતી બીજાને પ્રીતિ ઉપજાવી શકતા નથી, તેથી કહે છે — प्रिय એટલે પ્રેમ ઉત્પાદક, પ્રિયરૂપ-પ્રીતિકારિ સ્વરૂપ. આવું લોકરૂઢિથી પણ થાય, તેથી કહે છે, मनोज्ञ - અંતઃસંવેદનથી શોભનપણે જાણે તે. આવું એકદા પણ થાય, તેથી કહે છે, मणाम - મનથી પુનઃ પુનઃ સ્મરણ કરવો ગમે તે. આ વાતનો વિસ્તાર કરતા કહ્યું, सोम - अरौद्र, સુભગ-વલ્લભ, પિયદંસણ-પ્રેમજનક આકાર. સુરૂપ-શોભન આકાર.

ઉક્ત બધું એક જન અપેક્ષાએ પણ થાય, તેથી કહે છે — ઘણાં લોકોને પણ ઈષ્ટાદિ હતો. આવું સામાન્ય લોકોને આશ્રીને પણ હોય, તેથી કહે છે — સાધુજનને પણ ઈષ્ટ આદિ હતો. - x - x -

किण्णालद्ध - કયા હેતુથી ઉપાર્જિત, पत्त - પ્રાપ્ત, ઉપાર્જિત કરીને પ્રાપ્તિને પામ્યો, अभिसमन्नागत - પ્રાપ્ત થયા પછી કયા હેતુથી ભોગ્યતાને પામ્યો. પૂર્વભવે કોણ હતો ? યાવત્ શબ્દથી નામ શું હતું ?, ગોત્ર શું હતું ? કયા ગામ કે સંનિવેશનો હતો ?, શું દઈને કે ભોગવીને કે આચરીને, કેવા તથારૂપ શ્રમણાદિ પાસે એક પણ આર્ય સુવચન સાંભળી કે અવધારીને સુબાહુએ આવી ઋદ્ધિ આદિ પ્રાપ્ત કરી ?

जाइ संपन्न० યાવત્ શબ્દથી-કુળસંપન્ન, બળસંપન્ન, વિનય-જ્ઞાન-દર્શન-ચારિત્ર-લજ્જા-લાઘવ સંપન્ન ઈત્યાદિ. जहा गोयम० બીજા અધ્યયનમાં દર્શાવિલ ગૌતમસ્વામીની ભિક્ષાચર્યા મુજબ જાણવું. - x - x - પ્રતિલાભીશ માની હર્ષિત થયો કહેવાથી પ્રતિલાભતા હર્ષિત થયો, પ્રતિલાભ્યા પછી પણ હર્ષિત થયો. દ્રવ્યશુદ્ધ-પ્રાશુક, ગ્રાહકશુદ્ધ - ચારિત્રગુણયુક્ત, દાયકશુદ્ધ - ઔદાર્યાદિ ગુણયુક્ત. - x - x -

आइक्खइ - સામાન્યથી કહે છે. भासइ - વિશેષથી કહે છે - x - x - પન્નવેતિ-યુક્તિ વડે બોધ આપે છે, પરૂવેઈ-ભેદથી કહે છે - x - x - अभिगय जीवाजीवे - યાવત્ શબ્દથી-ઉપલબ્ધ પુન્ય-પાપ ઈત્યાદિ, યથા પ્રતિગૃહીત તપોકર્મથી આત્માને ભાવિત કરતા વિચરે છે. - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૧-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ અધ્યયન-૨ થી ૧૦ ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૩૮ [અધ્ય૦૨-ભદ્રનંદિ] :-

*હે જંબૂ ! તે કાળે, તે સમયે ઋષભપુર નગર, સ્તૂભ કરંડક ઉધાન, ધન્ય યક્ષ, ધનાવહ રાજા, સરસ્વતી રાણી, સ્વપ્નદર્શન, રાજાને કથન, પુત્રજન્મ, બાલ્યત્વ, કલાગ્રહણ, યૌવન, પાણિગ્રહણ, દાન, પ્રાસાદ૦ સુબાહુકુમારની જેમ ભોગ વર્ણન. વિશેષ એ કે - ભદ્રનંદિ કુમાર નામ, શ્રીદેવી આદિ ૫૦૦ સાથે લગ્ન. સ્વામી પધાર્યા, શ્રાવક ધર્મ સ્વીકાર. પૂર્વભવ પૃચ્છા. મહાવિદેહમાં પુંડરીકિણી નગરી, વિજય કુમાર, યુગબાહુ તીર્થંકરને પ્રતિલાભવા. મનુષ્યાયુ બાંધવું, અહીં ઉત્પન્ન થવું. બાકી સુબાહુ મુજબ યાવત્ મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈ સર્વે દુઃખોનો અંત કરશે.*

● સૂત્ર-૩૯ [અધ્ય૦૩-સુજાત] :-

*વીરપુરનગર, મનોરમ ઉધાન, વીરકૃષ્ણમિત્ર રાજા, શ્રીદેવી, સુજાતકુમાર, બલશ્રી આદિ ૫૦૦ કન્યા, સ્વામી પધાર્યા, પૂર્વભવપૃચ્છા, ઈષુકાર નગર, ઋષભદેવ ગાથાપતિ, પુષ્પદત્ત અણગારને પ્રતિલાભ્યા. મનુષ્યાયુ બાંધ્યુ, અહીં ઉત્પન્ન થયો યાવત્ મહાવિદેહે મોક્ષે જશે.*

● સૂત્ર-૪૦ [અધ્ય૦૪-સુવાસવ] :-

*વિજયપુરનગર, નંદનવન, મનોરમ ઉધાન, અશોકયક્ષ, વાસવદત્ત રાજા, કૃષ્ણા રાણી, સુવાસવકુમાર, ભદ્રા આદિ ૫૦૦ કન્યા યાવત્ પૂર્વભવે કૌશાંબી નગરી, ધનપાલ રાજા, વૈશ્રમણ ભદ્ર અમગારને પ્રતિલાભ્યા યાવત્ સિદ્ધ થશે.*

● સૂત્ર-૪૧ [અધ્ય૦૫-જિનદાસ] :-

*સૌગંધિકાનગરી, નીલાશોક ઉધાન, સુકાલ યક્ષ, અપ્રતિહત રાજા, સુકન્યા રાણી, મહાચંદ્રકુમાર, અર્હત્તાપત્ની, જિનદાસ પુત્ર, તિર્થંકર આગમન, જિનદાસનો પૂર્વભવ, મધ્યમિકા નગરી, મેઘરથ રાજા, સુધર્મ અણગારને પ્રતિલાભ્યા યાવત્ સિદ્ધ થશે.*

● સૂત્ર-૪૨ [અધ્ય૦૬-વૈશ્રમણ] :-

*કનકપુર નગર, શ્વેતાશોક ઉધાન, વીરભદ્ર યક્ષ, પ્રિયચંદ્ર રાજા, સુભદ્રા રાણી, વૈશ્રમણકુમાર યુવરાજ, શ્રીદેવી આદિ ૫૦૦ કન્યા સાથે પાણિગ્રહણ. તિર્થંકરનું આગમન, ધનપતિ નામે યુવરાજ પુત્ર યાવત્ પૂર્વભવ, મણિવયાનગરી, મિત્ર રાજા, સંભૂતિ વિજય અણગારને પડિલાભ્યા યાવત્ સિદ્ધ થશે.*

● સૂત્ર-૪૩ [અધ્ય૦૭-મહાબલ] :-

*મહાપુર નગર, રક્તાશોક ઉધાન, રક્તપાદ યક્ષ, બલ રાજા, સુભદ્રા રાણી, મહાબલકુમાર, રક્તવતિ આદિ ૫૦૦ કન્યા સાથે પાણિગ્રહણ, તિર્થંકર આગમન યાવત્ પૂર્વભવ-મણિપુર નગર, નાગદત્ત ગાથાપતિ, ઈન્દ્રપુર અણગારને દાન યાવત્ સિદ્ધ.*





● સૂત્ર-૪૪ [અધ્ય૦૮-ભદ્રનંદી] :-

*સુઘોષનગર, દેવરમણ ઉધાન, વીરસેન યક્ષ, અર્જુન રાજા, તપ્તવતી રાણી, ભદ્રનંદી કુમાર, શ્રીદેવી આદિ ૫૦૦ કન્યા યાવત્ પૂર્વભવ - મહાઘોષ નગર, ધર્મઘોષ ગાથાપતિ, ધર્મસીંહ અણગારને પ્રતિલાભ્યા યાવત્ સિદ્ધ થશે.*

● સૂત્ર-૪૫ [અધ્ય૦૯-મહાચંદ્ર] :-

*ચંપાનગરી, પૂર્ણભદ્ર ઉધાન, પૂર્ણભદ્ર યક્ષ, દત્તરાજા, રક્તવતી રાણી, મહાચંદ્ર કુમાર યુવરાજ, શ્રીકાંતા આદિ ૫૦૦ કન્યા, યાવત્ પૂર્વભવ - તિગિંછી નગરી, જિતશત્રુ રાજા, ધર્મવીર્ય અણગારને પ્રતિલાભ્યા યાવત્ સિદ્ધ થશે.*

● સૂત્ર-૪૬ [અધ્ય૦૧૦-વરદત્ત] :-

*દશમાં અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો. હે જંબૂ ! નિશ્ચે, તે કાળે, તે સમયે સાકેત નામે નગર હતું, ઉત્તરકુરુ ઉધાન, પાસમિક યક્ષ, મિત્રનંદી રાજા, શ્રીકાંતા રાણી, વરદત્તકુમાર, વરસેના આદિ ૫૦૦ રાણી, તીર્થંકર આગમન, શ્રાવક ધર્મ સ્વીકાર, પૂર્વભવ પૃચ્છા-મનુષ્ય આયુ બાંધવું, શતદ્વાર નગર, વિમલવાહન રાજા, ધર્મરુચિ અણગારને આવતા જોયા, જોઈને૦ પ્રતિલાભતા મનુષ્યાયુ બાંધી અહીં ઉત્પન્ન થયો. બાકી બધું સુબાહુકુમારવત્ જાણવું. ચિંતા યાવત્ પ્રવ્રજ્યા, કલ્પાંતરિત યાવત્ સર્વાર્થસિદ્ધે૦ પછી મહાવિદેહ ક્ષેત્રમાં દેઢપ્રતિજ્ઞ માફક યાવત્ સિદ્ધ-બુદ્ધ થઈ યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.*

*હે જંબૂ ! શ્રમણ ભગવન્ મહાવીર યાવત્ સંપ્રાપ્તે સુખવિપાકના દશમાં અધ્યયનનો આ અર્થ કહ્યો છે. ભગવન્ ! તે એમજ છે, એમજ છે*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અધ્યયન-૨ થી ૧૦નો અનુવાદ પૂર્ણ થયો**

શ્રુત દેવતાને નમસ્કાર. વિપાકશ્રુતના બે શ્રુતસ્કંધો-દુઃખવિપાક અને સુખવિપાક. તેમાં દુઃવિપાકના દશ અધ્યયનો એકસરા છે, દશ દિવસોમાં તેનો ઉદ્દેશો કરાય છે. એ પ્રમાણે સુખ વિપાક પણ જાણવો. બાકી 'આચાર' સૂત્ર મુજબ છે.

## ૧૧ / વિપાક અંગ સૂત્ર-ટીકાસહિત અનુવાદ પૂર્ણ

# ૪૫-આગમમાંનો ૧૧-અંગસૂત્ર વિભાગ પૂર્ણ

# ૧૨-ઉવવાઈ-ઉપાંગસૂત્ર-૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

૦ उववाइय - ઔપપાતિકનો શબ્દાર્થ શો છે? ઉપપતન તે ઉપપાત-દેવનારક જન્મ અને સિદ્ધિગમન. તેને આશ્રીને કરાયેલ અધ્યયન તે ઔપપાતિક. આ ઉપાંગ છે. આચારાંગનું જ પ્રથમ અધ્યયન ''શસ્ત્રપરિજ્ઞા'' તેના પહેલા ઉદ્દેશામાં આ સૂત્ર છે - ''एवमेगेसिं नो नायं भवइ अत्थि वा मे आया उववाइए, नत्थि वा मे आया उववाइए०'' ઈત્યાદિ. આ સૂત્રમાં જે આત્માના ઔપપાતિકત્વનો નિર્દેશ છે, તેનો વિસ્તાર કરે છે. તેથી અર્થથી અંગના સમીપ ભાવ વડે તે ઉપાંગ છે. તેનો ઉપોદ્ઘાત કહે છે—

**● સૂત્ર-૧ (અધુરુ) :-**

***તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. તે ઋદ્ધિવાળી, નિર્ભય અને સમૃદ્ધ હતી. ત્યાંના લોકો-જાનપદો પ્રમુદિત હતા. જન-મનુષ્યો વડે તે આકીર્ણ હતી. સેંકડો હજારો હળો વડે ખેડાયેલ, સહજપણે સુંદર માર્ગ જેવી લાગતી હતી. ત્યાં કુકડા અને સાંઢના ઘણાં સમૂહો હતા, ઈક્ષુ-જવ-ચોખાથી યુક્ત હતી. ગાય, ભેંસ, ગવેલકની પ્રચુરતા હતી. આચારવાન્ ચૈત્ય અને યુવતીઓના વિવિધ સન્નિવિષ્ટની બહુલતા હતી. તે લાંચીયા, ખીસાકાતરુ, ગ્રંથિભેદકો, ચોરો, કંડરક્ષકોથી રહિત, ક્ષેમ, નિરૂપદ્રવ, સુભિક્ષ, વીશ્વસ્ત સુખાવાસ હતી. અનેક શ્રેણીના કૌટુંબિકની ગીચ વસ્તી હોવા છતાં શાંતિમય હતી. નટ, નર્તક, જલ્લ, મલ્લ, મૌષ્ટિક, વેલંબ, કથક, પ્લવક, લાસક, આખ્યાયક, લંખ, મંખ, તૂણઈલ્લ, તુંબવીણિક, અનેક તાલાચરથી સેવિત હતી. આરામ, ઉદ્યાન, અગડ, તળાવ, દીર્ધિકા, વાપીથી યુક્ત અને નંદનવન સમાન લાગતી હતી.***

**● વિવેચન-૧ (અધુરુ) :-**

અહીં ઘણાં વાચનાભેદો દેખાય છે. તેમાંથી અહીં જે કહ્યું તેની વ્યાખ્યા કરીએ છીએ, બાકીનું બુદ્ધિમાનોએ સ્વયં જાણવું. - x - x - વાક્યાર્થ આ પ્રમાણે - તે કાળે, તે સમયે જેમાં આ નગરી હતી. કાળ અને સમયમાં શો ભેદ ? કાળ એટલે સામાન્યકાળ, વર્તમાન અવસર્પિણીના ચોથા આરારૂપ. સમય, તેમાં વિશેષ છે, જેમાં તે નગરી, તે રાજા અને વર્દ્ધમાન સ્વામી હતા. તે કાળે અવસર્પિણીના ચોથા આરારૂપ હેતુભૂત, તે સમયના વિશેષભૂત હેતુથી ચંપા નામે નગરી હતી. - x - અવસર્પિણીત્વ કાળના વર્ણક ગ્રંથ વર્ણિત વિભૂતિયુક્ત તે ત્યારે ન હતી.

ઋદ્ધ-ભવનાદિથી વૃદ્ધિને પામેલ, સ્તિમિત-ભયરહિત હોવાથી સ્થિર, સમૃદ્ધ-ધનધાન્યાદિ યુક્ત, પ્રમુદિત-હૃષ્ટ, પ્રમોદકારી વસ્તુના સદ્ભાવથી. જના-નગરમાં



રહેનારા લોકો, જાનપદ-જનપદમાં રહેતા કે ત્યાં આવતા પાઠાંતરથી પ્રમુદિત જનયુક્ત ઉદ્યાનો અને જાનપદો જ્યાં છે તે. મનુષ્યજનથી સંકીર્ણ - x - અથવા ગુણવ્યાપતો જન જેમાં છે તે. હલ-હળ, સેંકડો અને હજારો અથવા લાખો, સંકૃષ્ટ-ખેડાયેલી, અવિકૃષ્ટ-નજીકની, લષ્ટ-મનોજ્ઞ-ખેડૂતના અભિમત ફળ સાધનના સમર્થપણાથી. પણ્ણત્ત-યોગ્ય કરાયેલ, બીજ વાવવાની માર્ગ સીમાવાળી અથવા સંકૃષ્ટ આદિ વિશેષણ વાળી, સેતુ-પાણીની નીક હોય તેવા ક્ષેત્રવાળી સીમા જેની છે તે અથવા લાખો હળો વડે ખેડાઈને દૂર સુધી મનોજ્ઞ લાગતી એવી સેતુસીમા જેની કહેવાય છે તે. - આના દ્વારા તે જનપદનું લોક બાહુલ્ય અને ક્ષેત્ર બાહુલ્ય કહ્યું છે.

કુક્કુટ-કુકડા, ષંડેય-સાંઢ, તેના ગ્રામ-સમૂહથી પ્રચૂર, આના વડે લોકનું પ્રમુદિતત્વ બતાવ્યુ. હર્ષિત લોક જ ક્રીડાર્થે કુકડાને પોષે છે અને સાંઢોને કરે છે. યવ-શાલિ-ઈક્ષુ આદિથી વ્યાપ્ત, આના વડે જનપ્રમોદનું કારણ કહ્યું. આવી વસ્તુના અભાવે લોકોને પ્રમોદ ન થાય. જ્યાં ગાય-ભેંસ-ઘેટા આદિ ઘણાં છે. આચારવંત-સુંદર આકારવાળી કે ચિત્રોવાળા જે ચૈત્ય-દેવાયતન અને તરુણી-વૈશ્યાદિ, સન્નિવિષ્ટ-સન્નિવેશન કે પાડાઓ [વસતી સ્થાનો] ઘણાં છે તેવી. પાઠાંતરથી ત્યાં અર્હત્ ચૈત્યો અને વ્રતવાળા લોકોના વિવિધ સન્નિવેશ-રહેઠાણ સ્થાનો ઘણાં છે. અથવા શૌભનયજ્ઞો, આશ્ચર્યકારી ચૈત્યો, યજ્ઞોમાં યૂપચય કે ધુતક્રીડા વિશેષ આશ્રીને ત્યાં ઘણાં નિવેશો છે તેવી નગરી.

ઉત્કોટ-લાંચ લેનારા, ગાત્રાત્-મનુષ્ય શરીર અવયવ વિશેષથી કેડ આદિ પાસેની ગ્રંથિ-કાર્ષાપણ આદિની પોટલી, ભિંદંતિ-છેદે છે તે ગાત્ર ગ્રંથિભેદક, ભટા-ચારભટો, તસ્કર-ચોરી કરનારા, ખંડરક્ષિકા-દંડપાશક કે શુલ્ક લેનારા, આ બધાંથી રહિત. આ વાક્યોથી તેમાં ઉપદ્રવકારીઓનો અભાવ દર્શાવ્યો. ક્ષેમ-અશિવનો અભાવ. નિરુવદ્દવા-નિરુપદ્રવ, રાજાદિ કૃત ઉપદ્રવનો જ્યાં અભાવ છે તેવી.

સુભિક્ખ-જ્યાં ભિક્ષુકોને મનોજ્ઞ, પ્રચુર ભિક્ષા મળે છે તે. તેથી પાખંડીઓ અને ગૃહસ્થોને વિશ્વસ્ત-નિર્ભય કે અનુત્સુક સુખ-સુખસ્વરૂપ અથવા શુભ આવાસ જ્યાં છે. અનેક કોટી-દ્રવ્ય સંખ્યા અથવા સ્વરૂપ પરિમાણ તે અનેક કોટીઓ, તેના વડે - તે કુટુંબોથી આકીર્ણ, તથા સંતુષ્ટ જનોના યોગથી સંતોષવાળી, તેથી જ આ નગરી સુખા કે શુભા છે. - - નટ-નાટક કરનારા, નર્તક-નૃત્ય કરનાર, જલ્લ-વસ્ત્ર આખેલક, બીજા મતે રાજાના સ્તોત્રપાઠક, મલ્લ, મૌષ્ટિક-મુઠ્ઠી વડે પ્રહાર કરનારા મલ્લો, વિડંબક-વિદૂષક, કથક-કથા કહેનાર, પ્લવક-કુદનારા કે તરનારા, લાસક-રાસ ગાનારા, અથવા જય શબ્દ બોલનારા-ભાંડ. આખ્યાયક-શુભાશુભને કહેનારા, લંખ-મોટા વાંસના અગ્ર ભાગે રમનારા, મંખ-ચિત્રફલક હાથમાં લઈ ભિક્ષા માંગનારા, તૂણઈલ્લ-તૂણ નામક વાદ્ય વિશેષ, તંબવીણિકા-વીણા વાદક, તાલાચર-તાળીઓ વડે જોનારથી સેવાતા.

આરામ-જે માધવીલતા ગૃહાદિમાં દંપતીઓ રમે છે તે, ઉદ્યાન-પુષ્પાદિવાળા વૃક્ષસંકુલ, જે ઉત્સવ આદિમાં બહુજન ભોગ્ય છે તે, અગડ-કૂવાડ, તડાગ-તળાવ,

દીર્ઘિકા-સારણી, વપ્પિણી-ક્યારી, આ બધાંની જે રમ્યતાદિ, તેનાથી યુક્ત. - x - નંદનવન-મેરુ પર્વતનું બીજું વન, તેની પ્રભા જેવી પ્રભાથી યુક્ત, એવી તે નગરી.

**● સૂત્ર-૧ (અધુરેથી) :-**

***તે ઉંચી, વિપુલ, ગંભીર ખાઈથી યુક્ત હતી. ચંદ્ર, ગદા, મુસુંઢી, અવરોધ, શતઘ્નિ, ઘન દ્વાર યુગલ વડે તે નગરી દુષ્પ્રવેશ્ય હતી. ધનુષ્ જેવા કુટિલ, વાંકા પ્રાકારથી વીંટાયેલ હતી. પ્રાકાર ઉપર ગોળ કપિશિર્ષકોથી રચિત-સંસ્થિત-શોભતી હતી. અટ્ટાલક, ચરિકા, ગોપુર, તોરણ, ઉન્નત-સુવિભક્ત-રાજમાર્ગ, નિપુણ શિલ્પાચાર્ય નિર્મિત દૃઢ અર્ગલા અને ઈન્દ્રકિલથી યુક્ત હતી.***

**● વિવેચન-૧ (અધુરેથી) :-**

ઉદ્વિદ્ધ-ઉર્ધ્વ, વિપુલ-વિસ્તીર્ણ, ગંભીર, મધ્ય ભાગ પ્રાપ્ત થતો ન હોય, ખાત-ઉપરથી વિસ્તીર્ણ, ખાઈથી યુક્ત હતી. ચક્ર-રથ કે અરઘટ્ટનું અંગ, ગદા-પ્રહરણ વિશેષ, મુસુંઢી-એક પ્રહરણ, અવરોધ-પ્રતોલિ, બારણાની અંદરનું પ્રાકાર સંભવે છે. શતઘ્નિ-મહા યષ્ટિ કે મહાશિલા, જે ઉપરથી પાડવાથી સો પુરુષોને મારી નાંખે છે. યમલ-સમાન સંસ્થિત એવા બે જે કપાટ-દ્વાર, ઘન- નિશ્છિદ્ર. તેથી પ્રવેશ દુષ્કર બને. ધનુઃકુટિલ-કુટિલ ધનુષ્, તેનાથી પણ વક્ર એવા પ્રાકારથી પરિક્ષિપ્ત તતા વર્તુળાકાર કપિશીર્ષકો વડે સંસ્થિત-વિશિષ્ટ સંસ્થાનવત્ શોભતી એવી. અટ્ટાલક-પ્રાકારની ઉપર રહેલ આશ્રય વિશેષ. ચરિકા-આઠ હાથ પ્રમાણ નગર પ્રાકારનો અંતરાલ માર્ગ, દ્વાર-પ્રાકાર દ્વારિકા, ગોપુર-નગરના દ્વાર, તોરણ, ઉન્નત-ગુણવંત અને ઉચ્ચ, સુવિભક્ત-જેનો રાજમાર્ગ વિવિક્ત છે તે. છેયાયરિય-નિપુણ આચાર્ય-શિલ્પી વડે રચિત, દૃઢ-બળવાન્, પરિઘ-આગળીયો, ઈન્દ્રકીલ-ગોપુરના કમાડ ઉપરના ભાલા.

**● સૂત્ર-૧ (અધુરેથી) :-**

***હાટ, વણિક્ ક્ષેત્ર, શિલ્પીના આવાસોથી સુવિધા પૂર્ણ હતી. શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, વાસણ આદિની દુકાનો, વિવિધ વસ્તુઓથી સુશોભિત અને સુરમ્ય હતી. રાજ સવારી નીકળતી રહેવાથી રાજમાર્ગે ભીડ રહેતી હતી. અનેક શ્રેષ્ઠ ઘોડા, મત્ત હાથી, રથસમૂહ, શીબિકા, સ્યંદમાનિકા, યાન, યુગ્મથી આકીર્ણ હતી. ખીલેલા કમળોના વડે શોભિત જળાશય, શ્વેત શ્રેષ્ઠ ભવનોથી સુશોભિત, નિર્નિમેષ નેત્રો વડે પ્રેક્ષણિય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતી.***

**● વિવેચન-૧ (અધુરેથી) :-**

વિપણી-વણિક્ પથ, હાટ માર્ગ, વણિજ-વાણિજ્યનું ક્ષેત્ર-સ્થાન, શિલ્પી-કુંભકાર આદિ તેમના વડે વ્યાપ્ત. તેથી જ લોકોનું પ્રયોજન સિદ્ધ થવાથી લોકોને સુખકારી હોવાથી નિર્વૃતસુખા. બીજી વાચનામાં 'છેત્ત'ને બદલે 'છેય' શબ્દ છે. તેમાં છેક શિલ્પી વડે વ્યાપ્ત અર્થ કર્યો. શ્રૃંગાટક-ત્રિકોણ સ્થાન, ત્રિક-જ્યાં ત્રણ માર્ગો મળે છે તે, ચતુષ્ક-ચાર માર્ગો મળે છે તે, ચત્વર-ઘણાં માર્ગોવાળું સ્થાન, પણિત-ભાંડ, વાસણ-કરીયાણું, આપણ-હાટ, વિવિધ વસ્તુ - અનેક દ્રવ્યો, આ બધાંથી પરિમંડિત,



બીજી પ્રતમાં આટલા શબ્દો વધારે છે :- ચતુર્મુખ-ચતુર્દ્વાર દેવકુલાદિ, મહાપથ-રાજમાર્ગ, પંથ-સામાન્ય માર્ગ. આ શ્રૃંગાટક આદિમાં ભાંડની દુકાનો અથવા વિવિધ વેશ વડે લોકોથી પરિમંડિત.

નરપતિ-રાજા, પ્રવિકીર્ણ-ગમનાગમનથી વ્યાપ્ત, મહિપતિપથ-રાજમાર્ગ અથવા રાજા વડે બીજા રાજાની પ્રભા નિરસ્ત કરાયેલ છે તેવી, અથવા રાજા વડે રાજપ્રભા જ્યાં વિસ્તારાઈ છે તે. અનેક ઉત્તમ અશ્વ, મત્તહાથી, રથ સમૂહ, શિબિકા, સ્યંદમાનિકા, યાન અને યુગ્ય વડે આકીર્ણ-વ્યાપ્ત અથવા અનેક ઉત્તમ અશ્વાદિ જેમાં વ્યાપ્ત છે અને ગુણવાન્ યાન આદિ જેમાં છે તે. તેમાં શિબિકા એટલે કૂટાકારથી આચ્છાદિત જંપાન વિશેષ, સ્યંદમાનિકા-પુરુષ પ્રમાણ જંપાન વિશેષ, યાન-ગાડા આદિ, યુગ્ય-ગોલ્લ દેશ પ્રસિદ્ધ બે હાથ પ્રમાણ અને વેદિકા વડે શોભતી જંપાન.

વિમુકુલ-વિકસેલ કમલ, તાજી નલિની-પદ્મિની વડે શોભિત જળ જ્યાં છે તે. પાંડુર-સુધા ધવલ, વરભવન-પ્રાસાદ, સારી રીતે નિત્ય મહિતા-પૂજિત છે. સૌભાગ્યના અતિશયથી અનિમેષ નયન વડે પ્રેક્ષણીય. પ્રાસાદીય-ચિત્તને પ્રસન્ન કરનારી, દરિસણિજ્જ - જેને જોતાં ચક્ષુ થાકતા નથી, અભિરૂપ-મનોજ્ઞ રૂપ, પડિરૂપ-જોનારને મનમાં વસી જાય તેવી.

**● સૂત્ર-૨ :-**

***તે ચંપાનગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં પૂર્ણભદ્ર નામક ચૈત્ય હતું. તે ચીરકાલીન હતું. પૂર્વપુરુષ કથિત, પ્રાચીન, શબ્દિત, વૃત્તિક, કિર્તિત, જ્ઞાત, છત્ર-ધ્વજ-ઘંટ પતાકા સહિત, પતાકાતિપતાકાથી મંડિત, મોરપીંછીયુક્ત, વેદિકાકૃત, ગોબરાદિથી લિપ્ત ભૂમિવાળું હતું. ત્યાં ગોશીર્ષ-સરસ-રક્ત ચંદનના પાંચે આંગળી અને હથેળી સહિત થાપા હતા. ત્યાં ચંદન કળશો અને ચંદન ચર્ચિત ઘટ હતાં. તેના દ્વારના દેશભાગ તોરણોથી સજાવેલા હતા. જમીનથી ઉપર સુધીના ભાગને સ્પર્શતી મોટી-મોટી, ગોળ અને લાંબી અનેક પુષ્પમાળાઓ હતી. સરસ-સુગંધી પંચવર્ણી પુષ્પોનો ઢેર કરાયેલ હતો. કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક, ધૂપના મઘમઘાટથી તે ઉત્કૃષ્ટ ગંધવાળું અને રમણીય લાગતું હતું. ઉત્તમ સુગંધી ગંધથી ગંધિત અને ગંધવર્તી ભૂત [એવું તે ચૈત્ય લાગતું હતું]***

***[તે ચૈત્ય] નટ, નર્તક, જલ્લ, મલ્લ, મૌષ્ટિક, વેલંબક, પ્લવક, કથક, લાસક, આખ્યાયક, લંખ, મંખ, તૂણઈલ્લ, તુંબવીણિક, ભોજક અને માગધથી યુક્ત હતું. બહુજન જાનપદમાં તેની કિર્તી ફેલાઈ હતી. ઘણાં ઉદાર પુરુષો માટે તે આહુનીય, પ્રાહુણીય, અર્ચનીય, વંદનીય, નમંસણીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનિય, કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ, વિનયપૂર્વક પર્યુપાસનીય, દિવ્ય, સત્ય, સત્યોપાય, સન્નિહિત પ્રાતિહાર્ય, હજારો પ્રકારની પૂજાને પ્રાપ્ત હતું. ઘણાં લોકો ત્યાં આવીને પૂર્ણભદ્ર ચૈત્યની અર્ચના કરતા હતા.***

**● વિવેચન-૨ :-**

તે ચંપાનગરીમાં ઉત્તરપૂર્વ દિગ્ભાગમાં પૂર્ણભદ્ર નામે ચૈત્ય-વ્યંતરાયન હતું.

ચિરમ્-ચિરકાલ, આદિ-નિવેશ, બનેલું. તેથી જ પૂર્વ પુરુષ-અતીત મનુષ્યો વડે પ્રજ્ઞપ્ત-ઉપાદેયપણે પ્રકાશિત હતું. પોરાણ-ઘણા કાળનું હોવાથી પ્રાચીન. શબ્દ-પ્રસિદ્ધિ, તેની હોવાથી શબ્દિત, વિત્ત-દ્રવ્ય, તે જેની હોવાથી વિત્તિક અથવા આશ્રિત લોકોને વૃત્તિ દેનારુ. કીર્તિત-લોકો દ્વારા કીર્તિત અથવા કીર્ત્તિ દેનાર. નાય - ન્યાયનિર્ણાયકત્વથી ન્યાય અથવા જ્ઞાન-લોકોએ તેના પ્રાસાદથી જ્ઞાત સામર્થ્ય અનુભવેલ.

સપડાગાઈપડાગમંડિત-પતાકા અને પતાકાને અતિક્રમતી પતાકાથી અતિપતાકા, તેના વડે મંડિત. સલોમહત્થ-રોમમય પ્રમાજનક યુક્ત. કયવેયદ્દિય-વેદિકા રચેલ લાઈય-જેની ભૂમિ છાણ આદિથી લેપિત છે તે, ઉલ્લોઈય-ચુનાદિ વડે સંમાર્જેલ દીવાલો યુક્ત. તે બંને વડે મહિતપૂજિત. ગોશીર્ષ-સરસરક્તચંદન, દર્દર-હથેળી વડે પાંચે અંગુલી સહિત થાપા મારેલ. ઉપચિત-નિવેશિત, ચંદનકળશ-માંગલ્ય ઘડા. ચંદનઘટ અને સારી રીતે કરેલ તોરણ યુક્ત દ્વારનો દેશભાગ હતો.

આસક્ત-ભૂમિમાં સંબદ્ધ, ઉત્સક્ત-ઉપરિસંબદ્ધ, વિપુલ-વિસ્તીર્ણ, વૃત્ત-વર્તુળ, વગ્ઘારિય-લટકતી, માલ્યદામકલાપ-પુષ્પમાળાસમૂહ. પંચવર્ણી સરસ સુરભિ વડે મુક્ત-ક્ષિપ્ત પુષ્પપુંજલક્ષણ ઉપચાર-પૂજા વડે યુક્ત. કાળો અગરુ આદિ ધૂપની જે મઘમઘતી ગંધ, ઉદ્ધુત-ઉદ્ભૂત, તેના વડે અભિરામ. તેમાં કુંદુરુક્ક-ચીડા, તુરુક્ક-સિલ્હક. સુગંધી એવું જે પ્રવર વાસ (ચૂર્ણ) તેની ગંધ યુક્ત. ગંધવર્તીભૂત-સૌરભ્યના અતિશયથી ગંધદ્રવ્યગુટિકારૂપ [તે પૂર્ણભદ્ર ચૈત્ય હતું]

નડનટ્ટ૦ આદિ પૂર્વવત્, ભુયગ-ભોગી અથવા ભોજક-તેના પુજારી, માગધ-ભાટ. ઘણાં લોકો-નગરના અને જાનપદ-જનપદના લોકોમાં વિશ્રુતકીર્તિક-ખ્યાતિ પ્રસિદ્ધ છે તેવા. બહુજનસ્સ આહુસ્સ-દેવાને. આહ્વનીય-સંપ્રદાનભૂત. પાહુણિજ્જ-પ્રકર્ષથી આહ્વનીય. ચંદન-ગંધ આદિ વડે અર્ચનીય, સ્તુતિ વડે વંદનીય, પ્રણામથી નમંસણીય, પુષ્પ વડે પૂજનીય, વસ્ત્ર વડે સત્કારણિય, બહુમાનવિષયપણાથી સન્માનનીય, कल्लाणं આદિ-કલ્યાણ આદિ બુદ્ધિ વડે વિનયથી પર્યુપાસનીય, કલ્યાણ-અર્થહેતુ, મંગલ-અનર્થ પ્રતિહત હેતુ, દૈવત-દેવ, ચૈત્ય-ઈષ્ટ દેવતા પ્રતિમા, દિવ્વે-દિવ્ય, પ્રધાન. સત્ય-સત્ય આદેશત્વથી, - x - સત્યસેવં-સેવાના સફળ કરવાથી. સન્નિહિત પાડિહેર-દેવતાએ પ્રાતિહાર્ય કરેલ. યાગ-પૂજા વિશેષ, બ્રાહ્મણ પ્રસિદ્ધ, તેના હજાર ભાગ - અંશને સ્વીકારે છે. યાગ-પૂજ વિશેષ, ભાગ-વિંશતિ ભાગ આદિ, દાય-સામાન્ય દાનાનિ. - x -

● સૂત્ર-૩ (અધુરુ) :-

***તે પૂર્ણભદ્ર ચૈત્ય, એક મોટા વનખંડથી ચોતરફથી ઘેરાયેલ હતું. તે વનખંડ કૃષ્ણ-કૃષ્ણાવભાસ, નીલ-નીલાવભાસ, હરિત-હરિતાવભાસ, શીત-શીતાવભાસ, સ્નિગ્ધ-સ્નિગ્ધાવભાસ, તિવ્ર-તિવ્રાવભાસ, કૃષ્ણ-કૃષ્ણછાય, નીલ-નીલછાય, હરિત-હરિતછાય, શીત-શીતછાય, સ્નિગ્ધ-સ્નિગ્ધછાય, તિવ્ર-તિવછાય, ગહન અને સઘન છાયાથી યુક્ત, રમ્ય અને મહામેઘ નિકુરંબ ભૂત હતું.***



● વિવેચન-૩ (અધુરુ) :-

સવ્વઓ - સર્વે દિશામાં, સમન્તાત્-વિદિશામાં. કિણ્હ-કાળો વર્ણ, કિણ્હાવભાસ-કાળી પ્રભા, કાળા જેવી લાગે તે કૃષ્ણાવભાસ. એ પ્રમાણે નીલ-નીલોભાસ આદિ જાણવું. તેમાં નીલ-મયૂરની ડોક જેવું હરિત-પોપટના પુચ્છ જેવું, सीए - શીત, સ્પર્શની અપેક્ષાએ. - x - ણિદ્ધ-સ્નિગ્ધ, રૂક્ષ નહીં. તિવ્વ-વર્ણાદિ ગુણના પ્રકર્ષથી તીવ્ર. કિણ્હેકિણ્હચ્છાય-કૃષ્ણ શબ્દ અને કૃષ્ણચ્છાય આનું વિશેષણ છે, તેથી પુનરુક્તતા નથી. તેથી કહે છે — કૃષ્ણ એવો કૃષ્ણચ્છાય. છાયા-સૂર્યથી આવરણજન્ય વસ્તુ વિશેષ. ઘણકડિય-કડિચ્છાય એટલે અન્યોન્ય શાળાના પ્રવેશથી ઘણી નિરંતર છાયા. महा मेह निकुरंबभूय - મહામેઘના વૃંદ સમાન.

● સૂત્ર-૩ (અધુરેથી) :-

***તે વૃક્ષો ઉત્તમ મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજવાળા હતા. તે વૃક્ષો અનુક્રમે સુજાત, સુંદર, વૃત્તભાવ પરિણત હતા. તે એક સ્કંધ, અનેક શાખા, અનેક શાખા-પ્રશાખાના વિસ્તારવાળા હતા. તેના સઘન, વિસ્તૃત, બદ્ધ સ્કંધો અનેક મનુષ્ય દ્વારા ફેલાયેલ ભુજાઓથી પણ ગૃહીત થઈ શકતા ન હતા. તેના પાંદડા છિદ્ર રહિત, સઘન, અધોમુખ, ઉપદ્રવરહિત હતા. તેના પીળા પાન ઝરી ગયા હતા. નવા-લીલા-ચમકતા પાનની સઘનતાથી ત્યાં અંધારુ અને ગહનતા દેખાતી હતી. નવા-તરુણપાન, કોમલ-ઉજ્જ્વલ-હલતા એવા કિસલય, સુકુમાલ પ્રવાલ વડે શોભિત, ઉત્તમ કુરગ્ર શિખરથી શોભિત હતા.***

***તે નિત્ય કુસુમિત, નિત્ય માયિત, નિત્ય લવયિક, નિત્ય સ્તબકીય, નિત્ય ગુલયિત, નિત્ય ગોચ્છિક, નિત્ય યમલિક, નિત્ય જુવલિક, નિત્ય વિનમિત, નિત્ય પ્રણમિત, નિત્ય કુસુમિત-માયિત-લવકીય-સ્તબકીય-ગુલયિત-ગોચ્છિક-યમલિક-યુવલિક-વિનમિત્-પરણમિત-સુવિભક્ત-પિંડ મંજરી અવતંસક ધારણ કરેલ હતા.***

***પોપટ, મોર, મેના કોયલ, કોહંગક, ભૃંગાસ, કોંડલક, જીવં-જીવક, નંદીમુખ, કપિલ, પિંગલાક્ષ, કારંડ, ચક્રવાક, કલહંસ, સારસ આદિ અનેક પક્ષી ગણ યુગલ દ્વારા કરાતા શબ્દોના ઉન્નત્ત અને મધુર સ્વસલાપ વડે ગુંજિત અને સુરમ્ય હતા. મદમાતા ભ્રમરો તથા ભ્રમરીઓના સમૂહ તથા મકરંદના લોભથી અન્યાન્ય સ્થાનોથી આવેલ વિવિધ જાતિના ભ્રમરની ગુનગુનાહટ વડે તે સ્થાન ગુંજાયમાન હતું.***

***તે વૃક્ષ અંદરથી ફળ-ફુલ વડે અને બહારથી પાન વડે ઢંકાયેલ હતું. પત્ર અને પુષ્પો વડે ઉચ્છન્ન અને પ્રતિવલિચ્છન્ન હતું. તેના ફળ સ્વાદુ, નિરોગી, અકંટક હતા. વિવિધ ગુચ્છ-ગુલ્મ અને ઉત્તમ મંડપથી શોભિત હતું. વિચિત્ર-શુભ ધ્વજા યુક્ત હતું. વાપી-પુષ્કરિણી અને દીર્ઘિકામાં ઝરોખાવાળા સુંદર ભવન બનેલા હતા.***

● વિવેચન-૩ (અધુરેથી) :-

તે વનખંડના વૃક્ષો મૂળમંતાદિ છે. તેમાં કંદ-મૂળની ઉપરનો વૃક્ષનો અવયવ વિશેષ, - x - સ્કંધ-થડ, ત્વક્-છાલ, શાલા-શાખા, પ્રવાલ-પલ્લવના અંકુર, બાકીના પ્રસિદ્ધ છે. ક્યાંક 'હરિયમંત'-પાઠ છે, હરિત-નીલતર પાંદડા. આનુ પૂર્વ્યેણ-મૂળ આદિના ક્રમથી સારી રીતે ઉત્પન્ન, રુચિર, વર્તુળાકારે પરિણત કે પરિગત. અનેક શાખા, પ્રશાખા, વિટપ-તેનો મધ્યભાગ કે વૃક્ષનો વિસ્તાર છે તે. - x - અનેક મનુષ્યોએ સારી રીતે ફેલાવેલ બાહુઓ વડે પણ જે અગ્રાહ્ય છે. ઘન-નિબિડ, વિપુલ-વિસ્તૃત, બદ્ધ-જાત સ્કંધવાળુ. બીજીવાચનામાં આ પદો વધારે છે –

પ્રાચીનપ્રતીચીન-પૂર્વ પશ્ચિમ દિશામાં લાંબી, શાલા-શાખાવાળું, ઉત્તર-દક્ષિણ દિશામાં વિસ્તીર્ણ-વિષ્કંભવાળું, અવનત-અધોમુખ, નત-કંઈક નમેલું, પ્રણત-નમવાને પ્રવૃત્ત. વિશેષથી વિભાગવાળું, અવલંબા-અધોમુખપણે અવલંબમાન, પ્રલંબ-અતિ દીર્ઘ-લાંબી શાખા અને પ્રશાખાવાળું, તેવા પ્રકારે વિટપ-વૃક્ષ વિસ્તાર જેનો છે તેવું. અવાચીનપત્રા-અધોમુખપર્ણવાળી, અનુદ્‌ગીર્ણપત્રા-વૃત્તપણે બહાર ન નીકળેલા પાન.

હવે અધિકૃત્ વાચનાને અનુસરીએ છીએ - અવિરલપત્તા-નિરંતર દલવાળા. અવાઈણપત્તા-અધોમુખ પલાશ અથવા અવાતીન પત્રાવાયુ વડે ઉપહત નહીં તેવા. અણઈયપત્તા-ઈતિરહિત. નિદ્ધૂયજરઢપંડુ પત્તા-જુના પાંડુરપત્રો ઝરી ગયા છે તે. ણવહરિય૦ નવા હરિત વડે ભિસંતત્તિ-દીપતા પત્રભારેણ-દળસંચય વડે અંધકારા-અંધકારવાળા, તેથી જ ગંભીર-ગહન દેખાતા. उवणिग्गय० ઉપનિર્ગતૈર્નવતરુણપત્ર પલ્લવ - અતિ અભનવ પત્ર ગુચ્છ વડે, કોમલ-ઉજ્જ્વલ-હલતા એવા, કિશલય-પત્ર વિશેષથી તથા સુકુમાર પ્રવાલ વડે શોભિત ઉત્તમ અંકુરાદિ યુક્ત. આ અંકુર-પ્રવાલ-પલ્લવ-કિસલય-પત્રોના અલ્પ-બહુ-બહુતરાદિ કાળ વડે કરાયેલ અવસ્થા વિશેષથી વિશેષ સંભવે છે.

णिच्चं कुसुमिया० તેમાં माइय - મયૂરિત, લવઈય-પલ્લવિત, થવઈય-સ્તબકવંત, ગુલઈય-ગુલ્મવંત, ગોચ્છિય-જાતગુચ્છ. જો કે સ્તબક અને ગુચ્છમાં કોઈ ભેદ નામકોશમાં જોવા મળતો નથી, અહીં પુષ્પપત્રકૃત્ વિશેષ ભાવવા. જમલિય-સમશ્રેણિપણે વ્યવસ્થિત છે. જુવલિય-યુગલપણે સ્થિત, વિણમિય-વિશેષથી ફલપુષ્પભારથી નમેલ, પણમિય-તે પ્રમાણે જ નમવા લાગેલ, નિચ્ચંકુસુમિયમાઈય૦ અહીં કેટલાંક કુસુમિતાદિ એક-એક ગુણયુક્ત છે, બીજા સમસ્તગુણયુક્ત છે. સુવિભક્ત-સુવિવિક્ત સુનિષ્પન્નપણે પિંડ્ય-લુંબ અને મંજરી, બંને પ્રસિદ્ધ છે, તે જ અવતંસક-શેખરક, તેને ધારણ કરે છે.

सुयबरहिणमयण० શુક આદિ સારસ સુધીના અનેક પક્ષીઓના ગણોના મિથુન વડે વિરચિત ઉન્નત્તિ શબ્દક અને મધુરસ્વર નાદિત-બોલાયેલ [કરાયેલ સ્વર] જેમાં છે તે. સુરમ્મ-અતિ રમણીય. સંપિંડિયદરિયભમર૦ એકત્રિત ગર્વીષ્ઠ ભ્રમર-ભ્રમરીનો વન પાસે રહેલ સમૂહ થાત પરિલીયમાન-બીજેથી આવીને મત્ત ભ્રમર વડે કરાતો લય. કુસુમાસવલોલા-મકરંદમાં લંપટ, મધુર ગુમગુમ કરતા અને ગુંજતા-શબ્દ વિશેષને ધારણ કરી રહેલા દેશભાગવાળું. ઉચ્છન્નપડિવલિચ્છણ-અતિ



આચ્છાદિત. આ ત્રણ પણ ક્વચિત્ વૃક્ષોના વિશેષણો જણાય છે - સાઉફળ એટલે મિષ્ટ ફળ, નિરોયક-રોગવર્જિત, અકંટક-કંટક રહિત.

ક્યાંક નાનાવિધ ગુચ્છ–ગુલ્મ મંડપરમ્યશોભિત કહ્યું છે – તેમાં ગુચ્છ-વૃંતાકી આદિ, ગુલ્મ-નવમાલિકાદિ, મંડપ-લતા મંડપાદિ, 'રમ્ય' આદિ ક્યાંક નથી પણ દેખાતું. વિચિત્તસુહકેઉભૂત-વિચિત્ર શુભ કેતુ-ધ્વજાને પ્રાપ્ત. પાઠાંતરથી વિચિત્તસુહસેઉકેઉબહુલ-વિચિત્ર શુભ, પાલિબંધ જ્યાં ધ્વજાની બહુલતા છે તે. વાપી-ચતુષ્કોણ, પુષ્કરિણિ-વર્તુળાકાર, દીર્ઘિકા-ઋજુ સારણીમાં સારી રીતે રહેલ રમ્ય જાલગૃહક.

● સૂત્ર-૩ (અધુરેથી) :-

***દૂર-દૂર સુધી જનારી સુગંધના સંચિત પરમાણુને કારણે તે વૃક્ષો પોતાની સુંદર મહેકથી મનહર હતા. તે મહતી સુગંધને છોડતા હતા. તે નાનાવિધ, ગુચ્છ-ગુલ્મ-મંડપગૃહ સુખના સેતુ સમાન અને ઘણી ધ્વજા યુક્ત હતા. અનેક રથ-યાન-યુગ્ય-શિબિકાને રાખવાને માટે ઉપયુક્ત હતા, તે સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતા.***

● વિવેચન-૩ (અધુરેથી) :-

પિંડિમનિહારિમ-પુદ્‌ગલ સમૂહરૂપ, દૂર દેશગામિની અને સુગંધી-સત્ ગંધિક શુભ સુરભિ વડે, બીજી ગંધો વડે તે મનોહર લાગતા હતા. મહતા મોચનપ્રકારથી મહતીગંધ જ ઘ્રાણના હેતુથી તૃપ્તિકારિત્વથી ગંધઘ્રાણિ, તેને છોડતાં. આ વૃક્ષ વિશેષણ છે. આ સિવાયના પણ વિવિધ ગુચ્છ, ગુલ્મ, મંડપ ગૃહો જેમાં છે, તથા શુભ સેતુ-માર્ગ કે વિશ્રામ સ્થાનો છે, જેમાં ઘણી ધ્વજાઓ છે. અનેક રથ આદિને રાખવા માટે ઉપયુક્ત, વિસ્તીર્ણ સ્થાન હતા. સુરમ્ય, પ્રાસાદીય આદિ વૃક્ષના વિશેષણો છે. બીજી વાચનામાં આ જ વૃક્ષ વિશેષણો વનખંડના વિશેષણપણે જોવા મળે છે.

● સૂત્ર-૪ :-

***તે વનખંડના બહુમધ્ય દેશભાગમાં એક મોટું ઉત્તમ એવું અશોકવૃક્ષ હતું. તેનું મૂળ ડાભ અને તૃણોથી રહિત હતું. તે વૃક્ષ ઉત્તમ મૂળ, કંદ યાવત્ પર્યાપ્ત સ્થાનવાળું, સુરમ્ય-પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ અને પ્રતિરૂપ હતું.***

● વિવેચન-૪ :-

અશોકવૃક્ષનું વર્ણન ક્વચિત્ આટલું વધારે જોવા મળે છે - ભૂમિમાં અતિ અવગાઢ જેના કંદ અને મૂલ છે તથા વર્તુળ, મનોજ્ઞ, વિશિષ્ટ સંસ્થાન, સંગત, નિબિડ, મૃદુ, સ્નિગ્ધ, સારી રીતે ઉત્પન્ન થયેલ, વિકાર રહિત, અતિશય ઉંચો અને પ્રધાન જેનો સ્કંધ-થડ છે. જે અનેક મનુષ્યોની પ્રવર ભુજા-પ્રલંબ બાહુ-હાથ વડે અગ્રાહ્ય-આશ્લેષી ન શકાય તેવું છે. તથા કુસુમ-પુષ્પોથી ભરેલ, કંઈક નમેલા પત્રવાળી વિશાળ જેની શાખા છે. મધુકરી અને ભ્રમણગણ વડે 'ગુમગુમ' શબ્દ કરેલ, બેસતા અને ઉડતા એવા તેઓની શોભાથી જે યુક્ત છે, વિવિધ પ્રકારના પક્ષી ગણોના જે યુગલ, તેઓના સુમધુર અને કાનને સુખકારી જે બોલાતા શબ્દો તેના

વડે જે મધુર-મનોજ્ઞ છે [તેવું આ અશોકવૃક્ષ છે.]

હવે અધિકૃત્ વાચના-કુશ એટલે દર્ભ, વિકુશ-વલ્વજ આદિ, તેનાથી વિશુદ્ધ-રહિત, વૃક્ષને અનુરૂપ અર્થાત્ વૃક્ષનું વિસ્તાર-પ્રમાણ મૂળ-સમીપ છે. ‘મૂલમંત’ આદિ વિશેષણ પૂર્વવત્ કહેવા.

**● સૂત્ર-૪ (અધુરેથી) :-**

***તે ઉત્તમ અશોકવૃક્ષ, બીજા પણ ઘણાં તિલક, લકુચ, ક્ષત્રોપ, શિરીષ, સપ્તવર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, અર્જુન, નીપ, કુટજ, સવ્ય, ફણસ, દાડિમ, શાલ, તાલ, તમાલ, પ્રિયક, પ્રિયંગ, પૂરોપગ, રાયવૃક્ષ અને નંદિવૃક્ષ વડે ચારે તરફથી ઘેરાયેલું છે. તે તિલક, લકુચ યાવત્ નંદિવૃક્ષોના મૂળ ડાભ અને બીજા પ્રકારના તૃણાદિથી રહિત છે. તેના મૂલ, કંદ આદિ દશે ઉત્તમ પ્રકારના છે યાવત્ રથાદિ માટેના પર્યાપ્ત સ્થાનવાળા, સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.***

***તે તિલક યાવત્ નંદિવૃક્ષ બીજી ઘણી પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા, વનલતા, વાસંતિકલતા, અતિમુક્તકલતા, કુંદલતા અને શ્યામલતાથી ચોતરફથી ઘેરાયેલ છે તે પદ્મલતાદિ નિત્ય કુસુમિત યાવત્ અવતંસકધારી, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.***

**● વિવેચન-૪ (અધુરેથી) :-**

તે ઉત્તમ અશોકવૃક્ષ બીજા ઘણાં તિલક, લકુચાદિથી ઘેરાયેલ છે. તેમાં સપ્તપર્ણ-છદ પર્યાય અને પત્રનામકથી અયુક્, ચંદન-મલયજ પર્યાય, અર્જુન-કકુસપર્યાય, નીપ-કદંબ, કુટજ-ગિરિમલ્લિકાપર્યાય, શાલ-સર્જપર્યાય, તાલ-તૃણરાજ પર્યાય, પ્રિયક-અસનપ્રર્યાય, પિયંગુ-શ્યામપર્યાય, નંદિવૃક્ષ-રૂઢિથી જાણવા. પદ્મલતા સુધી બધુ સુગમ છે.

પદ્મલતા-સ્થળજ કમલિની અથવા પદ્મક નામક વૃક્ષલતા. નાગ આદિ વૃક્ષ વિશેષ, તેની લતા. તેમાં અશોક-કંકેલી, ચૂત-સહકાર, વન-પીલુક, વાસંતીલતા અને અતિમુક્તકલતા એકાર્થક છે, છતાં અહીં ભેદ છે, તે રૂઢિથી જાણવો. શ્યામા-પ્રિયંગુ. શેષ લતા રૂઢિથી જાણવી.

બીજી પ્રતમાં અશોકવૃક્ષ વર્ણન આ પ્રમાણે છે - તે ઉત્તમ અશોકવૃક્ષની ઉપર ઘણાં આઠ-આઠ મંગલ કહ્યા છે. અહીં આઠ-આઠ એમ વીપ્સાકરણથી પ્રત્યેક તે આઠ છે, એમ વૃદ્ધો કહે છે. બીજા કહે છે આઠ અને આઠ મંગલ એ બંને સંખ્યા છે. તે આ રીતે – સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય અને દર્પણ. તેમાં શ્રીવત્સ-તીર્થંકરના હૃદયના અવયવ વિશેષનો આકાર છે. નંદ્યાવર્ત-પ્રતિદિક્ નવકોણ, વર્ધમાનક-શરાવલુ, બીજા મતે પુરુષારૂઢ પુરુષ, ભદ્રાસન-સિંહાસન, દર્પણ-અરીસો. સ્વસ્તિક વિશેષ રૂઢિથી જાણવું. બાકી પ્રસિદ્ધ છે. સર્વે રત્નમય, આકાશસ્ફટિકવત્ સ્વચ્છ છે, શ્લક્ષ્ણ પુદ્ગલથી નિર્વૃત્ત હોવાથી શ્લક્ષ્ણ, મસૃણ, ઘસીને બનાવેલ પ્રતિમા જેવા ઘૃષ્ટ, સુકુમાર પ્રતિમાવત્ મૃષ્ટ અથવા પ્રમાર્જનિકા વડે



શોધિત, તેથી જ રજરહિત, નિર્મલ-કઠિન મળરહિત, નિષ્પંક-આર્દ્રમલ રહિત, નિરાવરણ દીપ્તિવાળા, પ્રભા સહિત, કિરણસહિત, નજીકની વસ્તુને ઉદ્યોત કરનાર છે.

તે ઉત્તમ અશોકવૃક્ષની ઉપર ઘણાં કૃષ્ણવર્ણી ચામરયુક્ત ધ્વજ છે, નીલ-લોહિત-શુક્લ-હાલિદ્ર ચામરયુક્ત ધ્વજો છે. જે સ્વચ્છ, શ્લક્ષ્ણ છે, રુપાની પતાકા પટવાળા, વજ્રના દંડયુક્ત, કમળની માફક નિર્દોષ ગંધવાળા, સુરમ્ય અને પ્રાસાદીય છે, તે ઉત્તમ અશોકવૃક્ષ ઉપર ઘણાં ઉપર-ઉપર રહેલ આતપત્રો, પતાકા ઉપર રહેલ પાતાક, ઘંટયુગલ, ચામરયુગલ, નીલોત્પલ સમૂહ, સૂર્યવિકાસી કમળ, ચંદ્રવિકાસી કમળ, કુસુમ સમૂહ, પાદાંતરથી નલિન સમૂહ, સુભગ અને સૌગંધિક સમૂહ, શ્વેત પદ્મ, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

**● સૂત્ર-૫ :-**

***તે ઉત્તમ અશોકવૃક્ષની નીચે, તેના તળની કંઈક નજીક, એક મોટો પૃથ્વીશિલાપટ્ટક હતો. તેની લંબાઈ-પહોળાઈ-ઉંચાઈ સુપ્રમાણ હતી. તે કાળો, અંજન-ઘન-કૃપાણ-કુવલય-બલરામું વસ્ત્ર, આકાશ, કેશ, કાજળની ડબ્બી, ખંજન, શીંગડુ, રિષ્ટકરત્ન, જાંબુના ફળ, બીયક, સણબંધણ, નીલકમલના પત્રોની રાશિ, અલસીના ફૂલ સદૃશ પ્રભાવાળો હતો. નીલમણિ, કસૌટી, કમરબંધના ચામડાના પટ્ટા, આંખોની કીકી, આ બધાંની રાશિ જેવો તેનો વર્ણ હતો. તે સ્નિગ્ધ અને ઘન હતો. તેના આઠ ખૂણા હતા, તે દર્પણના તલ સમાન સુરમ્ય હતો. તેની ઉપર ઈહામૃગ, વૃષભ, તુરગ, નર, મકર, વિહગ, વાલગ, કિન્નર, રુરુ, સરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતાના ચિત્રો હતા. તેનો સ્પર્શ આજિનક, રૂ, બૂર, નવનીત, તૂલ સમાન હતો. તે શિલાપટ્ટક સીંહાસન સંસ્થિત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતો.***

**● વિવેચન-૫ :-**

ईसिं खंध समल्लाण - સ્કંધની થોડી નજીક. ઉત્તમ અશોકવૃક્ષની નીચે એક મોટો. વિષ્કંભ-પહોળાઈ, આયામ-લંબાઈ, ઉત્સેધ-ઉચ્ચત્વ, સુપ્રમાણ-ઉચિતપ્રમાણ. કિણ્હ-કાળો, તેથી જ अंजनकवाण० સમાન. તેમાં અંજનક એ વનસ્પતિ વિશેષ છે. હલધરકોસેજ્જ-બલદેવનું વસ્ત્ર, કજ્જલાંગી-કાજળનું ગૃહ, શ્રૃંગભેદ-મહિષાદિના શીંગડાનો છેદ, રિષ્ઠક-રત્ન, અશનક-બીજક નામક વનસ્પતિ, સનબંધન-સનપુષ્પવૃંત. મરકત-રત્ન, મસાર-મસૃણીકારક પાષાણ વિશેષ. તે અહીં કષપટ્ટ સંભવે છે. કલિત્તંતિ-કમરનો ચર્મપટ્ટ, નયનકીકા-નેત્ર મધ્યની કીકી, તેની રાશિ-સમૂહ જેવો કાળો વર્ણ. સ્નિગ્ધઘન, અષ્ટશિરા-અષ્ટકોણ.

आयंसतलोवमे सुरम्मे० તેમાં ઈહામૃગ-વૃક, વ્યાલક-શ્વાપદ ભુજગ. - - આજિનક-ચર્મમય વસ્ત્ર, રૂ, બુર-વનસ્પતિ વિશેષ, તૂલ-અર્કતૂલ, સીહાસણસંઠિય-સિંહાસનાકાર, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ. બીજી વાચનામાં વળી શિલાપટ્ટક વર્ણન કંઈક જુદુ દેખાય છે – અંજનક, ઘન, કુવલય, હલધરના વસ્ત્ર સમાન ઘન મેઘ, આકાશ, કેશ, કાજળ, કર્કેતન, ઈન્દ્રનીલ, અતસીમા ફૂલ સમાન. ભૃંગ, અંજન,

શ્રૃંગભેદ, રિષ્ઠક, નીલગુલિક, અવગલાતિરેક, ભ્રમર, મેઘ સમાન. અહીં ભૃંગ એટલે કીડો કે અંગાર વિશેષ છે. અંજન-સૌવીરાંજન, શ્રૃંગભેદ-વિષાણ છેદ કે વિષાણ વિશેષ, રિષ્ઠ-કાક કે ફળ વિશેષ અથવા અરિષ્ઠનીલ રત્નવિશેષ, ગુલિકા-વર્ણ દ્રવ્ય વિશેષ, ગવલ-ભેંસનું શીંગડુ આ બધાંથી અતિરેક નીલપણાથી અતિરેકવાન્. તે ભ્રમરના સમૂહરૂપ છે. - x - x - સ્નિગ્ધ-ઘન, તેથી જ અશુષિર. પ્રતિરૂપ-રૂપવંત, તેથી જ દર્શનયોગ્ય. મુક્તાજાલખચિતાંતકર્મ-મુક્તા જાલક પરિગત પ્રાંત.

**● સૂત્ર-૬ :-**

***તે ચંપાનગરીમાં કૂણિક નામે રાજા વસતો હતો. તે મહા હિમવંત પર્વતની સમાન મહંત, મલય-મેરુ અને મહેન્દ્ર પર્વત સદૃશ પ્રધાન હતો. અત્યંત વિશુદ્ધ દીર્ઘ રાજકુલ વંશમાં જન્મેલો હતો. નિરંતર રાજલક્ષણ વિરાજિત અંગોપાંગયુક્ત હતો. ઘણાં લોકો દ્વારા બહુમાન્ય અને પૂજિત હતો. સર્વગુણ સમૃદ્ધ હતો. તે ક્ષત્રિય, મુદ્રિત, મૂદ્ધાભિષેક, ઉત્તમ માતાપિતાથી સારી રીતે ઉત્પન્ન હતો. તે કરુણાશીલ, સીમંકર, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, મનુષ્યોમાં ઈન્દ્ર સમાન, જનપદમાં પિતૃતુલ્ય, જનપદપાલક, જનપદ પુરોહિત, સેતુકર, કેતુકર, નરપ્રવર, ઉત્તમ પુરુષ, પુરુષસીંહ, પુરુષવ્યાઘ્ર, પુરુષોમાં આશીવિષ, પુરુષોમાં પુંડરીક સમાન, પુરુષોમાં વર ગંધહસ્તિ સમ હતો.***

***તે આઢ્ય, દિપ્ત, વિત્ત હતો. વિસ્તીર્ણ-વિપુલ એવા ભવન, શયન, આસન, યાન, વાહનથી પર્યાપ્ત હતો. તેની પાસે વિપુલ ધન, ઘણાં જાત્યરૂપ રજત, આયોગ-પ્રયોગ સંપ્રયુક્ત હતો. તેને ત્યાં ભોજન-પાન બાદ ઘણું અન્ન બચતું હતું. તેને ત્યાં ઘણાં દાસી, દાસ, ગાય, ભેસ, ઘેટા આદિ હતા. પ્રતિપૂર્ણ યંત્ર, કોશ, કોષ્ઠાગાર, આયુધાગાર, સૈન્ય હતું. તેણે શત્રુ અને પ્રતિસ્પર્ધીઓને શક્તિહીન બનાવી દીધા હતા. તે અપહત કંટક, નિહત કંટક, મલિય કંટક, ઉદ્ધૃત કંટક, અકંટક હતો. અપહતશત્રુ, નિહતશત્રુ, મલિયશત્રુ, ઉદ્ધૃતશત્રુ, નિર્જિતશત્રુ, પરાજિતશત્રુ હતો. તે દુર્ભિજરહિત, મારિભયથી મુક્ત, ક્ષેમ, શિવ, સુભિક્ષ, શત્રુકૃત્ વિઘ્નથી રહિત એવા રાજ્યનું પ્રશાસન કરતો વિચરતો હતો.***

**● વિવેચન-૬ :-**

રાજાનું વર્ણન કરે છે — મહા હિમવંત સમાન શેષ રાજપર્વતની અપેક્ષાએ મહાન્ હતો. મલય-પર્વત વિશેષ, મંદર-મેરુ, મહેન્દ્ર પર્વત વિશેષ અથવા શક્ર, તેની જેમ સાર-પ્રધાન હતો. અત્યંત વિશુદ્ધ-નિર્દોષ, દીર્ઘ-ચિરકાલીન જે રાજાઓના કુલરૂપ વંશ, તેમાં સારી રીતે જન્મેલ હતો. રાજલક્ષણ-સ્વસ્તિકાદિ વડે વિરાજિત અંગમંગ-ગાત્ર વાળો હતો. મુદિત-પ્રમોદવાન્ અથવા નિર્દોષ માતૃક હતો. કહ્યું છે કે — મુદિત, જે યોનિશુદ્ધ હોય. પિતા-પિતામહાદિ વડે અથવા રાજા વડે રાજ્યમાં અભિષિક્ત કરાયેલ હતો. પિતાના વિનીતપણે સત્પુત્ર હતો.

તે દયાપત્ત-કરુણાગુણ પ્રાપ્ત હતો. સીમંકર-મર્યાદાકારી, સીમંધર-કરેલ મર્યાદાનું પાલન કરનાર હતો. ક્ષેમ-અનુપદ્રવતાનો કરનાર અને પાલક હતો. મણુસ્સિંદ-



મનુષ્યોમાં પરમેશ્વરપણે હતો. જણવયપિય-હિતકારી હોવાથી જનપદોના પિતા જેવો હતો. તેના રક્ષકપણાથી જનપદ પાલક હતો. જનપદના શાંતિકરપણાથી જનપદ પુરોહિત હતો. સેતુકર-માર્ગદર્શક. કેતુકર-અદ્‌ભુત કાર્યકારિત્વથી ચિહ્ન કરી. મનુષ્યોમાં પ્રવર હતો.

પુરુષવર-પુરુષો મધ્યે પ્રધાન, ક્રૂરપણાથી પુરુષસીંહ, રૌદ્ર રૂપત્વથી પુરુષવ્યાઘ્ર, પુરુષ એવો આશીવિષ-સર્પ, કોપને સફળ કરવાના સામર્થ્યથી પુરુષાશીવિષ, સુખાર્થીને સેવ્ય હોવાથી પુરુષ પુંડરીક-શ્વેતકમળ, પ્રત્યેક રાજ-ગજના ભંજકપણાથી પુરુષવર-ગંધહસ્તિ. આઢ્ય-સમૃદ્ધ, દૃપ્ત-દર્પવાન્, વિત્ત-પ્રસિદ્ધ. વિસ્તીર્ણ-વિસ્તારવંત, વિપુલ-પ્રભૂત. ભવન-શયન-આસનયુક્ત. યાનવાહન-રથ, અશ્વાદિ. આકીર્ણ-ગુણ વડે આકીર્ણ અથવા વિસ્તીર્ણ વિપુલ ભવન, શયન, આસન, યાન, વાહનથી આકીર્ણ. બહુ-પ્રભૂત, ધન-ગણિમાદિ, ઘણાં જાતરૂપ-રજત અર્થાત્ સોનું-રૂપું આયોગ-અર્થલાભના, પ્રયોગ-ઉપાય, સંપ્રયુક્ત-જેણે પ્રવૃત્ત કર્યા છે તે અથવા તેના વડે વ્યાપૃત.

વિચ્છર્દિત-ત્યક્ત, ઘણાં લોકોના ભોજન અને દાન પછી પણ બચેલ કે છડેલ હોવાના સંભવથી, અથવા જેને ત્યાં વિવિધ પ્રકારે પ્રચુર ભોજન-પાન હોય છે તેવો. ઘણાં દાસી, દાસ ઈત્યાદિ યુક્ત. પ્રતિપૂર્ણ યંત્ર-પત્થર ફેંકવાના યંત્રાદિ, કોશ-ભાંડાગાર, કોષ્ઠાગાર-ધાન્યગૃહ, આયુધાગાર-પ્રહરણશાળા. બલવ-પ્રભૂત સૈન્ય. દુબ્બલ પચ્ચામિત્ત-દુર્બલ, પ્રત્યમિત્ર-શત્રુ કે વિરોધી રાજા. [જેના શત્રુ દુર્બલ થયા છે તે.]

ઓહય-ઉપહત, વિનાશિત. કંટક-પ્રતિસ્પર્દ્ધિ ગોત્રજ. અથવા આ વિશેષણ છે. એ પ્રમાણે બીજા પણ જાણવા. નિહત-સમૃદ્ધિનો અપહાર કરાયેલ. મલિત-માનભંગ કરાયેલ, ઉદ્ધૃત-દેશથી નિર્વાસિત કરેલ. તેથી જ અવિદ્યમાન તથા શત્રુ-અગોત્રજ, નિર્જિત-સ્વ સૌંદર્ય અતિશયથી પરિભૂત, પરાજિત-તેવા રાજ્યના ઉપાર્જનમાં સંભાવના ભંગ કરાયેલા. - x - ડિંબ-વિઘ્ન, ડમર-રાજકુમારાદિ વડે કરાયેલ વૈરાજ્યાદિ. ક્યાંક ''પસંતાહિયડમર'' એવો પાઠ પણ છે. તેમાં અહિત-એટલે શત્રુકૃત્ વિડ્‌વર કે અધિક વિડ્‌વર. પસાસેમાણે-પાલન કરતો કે વિચરે છે. - x -

**● સૂત્ર-૭ :-**

***તે કૂણિક રાજાને ધારિણી નામે રાણી [પત્ની] હતી. તે સુકુમાલ હાથપગવાળી, અહીન-પ્રતિપૂર્ણ-પંચેન્દ્રિયશરીરી, લક્ષણ-વ્યંજન-ગુણથી યુક્ત, માન-ઉન્માન-પ્રમાણથી પ્રતિપૂર્ણ, સુજાત-સર્વાંગ-સુંદર અંગવાળી, શશિવત્ સૌમ્યાકાર, કાંત અને પ્રિયદર્શન-વાળી, સુરૂપ, હથેળીમાં આવી જાય તેવી પ્રશસ્ત ત્રિવલિતથી વલિત કમરવાળી, કુંડલ વડે ઉદ્દિપ્ત કપોલ રેખા, શરદપૂર્ણિમાના ચંદ્રમા સદૃશ, નિર્મળ પરિપૂર્ણ તથા સૌમ્ય વદનવાળી હતી. શ્રૃંગારના ઘર જેવી, સુંદર વેશભૂષાવાળી, સંગત-ગત-હસિત-ભણિત-વિહિત-વિલાસ-સલલિત-સંલાપ-નિપુણ યુક્તોપચાર કુશલ, પ્રાસાદીયા, દર્શનીયા, અભિરૂપા અને પ્રતિરૂપા હતી. ભંભસારપુત્ર કોણિક રાજામાં અનુરક્ત, અવિરક્ત, ઈષ્ટ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-***

*ગંધયુક્ત પંચવિધ, માનુષી કામભોગોને અનુભવતી વિચરતી હતી.*

**● વિવેચન-૭ :-**

રાણીનું વર્ણન લખે છે :- અહીન-અન્યૂન, લક્ષણથી. પૂર્ણ-સ્વરૂપથી અથવા પુણ્ય-પવિત્ર પાંચે ઈન્દ્રિયો, જેમાં તથાવિધ શરીર જેનું છે તે. લક્ષણ-સ્વસ્તિક, ચક્રાદિ. વ્યંજન-મષિ, તિલક. ગુણ-પ્રશસ્તત્વ, તેનાથી ઉપપેત-યુક્ત. માન-જલદ્રોણ-પ્રમાણતા. કઈ રીતે ? જળથી પૂર્ણ ભરેલ કુંડમાં માપવા યોગ્ય મનુષ્યને બેસાડતા, જે જળ નીકળે છે, તે જો દ્રોણમાન છે, ત્યારે તે મનુષ્ય માનપ્રાપ્ત કહેવાય છે. ઉન્માન-અર્દ્ધભાર પ્રમાણતા. કઈ રીતે ? તુલામાં આરોપિત મનુષ્ય, જે અર્દ્ધભાર વડે તોલાય, ત્યારે તેને ઉન્માન પ્રાપ્ત કહેવાય છે. પ્રમાણ-સ્વ અંગુલથી ૧૦૮ અંગુલ, ઉંચાઈ. તે માન-ઉન્માન-પ્રમાણથી પ્રતિપૂર્ણ-અન્યૂન. સુજાત-સુનિષ્પન્ન. સર્વે અંગો-શિરઃપ્રભૃતિ, સુંદર અંગ-શરીરવાળી.

ચંદ્રવત્ સૌમ્યાકાર - કાંત, કમનીય, તેથી જ પ્રિયવલ્લભ દર્શન-રૂપ જેની છે તે. સુરૂવ-શોભનરૂપ. મધ્ય-મધ્યભાગ. કુંડલુલ્લિહિય-કુંડલો વડે ઉલ્લિખિત, ગંડલેખા-કપાળની વલીઓ - x - કૌમુદી-ચંદ્રિકા કે કાર્તિકી, તત્પ્રધાન કે તેનો જે રજનીકર-ચંદ્ર, તેની જેમ વિમલ, પ્રતિપૂર્ણ અને સૌમ્ય વદનવાળી. શ્રૃંગાર-રસવિશેષના આગાર-સ્થાન જેવી, ચારુ-શોભન વેશયુક્ત અથવા શ્રૃંગાર-મંડન ભૂષણના આટોપથી પ્રધાન, આકાર-સંસ્થાન અને ચારુવેષવાળી. સંગત-ઉચિત, હસિત-હાસ્ય, ભણિત-વાણી, વિહિત-ચેષ્ટા, વિલાસ-નેત્રચેષ્ટા. સહલલિતેન-પ્રસન્નપણે જે સંલાપ-પરસ્પર ભાષણરૂપ. તેમાં નિપુણ એવી.

યુક્ત-સંગત, જે ઉપચાર-લોકવ્યવહાર, તેમાં કુશલ. ક્યાંક આ બીજી રીતે છે — સુંદર સ્તન, જઘન, વદન, હાથ, પગ, નયન, લાવણ્ય, વિલાસયુક્ત. વિલાસ એટલે - સ્થાને કે આસને જતા, હાથ-ભ્રમર-નેત્રકર્મથી જે વિશેષ ઉત્પન્ન થાય તે શ્લિષ્ટને વિલાસ કહે છે. - x - x -

**● સૂત્ર-૮ :-**

*તે કોણિક રાજાને એક પુરુષ વિપુલ વેતનથી ભગવંતની પ્રવૃત્તિના [ગમનાગમનના] સમાચાર આપવાને, ભગવંતની દૈવસિક પ્રવૃત્તિ નિવેદન માટે રાખેલ હતો. તે પુરુષે બીજા ઘણાં પુરુષોને દૈનિક ભોજન તથા વેતન આપીને ભગવંતના ગમનાગમન તથા ભગવતની દૈનિક પ્રવૃત્તિના નિવેદનને માટે રાખેલા હતા.*

**● વિવેચન-૮ :-**

વિઉલકયવિત્તિએ - વિહિત પ્રભૂતજીવિક. વૃત્તિ પ્રમાણ-સાડા બાર હજાર રજતમુદ્રા. કહ્યું છે — માંડલિકો હજારનું પ્રીતિદાન અને આગમનમાં લાખનું દાન આપે છે. પ્રવૃત્તિવ્યાપૃત-વાર્તાનિવેદક, દૈવસિક-દિવસે અપાય તે દૈવસિક. ‘‘ભગવન્ અમુક નગરમાં વિહરે છે કે આવે છે.’’ તેનું નિવેદન કરે છે. દત્તભૃતિભક્તવેતન-મૂલ્ય, ભૃતિ-કાર્ષાપણાદિ.



**● સૂત્ર-૯ :-**

*તે કાળે, તે સમયે ભંભસારપુત્ર કોણિક રાજા બહારની ઉપસ્થાનશાળામાં અનેક ગણનાયક, દંડનાયક, રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, મંત્રિ, મહામંત્રિ, ગણક, દૌવારિક, અમાત્ય, ચેટ, પીઠમર્દક, નગર-નિગમ-શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલ સાથે પરીવરીને વિચરતો હતો.*

**● વિવેચન-૯ :-**

ભંભસારપુત્ર-શ્રેણિક રાજાનો પુત્ર. અનેક ગણનાયક-પ્રજામાં મહત્તર, દંડનાયક-તંત્રપાલ, રાજા-માંડલિક, ઈશ્વર-યુવરાજ અથવા અણિમાદિ ઐશ્વર્યયુક્ત, તલવર-ખુશ થયેલ રાજાએ આપેલ પટ્ટબંધથી વિભૂષિત રાજસ્થાનીયા, માડંબિક-છિન્નમડંબાધિપતિ, કૌટુંબિક-કેટલાંક કુટુંબનો મુખીયો, મહામંત્રી-મંત્રીમંડલના પ્રધાન અથવા હસ્તિ સાધનનો ઉપરી, ગણક-જ્યોતિષ્ક અથવા ભાંડાગારિક, દૌવારિક-પ્રતીહારક અથવા રાજ દ્વારપાળ, અમાત્ય-રાજ્ય અધિષ્ઠાયક, ચેટ-સેવક, પીઠમર્દક-આસન્ન સેવારત પુરુષ, વયસ્ય, નગર-નગરવાસી પ્રજા, નિગમ-કારણિક કે વણિક્, શ્રેષ્ઠી-શ્રી દેવતા અધ્યાસિત સુવર્ણપટ્ટ વિભૂષિત મસ્તકવાળા, સેનાપતિ-રાજા દ્વારા નિરૂપિત ચતુરંગ સૈન્ય નાયક, સાર્થવાહ-સાર્થવાહક, દૂતરાજાના આદેશનું બીજાનું નિવેદન કરનાર, સંધિપાલ-રાજ્ય સંધિ રક્ષક. આ બધાંથી સહિત અને ચોતરફથી પરિવૃત્ત હતો.

**● સૂત્ર-૧૦ (અધુરું) :-**

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર, જે આદિકર, તિર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસીંહ, પુરુષવરપુંડરીક, પુરુષવર-ગંધહસ્તી, અભયદાયક, ચક્ષુદાયક, માર્ગદાયક, શરણદાયક, જીવદાયક, દ્વીપ-ત્રાણ-શરણ-ગતી-પ્રતીષ્ઠા, ધર્મવરચાતુરંત ચક્રવર્તી, અપ્રતિહત વર જ્ઞાન-દર્શનધર, વિવૃત્તછદ્મા, જિન-જાપક, તીર્ણ-તારક, મુક્ત-મોચક, બુદ્ધ-બોધક, સર્વજ્ઞ, સર્વદર્શી, શિવ-અચલ-અરુજ-અનંત-અક્ષય-અવ્યાબાધ-અપુનરાવર્તિક, સિદ્ધિ ગતિ નામરૂપ સ્થાનને પ્રાપ્તિની કામનાવાળા, અરહંત, જિન, કેવલી, સાત હાથ ઉંચા, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, વજ્રઋષભનારાચ સંઘયણી, અનુલોમ-વાયુવેગ, કંકગ્રહણી, કપોતપરિણામી, શકુનિ-પોષ-પૃષ્ટિઅંતર-ઉરુપરિણત....*

**● વિવેચન-૧૦ :-**

ભગવંત મહાવીરનું વર્ણન લખે છે. શ્રમણ-મહાતપસ્વી અથવા અંતિમ જિનનું બીજું નામ. ભગવન્-સમગ્ર ઐશ્વર્યાદિ યુક્ત, મહાવીર-દેવાદિકૃત્ ઉપસર્ગાદિમાં અચલિત સત્ત્વતાથી દેવે પ્રતિષ્ઠિત કરેલ નામ. આદિકર-શ્રુતધર્મને પ્રથમપણે કરવાના સ્વભાવવાળા. તીર્થંકર-સંઘને કરનારા, સહસંબુદ્ધ-સ્વયં જ સમ્યગ્ બોધ પામેલ, કઈ રીતે ? તે કહે છે :- પુરુષોત્તમ - તથાવિધ અતિશય સંબંધથી પુરુષપ્રધાન, ત્રણ ઉપમા વડે ઉત્તમત્વ કહે છે — શૌર્ય અતિશયતાથી ‘પુરુષસિંહ’, પુરુષ જ વર પુંડરીક-શ્વેતપદ્મ તે પુરુષવર પુંડરીક, એમની શ્વેતતા સર્વ અશુભ મલી-મસ રહિતપણાથી છે.

એ રીતે પુરુષવરગંધહસ્તી-એમની ગંધહસ્તિતા, સામાન્ય હાથી કરતા વિશેષતાથી તથા બીજા શત્રુ, દુર્ભિક્ષ, જનમારી આદિ દુરિતના વિનાશપણાથી છે.

અભયદય-પ્રાણ અપહાર કરવામાં રસિક અને ઉપસર્ગકારી એવા પ્રાણીને પણ ભય આપતા નથી અથવા સર્વપ્રાણીના ભયના પરિહારવાળી દયા જેને છે તે. તેઓ માત્ર આ અનર્થને કરતા નથી તેમ નહીં, પણ અર્થને પણ કરે છે તે દર્શાવે છે :- ચક્ષુ-શ્રુતજ્ઞાન, તેને આપે છે તે ચક્ષુર્દય. જેમ લોકમાં ચક્ષુ આપીને વાંછિત સ્થાન માર્ગ દેખાડવા મહાઉપકારી થાય છે તેમ અહીં પણ દર્શાવે છે - માર્ગ એટલે સમ્યગ્ દર્શનાદિ મોક્ષ પથ આપે છે તેથી માર્ગદાતા. જેમ લોકમાં ચક્ષુને ઉઘાડવા અને માર્ગ-દર્શન કરીને ચોર આદિ વિલુપ્ત ધનથી નિરૂપદ્રવ સ્થાન પ્રાપ્ત કરાવતા પરમોપકારી થાય તેમ અહીં પણ બતાવતા કહે છે — शरणदय - નિરુપદ્રવ સ્થાનદાયક અર્થાત્ નિર્વાણ. જેમ લોકમાં ચક્ષુ-માર્ગ-શરણદાનથી દુઃખમાં રહેલને જીવન આપે છે, તેમ અહીં પણ દર્શાવતા કહે છે —

જીવન તે જીવ-ભાવ પ્રાણ ધારણ અર્થાત્ અમરણધર્મત્વ, તેને આપે તે જીવદાતા. અથવા જીવોમાં જેને દાય છે તે જીવદય. તથા દીપની જેમ સમસ્ત વસ્તુ પ્રકાશક અથવા દ્વીપ-સંસાર સાગર અંતર્ગત્ શરીરીઓને વિવિધ દુઃખરૂપ કલ્લોલ અભિઘાત દુઃસ્થિતને આશ્વાસ્ય હેતુપણે છે. ત્રાણ-અનર્થ પ્રતિઘાતના હેતુપણાથી. શરણ-અર્થસંપાદન, તેના હેતુપણાથી શરણ. ગતિ-દુઃખમાં સ્થિતથી સુખસ્થિતતાર્થનો આશ્રય કરાય તે. પ્રતિષ્ઠ-જેમાં પ્રતિષ્ઠા થાય તે. પ્રતિષ્ઠા-સંસારમાં પડતા પ્રાણિવર્ગને આધારરૂપ. ત્રણ બાજુ સમુદ્ર અને ચોથો હિમવાન્, આ ચાર પૃથ્વી પર્યન્ત, તેના સ્વામીપણે થાય તે ચાતુરંત. તેવા આ ચક્રવર્તી તે ચાતુરંત ચક્રવર્તી. - x - સર્વ રાજામાં અતિશયી. તે ધર્મના વિષયમાં હોવાથી ધર્મવર ચાતુરંત ચક્રવર્તી-બધાં ધર્મપ્રણેતા મધ્યે અતિશયવાળા હોવાથી.

અપ્રતિહત-કટ આદિથી અસ્ખલિત, અવિસંવાદક. તેથી જ ક્ષાયિકત્વથી વર-પ્રધાન, જ્ઞાનદર્શન-કેવલલક્ષણરૂપને ધારણ કરે છે તે. કઈ રીતે ? વ્યાવૃત્તછદ્મા-નિવૃત્ત જ્ઞાનાદિ આવરણ કે નિર્માય. તે રાગાદિના જયથી થાય, તેથી કહે છે - जिन - રાગાદિને જિતનાર. રાગ આદિ સ્વરૂપાદિના જ્ઞાનથી કહે છે - जाणए - જ્ઞાયક, રાગાદિ સંબંધી સ્વરૂપ-કારણ-ફળના જ્ઞાતા. તેથી જ તીર્ણ-સંસાર સાગરથી. બીજાને તરવાના ઉપદેશક હોવાથી તારક. બાહ્ય અભ્યંતર ગ્રન્થ કે કર્મબંધનથી મુક્ત, તેના ઉપદેશવર્તીત્વથી મોચક. બોધ પામેલ છે માટે બુદ્ધ, બીજાને બોધ આપવાથી બોધક. આ ભવસ્થાશ્રિત વિશેષણ કહ્યા.

હવે સિદ્ધાવસ્થાશ્રિત કહે છે. જ્ઞાન-વિશેષ બોધ, દર્શન-સામાન્ય બોધ. ‘‘સિદ્ધાવસ્થામાં પુરુષને કંઈ જ્ઞાન ન થાય’’ આ મતનો નિરાસ કરે છે. शिव - સર્વોપદ્રવ રહિત, अचल - ચલન રહિતતાથી. અરુજ-રોગાભાવ. અનંત-અનંતાર્થ વિષય જ્ઞાનથી. અક્ષય-નાશરહિત, અથવા પરિપૂર્ણત્વથી. અવ્યાબાધ-અપીડાકારી. અપુનરાવર્તક-પુનર્ભવનો અભાવ. સિદ્ધિગતિ પ્રશસ્ત નામ, સ્થાન-ક્ષીણકર્મી જીવોનું





સ્વરૂપ કે લોકાગ્ર. - x - સંપ્રાપ્તુકામ-તેને અપ્રાપ્ત - x -

અરહ-અશોકાદિ મહાપૂજાને યોગ્ય. અથવા સર્વજ્ઞત્વથી જેને અવિદ્યમાન રહસ્-એકાંત, પ્રચ્છન્ન છે તે. કેવલ-સંપૂર્ણ શુદ્ધ કે અનંત જ્ઞાનાદિ જેને છે તે કેવલી. તેથી જ સર્વજ્ઞ, સર્વદર્શી છે. સાત હાથ પ્રમાણ. सम - તુલ્ય, નીચે અને ઉપરની કાયા લક્ષણયુક્ત હોવી તે. ચતુરસ્ર-પ્રધાન લક્ષણ યુક્તપણાથી સમચતુરસ્ર એવું સંસ્થાન-આકાર વડે સંસ્થિત. વજ્રઋષભનારાચસંહનન-પ્રથમ સંહનન. અનુલોમ-અનુકૂળ, વાયુવેગ-શરીરમાંનો વાયુ. કંક-પક્ષી, તેની ગ્રહણી-ગુદાશય, જેને નીરોગપણે છે, કવોય-કપોતપક્ષઋદ્ધિ, તેની જેમ પરિણામ-આહાર પચવારૂપ છે. કહેવાય છે કે કપોતને પત્થર પણ પચી જાય છે. શકુનિ-પક્ષી માફક, પોસ-અપાનદેશ, પુરુષના ઉત્સર્ગથી નિર્લેપપણે જેને છે તે. - x - ઉરૂ-જંઘા, પરિણત-વિશિષ્ટ પરિણામ યુક્ત.

**● સૂત્ર-૧૦ (અધુરેથી) :-**

***ભગવંતનું મુખ પદ્મ તથા ઉત્પલ નામક સુગંધી દ્રવ્ય, જેવી સુરભિમય નિઃશ્વાસથી યુક્ત હતા. ઉત્તમ ત્વચા યુક્ત, નીરોગી, ઉત્તમ-પ્રશસ્ત અતિશય શ્વેત માંસ યુક્ત, જલ્લ-મલ્લ-કલંક-સ્વેદ-રજ-દોષ વર્જિત શરીરી હોવાથી નિરૂપલેપ, દીપ્તિથી ઉદ્યોતિત અંગયુક્ત, ઘન-નિચિત-સુબદ્ધ-લક્ષણમય-કૂટાગાર સમાન ઉન્નત અગ્ર મસ્તકવાળા. બારીક રેશાથી ભરેલ સેમલના ફળ ફાટવાથી નીકળતા રેસા જેવા કોમળ, વિશદ, પ્રશસ્ત, સૂક્ષ્મ, શ્લક્ષ્ણ, સુરભી, સુંદર, ભુજમોચક, નીલમ, ભૃંગ, નીલ, કજ્જલ, પ્રહૃષ્ટ, ભ્રમરવૃંદ જેવા ચમકતા કાળા, ઘન, ઘુંઘરાળા, પ્રદક્ષિણાવર્ત કેશ-વાળ ભગવંતના મસ્તક ઉપર હતા.***

***દાડમના પુષ્પ, સુવર્ણ સમાન, નિર્મળ, સુસ્નિગ્ધ એવી વાળની ત્વચાભૂમિ હતી. ઘન, નિચિત, છત્રાકાર મસ્તક દેશ હતો. નિર્વ્રણ, સમ, લષ્ટ, મૃષ્ટ, અર્ધચંદ્ર સમ લલાટ હતું. પ્રતિપૂર્ણ ચંદ્ર સમાન સૌમ્ય વદન હતું. આલીન-પ્રમાણયુક્ત કાન ઘણાં શોભતા હતા. પીન-માંસલ કપોલ દેશભાગ હતો. તેમની ભ્રમરો કંઈક ખેંચાયેલા ધનુષ્ સમાન સુંદર, કાળા વાદળની રેખા સમાન કૃશ, કાળી અને સ્નિગ્ધ હતી. તેમના નયન ખીલેલા પુંડરીક સમાન હતા. તેમની આંખો કમળની જેમ વિકસિત, ધવલ તથા પત્રલ હતી. નાક ગરુડ માફક ઋજુ અને ઉન્નત્ત હતું. ઉપચિત, શિલ પ્રવાલ, બિંબફળ સદેશ તેમના હોઠ હતા. પાંડુર, ચંદ્રનો ટુકડો, વિમલ, નિર્મળ, શંખ, ગોક્ષીરના ફીણ, કુંદ, જલકણ, મૃણાલિ, ધવલ દંત શ્રેણિ હતી. તેમના દાંત અખંડ, અસ્ફુટિત, અવિરલ, સુસ્નિગ્ધ, સુજાત હતા. અનેક દાંત એક દંતશ્રેણિ સમાન લાગતા હતા. તેમની જિહ્વા અને તાલુ અગ્નિમાં તપાવેલ અને જળથી ધોયેલ સ્વર્ણ સમાન લાલ હતા...***

**● વિવેચન-૧૦ (અધુરેથી) :-**

પદ્મ-કમલ, ઉત્પલ-નીલોત્પલ અથવા પદ્મક નામનું ગંધ દ્રવ્ય અને ઉત્પલ-ઉત્પલકુષ્ઠ, તે બંનેની સુગંધ સમાન જેનો શ્વાસવાયુ હતો. તેના વડે સુરભિ વદન-

મુખ જેનું છે તે. છવી-સુકુમારત્વચા યુક્ત. નિરાતંક-નીરોગ, ઉત્તમ-પ્રશસ્ત અતિ શ્વેત, નિરૂપમ, પલ-માંસ. પાઠાંતરથી તલ-રૂપ જેનું છે તે. અતિશ્રેય-અત્યંત પ્રશસ્ય.

જલ્લમલ્લ-સ્વલ્પ પ્રયત્નથી દૂર થાય તેવો મલ્લ. કલંકદુષ્ટ તિલકાદિ, સ્વેદ-પ્રસ્વેદ, રજ-રેણુ, તેનો જે દોષ-માલિન્યકરણ, તેના વડે વર્જિત, શરીર જેનું છે તે. તેથી જ નિરુપલેપ છે. છાયા-દીપ્તિ વડે ઉદ્યોતિત-પ્રકાશિત અંગવાળા. ઘનનિચિત-અતિ નિબિડ અથવા ઘનવત્-લોઢાના ઘણ સમાન, નિચિત-સુબદ્ધ સુષ્ઠુ સ્નાયુબદ્ધ પ્રશસ્ત લક્ષણ, કૂટ-પર્વત શિખરના આકાર-સંસ્થાન વડે નિભ-સદૃશ છે. પિંડિક-પાષાણ પિંડિક સમાન અગ્ર-ઉષ્ણીષ લક્ષણ જેનું છે તે. જેનું આવા પ્રકારનું મસ્તક છે, તે ઘનનિચિતાદિ વિશેષણ શિરસ્ક.

सामलिबोंडघण० શાલ્મલિ-વૃક્ષ વિશેષ, તેનું જે બોંડ-ફળ, ઘનનિચિત્-અતી નિબિડ, છોટિત-સ્ફોટિત, તેની જેમ મૃદુ-સુકુમાર અને વિશદા-વ્યક્ત અને પ્રશસ્ત-શુભ, સૂક્ષ્મ-શ્લક્ષ્ણ, લક્ષણ-લાક્ષણિક, સુગંધિ-સુરભિ. સુંદર-શોભન, ભુજમોચક-રત્ન વિશેષ સમાન, ભૃંગ-એક કીડો કે અંગાર વિશેષવત્. નૈલ-નીલીવિકાર અથવા ભૃંગનેલવત્, કજ્જલ-મષીવત્, પ્રહૃષ્ટ ભ્રમરગણવત્, સ્નિગ્ધ-કૃષ્ણચ્છાય, નિકુરુંબ-સમૂહ જેનો છે તે. નિચિત-નિબિડ, કુંચિત-કુંડલીભૂત, પ્રદક્ષિણાવર્ત્ત, મૂર્દ્ધનિ-મસ્તકમાં, શિરોજ-બાલવાળા.

दालिमपुप्फप्पगास० દાડમના પુષ્પનો પ્રકાશ અર્થાત્ રક્ત, તપનીયસદૃશ-રક્ત સુવર્ણ જેવો વર્ણ, નિર્મળ, સુસ્નિગ્ધ કેશાંતવાળ સમીપની કેશભૂમિ-કેશ ઉત્પત્તિ સ્થાનરૂપ મસ્તકની ત્વચાવાળા. છત્રાકાર મસ્તક દેશ, ઉન્નતત્વના સાધર્મ્યથી છે. નિર્વ્રણ-વિસ્ફોટક આદિ કૃત ક્ષતરહિત, સમ-અવિષમમત, લષ્ટ-મનોજ્ઞ, મૃષ્ટ-શુદ્ધ, અર્ધચંદ્ર સમ-ચંદ્રના ટુકડા જેવું લલાટ જેમનું છે તે.

પ્રતિપૂર્ણ ચંદ્ર સમાન સૌમ્યવદનવાળા. આલીન, પ્રમાણયુક્ત-સ્વપ્રમાણોપેત શ્રવણ-કાન જેના છે તે. સુશ્રવણ-શોભન શ્રવણ વ્યાપાર. પીન-અકૃશ, તેથી માંસલ-સમાંસ, કપોલ-ગંડ હોવાથી તેના મુખનો દેશભાગ [પણ માંસલ છે]. આનામિત-કંઈક નમેલ, જે ચાપ-ધનુષ્ય, તેની જેમ રુચિર-મનોજ્ઞ, કૃષ્ણાભ્રરાજીવ-કાળી મેઘરેખા સમાન પાતળી કૃષ્ણ-કાળી, સ્નિગ્ધ-સુચ્છાય, ભ્રુ-ભ્રમર જેની તે. બીજી વાંચનામાં થોડો ફેર છે તે મુજબ :- સંસ્થિત - તે સંસ્થાનવાળી, સંગત-ઉચિત, આયત-દીર્ઘ, સુજાત-સુનિષ્પન્ન ભ્રમર જેમની છે તે.

અવદાલિત-સૂર્ય વડે વિકાસિત જે પુંડરીક-શ્વેતપદ્મ, તેના જેવા નયનવાળા. તેથી જ કોકાસિયત્તિ-કમળની જેમ વિકસિત, ધવલ અને ક્વચિત્ દેશે પત્રલ-પાંખવાળી આંખો જેમની છે તે. ગરુડની જેમ આયત-લાંબી, ઋજ્વી-અવક્ર, તુંગ-ઉન્નત્ત, નાસા-નાસિકાવાળો. ઉઅચિઅત્તિ-પરિકર્મિત, જે શિલારૂપ પ્રવાલ-વિદ્રુમ, બિંબફળ-ચણોઠી, તે બંને સદૃશ લાલ અને મધ્યમાં ઉન્નત્ત અધરોષ્ઠ-નીચેના હોઠવાળા.

પાંડુર-અકલંક, જે શશિશકલ-ચંદ્ર ખંડ, વિમલ મધ્યે નિર્મળ, જે શંખ, ગાયના દૂધના ફીણ, કુંદ-પુષ્પવિશેષ, ઉદકરજ-જલકણ, મૃણાલિકા-કમળની નાળ,



તેની જેવી ધવલ દંતશ્રેણિ. અખંડ-અજર્જરિત-ઘન-સુસ્નિગ્ધ-સમ્યગ્નિષ્પન્ન, એક દંત શ્રેણિ જેવા અનેક દાંત. હુતવહ-અગ્નિ વડે નિર્ધ્માત-દગ્ધમલ, ધૌત-જળથી પ્રક્ષાલિત, તપ્ત સુવર્ણની જેવા રક્તતલ-લાલ લાલ તાળવું અને જીભ જેમની છે તે.

**• સૂત્ર-૧૦ (અધુરેથી) :-**

***ભગવંતના દાઢી-મૂંછ સુવિભક્ત અને અવસ્થિત હતા. તેમની હનૂ માંસલ, સંસ્થિત, પ્રશસ્ત, ચિત્તાની માફક વિપુલ હતી. ગ્રીવા ચાર આંગળ, સુપ્રમાણ, ઉત્તમ શંખ સમાન હતી. સ્કંધ, ભેંસ-વરાહ-સીંહ-ચિત્તા-વૃષભ-ઉત્તમ હાથીના સ્કંધ જેવા પરિપૂર્ણ અને વિપુલ હતા. ભૂજાઓ, યૂપની જેમ ગોળ, લાંબી, સુદૃઢ, જોવી ગમે તેવી, સુષ્પષ્ટ કાંડાથી યુક્ત, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, ઘન, સ્થિર, સ્નાયુઓ વડે સુબદ્ધ, અર્ગલા સમાન ગોળાકાર હતી. તેમના બાહુ, નાગરાજના ફેલાયેલા શરીરની માફક દીર્ઘ હતા. હાથના ભાગ, ઉન્નત્ત, કોમળ, માંસલ, સુગઠિત, શુભલક્ષણોથી યુક્ત, નિશ્છિદ્ર, પ્રશસ્ત, આંગળીઓ સ્થૂળ, કોમળ, ઉત્તમ હતી. તેમના હસ્તતલ લાલાયિત, પાતળી, ઉજળી, રુચિર, સ્નિગ્ધ, સુકોમળ હતી.***

***તેમની હથેળીમાં ચંદ્ર-સૂર્ય-શંખ-ચક્ર-દિશાસૌવસ્તિકની શુભ રેખાઓ હતી. તેમનું વક્ષસ્થળ સ્વર્ણશિલાતલ સમાન, ઉજ્જ્વળ, પ્રશસ્ત, સમતલ, ઉપચિત, વિસ્તીર્ણ, પૃથુલ, શ્રીવત્સના ચિહ્નયુક્ત હતું. દેહની માંસલતાથી રીઢનું હાડકું દેખાતું ન હતું. તેમનું શરીર સ્વર્ણસમાન. કાંતિમાન્, નિર્મળ, સુંદર, નિરુપહત હતું. તેમાં ઉત્તમ પુરુષના ૧૦૦૮ લક્ષણ પૂર્ણપણે વિદ્યમાન હતું. તેમના દેહનો પાર્શ્વભાગ નીચે તરફ ક્રમશઃ સાંકડો, દેહના પ્રમાણને અનુરૂપ, સુંદર, સુનિષ્પન્ન, અતિ સમુચિત પરિમાણમાં માંસલતા યુક્ત અને મનોહર હતો. તેમના વક્ષ અને ઉદર ઉપર સીધા, સમાન, સંહિત, ઉત્કૃષ્ટ, સૂક્ષ્મ, કાળા, ચિકણા, ઉપાદેય, લાવણ્યમય, રમણીય વાળની પંક્તિ હતી. તેમની કુક્ષી મત્સ્ય અને પક્ષી સમ સુજાત, પીન હતી.***

**• વિવેચન-૧૦ (અધુરેથી) :-**

અવસ્થિત - ન વધનારા, સુવિભક્ત-વિવિક્ત, ચિત્ર-અતિ રમ્યપણે અદ્ભૂત શ્મશ્રૂ-દાઢી મૂંછના વાળ. માંસલ-પુષ્ટમાંસથી સંસ્થિત-વિશિષ્ટ સંસ્થાન, પ્રશસ્ત-શુભ, શાર્દૂલ-વાઘની જેમ, વિપુલ-વિસ્તીર્ણ, હનુ-ચિબુક. ચાર આંગળ લક્ષણ, સુયોગ્ય પ્રમાણવાળી, ઉન્નતપણાથી ત્રણ કડચલીના યોગથી પ્રધાન શંખ સદૃશ ગ્રીવા-કંઠવાળા. વરમહિષ-પ્રધાન પાડો, વરાહ-શૂકર, સિંહ-કેસરી, શાર્દુલ-વાઘ, ઋષભ-વૃષભ, નાગવર-મુખ્ય હાથી આ બધાંની જેમ પ્રતિપૂર્ણ-સ્વપ્રમાણથી અહીન, સ્કંધ-ખભા.

યુગસંનિભ-ગોળાઈ અને લંબાઈ વડે યૂપતુલ્ય, પીન-ઉપચિત, રતિદા-જોતાં જ સુખકારી, પીવરપ્રકૌષ્ઠ-અકૃશકલાચિક, સંસ્થિત-વિશિષ્ટ સંસ્થાન, સુશ્લિષ્ટ-સંગત, વિશિષ્ટ-પ્રધાન, ઘન-નિબિડ, સ્થિર-અતિશ્લથ નહીં, સુબદ્ધ-સારી રીતે બદ્ધ સ્નાયુઓ વડે સંધિવાળા. પુરવરપરિઘવત્-નગરની અર્ગલાવત્ વૃત્ત બાહુવાળા. - x - x - ભુજગેશ્વર-નાગરાજ, તેનો જે વિપુલ-મહાન્ ભોગ-દેહ તે. તથા આદાનાર્થ-ઈપ્સિત

અર્થના ગ્રહણને માટે પર્યવક્ષિપ્ત-પ્રસારિત પાઠાંતરથી - आदान - અર્ગલા સ્થાન, તેથી ઉચ્છૂઢ-નિષ્કાશિત, ફલિહા-અર્ગલાદંડ, તેમની જેવી દીર્ઘ બાહુ જેની છે તે. બીજી વાચનામાં કહ્યું છે — યુગ સદૃશ, પીન, રતિદાયક, પીવર, પ્રકોષ્ઠ એવા સંસ્થિત, ઉપચિત, ઘન, સ્થિર, સુસંબદ્ધ, સુનિગૂઢ પર્વસંધિ.

રક્તતલ-લાલ અધો ભાગ, ઉપચિત-ઉન્નત, મૃદુ-કોમળ, માંસલ-માંસ સહિત, સુજાત-સુનિષ્પન્ન, પ્રશસ્તલક્ષણ-શુભચિહ્ન, અચ્છિદ્ર જાલ-વિવક્ષિત આંગળીના અંતરાલ સમૂહ રહિત, પાણી-હાથવાળા. પીવર-મહતી કોમળ આંગળીઓ. ક્યાંક-''પીવર, વૃત્ત, સુજાત, કોમળ, ઉત્તમ આંગળીઓ'' એવો પણ પાઠ છે. आयंबतंब - તામ્રવત્ आताम्र - કંઈક લાલ, તલિન-પાતળી, શુચિ-પવિત્ર, રુચિર-દીપ્ત, સ્નિગ્ધ-અરૂક્ષ નખવાળા. ચંદપાણિલેહા-ચંદ્રાકારે હથેળીની રેખાવાળા, એ રીતે બીજા ત્રણ.

દિક્સ્વસ્તિક-દક્ષિણાવર્ત્ત સ્વસ્તિક, તેની પ્રશસ્તતા અને પ્રકર્ષ પ્રતિપાદનાર્થે સંગ્રહ વચનથી કહે છે — ચંદ્ર, સૂર્ય, શંખ, ચક્ર, દિક્ સ્વસ્તિક હસ્તરેખાવાળા. બીજી વાચનામાં विभत्त - વિભાગવાળી અને सुविरचित - સારી રીતે કરેલ, સ્વકીય કર્મ વડે. બે શબ્દો વધારે છે.

અનેક શ્રેષ્ઠ લક્ષણોથી ઉત્તમ, પ્રશસ્ત, શુચિ અને રતિદાયક, રમ્ય હસ્તરેખા જેમની છે તે. હવે મૂળ વાચનાને અનુસરે છે. સોનાની શિલાતલ સમાન ઉજ્જ્વલ, પ્રશસ્ત-શુભ, સમતલ, ઉપચીત-માંસલ, વિસ્તીર્ણ અને પૃથુલ-અતિ વિશાળ છાતી જેની છે તે. બીજી વાચનામાં છાતીનું વિશેષણ આ રીતે દેખાય છે — ઉપચિત, શ્રેષ્ઠ નગરના કબાટવત્ વિસ્તીર્ણ અને પૃથુલ છાતી, બાકી પૂર્વવત્ છે.

અકરંડુક-માંસલપણે ન દેખાતા એવા, વાંસાના પાછળના હાડકા, કનકની જેમ રુચક, તે નિર્મળ અને સુજાત તથા નિરુપહત એવા દેહને ધારણ કરવાના સ્વભાવવાળા જે છે તે. ૧૦૦૮ પ્રતિપૂર્ણ-અન્યૂન, ઉત્તમ પુરુષના લક્ષણો-સ્વસ્તિક આદિને ધારણ કરે છે. સણણયપાસ-નીચે નીચેના પડખા નમેલપણે હોવાથી સંગયપાસ-શરીર પ્રમાણ ઉચિત પડખાં વાળા તેથી જ સુંદર-સુજાત-સુનિષ્પન્ન પડખાંવાળા છે. મિતમાત્રિક-અતિ પરિણામવંત, ઉપચીત, રતિદા-રમ્ય પાર્શ્વ-કક્ષાનો અધોદેશ જેને છે તે.

ઋજુક-અવક્ર, સમાન-અવિષમ, સંહત, જાત્ય-પ્રધાન, તનૂ-સૂક્ષ્મ, કૃષ્ણ-કાળા, સ્નિગ્ધ-અરૂક્ષ, આદેય-ઉપાદેય, લડહ-લાવણ્યસહિત, તેથી જ રમણીય-રમ્ય, રોમ-પાતળા વાળની રાજિ-પંક્તિવાળા. મત્સ અને પક્ષી માફક સુજાત-સુનિષ્પન્ન, ઉપચિત કુક્ષી-ઉદર પ્રદેશ વિશેષ જેને છે તે....

● **સૂત્ર-૧૦ (અધુરેથી) :-**

***[ભગવંત] મત્સ્યોદર અને નિર્મળ આંત્ર સમૂહયુક્ત હતા. વિકટ કમળ જેવી નાભિ, ગંગાવર્તક, પ્રદક્ષિણાવર્તક, તરંગ, ભંગુર, તાજા રવિકિરણ વડે વિકસિત કમળ જેવી ગંભીર અને વિકટ નાભિ, દેહનો મધ્ય ભાગ ત્રિકાષ્ઠિક, મૂસલ અને દર્પણના હાથાના મધ્ય ભાગ જેવો, તલવારની મૂઠ સમાન, ઉત્તમ વજ્ર સમાન ગોળ અને પાતળો હતો. પ્રમુદિત, સ્વસ્થ, ઉત્તમ ઘોડા અને સીંહની કમર સમાન તેમની કમર ગોળ ઘેરાયેલી હતી.***

***ઉત્તમ અશ્વ સમાન સુજાત, ગુહ્ય ભાગ, અશ્વની જેમ નિરુપલેપ ગુદા, શ્રેષ્ઠ હાથી સમાન તુલ્ય-વિક્રમ-વિલસિત ગતિ, હાથીની સુંઢ જેવા સુજાત ઉરુ, સમુદ્ગ નિમગ્ન ગૂઢ જાનુ, હરિણીની પિંડી, કુરુવિંદ ઘાસ, આવર્ત્ત માફક ક્રમશઃ વૃત્ત જંઘા, સંસ્થિત, સુશ્લિષ્ટ ગૂઢ ગુંફ [ગોઠણ], સુપ્રતિષ્ઠિત અને કાચબા જેવા ઉન્નત પગ, ક્રમશઃ સુસંહત આંગળીઓ, ઉન્નત-પાતળા-તામ્ર-સ્નિગ્ધ નખો, લાલ કમળના પત્ર સમાન-મૃદુ-સુકુમાલ-કોમલ તળીયા, ૧૦૦૮ ઉત્તમ પુરુષલક્ષણધર, પર્વત-નગરમગર-સાગર-ચક્ર-અંકરૂપ ઉત્તમ ચિહ્નો અને મંગલકૃત ચરણો હતા. વિશિષ્ટરૂપ હતું. નિર્ધૂમ અગ્નિની જ્વાલા, વિસ્તીર્ણ વિદ્યુત્, નવા સૂર્યના કિરણો સમાન તેમનું તેજ હતું, તેઓ આશ્રવ-મમત્વ-કિંચનતા રહિત, છિન્ન શોક, નિરૂપલેપ, પ્રેમ-રાગ-દ્વેષ-મોહ ચાલ્યા ગયા છે તેવા અને નિર્ગ્રન્થ પ્રવચનના ઉપદેશક હતા.***



● **વિવેચન-૧૦ (અધુરેથી) :-**

सुइक्करण - પવિત્ર ઈન્દ્રિયો. - x - गंगावत्तकपयाहिणावत्त० - ગંગાવર્ત જેવા પ્રદક્ષિણાવર્ત તરંગ-વીચિ સમાન, ભંગુર-ભગ્ન, રવિકિરણતરુણ-તાજા સૂર્ય કિરણો વડે બોધિત-સ્પૃષ્ટ, અકોસાયંત-વિકશીત થયેલ જે પદ્મ, તેની જેમ ગંભીર અને વિકટ નાભિ. સાહયત્તિ-સંક્ષિપ્ત મધ્ય, જે સોણંદ-ત્રિકાષ્ઠિકા, મુશલ, દર્પણ-અરીસાનો દંડ, નિગરિય-સાર કરાયેલ જે ઉત્તમ સુવર્ણ, તેની જે ત્સરુ-ખડ્ગમુષ્ટિ, તેની સદૃશ, વરવજ્ર જેમ વલિત મધ્ય-મધ્ય ભાગ યુક્ત. પ્રમુદિત-રોગ શોકાદિથી અનુપહત, ઉત્તમ અશ્વ અને સિંહની જેમ વૃત્ત કટી-નિતંબ દેશવાળા. પાઠાંતરથી પ્રમુદિત ઉત્તમ અશ્વ અને સીંહની કમરથી અતિશય વૃત્ત કમર જેની છે તેવા.

ઉત્તમ અશ્વની જેમ સુજાત-સમ્યક્ ગુપ્તત્વથી સુનિષ્પન્ન ગુહ્ય દેશવાળા. બીજી વાચનાથી પ્રશસ્ત, ઉત્તમ અશ્વ ગુહ્ય દેશ સમાન. જાતિ અશ્વવત્ નિરુપલેપ-લેપરહિત શરીર, જાત્યશ્વ જ મુત્ર-મળ આદિથી અનુલિપ્ત શરીર હોય છે. વરવારણ-હાથીના તુલ્ય-સદૃશ, વિક્રમ-પરાક્રમ, વિલસિત-વિલાસવાળી ગતિ-ગમન, ઊરૂ-જંઘાવાળા, ગયસસણ-હાથીની નાસિકા [સુંઢ], સુજાત-સુનિષ્પન્નની સન્નિભ-સદૃશ, ઊરૂ-જંઘાવાળા. સમુદ્ગ-સમુદ્ગક નામક ભાજન વિશેષ, તેને ઢાંકતા જે સંધિ, તેની જેમ નિમ્નગૂઢ-અત્યંત નિગૂઢ, માંસલત્વથી અનુન્નત જાનુવાળા.

एणी - હરિણી માફક, કુરુવિંદ-તૃણ વિશેષ, વત્ર-સુતરનું દોરડું, તેની જેમ વર્તુળ, ક્રમશઃ પાતળી, જંઘા. બીજા કહે છે - एण्य - સ્નાયુ, કુરુવિંદ-કુટિલક નામે રોગવિશેષ, તેના રહિત. બાકી પૂર્વવત્. સંસ્થિત-સંસ્થાન વિશેષવંત, સુશ્લિષ્ટ-સુઘટન, ગૂઢ-માંસલ હોવાથી ન દેખાતા, ગુલ્ફપાદ મણિબંધ [ઘુંટણ ?], સુપ્રતિષ્ઠ, કૂર્મ-કાચબા જેવા, ચારૂ-ઉન્નતત્વથી શોભતા ચલન-પગવાળા. આનુપૂર્વી-ક્રમથી વધતા કે ઘટતા, સુસંહત-સારી રીતે અને અવિરલ, અંગુલી-પગના અગ્ર અવયવ. - x -

ઉન્નત-અનિમ્ન, તનુ-પાતળા, તામ્ર-લાલ, સ્નિગ્ધ-કાંત, નખ-પગનતી આંગળીના

અવયવ. રક્ત-લાલ, ઉત્પલપત્ર-કમલદલ માફક મૃદુક-અસ્તબ્ધ, સુકુમારો મધ્યે કોમળ પાદ તલવાળા. - x - બીજી વાચનામાં :- નગ-પર્વત, નગર-પતન, મકર-જલચર વિશેષ, સાગર, ચક્ર-રથાંગ. આટલા જ અંક-લક્ષણો છે. વરાંક-પર્વતાદિ સિવાયના પ્રધાન લક્ષણો, મંગલાદિ-સ્વસ્તિકાદિ, તેના વડે અંકિત પગવાળા.

અગ્નિની નિર્ધૂમ જે જ્વાલા, તેની તટિતડિત-વિસ્તારેલ વિધુત અને તરુણરવિ કિરણ-અભિનવ સૂર્યના કિરણો, સદેશ-સમ, તેજ-પ્રભા. અણાસવ-પ્રાણાતિપાતાદિ રહિત. અમમ-નિર્લોભત્વથી મમત્વ રહિત. અકિંચન-પરિગ્રહ સંજ્ઞા રહિતપણાથી દ્રવ્ય રહિત. છિન્નસોત-ત્રુટિત ભવપ્રવાહ અથવા છિન્નશોક. નિરુપલેપ-દ્રવ્યથી નિર્મળદેહ, ભાવથી કર્મબંધ લક્ષણ ઉપલેપ રહિત. પૂર્વોક્તને જ વિશેષથી કહે છ — વ્યપગત - નષ્ટ, પ્રેમ-આસક્તિ લક્ષણ, રાગ-વિષયાનુરાગરૂપ, દ્વેષ-અનિષ્ટમાં અપ્રીતિરૂપ, મોહ-અજ્ઞાનરૂપ. નિર્ગ્રન્થ-જૈન, પ્રવચન-શાસનના દેશક.

**● સૂત્ર-૧૦ (અધુરેથી) :-**

***શાસ્ત્ર નાયક, પ્રતિષ્ઠાપક, શ્રમણપતિ, શ્રમણવૃંદથી ઘેરાયેલ, ૩૪-બુદ્ધ અતિશય અને ૩૫-વચન અતિશય પ્રાપ્ત, સત્યવચનાતિશય પ્રાપ્ત, આકાશગત ચક્ર, આકાશગત છત્ર, આકાશગત ચામર, આકાશ સમાન સ્વચ્છ સ્ફટિકથી બનેલ પાદપીઠ સહિત સીંહાસન, આગળ ચાલતો ધર્મધ્વજ હતો. ૧૪,૦૦૦ સાધુ અને ૩૬,૦૦૦ સાધ્વીઓથી પરિવૃત્ત, પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ વિચરતા, સુખે-સુખે વિહાર કરતાં ચંપાનગરીની બહાર ઉપનગર ગામે પહોંચ્યા, ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યે પધારવાની કામના વાળા હતા.***

**● વિવેચન-૧૦ (અધુરેથી) :-**

शास्तानायक - તેમના નેતા, સ્વામી. પ્રતિષ્ઠાપક - તે તે ઉપાય વડે વ્યવસ્થાપક. શ્રમણકપતિ - સાધુ સંઘાધિપતિ. સમણગવિંદ પરિઅટ્ટએ-શ્રમણોના વૃંદની વૃદ્ધિ કરનારા કે અગ્રેગામી અથવા તેના વડે પરિપૂર્ણ. બુદ્ધ-જિનોના ૩૪ અતિશય પ્રાપ્ત. वयणत्ति - વચન આદિ, સર્વે ભાષાનુગત વચન ધર્મનો બોધ કરનારા૰ ઈત્યાદિ. અહીં વચનાતિશયનું ગ્રહણ અત્યંત ઉપકારીપણાથી પ્રાધાન્ય બતાવવા છે. અન્યથા વિમલ સુગંધીદેહ, આમય-પ્રસ્વેદ રહિત, નીરોગી, લોહી ગાયના દૂધ જેવું, માંસ સફેદવર્ણી ઈત્યાદિ કહેત.

૩૫-સત્ય વચનાતિશય પ્રાપ્ત, તે વચનાતિશય આ પ્રમાણે છે — સંસ્કારીતા, ઉદાત્તપણું, ઉપચારયુક્ત, ગંભીર શબ્દપણું, અનુનાદિત્વ, દક્ષિણત્વ, ઉપનીત રાગત્વ, મહાર્થપણું, પૂર્વાપરત્વના વ્યાઘાતરહિત, શિષ્ટપણું, અસંદિગ્ધપણું, અન્યોત્તરત્વ રહિત, હૃદયગ્રાહિપણું, દેશકાલ-અવ્યતીત્વ, તત્ત્વાનુરૂપત્વ, અપ્રકીર્ણપ્રસૃતત્વ, અન્યોન્ય પ્રગૃહીતપણું, અભિજાતત્વ, અતિ સ્નિગ્ધ મધુરત્વ, અપર મર્મ વેધિત્વ, અર્થધર્માભ્યાસ અનપેતત્વ, ઉદારત્વ, પરિનંદા અને આત્મોત્કર્ષવિપ્રયુક્તપણું, શ્લાઘ્યત્વરહિત, અપનીતપણું, ઉત્પાદિત આછિન્ન કૌતૂહલત્વ, અદ્‌ભુતત્વ, અતિવિલંબિતત્વરહિત, વિભ્રમ-વિક્ષેપ-કિલિકિંચિતાદિરહિત, અનેક જાતિ સંશ્રયથી આશ્ચર્યકારી, આહિત



વિશેષત્વ, સાકારપણું, સત્ત્વપરિગૃહીતપણું, પરિખેદિત્વ રહિત અને વ્યુચ્છેદિત્વ રહિત એટલા વચનાતિશય છે.

તેમાં સંસ્કારીતા-સંસ્કૃતાદિ લક્ષણયુક્તપણું, ઉદાત્તત્વ-ઉચ્ચવૃત્તિત્વ, ઉપચારોપેત-અગ્રામ્યતા, અનુનાદિત્વ-પ્રતિરવ ઉપેતત્વાદિ, દક્ષિણત્વ-સરળપણું, ઉપનીતરાગત્વ-માલકોશાદિ રાગ યુક્તતા, આ સાત અતિશય શબ્દોની અપેક્ષાએ છે. બીજા અર્થાશ્રિત છે. [જેમાં કેટલાંકની વ્યાખ્યા આ પ્રમાણે—] અવ્યાહત પૂર્વાપરત્વ-પૂર્વાપર વાક્યમાં અવિરોધ, શિષ્ટત્વ-અભિમત સિદ્ધાંત ઉક્ત અર્થપણું.

અસંદિગ્ધ-અસંશયકારી, અપહતાન્યોત્તરત્વ-પરદૂષણમાં અવિષયપણું, અપ્રકીર્ણપ્રસૃતત્વ-અસંબદ્ધ અધિકારપણાથી અતિ વિસ્તરનો અભાવ, અન્યોન્ય-પ્રગૃહીતત્વ-પરસ્પર પદ કે વાક્યોની અપેક્ષાએ, - x - અતિ સ્નિગ્ધમધુરત્વ-ઘી ગોળ આદિ માફક સુખકારી, અપર મર્મવેધિત્વ-બીજાના મર્મને ન ઉઘાડવા સ્વરૂપ, - x - x - x -, ઉપગત શ્લાઘ્યત્વ-ઉક્તગુણના યોગથી પ્રાપ્ત શ્લાઘ્યપણું.

અપનીતત્વ-કારક કાલ વચન લિંગાદિ વચનદોષ રહિત, ઉત્પાદિતાચ્છિન્ન કૌતૂહલત્વ-સ્વ વિષયમાં સાંભળનારને ઉત્પન્ન કૌતુક જેના વડે વિચ્છેદ થયેલ છે, - x - વિભ્રમ-વક્તાના મનની ભ્રાંતતા વિક્ષેપ - તે જ અભિધેય અર્થ પ્રત્યે અનાસક્તતા કિલિકિંચિત - શેષ, ભય, અભિલાષાદિ ભાવ આ ત્રણેથી રહિત. - x - આહિત વિશેષત્વ-બીજા વચનોની અપેક્ષાએ વિશેષતા યુક્ત - x - સત્ત્વ પરિગૃહીતત્વ-સાહસ યુક્તતા - x - x -

હવે પ્રસ્તુત વાચના :- આકાશગત-આકાશવર્તી, ચક્ર-ધર્મચક્ર, છત્ત-ત્રણ છત્ર, - x - ચામરાહિં-ચામરો વડે. - x - આગાસ ફલિયામએણ-આકાશ તુલ્ય સ્વચ્છતાથી જે સ્ફટિક, તેનાથી યુક્ત સપાદ પીઠ સિંહાસન. ધમધ્વજ-ધર્મચક્રવર્તીત્વ સૂચક કેતુ-મહેન્દ્ર ધ્વજ. પુરઓ-આગળ, - x - ચોતરફથી વીંટાયેલ.

પુવ્વાણુપુવ્વિ-પૂર્વાનુપૂર્વીથી, પશ્ચાનુપૂર્વી કે અનાનુપૂર્વીથી નહીં અર્થાત્ ક્રમથી. ચરન્-સંચરતા, તે જ કહે છે — ગ્રામ, પ્રસિદ્ધ છે. અનુગ્રામ-વિવક્ષિત ગામ પછીનું ગામ તે ગ્રામાનુગ્રામ જતાં, એક ગામથી બીજે ગામ, કોઈ ગામને ઓળંગ્યા વગર જતાં. આના દ્વારા અપ્રતિબદ્ધ વિહાર કહ્યો. તેમાં પણ ઉત્સુકતાનો અભાવ. તેથી જ સુખે સુખે - શરીરના ખેદના અભાવથી અને સંયમ બાધા અભાવથી, વિહરન્-એક સ્થાનથી બીજે સ્થાને જતાં કે ગ્રામાદિમાં રહેતા, बहिय - બહારનું ઉપનગર ગ્રામ-નગરની સમીપનું ઉપનગર, તેમાં આવ્યા.

**● સૂત્ર-૧૧ :-**

***ત્યારે પ્રવૃત્તિ નિવેદકને આ વૃત્તાંત જાણવા મળતા હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિયુક્ત મનવાળો થયો. પરમ સૌમનસ્યથી અને હર્ષને વશ થઈ તેનું હૃદય વિકસિત થયું. તેણે સ્નાન-બલિકર્મ-કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ત કર્યા. શુદ્ધ, પ્રાવેશ્ય, મંગલ, ઉત્તમ વસ્ત્રો પહેર્યા. અલ્પ પણ મહાર્ઘ આભરણથી શરીરને અલંકૃત્ કર્યું. પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને ચંપાનગરીની વચ્ચોવચ્ચ***

*થઈને કોણિક રાજાને ઘેર બાહ્ય ઉપસ્થાન શાળામાં ભંભસારપુત્ર કોણિક રાજા પાસે આવ્યો. આવીને બે હાથ જોડી મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય-વિજયથી વધાવ્યા. વધાવીને કહ્યું – દેવાનુપ્રિય જેમના દર્શન આપ કાંક્ષા કરો છો, સ્પૃહા કરો છો, પ્રાર્થના કરો છો, અભિલાષા કરો છો. આપ જેના નામ અને ગોત્રને પણ શ્રવણ કરતા હૃષ્ટ તુષ્ટ યાવત્ હર્ષિત હૃદયી થાઓ છો, તે શ્રમણ ભગવંત મહાવીર અનુક્રમથી વિહાર કરતા, એક ગામથી બીજે ગામ આવતા ચંપાનગરીના ઉપનગર ગામે પધારેલ છે. હવે ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યે પધારવાની કામનાવાળા છે. તો આપ દેવાનુપ્રિયની પ્રીતિ અર્થે આ પ્રિય નિવેદન કરું છું. તે આપને પ્રિય થાઓ.*

**● વિવેચન-૧૧ :-**

ત્યારપછી આ પવિત્તિવાઉય-ભગવંતના વૃત્તાંતને કહેનારને ઈમીસે કહાએ – આ ભગવન્‌ના આગમનરૂપ વૃત્તાંત લદ્ધટ્ઠે સમાણે - પ્રાપ્તાર્થ થતાં અર્થાત્ જાણતા, હૃષ્ટતુષ્ટ-અતિ તુષ્ટ અથવા વિસ્મિત અને સંતુષ્ટ ચિત્-મનવાળા થતાં, આનંદિત-કંઈક મુખના સૌમ્યતાદિ ભાવથી સમૃદ્ધિ પામીને પછી નંદિત-અધિક સમૃદ્ધિ પામ્યો. પીઈમણ-મનમાં પ્રીતિને પામ્યો. પરમ સૌમનસ્ય-સુમનસ્કતા ઉત્પન્ન થઈ. હર્ષના વશથી વિસર્પત્-વિસ્તાર હૃદયનો જેમને થયો તે. આ બધાં હૃષ્ટાદિ પદો પ્રાયઃ એકાર્થક છે. કે પ્રમોદના પ્રકર્ષને જણાવવાના હેતુથી કે સ્તુતિરૂપ છે. - x -

કયબલિકમ્મ-સ્નાન પછી સ્વગૃહ દેવતાને બલિકર્મ કર્યુ, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત અર્થાત્ દુઃસ્વપ્નાદિ વિઘાતાર્થે અવશ્ય કરણીયત્વ. કૌતુક-મષી, તિલક, મંગલ-સિદ્ધાર્થ, દધિ, અક્ષત આદિ. શુદ્ધાત્મા-સ્નાન વડે પવિત્ર કરેલ દેહ, વેશ્યાનિ-શુદ્ધ વેશ, પ્રાવેશ્ય-રાજસભામાં પ્રવેશોચિત. માંગલ્ય-મંગલ કરણમાં શોભતા વસ્ત્રો. પ્રવર-પ્રધાન, પરિહિત-પહેર્યા. અલ્પ-સ્તોક, મહાર્ઘ-બહુમૂલ્ય. સઆઓ-પોતાના, બાહિરિય-અભ્યંતરની અપેક્ષાએ બાહ્ય. ઉપસ્થાન શાળા-આસ્થાન સભા. શિરસા-મસ્તક વડે અપ્રાપ્ત-અસ્પૃષ્ટ. આવર્ત કરવું તે શિરસાવર્ત. જય-સામાન્ય વિઘ્નાદિ વિષય, વિજય-તે જ વિશિષ્ટતર - x - વર્ધયતિ-‘‘આપ જય-વિજયથી વધો.’’

દેવાણુપ્પિય-સરલ સ્વભાવી. દંસણ-અવલોકન. કંખંતિ-પ્રાપ્ત થયા પછી છોડવા ન ઈચ્છે. પીહંતિ-સ્પૃહા કરે છે, અપ્રાપ્તને પ્રાપ્ત કરવા ઈચ્છે છે. પત્થંતિ-પ્રાર્થે છે, તથાભૂત સહાયજન પાસેથી યાચે છે. અભિલષંતિ-આભિમુખ્યતાથી કમનીય એમ માને છે. નામ-અભિધાન, જેમકે મહાવીર. ગોત્ર-વંશ, જેમકે કાશ્યપગોત્ર. અથવા નામ અને ગોત્ર. સવણયાએ-શ્રવણનો ભાવ, શ્રવણતા વડે.

**● સૂત્ર-૧૨ (અધુરુ) :-**

*ત્યારે તે ભંભસારપુત્ર કોણિક રાજાએ તે પ્રવૃત્તિ નિવેદક પાસે આ વૃત્તાંત સાંભળી, સમજીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ આનંદિત હૃદય થયો. ઉત્તમ કમળ સમાન નયન વદન વિકસિત થયા. હર્ષાતિરેકથી રાજાના હાથના ઉત્તમ કડા, બાહુરક્ષિકા, કેયુર, મુગટ, કુંડલ, વક્ષસ્થળ ઉપર શોભિત હાર કંપિત થયા. ગળામાં લટકતી*



*લાંબી માળા અને આભૂષણધર રાજા, સંભ્રમ સહિત, ત્વરિત, ચપળતાથી તે નરેન્દ્ર સીંહાસનથી ઉભો થયો. ઉભો થઈને પાદપીઠથી નીચે ઉતર્યો. ઉતરીને પાદુકાઓ ઉતારી. પછી ખડ્ગ, છત્ર, મુગટ, વાહન અને ચામર એ પાંચ રાજચિહ્નોને અલગ કર્યા.*

*એકશાટિક ઉત્તરાસંગ કરે છે, કરીને આચમન કર્યુ, સ્વચ્છ, પરમશુચિભૂત થયો. કમળના ડોડા માફક હાથનું સંપુટ કર્યુ. તિર્થંકર અભિમુખ સાત-આઠ પગલા ચાલ્યો, ચાલીને ડાબો ઘુંટણ સંકોચ્યો, સંકોચીને જમણો ઘુંટણ ભૂમિ ઉપર ટકાવી, ત્રણ વખત મસ્તકને ભૂમિએ લગાડ્યું. પછી કંઈક ઉપર ઉઠ્યો. કંકણ તથા બાહુરક્ષિકાથી સુસ્થિર ભુજાને ઉઠાવી. બે હાથ જોડી, યાવત્ મસ્તકે અંજલિ કરીને આમ કહ્યું –*

**● વિવેચન-૧૨ (અધુરુ) :-**

સોચ્ચા-કાન વડે સાંભળીને, નિસમ્મ-હૃદયથી અવધારીને. ધારાભિઃ- જળધર વારિધારા વડે હત, નીપસ્ય-કદંબના ફુલ, તેની જેમ ચંચુમાલઈય-પુલકિત, તેથી જ રોમરાજી વિકસ્વર થઈ. - x - વિકસિત-ભગવંતના આગમનનું વૃત્તાંત સાંભળતા જન્મેલ આનંદના અતિશયથી પ્રફુલ્લિત શ્રેષ્ઠ કમળ માફક૦ - x -

પ્રચલિત-ભગવંતના આગમનને સાંભળવાથી જનિત સંભ્રમના અતિરેકથી કંપિત પ્રધાન કટક, કંકણ, તુટિકા-બાહુરક્ષક, કેયુર-અંગદ, મુગટ, કુંડલ-કર્ણાભરણ, હાર-મોતીયુક્ત, વિરાજન્-શોભતો, રચિત-વિહિત, વક્ષસિ-હૃદય ઉપર. પ્રાલંબ-ઝુમખા. પ્રલંબમાન-લટકતા, ઘોલ-દોલાયમાન, જે ભૂષણ-આભરણને ધારણ કરે છે. સસંભમ-સાદર, તુરિય-ત્વરિત, ચવલ-અતિ ત્વરાથી, પચ્ચોરુહઈ-ઉતરે છે. ક્યાંક પાદુકાના વિશેષણ દેખાય છે – અક્ષરઘટના આ છે. વરિષ્ઠ-પ્રધાન, વૈડૂર્યરિષ્ઠઅંજન-રત્ન વિશેષ. નિપુણ-કુશળ શિલ્પી વડે ઓવિયત્તિ-પરિકર્મિત જે છે તે. તેથી જ મિસિમિસિંત-ચકચકતી, મણિરત્ન-ચંદ્રકાંતાદિ, કર્કેતનાદિ વડે મંડિત-ભૂષિત.

અવહટ્ટુ-કાઢીને, પરિહરીને. રાજકકુદ-રાજચિહ્ન ઉપ્ફેસ-મુગટ, વાલવ્યંજની-ચામર. એગસાડિય-એક સાટક (વસ્ત્ર), ઉત્તરાસંગ-વૈકક્ષક, આચમન-જળના સ્પર્શ વડે, ચોક્ષ-વિવક્ષિત મલને દૂર કરવાથી. શું કહે છે ? પરમસુઈભૂય-અતીવ શુચિ યુક્ત. અંજલિ-અંજલિ કરીને, મુકુલિત-મુકુલ આકૃતિ કરેલ હાથ. અંચેઈ-સંકોચે છે. સાહટ્ટુ-સંહૃત્ય. તિક્ખુત્તો-ત્રણ વખત. ઈષત્-કંઈક, પ્રત્યુન્નમતિ-અવનતત્વ, નમીને, પડિસાહરઈ-ઉંચે લેવા.

**● સૂત્ર-૧૨ (અધુરેથી) :-**

*નમસ્કાર થાઓ. [કોને ?] અરિહંત, ભગવંત, આદિકર, તિર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસીહ, પુરુષવર પુંડરીક, પુરુષવર ગંધહસ્તી, લોકોત્તમ, લોકનાથ, લોકહિતકર, લોકપ્રદીપક, લોકપ્રદ્યોતકર, અભયદય, ચક્ષુદય, માર્ગદય, શરણદય, જીવદય, બોધિદય, ધર્મદય, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથી, ધર્મવર ચાતુરંત ચક્રવર્તી, દ્વીપ, ત્રાણ, શરણ, ગતિ, પ્રતિષ્ઠા, અપ્રતિહત વર જ્ઞાનદર્શનધર,*

*વિવૃત્તછદ્મ, જિન-જાપક, તિર્ણ-તારક, બુદ્ધ-બોધક, મુક્ત-મોચક, સર્વજ્ઞ-સર્વદર્શી, શિવ-અચલ-અરુજ-અનંત-અક્ષય-અવ્યાબાધ-અપુનરાવર્તી સિદ્ધિગતિ નામક સ્થાનને સંપ્રાપ્તને... નમસ્કાર થાઓ [કોને ?] શ્રમણ ભગવંત મહાવીર, આદિકર, તિર્થંકર યાવત્ સિદ્ધિગતિ પામવાને ઈચ્છુક, મારા ધર્માચાર્ય ધર્મોપદેશકને. ત્યાં રહેલા ભગવંતને અહીં રહેલો એવો હું વંદન કરું છું. મને તે ભગવંત જુએ – અહીં રહેલ એવો હું તેમને વંદન-નમસ્કાર કરું છું.*

**● વિવેચન-૧૨ (અધુરેથી) :-**

નમસ્કાર થાઓ. ઈત્યાદિ પૂર્વવત્ જાણવું. વિશેષ એ કે - दीवो ताणं सरणं गई पइट्ठा છે. ધમ્માયરિય-ધર્માચાર્ય, કલાચાર્યને નહીં. ધર્માચાર્યપણાને જ કેમ ? તે કહે છે – ધર્મના ઉપદેશકને. તત્થગત-તે ગ્રામાંતરમાં રહેલ. ઈહગએ-અહીં રહેલ એવો હું. પાસઈ મે-મને જુઓ. સ-ભગવન્, ઈતિકટ્ટુ-એ હેતુથી. વંદઈ-પૂર્વોક્ત સ્તુતિથી સ્તવે છે. પ્રણામ કરે છે.

**● સૂત્ર-૧૨ (અધુરેથી) :-**

*[ભગવંતને] વંદન, નમસ્કાર કરીને ઉત્તમ સીંહાસને પૂર્વાભિમુખ બેસે છે. બેસીને તેના પ્રવૃત્તિ નિવેદકને એક લાખ આઠ [રજત મુદ્રા] પ્રીતિદાનમાં આપે છે, આપીને સત્કાર, સન્માન કરે છે, કરીને આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! જ્યારે શ્રમણ ભગવંત મહાવીર અહીં આવે, અહીં સમોસરે, અહીં ચંપા નગરીની બહાર પૂર્ણભદ્ર ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહને અવગ્રહીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે ત્યારે મને આ વૃત્તાંત જણાવજે. એમ કહીને તેને વિદાય કર્યો.*

**● વિવેચન-૧૨ (અધુરેથી) :-**

પ્રીતિદાન-એક લાખ આઠ રજતનું તુષ્ટિદાન આપે છે. તે આવશ્યકમાં માડંલિકોને સાડા બાર લાખ પ્રમાણ કહ્યું છે. કહ્યું છે કે – સાડા બાર લાખ સુવર્ણની વૃત્તિ અને સાડાબાર કરોડ સુવર્ણ પ્રીતિદાન ચક્રવર્તી આપે છે. વાસુદેવ આ જ પ્રમાણમાં રજતનું દાન આપે છે, માંડલિકો હજારની વૃત્તિ અને લાખનું પ્રીતિદાન આપે છે.

[શંકા] અહીં એક લાખ આઠ પ્રમાણ કહ્યું છે, તેમાં વિરોધ કેમ ન માનવો ? ભગવંત ચંપાનગરીમાં આવ્યા છે માટે વિરોધ નથી. સક્કારેઈ-ઉત્તમ વસ્ત્રો વડે પૂજે છે. સમ્માણેઈ-તેવા પ્રકારના વચન આદિ પ્રતિપત્તિથી પૂજે છે. - x - एवं - આજ્ઞાનુસાર, સ્વામી - એ આમંત્રણાર્થે છે. આજ્ઞાયા - તેમની આજ્ઞાને પ્રમાણીકૃત્ કરીને. વિનય-અંજલિકરણાદિ, વચન-રાજાનો આદેશ, પ્રતિશ્રૃણોતિ-સ્વીકારે છે.

**● સૂત્ર-૧૩ :-**

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીર બીજે દિવસે રાત્રિ ગયા પછી, પ્રભાત થતાં, ઉત્પલ-કમલાદિ ખીલી ગયા પછી, ઉજ્જવલ પ્રભાયુક્ત, લાલ અશોક, પલાશ, પોપની ચાંચ, ચણોઠીનો અર્ધભાગ, આ બધાંની સમાન લાલ, કમલવનને વિકસિત કરનાર, સહસ્ર કિરણયુક્ત, દિનકર સૂર્ય ઉગ્યા પછી, પોતાના તેજથી*



*જાજ્વલ્યમાન થયા પછી, ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યે આવે છે, આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.*

**● વિવેચન-૧૩ :-**

कल्लं - બીજે દિવસે, પાઉપ્પભાયાએ - રાત્રિ પછીના પ્રભાતનો પ્રકાશ થતાં, ફુલ્લ-વિકસિત, એવું ઉત્પલ-કમળ, તે અને कमल - હરિણ વિશેષ, તે બંનેનો કોમલ-મૃદુ, ઉન્મીલિત-દળોનો તથા બંને આંખોના ઉઘડવાથી. અહ પંડુરે પભાએ - પછી, રાત્રિ પછીના પ્રભાત પછી પાંડુર-શ્વેત, પ્રભાત-ઉષામાં.

રક્તાશોક-વૃક્ષ વિશેષનો પ્રકાશ-પ્રભા, કિંશુક-પલાશ કુસુમ, શુકમુખ-પોપટની ચાંચ, ગુંજા-લાલકાળુ ફળ વિશેષ, તેનો અર્ધ ભાગ. રાગ-લાલપણું, તેની સમાન, કમલાકર-કમળની ઉત્પત્તિના સ્થાનભૂત, દ્રહાદિ, ષંડ-નલિનવન, તેના બોધક-વિકાશ કરનાર. ઉત્થિતે-ઉગતા, કેવો સૂર્ય ? હજાર કિરણોવાળો સૂર્ય તેજથી, જાજ્વલ્યમાન થતા સંપલિયક-પદ્માસન.

**● સૂત્ર-૧૪ :-**

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્યો-ઘણાં શ્રમણ ભગવંતો-તેમાં કેટલાંક ઉગ્ર કે ભોગ કે રાજન્ય-જ્ઞાત-કૌરવ્ય-ક્ષત્રિય જાતિના પ્રવ્રજિત, સુભટ-યોદ્ધા-સેનાપતિ-પ્રશાસ્તા-શ્રેષ્ઠી-ઈભ્ય-બીજા પણ ઘણાં ઉત્તમ જાતિ, કૂળ, રૂપ, વિનય, વિજ્ઞાન, વર્ણ, વિક્રમ, લાવણ્ય, સૌભાગ્ય, કાંતિયુક્ત તથા વિપુલ ધન-ધાન્ય-સંગ્રહ-પરિવારની સુખ-સમૃદ્ધિ યુક્ત, ગુણના અતિરેકથી રાજા દ્વારા પ્રાપ્ત ઈચ્છિત ભોગ, સુખ વડે લાલિત, કિંપાક ફલ સદૃશ અસાર વિષયસુખને, પાણીના પરપોટા સમાન, ઘાસના અગ્રભાગે રહેલ જળબિંદુ સમાન ચંચળ જાણીને, જીવિતને-અસાર પદાર્થોને વસ્ત્ર ઉપર લાગેલી ધૂળ માફક ખંખેરીને, હિરણ્યાદિનો ત્યાગ કરીને યાવત્ પ્રવ્રજિત થયેલા છે. તેમાં કેટલાંક અર્ધમાસના દીક્ષાપર્યાયી, કેટલાંક માસિક પર્યાયી, એ રીતે બે માસ, ત્રણ માસ યાવત્ અગિયાર માસ૦ કેટલાંક વર્ષ-બે વર્ષ - ત્રણ વર્ષ આદિ પર્યાયવાળા, કેટલાંક અનેક વર્ષના પર્યાયવાળા (શ્રમણો) સંયમ, તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરતા હતા.*

**● વિવેચન-૧૪ :-**

अंतेवासि - શિષ્યો, અપ્પેગઈય-કેટલાંક ઉગ્ગ-ઉગ્ર, આદિ દેવે જેમને આરક્ષકપણે નિયુક્ત કર્યા છે તેમના વંશજો. તે ઉગ્રો દીક્ષાને આશ્રીને ઉગ્ર પ્રવ્રજિતા કહેવાય. તે રીતે બીજા પદો જાણવા. માત્ર भोग - ગુરુપણે સ્થપાયેલના વંશજો, राजन्य - જેઓ મિત્ર-વયસ્યપણે વ્યવસ્થાપિત છે તેમના વંશજો. नाय - ઈક્ષ્વાકુ વંશ વિશેષ, नाग - નાગ વંશજ, कोरव्व - કુરુવંશજ. क्षत्रिय - ચાર વર્ણોમાં બીજા વર્ણના. भड - સુભટ, जोह - સુભટથી વિશિષ્ટ એવા સહસ્રયોધાદિ, सेणावइ - સૈન્ય નાયક, पसत्थार - ધર્મશાસ્ત્રપાઠક, શ્રેષ્ઠી-શ્રીદેવતા અધ્યાસિત વર્ણ પટ્ટાંકિત મસ્તકવાળા, ઇભ્ય-હાથી પ્રમાણ દ્રવ્યરાશિપતિ.

આવા પ્રકારના બીજા ઉત્તમ-જાત્યાદિ પ્રધાન, સૌભાગ્યકાંતિ યુક્ત, જાતિ-માતૃપક્ષ, કુલ-પિતૃપક્ષ, રૂપ-શરીરનો આકાર, વર્ણ-ગૌરત્વાદિ, લાવણ્ય-આકારની સ્પૃહણીયતા, વિક્રમ-પૌરુષ, સૌભાગ્ય-આદેયતા, કાંતિ-દીપ્તિ. ધન-ગણિમ, ધરિમાદિ, ધાન્ય-શાલ્યાદિ, નિચય-સંચય, પરિવાર-દાસી દાસ આદિ પરિવાર, સ્ફૂટિત-ઈશ્વરના અંતરને અતિક્રાંત, અથવા સર્વ સંગના ત્યાગથી દૂર કરાયેલ. પાઠાંતરથી ધનધાન્યિનચય પરિવારા. નરપતિ-રાજા, ગુણ-વૈભવસુખાદિ, અતિરેક-અતિશય.

ઈચ્છિય-વાંછિત, ભોગ-શબ્દાદિ. સુહસંપલલિય-સુખ વડે પ્રક્રીડિત. કિંપાક-ફલોવમ-વિષવૃક્ષફળતુલ્ય, મુણિઅ-જાણીને. જલબુબ્બુઅસમાન-પાણીના પરપોટા સમાન - x - જીવિય-જીવિતવ્ય. આ વિષય સૌખ્ય ધનસંચયાદિ અધ્રુવ-અનિત્ય રૂપ ધૂળની જેમ વસ્ત્રના અગ્ર ભાગે લાગેલ. વિધૂય-જલ્દી છોડીને, ચઈત્ત-ત્યાગ કરીને. શું ? હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, બલ, વાહન, કોશ, કોષ્ઠાગાર, રાજ્ય, રાષ્ટ્ર, નગર, અંતઃપુર, વિપુલ ધન-સુવર્ણ-રત્ન-મણિ ઈત્યાદિ૰ છોડીને મુંડ થઈ દીક્ષા લીધી.

અહીં સુવર્ણ-ઘડેલ સોનું, ધન-ગાય આદિ, બળ-સૈન્ય, ધન-ગણિમાદિ, કનક-ન ઘડેલું સોનું, રત્ન-કર્કેતનાદિ, મણિ-ચંદ્રકાંતાદિ, મૌક્તિક-મોતી, શિલાપ્રવાલ-વિદ્રુમ, રક્તરત્ન-પદ્મરાગ, આદિ શબ્દથી વસ્ત્ર, કંબલ આદિ પરિગ્રહ. સંત-વિદ્યમાન, સારસ્વાપત-પ્રધાન દ્રવ્ય, વિચ્છર્દ-વિશેષથી તજીને, કૃત્વા-નિષ્ક્રમણ મહિમા કરીને. સદ્વિગોપ્ય-દાનાતિશયથી પ્રકાશીત કરીને. દાનને યોગ્યને પરિભાજ્ય-આપીને. ગોત્રિકોને આપીને. મુંડાભૂત્વા-દ્રવ્યથી મસ્તકનો લોચ કરીને, ભાવતઃ ક્રોધાદિ દૂર કરીને. અગારાત્-ઘેરથી નીકળીને. અનગારિતા-સાધુતા, પ્રવજિતા-ગતા, પામ્યા અથવા પ્રવ્રજિતા-શ્રમણ થઈને.

● **સૂત્ર-૧૫ (અધુરુ) :-**

***તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય-ઘણાં નિર્ગ્રન્થો [હતા, જેવા કે] કેટલાંક આભિનિબોધિક યાવત્ કેવળજ્ઞાની, કેટલાંક મનોબલિ, વચનબલિ, કાયબલિ. કેટલાંક મન-વચન કે કાયાથી શાપ કે અનુગ્રહમાં સમર્થ, કેટલાંક ખેલૌષધિ પ્રાપ્ત, એ રીતે કેટલાંક જલ્લૌષધિ, વિપ્રૌષધિ, આમર્ષ-ઔષધિ, સર્વૌષધિ પ્રાપ્ત. કેટલાંક કોષ્ઠબુદ્ધિ, બીજબુદ્ધિ કે પટબુદ્ધિ પ્રાપ્ત, કેટલાંક પદાનુસારી, સંભિન્ન શ્રોત, ક્ષીરાશ્રવ, મધ્વાશ્રવ, સર્પિષાશ્રવ કે અક્ષિણમહાનસિક લબ્ધિ પ્રાપ્ત, કેટલાંક વિપુલમતી વિકુર્વણઋદ્ધિ પ્રાપ્ત, ચારણ-વિદ્યાધર, આકાશાતિપાતી.***

● **વિવેચન-૧૫ (અધુરુ) :-**

- x - મનોબલિક-મનથી અવષ્ટંભવાળા, વાગ્ બલિક-પ્રતિજ્ઞાત અર્થના નિર્વાહક અથવા પરપક્ષને ક્ષોભકારી વચનવાળા. કાયબલિક-ક્ષુધાદિ પરીષહોમાં જેમની કાયા ગ્લાનિ પામતા નથી તે. જ્ઞાનબલિક-અવ્યભિચારી જ્ઞાનવાળા, દંસણબલિક-બીજા વડે ક્ષોભ ન પામનાર દર્શનવાળા. ચારિત્રબલિક. આ ત્રણ વિશેષણ બીજી વાચનામાં જોવા મળે છે. મનથી જ બીજાને શાપાનુગ્રહ-અપકાર, ઉપકાર કરવામાં સમર્થ. આ પ્રમાણે



વાણી અને કાયાથી પણ જાણવું.

ખેલૌષધિ-થુંકરૂપ ઔષધિ, સર્વે રોગાદિ અનર્થના ઉપશમ હેતુથી, તેને પ્રાપ્ત કરેલ. એ રીતે બધે જાણવું. જલ્લ-મલ, વિપ્રુષ-મૂત્ર આદિ બિંદુ અથવા વિ - વિષ્ઠા, પ્ર - મૂત્ર, એ જ ઔષધિ. આમર્ષણ - હાથ આદિનો સ્પર્શ. सव्वोसहि - બધી જ થુંક, મેલ, મળ-મૂત્ર, કેશ-રોમ-નખાદિ ઔષધિ. કોષ્ઠવત્ - કુશૂલ માફક સૂત્રાર્થ ધાન્યને યથા પ્રાપ્ત અવિનષ્ટ આજન્મ ધારણ કરવાની બુદ્ધિ-મતિવાળા. બીજબુદ્ધિ-વિવિધ અર્થના અધિગમરૂપ વૃક્ષથી જન્મેલ બુદ્ધિવાળા. પડબુદ્ધિ-પટ માફક વિશિષ્ટ વક્તૃવનસ્પતિ વિસૃષ્ટ વિવિધ ઘણાં સૂત્રાર્થ રૂપ્ પુષ્પ, ફળના ગ્રહણમાં સમર્થપણાથી બુદ્ધિવાળા.

પદાનુસારી-અનેક સૂત્ર-અવયવ ઉપલબ્ધ હોય, તેને અનુકૂળ સો પદોને અનુસરનારવાના સ્વભાવવાળા. સંભિન્ન શ્રોત-ઘણાં ભેદથી ભિન્ન શબ્દોને પૃથક્ પૃથક્ યુગપત્ સાંભળે તે, અથવા શબ્દ વડે વ્યાપ્ત શબ્દગ્રાહી અથવા પ્રત્યેક શબ્દાદિ વિષય વડે જેમની સર્વે ઈન્દ્રિયો [સમર્થ છે તે]. ક્ષીરાશ્રવ-દુધની જેમ મધુરત્વથી શ્રોતાના કર્ણ-મનને સુખકર વચનો ઝરે છે તે. મધ્વાશ્રવ-પૂર્વવત્, મધુ માફક સર્વ દોષોના ઉપશમ નિમિત્તથી આલ્હાદકત્વથી તેના વચનને કહ્યું. અક્ષીણ-મહાનસીક-અનુપાકસ્થાન, તેના આશ્રિતત્વથી અન્ન પણ મહાનસ કહેવાય છે, તે લાખ પુરુષને આપવા છતાં પોતે ન ખાય ત્યાં સુધી તથાવિધ લબ્ધિ વિશેષથી ખુટે નહીં તેવું ભિક્ષાલબ્ધ ભોજન.

ઉજ્જુમઈ-સામાન્યથી મનોમાત્રગ્રાહિણી મતિ-મનઃ પર્યાયજ્ઞાનવાળા, વિઉલમઈ-બહુવિધ વિશેષણયુક્ત મન્યમાન વસ્તુ-ગ્રાહીત્વથી વિસ્તીર્ણ મતિ-મનઃપર્યાયજ્ઞાનવાળા. તે આ રીતે - આણે 'ઘટ' એમ વિચાર્યુ, તે દ્રવ્યથી સોનાનો છે, ક્ષેત્રથી પાટલિપુત્રનો છે, કાળથી શરદ આદિ ઋતુનો, ભાવથી કાળા વર્ણાદિનો છે, તે વિપુલમતિ જાણે છે. ઋજુમતિ તે સામાન્યથી જ જાણે છે તથા ઋજુમતિ અંગુલ ન્યૂન અઢીદ્વીપ મનુષ્ય ક્ષેત્રમાં રહેલ સંજ્ઞીના મનોભાવ જાણે છે. વિપુલમતિ તેને સંપૂર્ણ જાણે છે. વિકુર્વણા-વૈક્રિયકરણલબ્ધિ પ્રાપ્ત.

चारण - ચરણ અર્થાત્ ગમન, તેના અતિશયવાળા. તે બે ભેદે છે - જંઘાચારણ અને વિદ્યાચારણ. તેમાં અઠ્ઠમ-અઠ્ઠમ તપ વડે જે લબ્ધિ ઉત્પન્ન થાય તે, જંઘા વ્યાપારને આશ્રીને એક જ ઉત્પાત વડે તેરમાં રુચકવર નામક દ્વીપ અને મેરુના શીખરે જે જાય અને પાછા આવે. ત્યાંથી બે ઉત્પાત વડે અહીં પાછા આવવા સમર્થ હોય તે જંઘા ચારણ. જે છઠ્ઠ-છઠ્ઠના તપથી ઉત્પન્ન થાય, જે શ્રુત વિહિતપણે બે ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપ કે મેરુ શિખરે પહોંચે, ત્યાંથી એક જ ઉત્પાદ વડે અહીં પાછા આવવા સમર્થ હોય તે વિદ્યાચારણ. विज्जाहर - પ્રજ્ઞપ્તિ આદિ વિવિધ વિદ્યાવિશેષધારી. આકાશાતિપાતી-આકાશગામી વિદ્યાના પ્રભાવથી કે પાદલેપાદિ પ્રભાવથી આકાશથી હિરણ્યવૃષ્ટિ આદિ કે ઈષ્ટ-અનિષ્ટ વડે પાડવાના સ્વભાવવાળા તે આકાશપાતી અથવા અમૂર્ત એવા પદાર્થોના સાધનમાં સમર્થવાદી તે આકાશવાદી.

● **સૂત્ર-૧૫ (અધુરેથી) :-**

***[તે શ્રમણોમાં] કેટલાંક કનકાવલી તપોકર્મ કરનારા, એ રીતે એકાવલી, લઘુસીંહનિષ્કીડિત કે મહાસીંહનિષ્કીડિત તપોકર્મ કરનારા હતા. કેટલાંક ભદ્રપ્રતિમા, મહાભદ્રપ્રતિમા કે સર્વતોભદ્રપ્રતિમા અથવા વર્ધમાન આયંબિલ તપોકર્મ કરનારા હતા.***

● **વિવેચન-૧૫ (અધુરેથી) :-**

કનકાવલિ-કનક કે મણિમય આભૂષણ વિશેષ, તેના આકારે જે તપ તે કનકાવલિ તપ. તે આ રીતે - ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ પછી આઠ અટ્ઠમ - ચાર અને ચારની બે પંક્તિથી સ્થાપવા ઈત્યાદિ બધું વર્ણન ''અંતકૃત્ દશાંગ'' સૂત્ર મુજબ જાણવું. - x - x - x - આ તપમાં ચાર પરિપાટી હોય છે. પહેલી પરિપાટીમાં પારણા વિગઈથી થાય છે, બીજીમાં વિગઈરહિત પારણું, ત્રીજીમાં અલેપકૃત્ દ્રવ્યથી પારણું અને ચોથી પરિપાટીમાં આયંબિલથી પારણું કરાય છે. તેની એક પરિપાટીમાં એક વર્ષ, પાંચ માસ, બાર દિવસ થાય છે અને ચારે પરિપાટીમાં પાંચ વર્ષ, નવ માસ, અઢાર દિવસ થાય છે.

એકાવલિ તપ બીજે ક્યાંય પ્રાપ્ત ન હોય, લખેલો નથી.

લઘુસીંહનિષ્કીડિત તપ-કહેવાનાર મહાસિંહનિષ્કિડિતની અપેક્ષાએ નાનો હોવાથી તે લઘુ કહેવાય છે. સિંહગમનની માફક જે તપ તે લઘુસિંહ નિક્રીડિત તપ. ઉપવાસ-પછી છટ્ઠ, ઉપવાસ-અટ્ઠમ-છટ્ઠ, પછી ચાર ઉપવાસ-અટ્ઠમ, પાંચ ઉપવાસ-ચાર ઉપવાસ, પછી છ ઉપવાસ-પાંચ ઉપવાસ, પછી સાત ઉપવાસ-છ ઉપવાસ, પછી આઠ ઉપવાસ-સાત ઉપવાસ, પછી નવ ઉપવાસ-આઠ ઉપવાસ એ પ્રમાણે ક્રમ કહ્યો છે. પછી સાત અને આઠ, છ અને સાત, પાંચ અને છ, ચાર અને પાંચ, અટ્ઠમ અને ચાર ઉપવાસ, પછી છટ્ઠ અને અટ્ઠમ, પછી ઉપવાસ અને છટ્ઠ, પછી ઉપવાસ કરવો. એક પરિપાટીમાં છ માસ અને સાત દિવસ થાય. ચાર પરિપાટીમાં ૨-વર્ષ અને ૨૮ દિવસ થાય છે. તેમાં પહેલી પરિપાટીમાં સર્વકામગુણિત પારણું હોય, બીજીમાં વિગઈ રહિત, ત્રીજીમાં અલેપકારી અને ચોથીમાં આયંબિલથી પારણું થાય.

મહાસિંહનિક્રીડિત તપ. ઉપર મુજબ વિધિ છે, વિશેષ એ કે આમાં એકથી સોળ સુધી, પછી સોળથી એક સુધી ઉપવાસ હોય છે. ઈત્યાદિ બધાં ઉપવાસનો ક્રમ 'અંતગડદસા' સૂત્ર મુજબ જાણવો. આ તપની એક પરિપાટી એક વર્ષ, છ માસ, અઢાર દિવસે પુરી થાય છે. ચારે પરિપાટી છ વર્ષ, બે માસ, બાર દિવસે પુરી થાય છે.

ભદ્રપ્રતિમા - જેમાં પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર સન્મુખ પ્રત્યેકમાં ચાર પ્રહર કાયોત્સર્ગ કરે છે. આ બે અહોરાત્ર પ્રમાણ છે.

મહાભદ્રપ્રતિમા-ભદ્રપ્રતિમાવત્ જ છે. તેમાં એક-એક અહોરાત્ર પર્યન્ત એક દિશાભિમુખ કાયોત્સર્ગ કરે છે. તેનું પ્રમાણ ચાર અહોરાત્ર છે. - - - સર્વતોભદ્રા - જેમાં દશે દિશામાં પ્રત્યેકમાં અહોરાત્ર કાયોત્સર્ગ કરે છે તેનું પ્રમાણ દશ અહોરાત્ર છે. અથવા સર્વતોભદ્રાપ્રતિમા બે ભેદે છે - લઘુ અને મહા. લઘુ સર્વતો-



ભદ્રામાં એકથી પાંચ ઉપવાસ કરે, પછી મધ્યના અંકથી આરંભી, બાકીનાને ક્રમથી કરે, એવી પાંચ પરીપાટી હોય છે. તેમાં ૭૫ ઉપવાસ, ૨૫-પારણા આવે છે. તેમાં એક પરિપાટીમાં ૧૦૦ દિવસ અને ચાર પરિપાટીમાં ૪૦૦-દિવસો થાય છે. મહા સર્વતોભદ્રા પણ આ પ્રમાણે છે - માત્ર તેમાં એકથી સાત ઉપવાસ સુધીનો ક્રમ હોય છે. બાકી ક્રમ-પદ્ધતિ લઘુ સર્વતોભદ્રા મુજબ જાણવી. તેમાં ૧૯૬ તપો દિન અને ૪૯-પારણા દિનો છે. એ રીતે આઠ માસ અને પાંચ દિવસે એક પરિપાટી અને ચારગણા સમયે તપ પુરો થાય છે.

વર્ધમાન આયંબિલ તપ, તેમાં ઉપવાસ, પછી આયંબિલ, પછી ઉપવાસ, પછી બે આયંબિલ, પછી ઉપવાસ, પછી ત્રણ આયંબિલ, એ રીતે યાવત્ ઉપવાસ પછી ૧૦૦ આયંબિલ. અહીં ૧૦૦ ઉપવાસ તથા ૫૦૫૦ આયંબિલ થાય છે. [૧૪ વર્ષ, ૩-માસ, ૨૦-દિન]

● **સૂત્ર-૧૫ (અધુરેથી) :-**

***[તેમાંના કેટલાંક શ્રમણો] માસિકી ભિક્ષુપ્રતિમા, બેમાસી ભિક્ષુપ્રતિમા, ત્રિમાસિકી ભિક્ષુપ્રતિમા યાવત્ સપ્તમાસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારે છે. કેટલાંક પહેલી સપ્ત અહોરાત્રિની યાવત્ ત્રીજી સાત અહોરાત્રિકી ભિક્ષુપ્રતિમા પ્રતિપન્ન છે. કેટલાંક અહોરાત્રિકી ભિક્ષુ-પ્રતિમા સ્વીકારે છે, કેટલાંક એક રાત્રિકી ભિક્ષુ પ્રતિમા સ્વીકારે છે એ રીતે સપ્ત સપ્તમિકા, અષ્ટ અષ્ટમિકા, નવ નવમિકા અથવા દશ દશમિકા ભિક્ષુપ્રતિમા, લઘુમોકપ્રતિમા, મહામોકપ્રતિમા, યવમધ્ય-ચંદ્રપ્રતિમા કે વજમધ્ય ચંદ્ર-પ્રતિમાને સ્વીકારીને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરે છે.***

● **વિવેચન-૧૫ (અધુરેથી) :-**

એક માસનું પરિમાણ તે માસિકી, તે ભિક્ષુપ્રતિમા-સાધુ પ્રતિજ્ઞા વિશેષ. તેમાં એક માસ યાવત્ એક દત્તિ અને એક પાન લે. એ રીતે બીજીથી સાતમી સુધીમાં એક-એક દત્તિની વૃદ્ધિ જાણવી. ત્રણ સપ્ત અહોરાત્રિકીમાં પહેલી સાત અહોરાત્રપ્રમાણમાં ઉપવાસ-ઉપવાસ વડે પાણી-આહાર રહિત ઉત્તાનક કે પાર્શ્વશાયી કે નિષધા આસને રહીને ગામથી બહાર વિચરે છે. બીજી સાત અહોરાત્રિકી પણ એ પ્રમાણે છે, માત્ર તેમાં ઉત્કુટુક કે લગંડશાયી કે દંડાયતાસને વિચરે છે એ રીતે ત્રીજી સાત અહોરાત્રિકી છે, તેમાં ગોદોહિકાસને કે વીરાસને કે આમ્રકુબ્જાસને બેસે છે. એક અહોરાત્રિકીમાં છટ્ઠ ઉપવાસી થઈને ગામની બહાર લાંબા હાથ કરીને રહે છે. એક રાત્રિ પ્રમાણ તે એક રાત્રિકી-તેમાં અટ્ઠમભક્તિક થઈ, ગામ બહાર કંઈક શરીર નમાવીને, અનિમેષ દૃષ્ટિથી શુષ્ક પુદ્ગલ ઉપર દૃષ્ટિ સ્થિર કરી, પગને જિનમુદ્રાએ સ્થાપી, હાથ લાંબા કરીને રહે છે. આ પ્રતિમા વિશિષ્ટ સંહનનાદિવાળા જ સ્વીકારે છે. કહ્યું છે કે — આ પ્રતિમાને ભાવિતાત્મા, મહાસત્વવાળા, સંહનન અને ધૃતિયુક્ત [શ્રમણ] સમ્યગ્ ગુરુ અનુજ્ઞાથી કરે છે.

સત્તસત્તમિયં-જેમાં સાત સાત દિવસ હોય છે, તે તથા સાત દિવસના સપ્તક

વડે થાય છે. તેમાં પહેલા દિવસે એક દત્તિ અને એક પાનક જ હોય, બે-ત્રણ આદિથી દરેક દિવસે વધતા સાતમા દિવસે સાત દત્તિ થાય. આ રીતે બીજા છ સપ્તક જાણવા. અથવા અથવા પહેલા સપ્તકમાં રોજ એક દત્તિ, બીજા આદિ સપ્તકમાં બે આદિ ગણતા યાવત્ સાતમાં સપ્તકમાં પ્રતિદિન સાત દત્તિ જાણવી. આ પ્રમાણે અષ્ટ અષ્ટમિકા, નવનવમિકા, દશદશમિકા જાણવી.

ક્યાંક આ સ્થાને ભદ્રા, સુભદ્રા, મહાભદ્રા, સર્વતોભદ્રા, ભદ્રોત્તરા ભિક્ષુપ્રતિમા જોવા મળે છે. તેમાં સુભદ્રાપ્રતિમા અપ્રસિદ્ધ છે. બાકીની પૂર્વે વ્યાખ્યાયિત કરી છે. વિશેષમાં ભદ્રોત્તરા આ પ્રમાણે - પહેલી પંક્તિમાં ૫/૬/૭/૮/૯ ઉપવાસ આવે. બીજીમાં ૭/૮/૯/૫/૬/ ઉપવાસ આવે, ત્રીજીમાં ૯/૫/૬/૭/૮ ઉપવાસ આવે, ચોથીમાં ૬/૭/૮/ ૯/૫ ઉપવાસ, પાંચમી પંક્તિમાં ૮/૯/૫/૬/૭ ઉપવાસ આવે. અથવા પહેલી પંક્તિમાં ૫/૬/૭/૮/૯/૧૦/૧૧ ઉપવાસ આવે. બીજી પંક્તિમાં ૮/૯/૧૦/૧૧/૫/૬/૭ ઉપવાસ આવે. ત્રીજી પંક્તિમાં ૧૧/૫/૬/૭/૮/૯/૧૦, ચોથી પંક્તિમાં ૭/૮/૯/૧૦/૧૧/૫/૬, પાંચમી પંક્તિમાં ૧૦/૧૧/૫/૬/૭/૮/૯, છઠ્ઠીમાં ૬/૭/૮/૯/૧૦/૧૧/૫, સાતમીમાં ૯/ ૧૦/૧૧/૫/૬/૭/૮ ઉપવાસ આવે.

લઘુ-મોટીની અપેક્ષાએ નાની, મોકપ્રતિમા-મૂત્ર સંબંધી અભિગ્રહ. આ દ્રવ્યથી મૂત્રવિષયક - મૂત્રને ન પરઠવવારૂપ છે. ક્ષેત્રથી ગામથી બહાર, કાળથી શરદમાં કે ઉનાળામાં સ્વીકારાય છે. આ પ્રતિમા આહાર કરીને પણ સ્વીકારાય છે, ચૌદ ભક્ત વડે પૂર્ણ થાય છે, આહાર કર્યા વિના પણ સ્વીકારાય છે, સોળ ભક્ત વડે પૂર્ણ થાય છે. ભાવથી આ પ્રતિમામાં "દેવ આદિક ઉપસર્ગ સહન કરવા" તે છે.

આ પ્રમાણે મહામોકપ્રતિમા પણ જાણવી. વિશેષ એ કે – જો આહાર કરીને સ્વીકારાય તો ૧૬-ભક્ત વડે પૂર્ણ થાય છે. આહાર કર્યા વિના સ્વીકારાય તો ૧૮-ભક્ત વડે પૂર્ણ થાય છે.

યવમધ્ય ચંદ્ર પ્રતિમા-જેનો મધ્ય ભાગ જવ સમાન છે તે. ચંદ્ર માફક કલાની વૃદ્ધિ કે હાનિ વડે જે પ્રતિમા, તે ચંદ્રપ્રતિમા. જેમકે - સુદ એકમે એક કવલ કે ભિક્ષા ગ્રહણ કરે, પ્રતિદિન કવલાદિ વૃદ્ધિ વડે પૂનમે પંદર કવલાદિ, વદ એકમે પંદર જ કવલાદિ ખાઈને રોજ એકની હાનિથી અમાસને દિવસે જેમાં એક કવલ લેવાય તે, મધ્ય ભાગમાં સ્થૂળ હોવાથી યવમધ્ય કહેવાય છે.

વરમધ્ય ચંદ્ર પ્રતિમા - વજની જેમ મધ્ય ભાગ જેમાં છે તે. જેમાં વદ એકમ ૧૫-કવલ ખાઈને, પછી પ્રતિદિન એક-એકની હાનિથી અમાસે એક કવલ ખાય. શુક્લ એકમે એક કવલથી આરંભી એક-એકની વૃદ્ધિથી પૂનમે પંદર કવલ ખાય, તે વજ મધ્ય-પ્રતિમા.

બીજી વાચનામાં ચાર પદ જોવા મળે છે – વિવેક પ્રતિમા, વિવેક-ત્યાગ, તે અંતરમાં કષાયાદિ અને બાહ્યમાં ગણ-શરીર-અનુચિત્ત ભક્ત-પાનાદિનો ત્યાગ, તે વિવેક.. વ્યુત્સર્ગ પ્રતરિમા-કાયોત્સર્ગ કરવા તે. ઉપધાન પ્રતિમા-તપ વિષયક અભિગ્રહ.

જો કે દશાશ્રુતસ્કંધમાં ભિક્ષુ ઉપાસક પ્રતિમા સ્વરૂપ આ પ્રમાણે કહેલ છે તો





પણ અહીં તે રીતે વ્યાખ્યા કરેલ નથી. ભિક્ષુ પ્રતિમાને પૂર્વે જ દર્શાવિલ છે. ઉપાસક પ્રતિમા સાધુને અસંભવ છે. પડિસંલીણ પડિમ-સંલીનતા અભિગ્રહ.

**● સૂત્ર-૧૬ (અધુરૂં) :-**

***તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના અંતેવાસી ઘણાં સ્થવિર ભગવંતો જાતિસંપન્ન, કુળસંપન્ન, બળસંપન્ન, રૂપસંપન્ન વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શનસંપન્ન, ચારિત્રસંપન્ન, લજ્જાસંપન્ન, લાઘવસંપન્ન, ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, ક્રોધજયી, માનજયી, માયાજયી, લોભજયી, જિતેન્દ્રિય, જિતનિંદ્ર, જિતપરીષહ, જીવિતાશા અને મરણભયથી વિપ્રમુક્ત, વ્રતપ્રધાન, ગુણપ્રધાન, કરણપ્રધાન, ચરણપ્રધાન, નિગ્રહપ્રધાન, નિશ્ચયપ્રધાન, આર્જવપ્રધાન, માર્દવપ્રધાન, લાઘવપ્રધાન, ક્ષાંતિપ્રધાન, મુક્તિપ્રધાન, વિદ્યાપ્રધાન, મંત્રપ્રધાન, વેદપ્રધાન, બ્રહ્મપ્રધાન, નયપ્રધાન, નિયમપ્રધાન, સત્યપ્રધાન, શૌચપ્રધાન, ચારુવર્ણા, લજ્જા-તપસ્વી-જિતેન્દ્રિય, શોધી, અનિદાન, અલ્પૌત્સુક્ય, અબહિર્લેશ્ય, અપ્રતિલેશ્યા, સુશ્રામણ્યરતા, દાંત, આ જ નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરીને વિચરતા હતા.***

**● વિવેચન-૧૬ (અધુરુ) :-**

જાતિસંપન્ન-ઉત્તમ માતૃકપક્ષયુક્ત જાણવા, અન્યથા માતૃકપક્ષ સંપન્નત્વ, પુરુષ માત્રને હોય, તેથી તેના કોઈ ઉત્કર્ષ કહેવાતો નથી, માટે આ વિશેષણ સમૂહને બતાવે છે, કુલસંપન્ન આદિ નવ વિશેષણ છે. વિશેષ એ કે - कुल - પિતૃપક્ષ, बल - સંહનન સમુત્થપ્રાણ, रूप - આકૃતિ. દર્શન-સમ્યક્ત્વ, ચારિત્ર-સમિતિ આદિ, लज्जा - અપવાદ ભીરુતા કે સંયમ, लाघव - દ્રવ્યથી અલ્પ ઉપધિપણું અને ભાવથી ત્રણે ગૌરવનો ત્યાગ. ઓજસ્વી-માનસથી અવષ્ટંભવાળા, તેજસ્વી-શરીરની પ્રભાવાળા, વર્ચસ્વી-વચન, સૌભાગ્યાદિયુક્ત અથવા તેજ કે પ્રભાવવાળા, વર્ચસ્વી-વચન, સૌભાગ્યાદિ યુક્ત અથવા તેજ કે પ્રભાવવાળા, યશસ્વી-ખ્યાતિવાળા. ક્રોધાદિ જય-ઉદિત ક્રોધાદિને નિષ્ફળ કરવા જીવિત આશા અને મરણ ભયથી મુક્ત અર્થાત્ તેની ઉપેક્ષા કરનાર.

વ્રતપ્રધાન-યતિત્વ, ઉત્તમ શાક્યાદિ યતિત્વની અપેક્ષાએ નિર્ગ્રન્થયતિત્વાદિ, અથવા વ્રત વડે પ્રધાન. નિર્ગ્રન્થ-શ્રમણ, તે માત્ર વ્યવહારથી જ નહીં, તેથી કહે છે :- ગુણપ્રધાન-કરુણાદિ ગુણોથી પ્રધાન, ગુણપ્રાધાન્યતા જ વિશેષથી કહે છે - કરણપ્રધાનાદિ સાત વિશેષણો છે. વિશેષ એ કે :- करण - પિંડવિશુદ્ધિ આદિ, चरण - મહાવ્રતાદિ, निग्रह - અનાચાર પ્રવૃત્તિનો નિષેધ, निश्चय - તત્ત્વનિર્ણય કે વિહિતાનુષ્ઠાનોમાં અવશ્ય કરવાનો સ્વીકાર. आर्जव - માયા ઉદયનો નિગ્રહ, માર્દવ-માન ઉદયનો નિરોધ, लाघव - ક્રિયામાં દક્ષત્વ, क्षांति - ક્રોધોદયનો નિગ્રહ, मुक्ति - લોભોદયનો નિરોધ, विद्या - પ્રજ્ઞપ્તિ આદિ, मंत्र - હરિણેગમેષી આદિ મંત્ર, वेद - આગમ કે ઋગ્વેદાદિ, ब्रह्म - બ્રહ્મચર્ય કે કુશલાનુષ્ઠાન, नय - નીતિ, नियम - અભિગ્રહ, सत्य - સમ્યગ્વાદ, शौच - દ્રવ્યથી નિર્લેપતા અને ભાવથી અનવદ્યનું આચરણ. - x -

चारुवर्ण - સત્ કીર્તિ કે ગૌરાદિ ઉદાત્ત શરીર વર્ણયુક્ત, અથવા સત્પ્રજ્ઞા. લજ્જાતપસ્વી-લજ્જાપ્રધાન તપસ્વી-શિષ્ય અને જિતેન્દ્રિય અથવા લજ્જા અને તપશ્રી

વડે જેણે ઈન્દ્રિયો જીતેલી છે તે. જો કે જિતેન્દ્રિયો પૂર્વે કહ્યા છે, તો પણ અહીં લજ્જા-તપ વિશેષિતત્વથી પુનરુક્તિ ન જાણવી. સોહિ-સૃહૃદ, જીવલોકના મિત્રો, અથવા શોધિના યોગથી શુદ્ધિ-અકલુષ હૃદયી. અનિયાણ-નિદાન રહિત, અલ્પૌત્સુક્ય-ઔત્સુક્યવર્જિત, અબહિલેસ્સ-સંયમથી અબહિર્ભૂત મનોવૃત્તિ. અપ્રતિલેશ્ય-અતુલ મનોવૃત્તિ, સુશ્રામણ્યરત-અતિશય શ્રમણકર્મમાં આસક્ત, દંત-ગુરુ વડે વિનયિત. આ જ નિર્ગ્રન્થ પ્રવચનને પ્રમાણીકૃત્ કરીને વિચરે છે. ક્યાંક આવો પાઠ પણ છે – ઘણાં આચાર્ય, ઉપાધ્યાય, ગૃહસ્થ અને પ્રવજિતોના દીપ સમાન દીપ - મોહતમ:પટલને પાડવામાં પટુપણાથી દ્વીપ જેવા - સંસારસાગરમાં ડૂબતાને આશ્વાસન રૂપપણાથી. ત્રાણ-અનર્થથી રક્ષકપણાથી. સરણ-અર્થસંપાદકપણાથી, ગતિ-અભિગમનીય, પઈટ્ઠ–આશ્રય.

● સૂત્ર-૧૬ (અધુરેથી) :-

***તે [સ્થવિર] ભગવંતો આત્મવાદના જાણકાર હતા, પરવાદના જાણકાર હતા, કમલવનમાં પુનઃપુનઃ વિચરણ કરતા હાથીની માફક પોતાના સિદ્ધાંતની આવૃત્તિને કારણે તેનાથી સુપરિચિત હતા. તેઓ અચ્છિદ્ર પ્રશ્ન વ્યાકરણી, રત્નકરંડક સમાન, કુત્રિકાપણરૂપ, પરવાદી પ્રમર્દક, દ્વાદશાંગી જ્ઞાતા, સમસ્ત ગણિપિટકધારક, સર્વાક્ષર-સંજ્ઞીપાતિક, સર્વભાષાનુગામી, અજિન છતાં જિન સદૃશ, જિનની માફક અવિતથ કહેનારા [એવા તે] સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા.***

● વિવેચન-૧૬ (અધુરેથી) :-

તે સ્થવિર ભગવંતો આત્મવાદી-સ્વસિદ્ધાંત પ્રવાદક, પાઠાંતરથી આત્મવાદી અર્થાત્ જૈન, પરવાદ-શાક્યાદિ મતો અથવા શાક્યાદિના જ્ઞાતા. - x - આત્મવાદ-સ્વસિદ્ધાંત, જમઈત્ત-પુનઃપુનઃ આવર્તનથી અતિ પરિચિત. કોની જેમ ? કમલવનમાં ફરતા મત્ત હાથી માફક. અચ્છિદ્દપસિણવાગરણ-અવિરલ પ્રશ્ન અને અવિરલ ઉત્તરવાળા. - x - કુત્તિઆવરણભૂઅ-સ્વર્ગ, મૃત્યુ, પાતાળ લક્ષણ ત્રણ ભૂમિમાં સંભવતી વસ્તુ પણ કુત્રિક છે, તેની સંપાદક આપણ-હાટ, તેની જેમ સમીહિત અર્થના સંપાદનની લબ્ધિયુક્તત્વથી આ ઉપમા છે.

પરવાઈયપમદ્દણ-પરવાદીના મતનું મર્દન કરવાથી. - x - અનુપક્રાંત-અનિરાકૃત્, અન્યયૂથિક-પરતીર્થિક, અનુપધ્વસ્યમાન - માહાત્મ્યથી ન પાડી શકાતા. વિહરંતિ-વિચરે છે. [તેમાં] -

કેટલાંક "આચારધર" આદિ ૧૬-વિશેષણો સુગમ છે. વિશેષ એ કે – "સૂત્રકૃતધર" પૂર્વના અંગોને ધારણ કર્યા વિના, તેને અતિશય વડે ધારણ કરવાથી સૂત્રકૃત્ધારક ઈત્યાદિ કહ્યું છે. તેથી જ વિપાક શ્રુતધર કહેવાથી "અગિયાર અંગના જ્ઞાતા" એમ કહ્યું છે અથવા વિદ્‌ના વિચારણા અર્થત્વથી "અગિયાર અંગના વિચારક" અર્થ કરવો. નવ પૂર્વી આદિનું ગ્રહણ તેના સાતિશયત્વથી પ્રાધાન્ય બતાવવા માટે છે. ચૌદપૂર્વીત્વ હોવા છતાં દ્વાદશાંગીત્વ કેટલાંકને ન હોય કેમકે



ચૌદપૂર્વો એ દ્વાદશાંગના અંશરૂપ છે. તેથી કહ્યું – દ્વાદશાંગ જ્ઞાતા, વળી દ્વાદશાંગીપણુ છતાં કેટલાંકને સમસ્તશ્રુતધરત્વ ન હોય, તેથી કહ્યું કે સમસ્ત ગણિપિટકધર, ગણી-અર્થ પરિચ્છેદની પિટક-સ્થાન જેવા અથવા પિટકની માફક વાલંજક, વાણિજક, બધામાં આધાર ભાજન વિશેષ સમાન જે પિટક, ગણી-આચાર્યની પેટી તે ગણિપિટક-પ્રકીર્ણક શ્રુતાદેશ શ્રુત નિર્યુક્તિ આદિ યુક્ત જિન પ્રવચન. સમસ્ત-અનંતગમ પર્યાયયુક્ત ગણિપિટકને જે ધારણ કરે છે તે. - -

- - તેથી જ સર્વે અક્ષર સંનિપાત - વર્ણસંયોગ જ્ઞેયપણે વિદ્યમાન છે, તેને. તથા આર્ય-અનાર્યો દ્વારા બોલાતી સર્વે ભાષામાં અનુસરે છે. તે ભાષા બોલાતા, લબ્ધિ વિશેષથી સર્વેને સર્વ ભાષામાં પરિણમે છે. અથવા સર્વભાષા-સંસ્કૃત, પ્રાકૃત, માગધી આદિમાં વ્યાખ્યા કરવાના આચારવાળા. અજિન-અસર્વજ્ઞ૦ - x -

● સૂત્ર-૧૭ (અધુરુ) :-

***તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્યો-ઘણાં અણગાર ભગવંતો ઈર્યાસમિત, ભાષાસમિત, એષણાસમિત, આદાન-ભાંડ-માત્ર-નિક્ષેપણા સમિત, ઉચ્ચાર-પ્રસ્રવણ-ખેલ-સિંઘાણ-જલ્લ-પારિષ્ઠાપનિકા સમિત, મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, અમમ, અકિંચન, છિન્નગ્રંથ, છિન્નશ્રોત, નિરુપલેપ, કંસપાત્રવત્ મુક્ત તોય, શંખની જેમ નિરંજન, જીવની જેમ અપ્રતિહત ગતિ, જાત્ય કંચનવત્ જાત્યરૂપ, આદર્શફલકવત્ પ્રાકૃત ભાવવાળા, કૂર્મવત્ ગુપ્તેન્દ્રિય, પુષ્કરપત્રવત્ નિરૂપલેપ, આકાશવત્ નિરાલંબન, વાયુવત્ નિરાલય, ચંદ્રવત્ સૌમ્યલેશ્ય, સૂર્યવત્ દિપ્તતેજ, સાગરવત્ ગંભીર, પક્ષીવત્ સર્વથા વિપ્રમુક્ત, મેરુવત્ અપ્રકંપ, શારદસલિલવત્ શુદ્ધ હૃદયી, ગેંડાના શ્રૃંગસમાન એકજાત, ભારંડપક્ષીવત્ અપ્રમત્ત, હાથીવત્ શૌંડીર, વૃષભવત્ ધૈર્યશીલ, સીંહવત્ દુર્દ્ધર્ષ, પૃથ્વીવત્ સર્વ સ્પર્શસહ, હવનઅગ્નિવત્ તેજથી દીપતા...***

● વિવેચન-૧૭ (અધુરુ) :-

સમિતિસૂત્રમાં आयाण - ઉપકરણનું ગ્રહણ, भाण्ड मात्रा - वस्त्रादि ઉપકરણ અથવા ભાંડ-માત્રના ઉપકરણ અથવા भाण्ड - वस्त्रादि, માટીના ભાજન, मात्र - पात्र વિશેષ, निक्षेपणा - મૂકતા, જે समित - સુપ્રત્યુપેક્ષિતાદિ ક્રમથી સમ્યક્ પ્રવૃત્ત. उच्चारपासवण खेलसिंधाणजल्लपारिट्ठावणियासमिय - મળ, મૂત્ર, થુંક, નાકનો મેલ, શ્લેષ્મ, મલના ત્યાગમાં સમિત, શુદ્ધ સ્થંડિલને આશ્રીને. મનોગુપ્ત આદિ ત્રણ પદ સરળ છે. તેથી જ સર્વથા ગુપ્તત્વથી ગુપ્ત.

गुत्तिंदिय - શબ્દાદિમાં રાગ રહિત અથવા गुत्तागुत्तिंदिय - શબ્દાદિમાં રાગાદિના નિરોધથી ગુપ્ત અને અગુપ્ત-આગમ શ્રવણમાં ઈર્યાસમિતિ આદિમાં ઈન્દ્રિયોનો અનિરોધ જેમાં છે તે. ગુત્તબંભયારિ-વસતિ આદિ ગુપ્તિવાળા મૈથુન વિરતિને સેવે છે. બીજી વાચનામાં અક્રોહ આદિ અગિયાર પદો જણાય છે. તેમાં અક્રોધ આદિ ચાર પ્રસિદ્ધ છે. તેથી જ संत - અંતર્વૃત્તિથી શાંત, पसंत - બહિર્વૃત્તિથી પ્રશાંત, उवसंत - બંનેથી ઉપશાંત અથવા મન વગેરેની અપેક્ષાએ શાંત આદિ પદો છે અથવા ભવભ્રમણથી

શ્રાંત, પ્રકૃષ્ટ ચિત્તપણાથી પ્રશાંત, ઉપશાંત-પાપથી નિવૃત્ત, અથવા પ્રશમના પ્રકર્ષને જણાવવા માટે આ ત્રણે એકાર્થક પદો છે. તેથી જ પરિનિવૃત્ત-અર્થાત્ સર્વ સંતાપ રહિત.

અણાસવ - અવિદ્યમાન પાપકર્મ બંધ. અગંથ-હિરણ્ય આદિ ગ્રંથરહિત, છિન્નસોઅ-શોકરહિત અથવા સંસારપ્રવાહ જેનો છિન્ન થયો છે તે. નિરુવલેવ-ઉપલેપ રહિત, કર્મબંધ હેતુરહિત. હવે નિરુપલેપતાને જ ઉપમાન વડે કહે છે — આ કહેવાનાર પદો [આચારાંગમાં] ભાવના અધ્યયનમાં કહ્યા છે, જેની સંગ્રહગાથા-કંસ, શંખ, જીવ૦ ઈત્યાદિ છે આ ગાથા ક્રમથી જ વ્યાખ્યા કહીએ છીએ.

કાંસાની પાત્રીની માફક મુક્ત-ત્યક્ત, પાણીની જેમ પાણી-બંધ હેતુત્વથી સ્નેહ જેણે તે. શંખની જેમ નિરંગણ-રાગ આદિ રંગણથી રહિત, જીવની જેમ અપ્રતિહત ગતિ અર્થાત્ પ્રત્યનીક, કુતીર્થિકાદિ યુક્ત છતાં દેશ નગરાદિમાં વિચરતા વાદ આદિ સામર્થ્ય યુક્તત્વથી અસ્ખલિત ગતિવાળા અથવા સંયમમાં અપ્રતિહત વૃત્તિ. ગગનવત્ નિરાલંબન-કુલ, ગામ, નગરાદિ આલંબન વર્જિત, સર્વત્ર અનિશ્રિત. વાયુવત્ અપ્રતિબદ્ધ-ગ્રામાદિમાં એક રાત્રિ આદિ વાસ. અકલુષમનપણાથી શારદ સલિલ વત્ શુદ્ધ હૃદયી. - -

- - કમલપત્રવત્ નિરુપલેપ-કાદવ અને જળ સમાન સ્વજન વિષય સ્નેહરહિત, કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય-કાચબો ક્યારેક ડોક અને ચાર પગ વડે ગુપ્ત રહે છે, તેમ ઈન્દ્રિયપંચક વડે ગુપ્ત. પક્ષીની જેમ વિપ્રમુક્ત-મુક્ત પરિકરત્વથી અને અનિયત વાસથી, ખડ્ગી-વન્ય જીવ, તેનું શીંગડુ એક જ હોય, તેની જેમ એકરૂપ - રાગાદિ સહાય રહિત. ભારંડ પક્ષીવત્ અપ્રમત્ત - આ પક્ષીને એક શરીર - અલગ ડોક - ત્રણ પગ હોય છે, તે બંનેને અત્યંત અપ્રમત્તપણે જ નિર્વાહ પ્રાપ્ત થાય છે તેથી આ ઉપમા આપી છે.

હાથીની જેમ શૂર-કષાયાદિ શત્રુને આશ્રીને, બળદની જેમ ઉત્પન્ન બળવાળા અર્થાત્ પ્રતિજ્ઞાત કાર્યભારના નિર્વાહક. સીંહની જેમ દુર્દ્ધર્ષ-પરીષહાદિ મૃગો વડે અપરાજિત. મેરુ પર્વતની માફક અનુકૂળ ઉપસર્ગવાયુ વડે અવિચલિત સત્ત્વવાળા. સાગર જેવા ગંભીર-હર્ષ, શોકાદિ કારણ સંપર્કમાં પણ અવિકૃત ચિત્તવાળા, ચંદ્ર જેવા સૌમ્યલેશ્ય-મનના પરિણામો ઉપતાપથી રહિત હોવા, સૂર્ય જેવા દીપ્તતેજ-દ્રવ્યથી શરીરની દીપ્તિ, ભાવથી જ્ઞાન વડે. - -

- - જાત્ય કંચનવત્ - જાત - પ્રાપ્ત, રૂપ - સ્વરૂપ રાગાદિ કુદ્રવ્ય વિરહથી એવા તે જાતરૂપા. પૃથ્વીની જેમ સર્વ સ્પર્શરહિત, તેમાં સ્પર્શ-શીતોષ્ણાદિ અનુકૂળ-પ્રતિકૂળ પરીષહોને બધાંને સહેનારા તથા સારી રીતે નાંખેલ ઘી આદિ જે અગ્નિમાં છે તે, તેના જેવા તેજથી - જ્ઞાન અને તપ રૂપ વડે જ્વલંત-દીપતા. બીજી પ્રતમાં આ સર્વે વિશેષણો ઉપરાંત આ વિશેષણ છે - અરીસાની પટ્ટિકાની જેમ પાતળા, વિસ્તીર્ણત્વથી આદર્શફલક [અરીસાના દંડની જેમ] પ્રગટ-યથાવત્ ઉપલભ્યમાન સ્વભાવ ભાવ-અરીસાના પક્ષે નયન, મુખાદિ ધર્મ અને સાધુપક્ષે અશઠપણે મનના પરિણામ જેમાં છે તે પ્રકટ ભાવવાળા.



**• સૂત્ર-૧૭ (અધુરેથી) :-**

***તે ભગવંતને કોઈ પ્રતિબંધ નથી. તે પ્રતિબંધ ચાર ભેદે કહ્યો છે. તે આ પ્રમાણે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, દ્રવ્યથી સચિત-અચિત્ત-મિશ્ર દ્રવ્યોમાં, ક્ષેત્રથી ગામ, નગર, અરણ્ય, ખેતર, ખળો, ઘર કે આંગણમાં, કાળથી સમય કે આવલિકા કે યાવત્ અયન કે બીજા દીર્ઘકાળ સંયોગોમાં, ભાવથી ક્રોધ, માન, માયા, લોભ, ભય, હાસ્યમાં-હોતો નથી.***

***તે ભગવંતો વર્ષાવાસ સિવાયના ગ્રિષ્મ-હેમંતના આઠ માસોમાં ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ [રહેતા] વાસલા અને ચંદનમાં સમાન દૃષ્ટિવાળા, ઢેફા કે સોનામાં સમાન, સુખ-દુઃખમાં સમ, આલોક-પરલોકમાં અપ્રતિબદ્ધ, સંસારપારગામી, કર્મના નિર્ઘાતન માટે અભ્યુત્થિત થઈને વિચરતા હતા.***

**• વિવેચન-૧૭ (અધુરેથી) :-**

તે ભગવંતોને આવો ક્યાંય પ્રતિબંધ હતો નહીં. જેમકે દ્રવ્યથી - સચિત્તાદિ ત્રણમાં, ક્ષેત્રથી ગ્રામાદિ સાતમાં, તેમાં ક્ષેત્ર-ધાન્યજન્મભૂમિ, ખલ-ધાન્ય મલનાદિ સ્થળ. કાળથી સમય આદિમાં - તેમાં સમય-સૌથી નિકૃષ્ટ કાળ, આવલિકા-અસંખ્યાત સમયા, યાવત્ શબ્દથી ઉચ્છ્વાસ નિઃશ્વાસ કાળ, થોવ - સાત પ્રાણ પ્રમાણ, લવ - સાત સ્તોક પ્રમાણ, મુહૂત્ત - ૭૭ લવ પ્રમાણ, અયણ - દક્ષિણાયન આદિ, દીર્ઘકાળ સંયોગ-૧૦૦ વગેરે વર્ષ. ભાવથી ક્રોધાદિ છ, આવા પ્રકારે તેમને પ્રતિબંધ હોતો નથી.

વાસાવાસવજ્જ-વર્ષાકાળમાં નિવાસને વર્જીને, ગામમાં એક રાત્રિ વસવું અને નગરમાં પાંચ રાત્રિ રહેવું. આ પ્રતિમાકલ્પિકોને આશ્રીને કહ્યું. બીજાને માસકલ્પ-વિહારિપણું છે. વાસીચંદણ સમાણકપ્પ- - x - અપકારી કે ઉપકારી, તે બંનેમાં સમાન-રાગદ્વેષ રહિતપણે સમાન કલ્પ-વિકલ્પ સમાન આચાર જેમાં છે તે વાસીચંદન સમાન કલ્પી. સમ-તુલ્ય, ઉપેક્ષણીયત્વથી ઢેફા અને સુવર્ણમાં તે. - x -

બીજી વાચનામાં આમ પણ દેખાય છે - અંડજ-હંસાદિ, અંડક-મયૂર અંડક આદિ અર્થાત્ મયૂરાદિની ક્રીડાદિમાં પ્રતિબંધ થાય છે, પોતજ-હસ્તિ આદિ અથવા પોતક-બાળકમાં પ્રતિબંધ થાય. પાઠાંતરમાં અંડજ-વસ્ત્ર, કોશિકારકીટ અંડક પ્રભવ, બોંડજ-કપાસના ફળમાંથી થયેલ વસ્ત્ર જ, અવગૃહીત-પરિવેષણ અર્થે ઉત્પાદિત ભોજન-પાન. પ્રગૃહીત-ભોજનાર્થે ઉત્પાદિત અથવા અવગ્રહિક-વસતી, પીઠફલક આદિ અથવા ઔપગ્રહિક-દંડક આદિ ઉપધિ જાત, પ્રગૃહીત-પ્રકર્ષથી ગૃહીત ઔધિક.

જણ્ણં જણ્ણં દિસં૦ જે જે દિશામાં વિચરવાને ઈચ્છે છે, તે તે દિશામાં વિચરે છે. શુચિભૂત-ભાવશુદ્ધિવાળા, શ્રુતિભૂત-પ્રાપ્ત સિદ્ધાંતા, લઘુભૂત-અલ્પ ઉપધિપણે અને ગૌરવત્યાગથી અથવા લઘુભૂત-વાયુની માફક સતત વિહાર કરનારા. અણપ્પગંથા-ઘણાં આગમ અથવા આત્મ સંબંધી ગ્રંથ-હિરણ્યાદિ જેને અવિદ્યમાન છે તે અથવા અનર્ઘ્ય ગ્રંથા-ભાવધનથી યુક્ત.

● **સૂત્ર-૧૮ :-**

*તે ભગવંતોને આવા વિહારથી વિચરતા આ આવા પ્રકારે અભ્યંતર-બાહ્ય તપ ઉપધાન હોય છે. તે આ પ્રમાણે - છ ભેદે અભ્યંતર અને છ ભેદે બાહ્ય.*

● **વિવેચન-૧૮ :-**

હવે બીજા પ્રકારે સાધુનું વર્ણન કહે છે - तेसि णं થી भाव विउस्सग्गे સુધી અનશનાદિ તપો ભેદ પ્રતિપાદન સુગમ છે જ. બીજી વાચનામાં સંયમ યાત્રા માત્રાર્થે ભોજન ગ્રહણ તે ''યાત્રામાત્રાવૃત્તિ'' છે.

અધિકૃત્ વાચનામાં અભ્યંતર-શરીરની અંદર જ તાપનથી સમ્યગ્ દૃષ્ટિ વડે જ તપ, તેના વડે પ્રતીયમાનત્વથી. શરીરની બહાર જ તપાવવાથી મિથ્યાદૃષ્ટિ વડે તપપણે પ્રતીયમાનત્વથી.

● **સૂત્ર-૧૯ (અધુરુ) :-**

*તે બાહ્યતપ શું છે ? બાહ્યતપ છ ભેદે છે. તે આ રીતે - અનશન, ઊનોદરિકા, ભિક્ષાચર્યા, રસપરિત્યાગ, કાયક્લેશ પ્રતિસંલિનતા.*

*તે અનશન શું છે ? બે ભેદે છે - ઇત્વરિક, યાવત્કથિક. તે ઇત્વરિક શું છે ? અનેકવિધ છે - ચતુર્થભક્ત, છટ્ઠભક્ત, અટ્ઠમભક્ત, દશમભક્ત, બારસભક્ત, ચૌદશભક્ત, સોલશભક્ત, અર્ધમાસિકભક્ત, માસિકભક્ત, બેમાસિકભક્ત યાવત્ છમાસિકભક્ત.*

*તે યાવત્કથિત શું છે ? બે ભેદે છે - પાદપોપગમન અને ભક્ત પ્રત્યાખ્યાન. તે પાદપોપગમન શું છે ? બે ભેદે છે - વ્યાઘાતિમ અને નિર્વ્યાઘાતિમ. તે નિયમા અપ્રતિકર્મ છે. તે પાદપોપગમન છે. તે ભક્તપ્રત્યાખ્યાન શું છે ? બે ભેદે છે — વ્યાઘાતિમ, નિર્વ્યાઘાતિમ. તે નિયમા સપ્રતિકર્મ છે. તે ભક્ત પ્રત્યાખ્યાન કહ્યું, તે અનશન કહ્યું.*

● **વિવેચન-૧૯ (અધુરુ) :-**

અનશન - ભોજન નિવૃત્તિ. જે આ કરવા સમર્થ નથી તો શું કરવું ? ઊણોદરી - ઉદરને ઉણું રાખવું, ઉપલક્ષણથી અલ્પ ઉપધિપણું, તેમાં અશક્તને જે કરવાનું છે તે કહે છે, ભિક્ષાચર્યા - વૃત્તિ સંક્ષેપ. તેમાં પણ અશક્ત એ શું કરવું ? રસપરિત્યાગ. તેમાં પણ અશક્તને શું કરવું ? કાયક્લેશ, તેમાં પણ અશક્ત શું કરે ? પ્રતિસંલિનતા.

ઈત્વરિક-અલ્પકાલિક-એક ઉપવાસાદિથી છ માસ પર્યન્ત. યાવત્કથિક-જેટલી આ કથા - આ મનુષ્ય છે એમ વ્યપદેશરૂપ, - x - યાવત્કથિક-યાવજ્જીવિક. વૃક્ષની જેમ ઉપગમન-ચલિત થયા વિના રહેવું તે પાદપોપગમન. વ્યાઘાતવત્ - સિંહ, દાવાનલાદિથી અભિભૂત જે સ્વીકારાય તે. નિર્વ્યાઘાતિમ-વ્યાઘાતરહિત.

● **સૂત્ર-૧૯ (અધુરેથી) :-**

*તે ઊનોદરિકા શું છે ? બે ભેદે છે - દ્રવ્ય ઉનોદરિકા અને ભાવ ઉનોદરિકા. તે દ્રવ્ય ઉનોદરિકા શું છે ? બે ભેદે છે - ઉપકરણ દ્રવ્ય ઉનોદરિકા અને ભક્ત-પાન દ્રવ્ય ઉનોદરિકા. તે ઉપકરણ દ્રવ્ય ઉનોદરિકા શું છે ? ત્રણ*



*ભેદે છે — એક વસ્ત્ર, એક પાત્ર, એક મનોનુકૂલ નિર્દોષ ઉપકરણ રાખવું. આ ઉપકરણ દ્રવ્ય ઉનોદરિકા છે.*

*તે ભોજન-પાન દ્રવ્ય ઉનોદરિકા શું છે ? અનેક ભેદે છે - કુકડીના આઠ ઇંડા પ્રમાણ માત્ર કોળીયા આહાર કરતા અલ્પાહાર, બાર કુકડી ઇંડા પ્રમાણ માત્ર કોળીયા આહાર કરાતં અપાર્દ્ધઉનોદરિકા, સોળ કુકડી ઇંડા પ્રમાણ માત્ર કોળીયા આહાર કરતાં બે ભાગ પ્રાપ્ત ઉનોદરિકા, ચોવીશ કુકડી ઇંડા પ્રમાણ માત્ર કોળીયા આહાર કરતાં પ્રાપ્ત ઉનોદરિકા, કુકડીના ઇંડા પ્રમાણ એકત્રીશ કોળીયા આહાર કરતાં કંઈક ન્યૂન ઉનોદરી. અને કુકડીના ઇંડા પ્રમાણ બત્રીશ કોળીયા આહાર કરતાં પ્રમાણ પ્રાપ્ત. આનાથી એક કોળીયો ઓછો આહાર કરનાર શ્રમણનિર્ગ્રન્થ પ્રકામરસભોજી કહેવાતા નથી. તે ભક્તપાન દ્રવ્ય ઉણોદરી કહી. દ્રવ્યોણદરી કહી.*

*તે ભાવ ઉણોદરી શું છે ? અનેકવિધ છે - અલ્પક્રોધ, અલ્પમાન, અલ્પમાયા, અલ્પલોભ, અલ્પશબ્દ, અલ્પઝંઝા. - x - x -*

*તે ભિક્ષાચર્યા શું છે ? અનેકવિધ છે — દ્રવ્યાભિગ્રહ ચરક, ક્ષેત્રાભિગ્રહ ચરક, કાલાભિગ્રહ ચરક, ભાવાભિગ્રહ ચરક, ઉત્ક્ષિપ્ત ચરક, નિક્ષિપ્ત ચરક, ઉત્ક્ષિપ્તનિક્ષિપ્ત ચરક, નિક્ષિપ્તઉત્ક્ષિપ્ત ચરક, વર્તિષ્યમાન ચરક, સંહ્રિયમાન ચરક, ઉપનીત ચરક, અપનીત ચરક, ઉપનીત અપનીત ચરક, અપનીત ઉપનીત ચરક, સંસૃષ્ટ ચરક, અસંસૃષ્ટ ચરક, તજ્જાત સંસૃષ્ટ ચરક, અજ્ઞાત ચરક, મૌન ચરક, દૃષ્ટલાભિક, અદૃષ્ટલાભિક, સ્પૃષ્ટ લાભિક, અસ્પૃષ્ટ લાભિક, ભિક્ષાલાભિક, અભિક્ષાલાભિક, અન્નગ્લાયક, ઉપનિહિત, પરિમિત-પિંડપાતિક, શુદ્ધૈષણિક, સંખ્યાદત્તિક. આ ભિક્ષાચર્યા કહી.*

● **વિવેચન-૧૯ (અધુરેથી) :-**

ચિયત્ત-પ્રીતિકર કે ત્યક્ત દોષ વડે જે ઉપકરણ-વસ્ત્ર, પાત્ર સિવાયના. - x - અલ્પાહાર-બત્રીશ કોળીયાની અપેક્ષાથી આઠનું અલ્પપણું છે, અર્ધ-બત્રીશનું અડધું તે સોળ, તે બારના સમીપવર્તીપણાથી 'બાર' એ ઉપાર્દ્ધ ઉણોદરી કહી. દ્વિભાગ ઉનોદરિકા-બત્રીશનો અર્ધ ભાગ, તેથી સોળ કોળીયાને દ્વિભાગ ઉનોદરી કહે છે. ચોવીશ કોળીયા તે બત્રીશનો બીજા અડધાના મધ્યભાગને પ્રાપ્તપણાથી તે પ્રાપ્ત ઉનોદરી કહેવાય છે અથવા બત્રીશના ત્રણ ભાગને પ્રાપ્ત અને ચોથા ભાગને અપ્રાપ્તત્વથી. એકત્રીશ એ બત્રીશથી એક જ ન્યૂન હોવાથી કિંચન્યૂન ઉણોદરી કહી. બત્રીશ કવલથી પ્રમાણ પ્રાપ્ત થાય છે. આ બત્રીશ કોળીયા પ્રમાણથી એકાદ કોળીયો [ન્યૂન] લેતા પણ [સાધુ] પ્રકામ રસભોજી-અત્યર્થ અન્નભોક્તા કહેવાતો નથી.

अप्पसद्द - અલ્પકલહ, કલહ એટલે ક્રોધ કાર્ય. અલ્પઝંઝ-અવિદ્યમાન કલહ વિશેષ, અલ્પ શબ્દ અભાવ વચન અર્થમાં પણ હોય. દ્રવ્યાભિગ્રહ ચરક - દ્રવ્યને આશ્રીને અભિગ્રહથી ચરે છે - ભિક્ષાર્થે ભ્રમણ કરે છે જે દ્રવ્યાશ્રિત અભિગ્રહને સેવે છે, તે દ્રવ્યાભિગ્રહચરક.

અહીં ભિક્ષાચર્યામાં જે દ્રવ્યાભિગ્રહચરક કહ્યા, તે અધર્મી-ધર્મીના ભેદની વિવક્ષા રહિત છે. દ્રવ્યાભિગ્રહ-લેપકૃતાદિ દ્રવ્યવિષય, ક્ષેત્રાભિગ્રહ-સ્વગામ, પરગામાદિ વિષય, કાલાભિગ્રહ-પૂર્વાહ્નાદિ વિષયક, ભાવાભિગ્રહ - ગાવું, હસવું આદિ પ્રવૃત્ત પુરુષાદિ વિષયક. ઉત્ક્ષિપ્ત-પોતાના માટે રસોઈના વાસણમાંથી કાઢેલ, તે માટે અભિગ્રહ લઈ, તેની ગવેષણાને માટે જાય તે ઉત્ક્ષિપ્ત ચરક. આ પ્રમાણે આગળ પણ જાણવું. નિક્ષિપ્ત-રસોઈના વાસણમાંથી ન કાઢેલ. ઉત્ક્ષિપ્તનિક્ષિપ્ત-રસોઈના વાસણમાંથી કાઢીને તેમાં જ કે બીજા સ્થાને મૂકેલ અથવા ઉત્ક્ષિપ્ત અને નિક્ષિપ્તને જે ચરે છે તે. નિક્ષિપ્ત ઉત્ક્ષિપ્તચરક - ભોજન પાત્રમાં નાંખીને પોતાને માટે કાઢેલ તે જ નિક્ષિપ્તોક્ષિપ્ત.

વર્તિષ્યમાન ચરક - પરિવેષ્યમાન ચરક. સાહરિજ્જમાન ચરક - જે ભાત આદિને શીતલ કરવાને વસ્ત્રાદિમાં વિસ્તારિને તેને ફરી વાસણમાં નાંખતા સંહરાયુ કહેવાય. ઉપનીત-કોઈ વડે ક્યાંક રખાયેલ. અપનીત-દેયદ્રવ્ય મધ્યેથી અપ્રસારિને અન્યત્ર સ્થાપિત. ઉપનીત અપનીત-લાવીને રાખ્યા પછી તે વસ્તુને બીજા સ્થાને સ્થાપેલ અથવા ઉપનીત અને અપનીતની જે ગવેષણા કરે તે અથવા દેનારે વર્ણવેલા ગુણ - નિરાકૃત ગુણ જેમાં એકાદ ગુણથી વર્ણિત અને બીજા ગુણની અપેક્ષાએ દૂષિત, જેમકે - અહો શીતળ જળ કેવળ ક્ષાર છે. અપનીતોપનીત - ક્ષાર છે પણ શીતલ છે.

સંસૃષ્ટ-ખરડેલા હાથ આદિ વડે દેવાતું. અસંસૃષ્ટ-ઉક્તથી વિપરીત. તજ્જાત-સંસૃષ્ટ-તજ્જાત દેય દ્રવ્ય અવિરોધી વડે જે સંસૃષ્ટ હાથ આદિ વડે દેવાતુ. અજ્ઞાત-સ્વાજન્યાદિ ભાવ દેખાડ્યા વિના, - x - દૃષ્ટલાભિક-દેખાતો કે દેખેલો આહાર લેવો અથવા પૂર્વે જોયેલ દાતાના હાથે ભિક્ષા ગ્રહણ કરવી. અદૃષ્ટલાભિક-પહેલા ન જોયેલ આહાર અથવા પૂર્વે ન જોયેલ દાતા દ્વારા અપાતો આહાર ગ્રહણ કરવો.

પૃષ્ટલાભિક-પૂછ્યા પછી જ - હે સાધુ ! તમને શું આપીએ ? ઈત્યાદિ પ્રશ્ન પૂછી જે લાભ જેને થાય તે. અસ્પૃષ્ટલાભિક-ઉક્તથી વિપરીત. ભિક્ષાલાભિક-ભિક્ષા સદૃશ ભિક્ષા માંગીને લાવેલ તુચ્છ આહાર ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા અથવા દાતા જે ભિક્ષામાં અથવા માંગીને લાવેલ હોય તેમાંથી અથવા તેના દ્વારા તૈયાર કરેલ ભોજનમાંથી આહાર લેવો તે. અભિક્ષાલાભિક-ભિક્ષાલાભથી વિપરિત.

અન્નગ્લાયક-ભોજન વિના ગ્લાની પામે તે. તે અભિગ્રહ વિશેષથી સવારમાં જ દોષી અન્ન વાપરે છે. ઉપનિહિત-જે કોઈ નજીકમાં રહેલ હોય તેની ગવેષણા કરે તે. પરિમિતપિંડપાતિક-સિમિત અર્ધ પોષણાદિ લાભ જેને થાય તે. શુદ્ધૈષણા-શંકાદિ દોષ રહિતતા અથવા વ્યંજનાદિ રહિત શુદ્ધ ભાત આદિની ગવેષણા જેમાં હોય તે. સંખ્યાદત્તિક-સંખ્યા પ્રધાન દત્તિઓ જેમાં છે તે. દત્તિ-એક ક્ષેપ ભિક્ષારૂપ.

● **સૂત્ર-૧૯ (અધુરેથી) :-**

***તે રસપરિત્યાગ શું છે ? અનેકવિધ છે - નિર્વિકૃતિક, પ્રણીત રસ પરિત્યાગ, આયંબિલ, આયમસિક્થભોજી, અરસાહાર, વિરસાહાર, અંતાહાર, પ્રાંતાહાર, રૂક્ષાહાર. આ રસપરિત્યાગ કહ્યો.***



***તે કાયક્લેશ શું છે ? અનેકવિધ છે — સ્થાનસ્થિતિક, સ્થાનાતિગ ઉત્કુટુકાસનિક, પ્રતિમાસ્થાયી, વીરાસનિક, નૈષધિક, દંડાયક, લકુડસાઈ, આતાપક, અપ્રાવૃતક, અકંડુક, અનિષ્ઠીવક, સર્વ ગાત્ર પરિકર્મ-વિભૂષા વિપ્રમુક્ત. તે કાયકલેશ કહ્યો.***

***તે પ્રતિસંલીનતા શું છે ? ચાર ભેદે છે — ઈન્દ્રિય પ્રતિસંલીનતા, કષાય પ્રતિસંલીનતા, યોગ૦, વિવિક્તશયણાસનસેવનતા.***

● **વિવેચન-૧૯ (અધુરેથી) :-**

નિર્વિકૃતિક-ઘી આદિ વિગઈ રહિત, પ્રણીતરસ - ઘી, દૂધ આદિના બિંદુ ઝરતા હોય તે. આયંબિલ-ચોખા, મગ આદિ. આયામ સિત્થભોઈ-ઓસામણ અને તેમાં રહેલ અન્નકણ. અરસાહાર-હિંગ આદિથી ન સંસ્કારેલ આહાર વિરસાહાર-રસરહિત, જૂના ધાન્ય-ઓદનાદિ. અંતાહાર-જઘન્યધાન્ય, વાલ આદિ. પંતાહાર-પ્રકર્ષથી અંત્ય, વાલ આદિ જ ખાધા પછી વધેલ હોય તે અથવા પર્યુષિત [પડી રહેલ] लूहाहार - રૂક્ષ, ક્યાંક તુચ્છાહાર પાઠ છે. તુચ્છ-અલ્પ અને અસાર.

ठाणट्ठिइए - કાયોત્સર્ગ વડે સ્થિતિ જેની છે તે. પાઠાંતરથી ठाणाइय - સ્થાનાતિગ, કાયોત્સર્ગ કરવો. - x - पडिमाट्ठाई - પ્રતિમાસિકી આદિ, વીરાસણિય-સિંહાસને બેસીને જમીને પગ રાખીને પગ રાખીને પછી સીંહાસન લઈ લેતા જે સ્થિતિ આવે તે. નેસજ્જિઅ-કુલા વડે જમીન ઉપર બેસનાર. દંડાયતિક-દંડની જેમ આયામવાળો. લગંડ-વાંકુ લાકડું, તેની જેમ સુનાર તે લગંડશાયી, તેનું મસ્તક કે પીઠ ભૂમિમાં રહે છે. આયાવય-શીત આદિ વડે દેહને સંતાપે છે તે. આતાપના ત્રણ પ્રકારે છે - નિષ્પન્નની ઉત્કૃષ્ટ, અનિષ્પન્નની મધ્યમા, ઉર્ધ્વસ્થિતની જઘન્ય, નિષ્પન્નતાપના ત્રણ ભેદે - અધોમુખ સુવે, પડખે સુવે, ચત્તો સુવે. અનિષ્પન્નાતાપના ત્રણ ભેદે - ગોદોહિક, ઉત્કુટુક આસન, પદ્માસન. ઉર્ધ્વસ્થાનાતાપના પણ ત્રણ ભેદે - હાથ ઉંચા કરવા, એક પગે રહેવું, સમ પગે ઉભવું. અપ્રાવૃતક-પ્રાવરણ રહિત. - x - ક્યાંક ''ધૂયકસમંસુલોમ'' પાઠ છે. તેમાં ધુત - નિષ્પ્રતિકર્મતાથી ત્યજેલ માથાના, દાઢી-મુંછ આદિના વાળ. શું કહેવા માંગે છે ? સર્વગાત્ર વિભૂષા રહિત.

● **સૂત્ર-૧૯ (અધુરેથી) :-**

***તે ઈન્દ્રિય પ્રતિસંલીનતા શું છે ? પાંચ ભેદે છે - શ્રોત્રેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ અથવા શ્રોત્રેન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થોમાં રાગદ્વેષ નિગ્રહ. ચક્ષુરિન્દ્રિય વિષય પ્રચાર નિરોધ કે ચક્ષુરિન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થમાં રાગ-દ્વેષ નિગ્રહ. ઘ્રાણેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ કે ઘ્રાણેન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થોમાં રાગદ્વેષ નિગ્રહ, જિહ્વેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ કે જિહ્વેન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થમાં રાગદ્વેષ નિગ્રહ, સ્પર્શનેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ કે સ્પર્શનેન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થમાં રાગદ્વેષ નિગ્રહ. આ ઈન્દ્રિય પ્રતિસંલીનતા કહી.***

***તે કષાય પ્રતિસંલીનતા શું છે ? ચાર ભેદે છે — (૧) ક્રોધના (૨) માનના (૩) માયાના (૪) લોભના ઉદયનો નિરોધ અથવા ઉદય પ્રાપ્ત ક્રોધ-***

*માન-માયા-લોભને વિફળ કરવા. તે કષાય પ્રતિસંલીનતા છે.*

*તે યોગ પ્રતિસંલીનતા શું છે ? ત્રણ ભેદે છે — (૧) મન, (૨) વચન (૩) કાયાના યોગની પ્રતિસંલીનતા તે મનોયોગપ્રતિસંલીનતા શું છે ? અકુશલ મનનો નિરોધ અને કુશલ મનની ઉદીરણા. (૨) વચન યોગ પ્રતિસંલીનતા શું છે ? અકુશલ વચનનો નિરોધ અને કુશલ વચન ઉદીરણા. તે કાયયોગ પ્રતિ સંલીનતા શું છે ? જે સુસમાહિત હાથ-પગ-કૂર્મવત્ ગુપ્તેન્દ્રિય, સર્વ ગાત્ર પ્રતિસંલીન કરીને રહેવું તે.*

*તે વિવિક્ત શયન-આસન સેવનતા શું છે ? જે આરામ, ઉધાન, દેવકુળ, સભા, પ્રપા, પ્રણિતગૃહ, પ્રણિતશાળામાં સ્ત્રી, પશુ, નપુંસક સંસક્ત રહિત વસતિમાં પ્રાસુક અને એષણીય પીઠ-ફલક-શય્યા-સંસ્તારક સ્વીકારીને વિચરવું તે. - x - આ બાહ્ય તપ કહ્યો.*

**● વિવેચન-૧૯ (અધુરેથી) :-**

શ્રોત્રેન્દ્રિયનો વિષય — શબ્દ, પ્રચાર-પ્રવૃત્તિનો નિરોધ-નિષેધ. શ્રોત્રેન્દ્રિય ગોચર પ્રાપ્ત અર્થો-કાનમાં પ્રવેશતા શબ્દોનો. આરામ-પુષ્પપ્રધાનવન, ઉધાન-પુષ્પ, ફળયુક્ત મહાવૃક્ષ સમુદાય, સભા-લોકોને બેસવાનું સ્થાન, પ્રપા-પાણીની પરબ, પણિયગિહ-ભાંડ-વાસણ રાખવાના સ્થાન, પણિયસાલા-ઘણાં ગ્રાહક-દાયક જનોચિત ગૃહ વિશેષમાં, જ્યાં પગ પસારી સુવાય તેવી શય્યા.

**● સૂત્ર-૨૦ (અધુરુ) :-**

*તે અભ્યંતર તપ શું છે ? છ ભેદે છે — પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ.*

*તે પ્રાયશ્ચિત્ત શું છે ? દશ ભેદે છે — આલોચના યોગ્ય, પ્રતિક્રમણ યોગ્ય, તદુભય યોગ્ય, વિવેક યોગ્ય, વ્યુત્સર્ગ યોગ્ય, તપ યોગ્ય, છેદ યોગ્ય, મૂલ યોગ્ય, અનવસ્થાપ્યાર્હ, પારંચિત યોગ્ય.*

*તે વિનય શું છે ? સાત ભેદે છે — જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, મન વિનય, વચન વિનય, કાય વિનય, લોકોપચાર વિનય... તે જ્ઞાન વિનય શું છે ? પાંચ ભેદે છે - આભિનિબોધિક-શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવળ જ્ઞાન વિનય. તે દર્શન વિનય શું છે ? બે ભેદે છે — સુશ્રૂષણા અને અનત્યાશાતના વિનય. તે સુશ્રુષણા વિનય શું છે ? અનેકવિધ — અભ્યુત્થાન, આસનાભિગ્રહ, આસન પ્રદાન, સત્કાર, સન્માન, કૃતિકર્મ, અંજલિ પ્રગ્રહ, આવનારની સામે જવું — ઉભેલાની પર્યુપાસના કરવી, જનારને પહોંચાડવા જવું.*

**● વિવેચન-૨૦ (અધુરુ) :-**

પ્રાયશ્ચિત્ત-અતિચાર વિશુદ્ધિ, તે વંદનાદિ વિનય વડે થાય, તેથી વિનય-કર્મ દૂર કરવાના હેતુથી પ્રવૃત્તિ. વિનયીને જ વૈયાવચ્ચ હોય, તેથી વૈયાવચ્ચ-ભોજનાદિ વડે ઉપકાર કરવો. વૈયાવચ્ચના અંતરાલમાં સ્વાધ્યાય કરવો. તેથી—સ્વાધ્યાય મર્યાદાથી શોભન પાઠ. તેમાં ધ્યાન થાય છે, તેથી ધ્યાન. શુભધ્યાનથી જ હોય તો ત્યાગ થાય.



તેથી વ્યુત્સર્ગ કહ્યો.

આલોયણાર્હ-ગુરુ પાસે નિવેદનથી જે વિશુદ્ધિ યોગ્ય હોય તે - ભિક્ષાચર્યાદિ અતિચારથી થયેલ, તેના વિષયત્વથી આલોચના લક્ષણ વિશુદ્ધિ પણ આલોચનાર્હ કહેવાય. તે જ તપોરૂપત્વથી છે. એ રીતે બીજા પણ જાણવા. વિશેષ એ - પડિક્કમણાર્હ તે મિથ્યાદુષ્કૃત. તદુભયાર્હ-આલોચના, પ્રતિક્રમણ સ્વભાવ. વિવેકાર્હ-અસુદ્ધ ભોજનાદિ વિવેચન. વ્યુત્સર્ગાર્હ-કાયોત્સર્ગ. તપાર્હ-નિવ્વિગઇ આદિ તપ. છેદાર્હ-પાંચ પાંચ દિવસના ક્રમે પર્યાય છેદવો. મૂલાર્હ-ફરી વ્રતમાં સ્થાપવા. અનવસ્થાપ્યાર્હ-તપ વિશેષ ન આચરે ત્યાં સુધી વ્રતમાં ન સ્થાપવા. પારંચિતાર્હ-તપો વિશેષથી જ અતિચારને પાર પહોંચાડવા. - - - આસનાભિગ્રહ-જ્યાં જ્યાં [વડીલ] બેસવા ઈચ્છે ત્યાં ત્યાં આસન લઈ જવું. આસનપ્રદાન-માત્ર આસન આપવું.

**● સૂત્ર-૨૦ (અધુરેથી) :-**

*તે અનત્યાશાતના વિનય શું છે ? ૪૫ ભેદે છે - અરહંતની આશાતના ન કરવી, અરહંત પ્રજ્ઞપ્ત ધર્મની આશાતના ન કરવી. એ રીતે આચાર્ય, ઉપાધ્યાય, કુળ, ગણ, સંઘ, ક્રિયાવાન્, સાંભોગિકની તથા આભિનિબોધિક-શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવળ જ્ઞાનની આશાતના ન કરવી. આ પંદરની ભક્તિ-બહુમાન અને આ પંદરની પ્રશસ્તિ-ગુણકીર્તન, એમ ૪૫-ભેદો છે. તે આ અનત્યાશાતના વિનય.*

*તે ચારિત્ર વિનય શું છે ? પાંચ ભેદે છે — સામાયિક ચારિત્રવિનય, એ રીતે છેદોપસ્થાપનીય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાત ચારિત્રવિનય. આ ચારિત્ર વિનય કહ્યો.*

*તે મનવિનય શું છે ? બે ભેદે છે - પ્રશસ્ત મન વિનય અને અપ્રશસ્ત મન વિનય. તે અપ્રશસ્ત મન વિનય શું છે ? જે મન સાવધ, સક્રિય, સકર્કશ, કટુક, નિષ્ઠુર, પરુષ, આશ્રવકર, છેદકર, ભેદકર, પરિતાપનકર, ઉદ્રવણકર, ભૂતોપઘાતિક-તેવા પ્રકારનું મન ન કરે - ન વિચારે. કેમકે તેવું મન એ અપ્રશસ્ત મનોવિનય છે.*

*તે પ્રશસ્તમનોવિનય શું છે ? [અપ્રશસ્તથી વિપરીત] તે પ્રશસ્ત મનો વિનય જાણવો. એ પ્રમાણે જ વચન વિનય જાણવો.*

**● વિવેચન-૨૦ (અધુરેથી) :-**

किरियाणं - ક્રિયાવાદીની, संभोइय - એક સામાચારીવાળા. - - મનોવિનયમાં - મન - અસંયતોનું ચિત્ત, સાવજ્જ-ગર્હિત કર્મ વડે હિંસાદિથી પ્રવર્તે તે સાવધ. તેને વિશેષથી કહે છે — સકિરિય એટલે કાયિકી આદિ ક્રિયા યુક્ત. સકક્કસ-કર્કશ ભાવયુક્ત, કડુય-બીજાને કે પોતાના માટે અનિષ્ટ, નિટ્ઠુર-માર્દવતારહિત, પરુષ-સ્નેહરહિત, આશ્રવકર-અશુભ કર્મનો આશ્રવ કરનારું, કઈ રીતે - છેદકર એટલે હાથ વગેરે છેદનકારી, ભેયકર-નાક આદિ ભેદનકારી, પરિતાપનકર-પ્રાણીને ઉપતાપ હેતુ, ઉદ્દવણકર-મારણાંતિક વેદનાકારી કે ધનહરણાદિ ઉપદ્રવકારી, ભૂતોપઘાતિક-

જેમાં જીવોનો ઉપઘાત થાય તે. तहप्पगार - આ પ્રકારે અસંયત મન સમાન. मणो णो पहारेज्ज - મનને ન પ્રવર્તાવે.

● સૂત્ર-૨૦ (અધુરેથી) :-

*તે કાયવિનય શું છે ? બે ભેદે છે — પ્રશસ્ત કાયવિનય, અપ્રશસ્ત કાય વિનય. તે અપ્રશસ્ત કાયવિનય શું છે ? સાત ભેદે છે — અનાયુક્ત એવું (૧) ગમન, (૨) સ્થાન, (૩) નિસીદન, (૪) ત્યગ્વર્તન, (૫) ઉલ્લંઘન, (૬) પ્રલંઘન, (૭) સર્વેન્દ્રિયકાયયોગ યોજનતા.*

*તે પ્રશસ્ત કાય વિનય શું છે ? ઉક્તથી વિપરીત-આયુક્ત ગમનાદિ. આ પ્રશસ્તકાય વિનય કહ્યો, આ કાયવિનય.*

*તે લોકોપચાર વિનય શું છે ? સાત ભેદે છે — અભ્યાસવર્તિતા, પરછંદાનુવર્તિતા, કાર્યહેતુ, કૃતપ્રતિક્રિયા, આત્મગવેષણતા, દેશકાળજ્ઞતા, સર્વાર્થ અપ્રતિલોમતા. - x -*

● વિવેચન-૨૦ (અધુરેથી) :-

अणाउत्तं - અસાવધાનતાથી, ઉલ્લંઘણ-કાદવાદિનું અતિક્રમણ, પ્રલંઘન-તે અતિક્રમણ વારંવાર કરવું. સર્વેન્દ્રિયો અને કાયયોગનું યોજન-વ્યાપાર તે સર્વેન્દ્રિયકાય યોગ યોજનતા. અભ્યાસવૃત્તિતા-સમીપ વર્તવાપણું, પરછંદાણુવત્તિય-બીજાના અભિપ્રાયનું અનુવર્તન. કાર્યહેતુ - જ્ઞાનાદિ નિમિત્તે ભોજનાદિનું દાન. કૃતપ્રતિક્રિયા-આમને મને ભણાવેલ છે, એ બુદ્ધિથી ભોજનાદિ દાન દેવું. અત્તગવેસણતા-દુઃખીના વૃત્તાંતને શોધવો. દેશકાલજ્ઞતા-અવસરોચિત અર્થ સંપાદન. સવાર્થ અપ્રતિલોમતા-આરાધ્ય વિષયક સર્વે પ્રયોજનોમાં આનુકૂલ્ય.

● સૂત્ર-૨૦ (અધુરેથી) :-

*તે વૈયાવચ્ચ શું છે ? દશ ભેદે છે - આચાર્યની, વૈયાવચ્ચ, એ રીતે ઉપાધ્યાય-શૈક્ષ-ગ્લાન-તપસ્વી-સ્થવિર-સાધર્મિક-કુળ-ગણ અને સંઘની વૈયાવચ્ચ.*

*તે સ્વાધ્યાય શું છે ? પાંચ ભેદે છે — વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા. તે સ્વાધ્યાય કહ્યો.*

*તે ધ્યાન શું છે ? ચાર ભેદે છે — આર્ત્ત, રૌદ્ર, ધર્મ, શુક્લ. આર્ત્તધ્યાન ચાર ભેદે છે — (૧) અમનોજ્ઞ સંપ્રયોગ સંપ્રાપ્ત થતા તેના વિપ્રયોગ સંબંધે આકુળતાપૂર્વક ચિંતન કરવું. (૨) મનોજ્ઞ સંપ્રયોગ સંપ્રાપ્તિમાં તેના અવિયોગનું આકુળતાથી ચિંતન કરવું, (૩) આતંક-રોગ સંપ્રયોગ સંપ્રાપ્તિમાં તેના વિયોગનું આકુળતાપૂર્વક ચિંતન કરવું, (૪) પૂર્વ સેવિત કામભોગ સંપ્રયોગ સંપ્રાપ્ત થતા તેના અવિયોગને આકુળતાપૂર્વક ચિંતવવો.*

● વિવેચન-૨૦ (અધુરેથી) :-

વૈયાવૃત્ય-ભોજન, પાનાદિ વડે ઉપકાર કરવો. સેહ-નવદીક્ષિત, તપસ્વી-અટ્ઠમાદિ કરનાર, થેર-જન્માદિ વડે સ્થવિર, સાધર્મિક-સાધુ કે સાધ્વી, કુલ-ગચ્છ સમુદાય, ગણ-કુળ સમુદાય, સંઘ-ગણોનો સમુદાય. - - - અમનોજ્ઞ-અનિષ્ટ જે



શબ્દાદિ, તેનો સંપ્રયોગ-યોગ, તેના વડે સંપ્રયુક્ત, તેવા થઈને અમનોજ્ઞ શબ્દાદિના વિયોગની ચિંતાને પામેલો થાય. ધર્મ-ધર્મી અભેદથી આ આર્ત્તધ્યાન કહેવાય છે. - - મનોજ્ઞ-ધનાદિ, તેના અવિયોગનતી ચિંતા કરે. - x - આતંક-રોગ, તેનો વિયોગ ચિંતવે. परिजुसिय - પ્રીતિ કે કામભોગ-શબ્દાદિ ભોગ કે મદનસેવા, તેના અવિયોગની ચિંતા.

● સૂત્ર-૨૦ (અધુરેથી) :-

*આર્ત્તધ્યાનના ચાર લક્ષણો કહ્યા છે — કંદનતા, શોચનતા, તેપનતા, વિલપનતા. - - - રૌદ્રધ્યાનના ચાર ભેદો છે — હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્નેયાનુબંધી, સંરક્ષણાનુબંધી. રૌદ્રધ્યાનના ચાર લક્ષણો છે — ઓસન્નદોષ, બહુ દોષ, અજ્ઞાન દોષ, આમરણાંત દોષ. - - - ધર્મધ્યાન ચતુર્વિધ, ચતુષ્પ્રત્યાવતાર છે. — આજ્ઞા વિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાન વિચય.*

*ધર્મધ્યાનના ચાર લક્ષણો છે — આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, સૂત્રરુચિ. ધર્મધ્યાનના ચાર આલંબન છે — વાચના, પૃચ્છના, પરિવર્તના, ધર્મકથા. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે — અનિત્યાનુપ્રેક્ષા, અશરણાનુપ્રેક્ષા, એકત્વાનુપ્રેક્ષા, સંસારાનુપ્રેક્ષા.*

● વિવેચન-૨૦ (અધુરેથી) :-

कंदणय - મોટા શબ્દોથી રડવું, શોકનતા-દીનતા, તેપનતા - આંસુઓને છોડવા. વિલપનતા-પુનઃ પુનઃ ક્લિષ્ટ ભાષણ. ઉસણ્ણદોસ-હિંસા, મૃષા, અદત્ત, સંરક્ષણમાંના કોઈ એક દોષમાં અતિ પ્રવૃત્ત રહેવું. બહુદોષ-હિંસાદિ અનેક દોષમાં ઘણું પ્રવૃત્ત રહેવું. અજ્ઞાનદોષ-અજ્ઞાનથી કુશાસ્ત્ર સંસ્કારથી હિંસાદિ અધર્મસ્વરૂપમાં ધર્મબુદ્ધિથી જે પ્રવૃત્તિ લક્ષણ દોષ. આમરણંતદોસ-મરણ એ જ અંત તે મરણાંત, આ - મરણાંતપણાથી તે આમરણાંત. સેવિત દોષ માટે પશ્ચાત્તાપ ન કરતા કાલસૌરિકવત્ હિંસાદિ પ્રવૃત્તિ.

અહીં આર્ત્ત-રૌદ્ર પરિહરીને સાધુ ધર્મ-શુક્લને સેવે.

ચતુષ્પ્રત્યાવતાર-ભેદ, લક્ષણ, આલંબન, અનુપ્રેક્ષા લક્ષણ ચાર પદાર્થોમાં સમવતાર કહેવાનાર સ્વરૂપે છે તે.

આજ્ઞા-જિન પ્રવચન, તેનો વિચય-નિર્ણય જેમાં છે તે આજ્ઞાવિચય અર્થાત્ આજ્ઞાગુણાનુચિંતન. એ પ્રમાણે બાકીના પદો છે. વિશેષ આ - अपाय - રાગદ્વેષાદિ જન્ય અનર્થો, विपाक - કર્મફળ, संस्थान - લોક, દ્વીપ, સમુદ્રાદિ આકૃતિઓ.

આજ્ઞારુચિ-નિર્યુક્તાદિની શ્રદ્ધા. નિસર્ગરુચિ-સ્વભાવ વડે જ તત્ત્વશ્રદ્ધા, ઉપદેશરુચિ-સાધુના ઉપદેશથી તત્ત્વશ્રદ્ધા, સૂત્રરુચિ-આગમથી તત્ત્વશ્રદ્ધા.

આલંબન-ધર્મધ્યાનરૂપી શિખરે ચડવાને સહાયક-આશ્રય કરાય તે આલંબન-વાંચનાદિ. અનુપ્રેક્ષા પ્રસિદ્ધ છે.

● સૂત્ર-૨૦ (અધુરેથી) :-

*શુક્લધ્યાન ચતુર્ભેદ, ચતુષ્પ્રત્યાવતાર છે. તે આ — પૃથકત વિતર્ક*

*સવિચારી, એકત્વવિતર્ક અવિચારી, સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી, સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ. - - - શુક્લ ધ્યાનના ચાર લક્ષણો છે — વિવેક, વ્યુત્સર્ગ, અવ્યથા, અસંમોહ. - - - શુક્લધ્યાનના ચાર આલંબનો છે — ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ. શુક્લ ધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ છે — અપાયાનુપ્રેક્ષા, અશુભાનુપ્રેક્ષા, અનંતવૃત્તિતાનુપ્રેક્ષા, વિપરિણામાનુપ્રેક્ષા. - આ ધ્યાન કહ્યું.*

**● વિવેચન-૨૦ (અધુરેથી) :-**

પૃથકત્વ-એક દ્રવ્યાશ્રિતનું ઉત્પાદાદિ પર્યાય ભેદથી વિતર્ક-વિકલ્પ, પૂર્વગત શ્રુતના આલંબનથી વિવિધ નય અનુસરણ લક્ષણ જેમાં છે તે પૃથકત્વ વિતર્ક. વિચાર-અર્થથી શબ્દ, શબ્દથી અર્થમાં મન વગેરે યોગોમાંથી કોઈથી કોઈમાં વિચરણ, તે સવિચારી.

એકત્વ-અભેદથી ઉત્પાદાદિ પર્યાયોમાંથી કોઈ એક પર્યાયના આલંબનથી, વિતર્ક-પૂર્વગત શ્રુત આશ્રીને શબ્દ કે અર્થરૂપ જેને છે તે એકત્વ વિતર્ક તથા શબ્દ અને અર્થ કે અર્થ અને શબ્દનો વિચાર આમાં નથી તથા મન વગેરેમાંથી કોઈ એકથી બીજે જેમાં નથી, તે અવિચારી *[અર્થાત્ શબ્દ, અર્થ, મન, વચન, કાયામાં સંક્રમણ કરતો નથી.]*

સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી-નિરુદ્ધવચન-મન યોગપણું છતાં અર્ધ નિરુદ્ધ કાય યોગપણાથી જેમાં સૂક્ષ્મ ક્રિયા છે તે અને પ્રવર્દ્ધમાન પરિણામત્વથી અપ્રતિપતનશીલ હોવાથી અપ્રતિપાતી છે. આ ધ્યાન નિર્વાણગમન કાળે કેવલીને જ હોય છે.

સમુચ્છિન્નક્રિય-અનિવૃત્તિ :- સમુચ્છિન્ન એટલે કાયિકી આદિ ક્ષીણ ક્રિયા, શૈલેશીકરણમાં નિરુદ્ધયોગત્વથી જેમાં હોય છે તે તથા અનિવર્તિ-અવ્યાવર્તન સ્વભાવ. *[આત્મપ્રદેશમાં કંપન બંધ હોય છે.]*

વિવેક-દેહથી આત્માનું અને આત્માથી સર્વ સંયોગનું વિવેચન-બુદ્ધિ વડે પૃથક્કરણ... વ્યુત્સર્ગ-નિસંગપણે દેહ અને ઉપધિનો ત્યાગ... અવ્યથા-દેવાદિ ઉપસર્ગ જનિત ભય કે ચલન તે વ્યથા, તેનો અભાવ... અસંમોહ-દેવાદિકૃતમાયા જનિતના સૂક્ષ્મ પદાર્થ વિષયના, સંમોહ-મૂઢતા વડે નિષેધ તે અસંમોહ.

અવાયાણુપ્પેહા-અપાય-પ્રાણાતિપાતાદિ આશ્રવદ્વાર જન્ય અનર્થોની અનુપ્રેક્ષા-અનુચિંતન... અસુભાણુપ્પેહા-સંસારના અશુભત્વનું અનુચિંતન... અનંતપરિવર્તતા-નુપ્રેક્ષા-ભવપરંપરાની અનંતવૃત્તિતાનું અનુચિંતન... વિપરિણામાણુપ્પેહા-વસ્તુના પ્રતિક્ષણ વિવિધ પરિણામગમનનું અનુચિંતન.

**● સૂત્ર-૨૦ (અધુરેથી) :-**

*તે વ્યુત્સર્ગ શું છે ? બે ભેદે છે - દ્રવ્ય વ્યુત્સર્ગ અને ભાવ વ્યુત્સર્ગ. તે દ્રવ્ય વ્યુત્સર્ગ ચાર ભેદે છે — શરીર, ગણ, ઉપધિ અને ભોજનપાનનો વ્યુત્સર્ગ [ત્યાગ]. તે દ્રવ્ય વ્યુત્સર્ગ છે.*

*તે ભાવ વ્યુત્સર્ગ શું છે ? ત્રણ ભેદે છે - કષાય વ્યુત્સર્ગ, સંસાર વ્યુત્સર્ગ, કર્મ વ્યુત્સર્ગ.. તે કષાય વ્યુત્સર્ગ શું છે ? ચાર ભેદે છે — ક્રોધ-માન-*



*માયા-લોભ કષાયત્યાગ... તે સંસાર વ્યુત્સર્ગ શું છે ? ચાર ભેદે છે :- નૈરયિક-તિર્યંચ-દેવ-મનુષ્ય સંસાર ત્યાગ... તે કર્મ વ્યુત્સર્ગ શું છે ? આઠ ભેદે છે :- જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય-મોહનીય-આયુ-નામ-ગોત્ર-અંતરાય કર્મ વ્યુત્સર્ગ - x -*

**● વિવેચન-૨૦ (અધુરેથી) :-**

સંસાર વ્યુત્સર્ગ-નરકાયુ આદિના હેતુ મિથ્યાદૃષ્ટિત્વાદિનો ત્યાગ. કર્મ વ્યુત્સર્ગ-જ્ઞાનાવરણાદિ કર્મબંધના હેતુ જ્ઞાનપ્રત્યનીકતાદિનો ત્યાગ.

**● સૂત્ર-૨૧ (અધુરુ) :-**

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના ઘણાં અણગાર ભગવંતો હતા, તેમાંના કેટલાક ''આચાર''ધર યાવત્ ''વિપાકશ્રુત''ધર હતા. તેઓ ત્યાં-ત્યાં તે-તે સ્થાને એક-એક સમૂહના રૂપમાં, સમૂહના એક-એક ભાગના રૂપમાં તથા ફૂટકર રૂપમાં વિભક્ત થઈને રહેલા હતા. કેટલાંક વાચના આપતા હતા, કેટલાંક પ્રતિપૃચ્છા કરતા હતા. કેટલાંક અનુપ્રેક્ષા કરતા હતા. કેટલાંક આક્ષેપણી-વિક્ષેપણી-સંવેગની-નિર્વેદની ચાર ભેદે કથાઓ કહેતા હતા. કેટલાંક ઉર્ધ્વજાનુ-અધઃશિર ધ્યાનકોષ્ઠોપગત સંયમ-તપથી આત્માને ભાવતા હતા.*

**● વિવેચન-૨૧ (અધુરુ) :-**

- x - तत्थ तत्थ - ઉધાનાદિમાં, तहिं तहिं - તેના અંશને કહે છે — देशे देशे - અવગ્રહ ભાગમાં, અહીં વીપ્સા (દ્વિરુક્તિ) આધાર બાહુલ્યથી સાધુ બાહુલ્ય પ્રતિપાદનાર્થે છે. गच्छ - એક આચાર્યનો પરિવાર. ગચ્છ-ગચ્છ વડે તે ગચ્છાગચ્છિ, વાચના આપે છે તે જોડવું. - x - ગુલ્મ-ગચ્છનો એક ભાગ, ઉપાધ્યાય અધિષ્ઠિત, ફડ્ડક-લઘુતર ગચ્છદેશ-ગણાવચ્છેદક અધિષ્ઠિત.

વાચંતિ-સૂત્ર વાચના આપે છે. પડિપુચ્છંતિ-સૂત્રાર્થ પૂછે છે. પરિયટ્ટંતિ-સૂત્રાર્થની પરાવર્તના કરે છે. અણુપ્પેહંતિ-સૂત્રાર્થને ચિંતવે છે - - અક્ખેવણી-શ્રોતાને મોહથી દૂર કરી તત્ત્વ પ્રત્યે આકૃષ્ટ કરનારી કથા.. વિક્ખેવણી-શ્રોતાને કુમાર્ગથી વિમુખ કરનારી.. સંવેગણી-શ્રોતાને મોક્ષ સુખની અભિલાષા કરાવનારી. નિર્વેદની-શ્રોતાને સંસારથી નિર્વેદ કરાવનારી કથા. - - उड्ढंजाणू अहोसिर - શુદ્ધ પૃથ્વી આસન વર્જીને ઔપગ્રહિક નિષધાના અભાવે ઉત્કુટુક આસન થઈને - x - જેના ઉર્ધ્વ જાનુ છે તે. અને અધોમુખ-ઉંચે કે તિર્છી દૃષ્ટિ ન રાખીને. झाणकोट्ठोवगय - ધ્યાનરૂપ જે કોષ્ઠ, તેને સ્વીકારેલ તથા ધ્યાનરૂપ કોઠામાં પ્રવેશવાથી સંવૃત્ત ઈન્દ્રિય અને મનોવૃત્તિરૂપ ધાન્ય. - x -

**● સૂત્ર-૨૧ (અધુરેથી) :-**

*[તે અણગારો] સંસારભયથી ઉદ્વિગ્ન, ભીત, જન્મ-જરા-મરણથી જનિત ગંભીર દુઃખરૂપ પ્રક્ષુભિત પ્રચુર જળથી ભરેલ, સંયોગ-વિયોગરૂપ લહેરો, ચિંતારૂપ પ્રસંગોથી પ્રસારિત, વધ-બંધરૂપ વિશાળ, વિપુલ કલ્લોલ, કરુણ-વિલપિત-લોભ કલકલ કરતી ધ્વનિયુક્ત, અવમાનના રૂપ ફીણ, તીવ્ર ખીંસના-નિરંતર અનુભૂત*

*રોગ વેદના - પરિભવ વિનિપાત-કટુ વચનથી નિર્ભર્ત્સના, કર્મના કઠોર ઉદયથી ઉઠતી તરંગોથી પરિવ્યાપ્ત છે, તે નિત્ય મૃત્યુ-ભયરૂપ છે. તે કષાય રૂપ પાતાલથી સંકુલ, લાખો જન્મોમાં અર્જિત પાપમય જળસંચિત, પ્રતિભય, અપરિમિત મહેચ્છાથી મ્લાન બુદ્ધિરૂપી વાયુવેગથી ઉછળતા સઘન જળકણોના કારણે અંધકારયુક્ત તથા આશા પિપાસારૂપ શ્વેત છે. મોહ રૂપ મહાવર્ત્ત. ભોગરૂપ ભંવર, તેથી જ દુઃખરૂપ જળ ભ્રમણ કરતો, ચપળ થતો, ઉપર ઉછળતો, નીચે પડતો વિધમાન છે. પોતામાં સ્થિત પ્રમાદ રૂપ પ્રચંડ, અત્યંત દુષ્ટ, હિંસક જળજીવોથી આહત પામીને ઉપર ઉછળતો, નીચે પડતો, ચીસો પાડતા ક્ષુદ્ર જીવ-સમૂહોથી આ સમુદ્ર વ્યાપ્ત છે, તે જ તેનું ભયાવહ ઘોષ કે ગર્જના છે.*

● **વિવેચન-૨૧ (અધુરેથી) :-**

બીજા પ્રકારે અણગારોને કહે છે :- जंमणजरमरणकरण० જન્મ, જરા, મરણ જ કરણ-સાધનો, તે ગંભીર દુઃખ, તે જ પ્રક્ષુભિત-પ્રચલિત પ્રચુર જળ તેમાં છે. સંસાર સાગરને તરે છે તે યોગ. સંયોગ-વિયોગ જ વીચી-તરંગો જેમાં છે. ચિંતાપ્રસંગ-ચિંતા સાતત્ય. તે જ પ્રસૃત-પ્રસર જેનો છે તે. વધ-હનન, બંધ-સંયમન, તે જ મહાંત-દીર્ઘ, વિપુલ-વિસ્તીર્ણ કલ્લોલ-મહાઉર્મી જેમાં છે તે તથા. - -

- - કરુણ વિલાપ રૂપ લોભ, તેની જેમ કલકલ કરતો જે બોલ-ધ્વનિ. - - અપમાન-અપૂજન જ જેમાં ફીણ છે. તીવ્રખિંસન-અત્યર્થ નિંદા, પુલંપુલ પ્રભૂતા-નિરંતર ઉત્પન્ન થતી જે રોગવેદના, - x - પરિભવનિપાત-પરાભિભવસંપર્ક, પરુષ ધર્ષણ-નિષ્ઠુરવચનથી નિર્ભર્ત્સના સમાપન્ન બદ્ધ જે કઠિન-કર્કશ ઉદય કર્મો-જ્ઞાનાવરણીયાદિ, આટલા પ્રસ્તર-પાષાણ વડે કરેલ તરંગોથી રંગદ્-વીચિ વડે ચલત નિત્ય મરણભય જ તોયપૃષ્ઠ-પાણીનો ઉપરનો ભાગ જેમાં છે તે, અથવા અપમાન ફીણ એ તોયપૃષ્ઠનું વિશેષણ છે.

કષાય જ પાતાળ-પાતાળ કળશો વડે સંકુલ જે છે તે તથા લાખો ભવથી કલુષ જળનો સંચય જેમાં છે તે. પૂર્વ જન્મ જનિત દુઃખની સલિલતા કહી, અહીં ભવોના જનનાદિ ધર્મવાળો જલવિશેષ સમુદાયતા કહી છે, તે પુનરુક્તતા નથી. અપરિમિત જે મહેચ્છા-મોટી અભિલાષા, લોકોના તે કલુષ-મલિન જે મતિ, તે જ વાયુવેગથી ઉત્પન્ન થતી જે ઉદકરજ-ઉદકરેણુ સમૂહ. તેનો रय - વેગ, તેના વડે અંધકાર જે છે તે. તથા પ્રધાન ફીણથી પ્રચુર આશા-પિપાસા વડે તેમાં પ્રચુર-ઘણી, આશા-અપ્રાપ્તાર્થને પ્રાપ્તિની સંભાવના. પિપાસુ-તેમાં જ આકાંક્ષા, તેની જેમ ધવલ જે છે તે.

મોહરૂપ મહાવર્ત્ત, ભોગરૂપ ભ્રામ્યત્-મંડલ વડે ભમતો. ગુપ્યત્-વ્યાકુળ થઈને ઉછળતા અને નીચે પડતાં પાણી જેમાં છે તે, તથા પ્રમાદ-મધ આદિ, તે જ ચંડ, બહુ દુષ્ટ શ્વાપદ, તેના વડે સમાહત-પ્રહત ઉદ્ધાવંત-ઉંચે ચડતા કે વિવિધ ચેષ્ટા કરતા, સમુદ્ર પક્ષે મત્સ્યાદિ અને સંસારપક્ષે પુરુષાદિ, તેનો પ્રાગ્ભાર કે પુરસમૂહ જેમાં છે તે તથા. ઘોર એવો જે ક્રંદિત મહારવ-તે જ પ્રતિશબ્દ કરણથી શબ્દ કરતો ભૈરવભય-





ભીમઘોષ જેમાં છે તે. તથા - -

● **સૂત્ર-૨૧ (અધુરેથી) :-**

*અજ્ઞાનરૂપ ભમતા મત્સ્યો, અનુપશાંત ઈન્દ્રિય સમૂહ રૂપ મહામગર ત્વરિત ચાલવાથી જળ ક્ષુબ્ધ થઈ રહ્યું છે, નાચતા-ચપળ-ચંચળ-ચલંત-ઘુમતો જળસમૂહ. અરતિ-ભય-વિષાદ-શોક-મિથ્યાત્વરૂપ પર્વતોથી વ્યાપ્ત છે. અનાદિ સંતાન કર્મબંધનથી જનિત ક્લેશરૂપ કાદવને કારણે અતિ દુસ્તર છે. તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નરક ગતિ ગમનરૂપ કુટિલ પરિવર્ત્ત છે, વિપુલ વેલા છે. ચતુરંત-મહાન્-અનંત-રૌદ્ર સંસાર સાગર ભયાનક દેખાઈ રહ્યો છે. [આ સંસાર સાગરને શીલસંપન્ન અણગાર] તરી જાય છે.*

*[તે સંયમ પોત] ધૃતિરૂપ રજ્જુથી બદ્ધ હોવાથી નિષ્પ્રકંપપણે ત્વરિત અને ચપળ હતું. સંવર-વૈરાગ્યરૂપ ઉચ્ચકૂપક વડે સુસંયુક્ત, જ્ઞાનરૂપ શ્વેત-વિમલ વસ્ત્રનો ઉંચો પાલ હતો. વિશુદ્ધ સમ્યક્ત્વરૂપ-ધીર-સંયમી કર્ણધાર તેને પ્રાપ્ત હતો. પ્રશસ્ત ધ્યાન અને તપરૂપ વાયુ વડે પ્રેરીત થઈને શીઘ્ર ગતિથી ચાલતું હતું. તેમાં ઉધમ-વ્યવસાય પરખપૂર્વક ગૃહીત નિર્જરા-યતના-ઉપયોગ-જ્ઞાન-દર્શન-વિશુદ્ધવ્રત રૂપ શ્રેષ્ઠ માલ ભરેલો હતો. જિનવર વચનથી ઉપદિષ્ટ માર્ગ વડે તે અકુટિલ સિદ્ધિરૂપ મહાપતન અભિમુખ હતું તેમાં ઉત્તમ શ્રમણરૂપ સાર્થવાહ સમ્યક્ શ્રુત, ઉત્તમ સંભાષણ, શોભન પ્રશ્ન, ઉત્તમ સદ્ભાવનાથી ગામે-ગામે એક રાત્રિ, નગરે-નગરે પાંચ રાત્રિ રહેતાં, જિતેન્દ્રિય, નિર્ભય, ગતભય, સચિત્ત-અચિત્ત-મિશ્ર દ્રવ્યોમાં રાગરહિત, સંયત-વિરત-મુક્ત-લઘુક-નિરવકાંક્ષ સાધુ નિભૃત થઈને ધર્મારાધના રત હતા.*

● **વિવેચન-૨૧ (અધુરેથી) :-**

अण्णाणभमंतमच्छ० જેમાં અજ્ઞાની જ મત્સ્યો ભમતા હતા. અનિભૃત-અનુપશાંત જે ઈન્દ્રિયો તે જ મહામગર શીઘ્ર ચેષ્ટા કરતા હતા, તેના વડે ઘણો જ ક્ષોભિત થતો, નાચતો એવો, ચપળો મધ્યે ચંચળ, અસ્થિરત્વથી ચલત્, બીજા સ્થાને જઈને ભમતો જળસમૂહ અન્યત્ર જડસમૂહ જેમાં છે તે. અરતિ-ભય-વિષાદ-શોક-મિથ્યાત્વ રૂપ શૈલ, તેના વડે સંકટ, અનાદિપ્રવાહ જે કર્મબંધન, તે અને ક્લેશ-રાગાદિરૂપ જે કાદવ, તેના વડે દુસ્તર જે છે તે. - -

- - દેવ-નર-તિર્યંચ-નરક ગતિમાં જે ગમન, તેની જેમ કુટિલ પરિવર્તના એવી વિસ્તીર્ણ વેળા-ભરતી જેમાં છે તે. દિશા અને ગતિભેદથી ચાતુરંત, મહા લાંબી, અનંત, રુંદ-વિસ્તીર્ણ એવો સંસારસાગર, ભયંકર દેખાતો હતો. તે સંયમ જહાજથી તરે છે. તે સંયમજહાજ-ધૃતિરૂપ રજ્જુબંધનથી ધનિક-અતિ નિષ્પ્રકંપ-અવિચળ છે, તેના વડે અતિત્વરિતપણે તરે છે.

संवर - પ્રાણાતિપાતાદિ વિરતિરૂપ, વૈરાગ્ય-કષાય નિગ્રહ, તે રૂપ જે તુંગ-ઉંચા કૂપક-સ્તંભવિશેષ, તેના વડે સારી રીતે યુક્ત જે છે, તથા જ્ઞાન જ શ્વેત પટ છે, તે વિમલ અને ઉંચો છે. સમ્યક્ત્વરૂપ વિશુદ્ધ-નિર્દોષ, પ્રાપ્ત નિર્યામક-કર્ણધાર જેમાં છે

તે. ધીર-અક્ષોભ સંયમ જહાજ તેના વડે યુક્ત છે. પ્રશસ્ત ધર્માદિ ધ્યાન રૂપ તપ, તે જ વાયુ, તેના વડે પ્રેરાઈને વેગથી ચલિત છે. उज्जमववसाय० - ઉધમ-આળસ રહિત જે વ્યવસાય-વસ્તુનિર્ણય રૂપ વ્યાપાર, તે મૂળ-કલ્પ વડે જે ખરીદેલ નિર્જરા-યતના-ઉપયોગ-જ્ઞાન-દર્શન-વિશુદ્ધ વ્રતરૂપ ભાંડ-કરીયાણું, તેના વડે સંયમજહાજને ભરીને - x - ઉત્તમ શ્રમણરૂપ સાર્થવાહ છે. અહીં નિર્જરા-તપ, યતના-બહુદોષ ત્યાગ અને અલ્પદોષનો આશ્રય, ઉપયોગ-સાવધાનતા, જ્ઞાનદર્શન વડે વિશુદ્ધ વ્રતો અથવા જ્ઞાનદર્શનમાં વિશુદ્ધ વ્રત. અહીં વ્રત તે મહાવ્રતો. પાઠાંતરથી જ્ઞાન-દર્શન-ચારિત્ર એ જ વિશુદ્ધ ઉત્તમ ભાંડ, તેના વડે ભરેલ સારદ્રવ્ય જેમાં છે તે.

- x - x - સુશ્રુતી-સમ્યક્ શ્રુતગ્રંથ કે સત્ સિદ્ધાંતો કે સુશુચિ સુખ સંભાષણ જેમાં છે તે અથવા સુખેથી સંભાષણ કરાય તે સુસંભાષા. શોભન પ્રશ્નો જેમાં સુખેથી પૂછાય છે તે સુપ્રશ્ના. શોભન આશા-વાંછા જેમાં છે તે સ્વાશા અથવા સુખેથી પ્રશ્ન કરાય અને શિક્ષા અપાય તે સુપ્રશ્નશાસ્યા અથવા શોભન પ્રશ્નરૂપ ધાન્ય જેમાં છે તે અથવા પ્રશંસનીય સુપ્રશ્નો. દૂઈજ્જંત-રહેતા હતા.

નિબ્ભય-ભય મોહનીય ઉદયના નિષેધથી. ગતભય-ઉદયમાં આવેલનો વિફળ કરવાથી. સંજય-સંયમવાળા. કઈ રીતે ? વિરત-હિંસાદિથી નિવૃત્ત. તપમાં વિશેષથી રત તે વિરત અથવા વિરયા-ઉત્સુકતા રહિત અથવા વિરજસ્-અપાય. સંચયાઓ વિરય-સન્નિધિથી નિવૃત્ત. મુત્ત-ગ્રંથથી મુક્ત. લઘુક-સ્વલ્પઉપધિથી. નિરવકંખ-અપ્રાપ્તાર્થ આકાંક્ષા રહિત. સાધુ-મોક્ષ સાધનથી. નિહુઅ-પ્રશાંતવૃત્તિઓ ધર્મ આચરે છે. અહીં સાધુ વર્ણનમાં જિતેન્દ્રયત્વ આદિ વિશેષણ ઘણી જગ્યાએ જોવા મળે છે

● **સૂત્ર-૨૨ (અધુરુ) :-**

***તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર સમીપે ઘણાં અસુરકુમાર દેવો પ્રગટ થયા. કાળા મહાનીલમણિ, નીલમણિ, નીલગુટિકા, ભેંસની શીંગડા તથા અળસીના પુષ્પ જેવા કાળા વર્ણ તથા દીપ્તિ હતા. તેમના નેત્ર ખીલેલા કમળ સદૃશ હતા, નેત્રોની ભ્રંવર નિર્મળ હતી. તેમના નેત્રોનો વર્ણ કંઈક સફેદ-લાલ-તામ્ર જેવો હતો. તેની નાસિકા ગરુડ સદૃશ લાંબી, સીધી, ઉન્નત્ત હતી. હોઠ પરિપુષ્ટ મુંગા અને બિંબ ફળ સમાન લાલ હતા. દંતપંક્તિઓ સ્વચ્છ, ચંદ્રમાના ટુકડા જેવી ઉજ્જ્વળ તથા શંખ, ગાયના દૂધના ફીણ. જલકણ અને કમળની નાળ સદૃશ શ્વેત હતી. હથેળી અને પગના તળીયા, તાલુ, જિહ્વા ગરમ કરી, ધોઈ, ફરી તપાવી, શોધિત કરેલ નિર્મળ સ્વર્ણ સમ લાલ હતા, વાળ કાજળ અને મેઘ સદૃશ કાળા, રુચક મણિ સમાન રમણીય અને સ્નિગ્ધ હતા. ડાબા કાને કુંડલધારી, આર્દ્ર ચંદન લિપ્ત શરીરી હતી.***

● **વિવેચન-૨૨ (અધુરુ) :-**

અસુરવર્ણનમાં કંઈક લખીએ છીએ - કાળો જે મહાનીલ-મણિ વિશેષ, તેના સમાન વર્ણવાળા, નીલ-મણિ વિશેષ ગુલિકા, ગવલ-ભેંસનું શીંગડુ, અતસીધાન્યનું પુષ્પ વિશેષ જેવી દીપ્તિ અર્થાત્ તેવા કાળા વર્ણવાળા. પત્તલ, નિર્મળ, કંઈક શ્વેત-



રક્ત અને કંઈ તામ્ર-લાલ નયનવાળા, કમળપત્ર સમાન. - x - ઘન અંજન સમાન કૃષ્ણ, રુચક-મણિ વિશેષવત્ રમણીય, સ્નિગ્ધ વાળવાળા, ડાબા કાનમાં એક જ કુંડલને ધારણ કરનારા ઈત્યાદિ - x -

● **સૂત્ર-૨૨ (અધુરેથી) :-**

***(તે અસુરકુમારોએ) કંઈક સિલીંધ્ર પુષ્પ જેવા, સૂક્ષ્મ, અસંકિલિષ્ટ વસ્ત્રો સુંદર રીતે પહેરેલા હતા. પ્રથમ-બાલ્ય વયને ઓળંગી ગયેલા, મધ્યમ વયને ન પામેલા, ભદ્ર-યૌવનમાં વર્તતા હતા. તલભંગક, ત્રુટિત, પ્રવર ભૂષણ, નિર્મળ મણિ-રત્ન મંડિત ભુજાવાળા હતા. દશે આંગળીઓ વીંટીથી શોભિત હતી. ચૂડામણિ ચિહ્નવાળા-સુરૂપ-મહર્દ્ધિક-મહાધુતિક-મહાબલી-મહાયશસ્વી-મહાસૌખ્ય-મહાનુભાગા-હારથી વિરાજિત વક્ષસ્થળ વાળા હતા. કટક અને ત્રુટિતથી સ્તંભિત ભુજાવાળા, અંગદ-કુંડલથી મૃષ્ટ ગંડતલ અને કર્ણપીઠ ધારી, વિચિત્ર વસ્ત્રાભરણયુક્ત, વિચિત્ર માલા-મુગટયુક્ત મસ્તક, કલ્યાણ-પ્રવર વસ્ત્ર પરિહિત, કલ્યાણ-પ્રવર-માલા અને અનુલેપન કરેલ, દેદીપ્યમાન શરીરી તથા પ્રલંબ વનમાલાધારી હતા.***

● **વિવેચન-૨૨ (અધુરેથી) :-**

ईसिसिलिंघपुप्फप्पगासाइ - કંઈક સિંલિધ્રપુષ્પની પ્રભા અર્થાત્ કિંચિત્ શ્વેત. સિલિંધ્ર-ભૂમિફોડાછત્ર, અસુર લાલ હોય તે મતાંતર છે, અસંક્લિષ્ટ-નિર્દૂષણ, સુહુમ-શ્લક્ષણ, વત્થ-વસ્ત્ર. वय - તેમાં ત્રણ વય છે. સોળ વર્ષ સુધી બાળ, સીતેર સુધી મધ્ય, પછી વૃદ્ધ આધવયને ઉલ્લંઘીને, બીજીને સર્વથા જ અપ્રાપ્ત ભદ્ર યૌવનવાળા કહ્યા.

તલભંગક-બાહુનું આભરણ, ત્રુટિકા-બાહુરક્ષિકા એ જ ઉત્તમ આભૂષણ, નિર્મળમણિરત્ન વડે મંડિત ભુજા, ચૂડામણિ લક્ષણ-ચિહ્ન પ્રાપ્ત. કહ્યું છે કે — ચૂડામણિ, ફણી, વજ, ગરુડ, ઘટ, અશ્વ, વર્ધમાન, મકર, સિંહ, હાથી અસુરાદિના ચિહ્નો છે. મહિડ્ઢિય-મહર્દ્ધિક, વિશિષ્ટ વિમાન પરિવારાદિ યોગથી. મહજ્જુઈય-વિશિષ્ટ શરીર-આભરણની પ્રભાના યોગથી મહાધુતિક. મહાબલ-વિશિષ્ટ શરીર પ્રમાણ, મહાયસ-વિશિષ્ટ કીર્તિવાળા, મહાસોક્ખ-મહાસૌખ્યવાળા, મહાનુભાગ-અચિંત્ય શક્તિશાળા. પછી - x - કટક-કંકણ, ત્રુટિકા-બાહુરક્ષિકા.

અંગદ-બાહુ આભરણ, કુંડલ-કર્ણાભરણ, મૃષ્ટગંડ-ઉલ્લિખિત કપોલ, કર્ણપીઠક-કર્ણાભરણ વિશેષને ધારણ કરવાના સ્વભાવવાળા. વિચિત્ર માલા-પુષ્પની માળા, મૌલ-મસ્તક, મુકુટ-મુગટ જેમને છે તે. બાકી સુગમ છે. વિશેષ એ કે - बोंदि - શરીર, પ્રલંબ-ઝુંબનક, વનમાલા-આભરણ વિશેષ, પ્રલંબ-જાનુ પ્રમાણ.

● **સૂત્ર-૨૨ (અધુરેથી) :-**

***[અસુરકુમારોએ] દિવ્ય વર્ણ-ગંધ-રૂપ-સ્પર્શ-સંઘાત સંસ્થાન વડે તથા દિવ્ય ઋદ્ધિ-ધુત-પ્રભા-છાયા-અર્ચી-તેજ-લેશ્યા વડે દશે દિશાઓમાં ઉધોત કરતા, પ્રભાસિત કરતા શ્રમણ ભગવંત મહાવીરની પાસે આવી-આવીને અનુરાગપૂર્વક ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન-નમન***

*કરે છે, કરીને અતિ નીકટ નહીં-અતિ દૂર નહીં [એવા સ્થાને] શ્રવણ ઈચ્છા રાખતા, પ્રણામ કરતા, અભિમુખ રહી, વિનયથી અંજલિ જોડી પર્યુપાસે છે.*

**● વિવેચન-૨૨ (અધુરેથી) :-**

દિવ્વેણ - દેવોચિત અર્થાત્ પ્રધાન, સંઘયણ-સંહનન, વજ્રઋષભનારાચ, સંઠાણ-સમચતુરસ્ર. રિદ્ધિ-પરિવારાદિ, યુક્ત્યા-વિવક્ષિતાર્થયોગથી, પભા-યાનાદિ દીપ્તિ વડે, છાયા-શોભા, અર્ચિષ્-શરીરમાં રહેલ રત્નાદિ તેજો જ્વાલા. તેજસ્-શરીર સંબંધીરુચિ કે પ્રભાવ લેશ્યા-દેહવર્ણ અથવા ધુતિ આદિ શબ્દ એકાર્થક, પ્રકાશ પ્રકર્ષ પ્રતિપાદનપર છે, પુનરુક્તિ નથી. ઉધોતયન્ત-પ્રકાશ કરવાથી, પ્રભાસયંત-શોભતા અથવા એકાર્થક છે. રક્ત-સાનુરાગ. તિક્ખુત્તો - ત્રણ વખત, આદક્ષિણ-પડખેથી, પ્રદક્ષિણા-દક્ષિણ પડખેથી. વંદંતિ-સ્તવે છે. નમંસંતિ-શિર નમાવીને નમન કરે છે. બીજી વાચનામાં-પોતપોતાના નામગોત્ર કહે છે.

**● સૂત્ર-૨૩ :-**

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની સમીપે અસુરેન્દ્ર સિવાયના ઘણાં ભવનવાસી દેવો પ્રગટ થયા - નાગ, સુવર્ણ, વિદ્યુત્, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિશા, પવન, સ્તનિત-કુમાર ભવનવાસી. [તેઓ અનુક્રમે] નાગફેણ, ગરુડ, વજ, પૂર્ણકળશ, સીંહ, અશ્વ, હાથી, મગર, વર્ધમાનકથી તેમના મુગટ વિચિત્ર ચિંધ-લક્ષણ હતા. તેઓ સુરૂપ, મહર્દ્ધિક હતા. બાકી પૂર્વવત્ યાવત્ પર્યુપાસે છે.*

**● વિવેચન-૨૩ :-**

નાગ આદિને નાગફણાદિ ચિહ્નો હોય છે. તે ક્રમથી કહે છે — નાગફડા, ગરુડ, વજ, પૂર્ણકળશ, સીંહ, અશ્વ, હાથી, મયરંકવર મઉડ, વદ્ધમાણક. - x - જેના મુગટમાં આ ચિહ્નો [ક્રમશઃ] છે તે. વર્દ્ધમાનક-શરાવલુ અથવા પુરુષ આરૂઢ પુરુષ. તે - તે નિયુક્ત-યથા સ્થાને નિયોજિત વિચિત્ર-વિવિધ, ચિહ્ન-લક્ષણ, ગત-પ્રાપ્ત. - x - x -

**● સૂત્ર-૨૪ :-**

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની સમીપે ઘણાં વ્યંતરદેવો પ્રગટ થયા. [તે] પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ભુજગપતિ અને મહાકાય તથા ગંધર્વનિકાયગણ નિપુણ ગંધર્વ ગીતરતિક એવા અણપન્ની, પણપન્ની, ઋષિવાદિક, કંદિત, મહાકંદિત, કુહંડ, પતક [વ્યંતર] દેવો પ્રગટ થયા. તેઓ ચંચળ-ચપળ ચિત્તવાળા, ક્રીડા-પરિહાસ પ્રિય, ગંભીર હસિત-ભણિત-પ્રિયગીત-નર્તન રતી, વનમાલા-મેલ મઉડ-કુંડલાદિ સ્વચ્છંદ વિકુર્વિત આભરણ અને સુંદર વિભૂષણધારી, સર્વઋતુક સુરભિ પુષ્પોથી સુરચિત-પ્રલંબ-શોભતા-કાંત-વિકસંત-ચિત્ર-વનમાળાથી રચિત વક્ષસ્થળવાળા, કામગમી, કામરૂપધારી, વિવિધ વર્ણ રંગઓથી ઉત્તમ-વિચિત્ર-ચમકીલા વસ્ત્રો પહેરેલા હતા. વિવિધ દેશના વસ્ત્રાનુસાર તેઓએ વિભિન્ન પ્રકારના પોષાક ધારણ કરેલ હતા. તેઓ પ્રમુદિત-કંદર્પ-કલહ-કેલિ-કોલાહલ પ્રિય, હાસ્ય-બોલ બહુલ, અનેક મણિરત્નથી વિવિધરૂપે નિર્મિત*



*વિચિત્ર ચિહ્નવાળા, સુરૂપ, મહર્દ્ધિક યાવત્ પર્યુપાસે છે.*

**● વિવેચન-૨૪ :-**

ભુજગપતિ-મહોરગાધિપ. તેઓ કેવા છે ? મહાકાય-મોટા દેહવાળા, આ વિશેષણ અવસ્થા વિશેષ આશ્રીને છે, અન્યથા બધાં સાત હાથ પ્રમાણવાળા હોય છે, કહ્યું છે :- ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક-સૌધર્મ-ઈશાનમાં સાત રત્ની ઉંચાઈ હોય છે. ગંધર્વ-વ્યંતરના આઠ ભેદરૂપ નિકાય-વર્ગ. ગંધર્વો જ તેઓનો ગણ-રાશિ. પાઠાંતરથી ગંધર્વપતિગણ. તેઓ કેવા છે ? નિપુણ-સૂક્ષ્મ, ગંધર્વ-નાટ્ય સહિત ગાન અને ગીત અને નાટ્ય વર્જિત ગેયમાં રતિ જેમને છે તે.

અણપન્નિકાદિ આઠ વ્યંતરનિકાય વિશેષભૂત, રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ૧૦૦ યોજનવર્તી છે. કેવા છે ? ચંચલચપલ ચિત્તા-અતિ ચપળ માનસવાળા, ક્રીડન-ક્રીડા, દ્રવ-પરિહાસ પ્રિય. ગંભીર-હસિત જેનું ભણિત-વાક્પ્રયોગ અને જેમને ગીત-નૃત્ય પ્રિય છે - x - x - વનમાલા-રત્નાદિમય, આપ્રપદીન આભરણ વિશેષ, આમેલક-પુષ્પના શિખર યુક્ત મુગટ, સ્વર્ણાદિમય કુંડલ, સ્વચ્છંદ વિકુર્વિતાભરણ-સ્વ અભિપ્રાયથી નિર્મિત અલંકાર, તે વડે ચારુ વિભૂષણને ધારણ કરે છે. સર્વર્તુક-સર્વ ઋતુમાં સંભવ, જે સુરભી-કુસુમ, તે વડે સુરચિતા જે માળા, પ્રલંબ-શોભતી-કાંતા-વિકસિત-વિચિત્ર વનમાલા, તેના વડે રચિત વક્ષસ્થળ જેમનું છે તે. કામગમી-ઈચ્છાગામી, કામરૂપધારી-ઈચ્છિત રૂપને ધારણ કરનાર. - x - ચિત્ર-વિવિધ, ચિલ્લિય-દીપ્ત જે નિવસન-પરિધાન [વસ્ત્રો] જેમાના છે તે. વિવિધ દેશિનેપથ્ય-વિવિધ દેશ પ્રસિદ્ધ વસ્ત્રાદિ વડે ગૃહીત વેષ-નેપથ્ય.

પ્રમુદિતોનો જે કંદર્પ-કામપ્રધાન કેલિ અથવા કામ જ. કલહ-રાટી, રાડ. કેલિ-નર્મ, કોલાહલ-કલકલ, તે સ્વ-પરકૃત્ જેમને પ્રિય છે તે અથવા પ્રમુદિત તે કંદર્પાદિપ્રિય. હાસ્ય બોલબહુલ, પાઠાંતરથી હાસકેલિબહુલ. અનેક-ઘણાં મણિરત્નો, વિવિધ-ઘણાં પ્રકારે, નિયુક્ત-નિયોજિત જેમાં છે તે. તે ચિત્ર ચિહ્ન ગતા-પ્રાપ્ત, પિશાચાદિના ચિહ્નો ક્રમેણ કહે છે — કદંબ, ધ્વજ, સુલસ, વટ, ખટ્વાંગ, અશોક, નાગ, તુંબરી.

**● સૂત્ર-૨૫ :-**

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની સમીપે જ્યોતિષ્ક દેવો પ્રગટ થયા - બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનૈશ્વર, રાહુ, ધુમકેતુ, બુધ અને મંગળ, જેનો વર્ણ તપ્ત-તપનીય-સુવર્ણ વર્ણી જે ગ્રહો જ્યોતિષ્ક ચક્રમાં ચાર ચરે છે તે કેતુ અને ગતિરતિક અઠ્ઠાવીસ પ્રકારના જે નક્ષત્ર દેવગણ, વિવિધ સંસ્થાન સંસ્થિત પંચવર્ણી તારાઓ [પ્રગટ થયા.] તેમાં સ્થિતલેશ્ય અને અવિશ્રાંત મંડલગતિ વડે ફરનારા [બંને હતા]. પ્રત્યેક પોતાના નામથી અંકિત ચિહ્ન પોતાના મુગટમાં ધારણ કરેલ હતા. મહર્દ્ધિ યાવત્ પર્યુપાસે છે.*

**● વિવેચન-૨૫ :-**

અંગારક-મંગળ. પ્રત્યેક જ્યોતિષોના અસંખ્યાતત્વથી બહુત્વ કહ્યું છે. તત્ત-

તપ્ત, તપનીય-સુવર્ણના જે કનક-બિંદુ કે શલાકા અથવા તપનીય-રક્ત સુવર્ણ, કનક-પીત સુવર્ણવત્ વર્ણવાળા. જે ય ગહ - ઉક્ત સિવાયના, જોઈસંમિ-જ્યોતિષ્ ચક્રમાં, ચારં ચરંતિ-ભ્રમણ કરે છે. કેઉ - જળકેતુ આદિ. કેવા ? મનુષ્ય લોકા-પેક્ષયા ગતિરતિક. સ્થિત લેશ્ય-નિશ્ચલપ્રકાશ, ચારિણો-સંચરતા. નામંક-નામાંકિત. - x -x -

● સૂત્ર-૨૬ :-

***તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાસે વૈમાનિક દેવો પ્રગટ થયા. — સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુતના અધિપતિ, પ્રકૃષ્ટ હર્ષવાળા દેવો જિનદર્શનની ઉત્સુકતા અને ગમન જનિત હર્ષવાળા હતા. જિનેન્દ્રની વંદના કરનારા તે પાલક, પુષ્પક, સોમનસ, શ્રીવત્સ, નંધાવર્ત્ત, કામગમ, પ્રીતિગમ, મનોગમ, વિમલ, સર્વતોભદ્રક નામના વિમાનો વડે ભૂમિ ઉપર ઉતર્યા. તેઓ મૃગ, મહિષ, વરાહ, છગલ, દેડકો, ઘોડો, હાથી, ભુજગ, ખડ્ગ, વૃષભના ચિહ્નોથી અંકિત મુગટવાળા હતા. તે મુગટ પ્રશિથિલ ઉત્તમ અને મસ્તકે વિધમાન હતા. કુંડલોની ઉજ્જ્વલ દીપ્તિથી યુક્ત વદન, મુગટથી દિપ્ત મસ્તક, રક્ત આભા, પદ્મગર્ભ સદૃશ ગૌર, શ્વેત, શુભ વર્ણ-ગંધ-સ્પર્શવાળા, ઉત્તમ વૈક્રિયલબ્ધિવાળા, વિવિધવસ્ત્ર-ગંધ-માળાના ધારક, મહર્દ્ધિ, મહાધુતિક યાવત્ અંજલિ જોડી પર્યુપાસે છે.***

● વિવેચન-૨૬ :-

બીજી વાચનામાંથી વૈમાનિકની કંઈક વ્યાખ્યા કરીએ છીએ. તેમાં સામાનિક-ઈન્દ્ર સમાન આયુ આદિ ભાવ, ત્રાયસ્ત્રિંશ-મહત્તર સમાન પૂજ્ય સ્થાનીય, લોકપાલ-સોમ આદિ સાથે, અગ્રમહિષીઓ સાથે, બાહ્ય-મધ્ય-અભ્યંતર પરિષદ સાથે, જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ પરિવાર વિશેષભૂત, અનીકો-હાથી, અશ્વ, રથ, પાયદળ, વૃષભ, નર્તક, ગાથકજન રૂપ સૈન્ય, આત્મરક્ષ-અંગરક્ષક, આ બધાં વડે સંપરિવૃત્ત, માર્ગમાં હજારો દેવોથી અનુસરણ કરાતા, સુરવરગણ ઈશ્વર વડે સમ્યક્ અનુગમન કરતા તેઓ શ્રી સહિત, સર્વાદરભૂષિત, સુરસમૂહનાયક, સૌમ્ય ચારુરૂપવાળા, દેવ સંઘ વડે જય શબ્દ કરાતા એવા નીકળ્યા.

મૃગ આદિ દશ શક્રાદિ ઈન્દ્રોના ચિહ્નરૂપે છે. તેમાં વરાહ-શૂકર, ખડ્ગ-અટવીના ચતુષ્પદ વિશેષ, ઋષભ-બળદ, બાકી પ્રસિદ્ધ છે. તેમાં મૃગાદિ લાંછન જેમના મુગટમાં રહેલા છે તે. તે પ્રગટ ચિહ્નો-રત્નાદિ દીપ્તિ વડે પ્રકાશિત મૃગાદિ લાંછનયુક્ત મુગટોવાળા. પાલક આદિ દશ નામવાળા વિમાનો વડે-ઉત્તરવૈક્રિય વડે ચાલ્યા. આ ક્રમથી શક્ર આદિ અચ્યુત પર્યન્ત દશ ઈન્દ્રો થાય છે. તેઓ કેવા છે ?

તરુણ સૂર્યના કિરણોથી અતિશય પ્રભા જેમની છે તે તથા મણિ, કનક, રત્નો વડે યુક્ત જેની ઉજ્જવલ પ્રભાવાળી સ્વર્ણજાળથી પરિગત સહ પ્રતૈરઃ - ઉત્તમ મોતીની માળારૂપ, લંબણ, ભૂષણાદિ આભરણ વિશેષ, પ્ર-ચલિત એવી ઘંટાવલીના જે મધુર શબ્દ તથા વેણુ, વીણા, હસ્તતાલ કે તાળી અને કંશિકા, ગીત-ગેય, વાદિત-



વાજિંત્ર, તેનો જે રવ-શબ્દ, તેથી તે કરણભૂત મધુર-મનોહર શબ્દોથી આકાશને પૂરતા, દિશાઓને શોભાવતા ત્વરિત નીકળ્યા.

હટ્ઠતુટ્ઠમણસ-અતિ તુષ્ટ ચિત્તવાળા, બાકીના-ઈન્દ્ર, સામાનિક આદિ. તેને જ કહે છે — દેવલોકના જે ઉત્તમવિમાન, તેના અધિપતિ. - x - સ્વવિમાન વિચિત્ર ચિહ્નોના નામથી અંકિત, વિકટ-પ્રકટ-મુગટોનો જે આટોપ, તેના વડે શુભ દેખાતા તથા વિચિત્ર ઉત્તમ વિમાનના અધિપતિ સુરવરેન્દ્રોની પાછળ જાય છે. લોક-બ્રહ્મલોકની સમીપે જે વિમાન, તેના નિવાસી તે લોકાંતિક. પ્રત્યેક વિરાજમાન-શોભતા, વિરચિત-કાનમાં મણિરત્નના કુંડલો કર્યા છે તે, ભિસંતત્તિ-દીપતા, નિર્મળ-નિર્જંકિત-નામાદિ અંકથી અંકિત વિચિત્ર-વિવિધ પ્રકટિત-પ્રકાશિત ચિહ્નો અને મુગટો અથવા ચિહ્નપ્રધાન મુગટો યુક્ત તથા આત્મીય ઋદ્ધિ આદિ સમૂહને દેખાડતા, બીજાની ઉત્તમ ઋદ્ધિને જોતા, એ પ્રમાણે કલ્પાલયા સુરવરો જિનેન્દ્રવંદનના હેતુભૂત ભાવથી પ્રેરિત બુદ્ધિ અને હર્ષિતમાનસથી જિનકલ્પને અનુવર્તના દેવો જિનદર્શન માટે શીઘ્ર આગમન જનિત હર્ષ વડે. વિપુલ સૈન્ય સમુદાય સાથે [નીકળ્યા] કઈ રીતે ? તે કહે છે —

ભક્તિકૃત્ ઉત્સુકતાથી, ગગનતલ-વિમલ-વિપુલ જે ગમન તેના સંબંધી શીઘ્ર વેગથી. સ્વરૂપથી ગતિચપલ, જવાને પ્રવૃત્ત, પવનને પણ જિતનાર જે મન, તેવી શીઘ્ર ગતિથી, વિવિધ યાન-રથાદિ, વાહન-ગજાદિ, ઉંચા કરેલ વિમલ-ધવલ-છત્ર વડે યુક્ત. વૈક્રિય યાનાદિ અને રત્નોની સ્વાભાવિક તથા બીજી જે પ્રભા, તેના વડે આકાશને ઉધોતીત કરતા શીઘ્ર ચાલ્યા.

પસિઢિલ-શિથિલ બંધનવાળા, ગાઢ બંધનવાળા, બાધાથી જનક ઉત્તમ મુગટ-ચાર કોણ શેખર વિશેષ, તિરિટ-ત્રણ શિખર યુક્ત, તેને ધારણ કરે છે. કુંડલ વડે પ્રકાશિત મુખવાળા, મુગટ વડે દીપ્ત મસ્તકના કેશવાળા અથવા મુગટથી દીપતા મસ્તકવાળા, રક્તાભા-લોહિત વર્ણવાળા, પઉમપમ્હગોર-કમળના ગર્ભ જેવી કાંતિવાળા અર્થાત્ પીળા, સેય-શુક્લ. એવા ત્રણ વર્ણવાળા વૈમાનિકો હોય છે. બાકી સ્પષ્ટ છે.

બીજી પ્રતિ માં દેવી વર્ણન જોવા મળે છે. તે આ પ્રમાણે —

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાસે ઘણો અપ્સરાગણ પ્રગટ થયો. તે અપ્સરાઓ, અગ્નિ વડે તાપિત, જળ વડે ધોયેલ જે કનક તેનો જે વર્ણ તેના જેવી પ્રભાવાળી અર્થાત્ ગૌરાંગી હતી, બાલ્યભાવને ઓળંગી ગયેલ, મધ્યમ-જરઠ વયથી રહિત અર્થાત્ નવ યૌવના હતી. અનતિવરમ-અવિધમાન હ્રાસપણાથી પ્રધાન, સૌમ્ય-નીરોગ, ચારુ-શોભન રૂપવાળી હતી. રોગાદિથી અબાધિત, શ્રૃંગારરસયુક્ત, તથાવિધ યૌવનવાળી, અશિથિલ અંગપણે જે તરુણવયનો ભાવ તે તારુણ્યને પામેલી. જો કે આ યૌવન અને શરીર આશ્રિત લક્ષણની પ્રધાનપણે વિવક્ષિત ધર્મના આધારપણાના ભેદથી વિવક્ષા કરી છે. - -

- - જરાને પ્રાપ્ત ન કરતી, સર્વાંગ સુંદરી, ઈષ્ટ વસ્ત્ર-આભરણ આદિ રૂપ અને વસ્ત્રની રચનાથી રતિ દેનારી, તેથી જ રમણીય વેશ કે આકૃતિને ગ્રહણ કરેલી હતી. વળી તે હાર આદિ મગરમુખ શોભતા નૂપુર પર્યંતના પ્રચલિત શબ્દવાળા જે આભુષણો,

તેને ધારણ કરતી હતી. તેમાં હાર-અઢારસરો, અર્ધહાર-નવસરો, પ્રયુક્ત માણિક્ય યુક્ત કંકણો, રત્નના કુંડલો અથવા પ્રયુક્ત રત્ન કુંડલો તથા પહેરેલા પ્રલંબિત હેમજાલાદિવાળી, આ હેમજાલ-છિદ્રવાળા સુવર્ણાલંકાર વિશેષ તથા મણિજાલ, કનકજાળ. વૈકક્ષકકૃત્ સુવર્ણ સૂત્ર, છાતી ઉપર ત્રિસરક, કંકણો, વિશેષ પ્રકારની વીંટી, વિવિધ મણિમયી માળા, કંઠસૂત્ર-ગળામાં રહેલ સંકલક વિશેષ, ગ્રૈવેયક, સુવર્ણ કટિસૂત્ર, તિલક-લલાટનું આભરણ, કુલ્લક-પુષ્પાકૃતિ લલાટ-આભરણ વિશેષ, સિદ્ધાર્થિકા-સર્ષપપ્રમાણ સુવર્ણકણથી રચિત સોનાની કંઠિકા, કર્ણવાલિકા-કાનના ઉપર ભાગનું આભૂષણ વિશેષ - x - - -

- - ત્રુટિકા-બાહુ રક્ષિકા, હસ્તમાલક, હરિસત્તિ, કેયૂર-બાહુનું આભરણ વિશેષ, વલય-કટક વિશેષ, પ્રાલંબ-ઝુંબનક, ગળાનું આભરણ વિશેષ, અંગુલીયક-આંગળીનું આભરણ વિશેષ, વલાક્ષ, દીનાર-માલિકા, ચંદ્રમાલિકા, સૂર્યમાલિકા, કાંચી-મેખલા તે કેડના આભરણ છે, કલાપ-કંઠનું આભરણ વિશેષ, મેખલા કલાપ, કિંકિણીકા-નાની ઘંટિકા, રત્નમય જાંઘ ઉપર લટકતા સંકલક, જેને અંતે નાની ઘંટિકા હોય છે, ઉત્તમ નૂપુર, ક્ષુદ્રઘંટિકા પ્રધાન તુલા કોટિક, ચલનમાલિકા-પગનું આભરણ વિશેષ, નિગડ આકારનું સોનાનું પગનું આભરણ વિશેષ, જાલક-પગનું આભરણ વિશેષ, મગરમુખથી શોભતા નૂપુર.

પંચવર્ણી રંજન દ્રવ્ય કુસુંભાદિ, જેના વડે રંજિતપણાથી લાલ જેવા લાલરંગના, મનોહર વસ્ત્રો પહેર્યા. તે વસ્ત્રો મહાર્ઘ, નાકમાંથી નીકળેલ વાયુથી ઉડી જાય તેવા લઘુ, અંગ આવરકપણાથી ચક્ષુર્હર, અતિશય વર્ણાદિયુક્ત, ઘોડાની લાળની જેમ સુકુમાર તથા કંઈક ધવલ, સુવર્ણ મંડિત આંચલ-છેડાવાળા. આકાશ સ્ફટિક સદૃશ પ્રભાવાળા વસ્ત્રો પહેર્યા હતા. તુષાર-હિમ, દગરયત્તિ-ઉદકરજવત્ પાંડુર જે દુકૂલ-વસ્ત્રો, તેની જેમ સુકુમાલ અને રમણીય જે ઉત્તરીય ઓઢેલ હતા, તથા ઉત્તમ આભરણથી ભૂષિત હતી.

બધી ઋતુના સુગંધી પુષ્પો વડે સુરચિત, વિચિત્ર ઉત્તમ માળાને ધારણ કરે છે. સુગંધી ચૂર્ણ વડે અંગરાગથી - દેહ રંજન વડે, ઉત્તમ વાસ વડે અને પુષ્પ રચના વિશેષથી જે વિરાજિત છે. અધિક શોભા સહિત, તથા ઉત્તમ મધ્યે જે શ્રેષ્ઠ ધૂપ, તેના વડે ધૂપિત-સુગંધી કરાયેલ તથા શ્રી-દેવતા, તેણી લોકમાં શોભન વેષવાળી રૂઢ છે, તેથી તેની ઉપમા કરાઈ છે. દિવ્ય-શ્રેષ્ઠ, કુસુમ-અવિકસિત, માલ્ય-વિકસિત માળાઓ વડે પૂજાસજ્જ, અંજલિ પુટ કરેલ, ઉંચાઈમાં દેવોમાં કંઈક ન્યૂન ઉંચાઈવાળી, ચંદ્ર જેવા મુખવાળી, ચંદ્રની જેવી કાંતિવાળી, ચંદ્રથી અધિક સૌમ્ય દર્શનવાળી, ઉલ્કાની જેમ ઉદ્યોતમાન. - -

- - વિદ્યુત્ જે ઘન મરીચ-કિરણો, સૂર્યના તેજથી અધિકતર, સન્નિકાશ-જેની દીપ્તિ છે તે તથા, શ્રૃંગારના ગૃહસમાન, સુંદર વેશવાળી તથા સંગત-ઉચિત જે ગમનાદિ, તેમાં નિપુણ જે સંગત ઉપચાર કુશલ, અહીં ગત-ગમન, હસિત-હાસ્ય, ભણિત-વચન, ચેષ્ટિત-ચેષ્ટા, વિલાસ-નેત્રવિકાર. - x - સલલિત-માધુર્ય સહિત,



સંલાપ-પરસ્પરભાષણ અથવા લલિત સાથે સંલાપ-કહ્યું છે કે — કામિનીના હાથ-પગ-અંગનો વિન્યાસ અને ભ્રૂ-નેત્ર-હોઠ પ્રયોજિત સૌંદર્ય તે લલિત કહેવાય છે. ઉપચાર-પૂજા. - -

- - સુંદર સ્તન, જઘન, વદન, હાથ, પગ, નયન એ બધાં અવયવોના જે લાવણ્યપ્રધાન રૂપ વડે સ્પૃહણીય, યૌવન અને વિલાસ વડે યુક્ત. વિલાસ-સ્થાન, આસન, ગમન અને હાથ, ભ્રૂ, નેત્ર કર્મોથી જે વિશેષથી ઉત્પન્ન થાય તે શ્લિષ્ટને વિલાસ કહે છે.

શિરીષ-શિરિષ નામક તરુકુસુમ, નવનીત-માખણ, તો અને મૃદુક સુકુમાર-અતિ સુકુમાર, તેના જેવો સ્પર્શ જેનો છે તે તથા, કલિકલુષ-રાડ, પાપકર્મથી વ્યપગત, તથા ધૌત-પ્રક્ષાલિત અને નિર્ધ્માત વાળી નાંખેલ છે રજ-મલ જેમાંથી તે તથા સૌમ્ય-નીરુજ, કાંત-કામ્ય, પિયદંસણ-સુભગા, સુરૂપા. જિનેશ્વર પ્રતિ ભક્તિ વડે કરાયેલ જે દર્શનાનુરાગ, તે તથા તેના વડે હર્ષિત-સંજાત રોમાંચાદિ હર્ષ વડે ઓવઈય-અવતર્યા, ઉતર્યા. જિનસકાસ-જિન સમીપે. - x - x -

**● સૂત્ર-૨૭ (અધુરુ) :-**

***ત્યારે ચંપાનગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથમાં મોટા જનશબ્દ, જનવ્યૂહ, જનબોલ, જનકલકલ, જન-ઉર્મી, જનઉત્કલિકા, જન-સન્નિપાતમાં ઘણાં લોકો પરસ્પર આમ કહેતા-બોલતા-પ્રજ્ઞાપના કરતા-પ્રરૂપણા કરતા હતા કે હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવંત મહાવીર આદિકર તિર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ યાવત્ મોક્ષ પ્રાપ્તિની ઈચ્છાવાળા, પૂર્વાનુપૂર્વી વિચરતા, ગામથી ગામ જતા, અહીં આવ્યા છે - સંપ્રાપ્ત થયા છે - સમોસર્યા છે. આ ચંપાનગરી બહાર પૂર્ણભદ્ર ચૈત્યે યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.***

**● વિવેચન-૨૭ (અધુરુ) :-**

શ્રૃંગાટક આદિમાં જ્યાં મહાજનના શબ્દાદિ છે આદિ૦ શ્રૃંગાટક-શીંગોડા નામક ફળ વિશેષ આકારે સ્થાન અર્થાત્ ત્રિકોણ, ત્રિક-જ્યાં ત્રણ રસ્તા ભેગા થાય છે, ચતુષ્ક-જ્યાં ચાર માર્ગો મળે છે, ચત્વર-જ્યાં ઘણાં માર્ગો મળે છે, ચતુર્મુખ-તથાવિધ દેવકુલાદિ, મહાપથ-રાજમાર્ગ, પંથ-માર્ગ માત્ર. મહયા-મહાન્, જનશબ્દ-પરસ્પર આલાપાદિ રૂપ - x - x - ક્વચિત્ બહુજનશબ્દ એવો પાઠ છે. જનવ્યૂહ-લોકસમૂહ, પરસ્પર કે પદાર્થોનાં વિશેષથી વર્તે છે. એ રીતે બધે જ જાણવું. ક્યાંક ‘‘જણવાય અને જણુલ્લાવ’’ પાઠ છે. તેમાં જણવાય-લોકોનો પરસ્પર વસ્તુ વિચારણાનો ઉલ્લાપ. કહ્યું છે કે — સંભાષણથી આલાપ થાય છે, પ્રલાપ એ અનર્થક વચન છે, કાકુવા વર્ણન ઉલ્લાપ છે અને સંલાપ એ પરસ્પર ભાષણ છે.

બોલ-અવ્યક્ત વર્ણવાળો ધ્વનિ. કલકલ-તે જ પ્રાપ્ત થતો વર્ણવિભાગ. ઊર્મિ-સંબાધ, મોજા. ઉત્કલિકા-નાનો સમુદાય જ સંનિપાત-બીજા બીજા સ્થાને લોકોનું એકઠાં થવું તે. एवम् - કહેવાનાર પ્રકારે વસ્તુ आइक्खइ - સામાન્યથી કહે છે, भासइ

- વિશેષથી કહે છે, આ જ બંને અર્થ બે-પદોથી કહે છે — પ્રજ્ઞાપના કરે છે અને પ્રરૂપે છે. અથવા આખ્યાતિ - સામાન્યથી, ભાષતે - વિશેષથી, પ્રજ્ઞાપયતિ-વ્યક્ત પર્યાય વચનથી, પ્રરૂપયતિ-ઉપપતિ વડે. इह आगए - ચંપામાં આવ્યા, इह संपत्ति - પૂર્ણભદ્રમાં, इह समोसढे - સાધુ ઉચિત અવગ્રહમાં. યથાપ્રતિરૂપ-ઉચિત.

● **સૂત્ર-૨૭ (અધુરેથી) :-**

***હે દેવાનુપ્રિયો ! તથારૂપ અરહંત ભગવંતોના નામ-ગોત્રનું શ્રવણ પણ મહાફળદાયી છે, તો પછી તેમની સન્મુખ જવું, વંદન-નમન કરવું, પ્રતિપૃચ્છા અને પર્યુપાસના વિશે તો કહેવું જ શું ? એક પણ આર્ય-ધાર્મિક-સુવચનના શ્રવણથી આટલો મોટો લાભ થાય, તો પછી વિપુલ અર્થના ગ્રહણથી કેટલો લાભ થાય ? તો હે દેવાનુપ્રિયો ! આપણે જઈએ અને શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમન-સત્કાર-સન્માન કરીએ. કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્ય સ્વરૂપ તેમની વિનયથી પર્યુપાસના કરીએ. જે આપણને પરભવમાં અને આ ભવમાં હિત-સુખ-ક્ષમ-નિઃશ્રેયસ અને આનુગામિકપણે થાય છે. એમ કહી ઘણાં ઉગ્ર-ઉગ્રપુત્રો, ભોગ-ભોગપુત્રો...*** *[સૂત્ર આગળ ચાલુ છે.]*

● **વિવેચન-૨૭ (અધુરેથી) :-**

તેનાથી મહત્ - વિશિષ્ટ ફળ-અર્થ થાય છે. તથારૂપ - તેવા પ્રકારના સ્વભાવ, મહાફળ જનન સ્વભાવ. નામ-જેવું ખાસ નામ હોય, ગોત્ર-ગુણનિષ્પન્ન નામ, સવણયાએ-સાંભળવાથી. किं पुण - એ પૂર્વોક્ત અર્થને વિશેષ જણાવવા માટે છે. अंग - આમંત્રણ અર્થમાં છે અથવા આ શબ્દ પરિપૂર્ણ-વિશેષણ અર્થમાં છે.

અભિગમન-સામે જવું, વંદન-સ્તુતિ, નમસ્ય-પ્રણમન, પ્રતિપ્રચ્છન-શરીરાદિ વાર્તા પ્રશ્ન. પર્યુપાસન-સેવા, આ બધાંનો ભાવ. તથા एगस्सवि - એક પણ आरियस्स - આર્ય પ્રણેતાપણાથી આર્ય, धम्मियस्स-ધર્મપ્રયોજનત્વથી ધાર્મિક, તેથી જ સુવચન. - - वंदामो - સ્તવીએ છીએ, नमंसामो - પ્રણામ કરીએ છીએ, सक्कारेमो - સત્કાર કરીએ છીએ અથવા આદર-વસ્ત્રાદિ અર્ચન કરીએ. संमाणेमो - ઉચિત્ત પ્રતિપત્તિ વડે સન્માન કરીએ છીએ. कल्लाण - કલ્યાણના હેતુથી અભ્યુદય હેતુ, ભગવંત સાથે જોડવું મંગલ-દુરિત ઉપશમ હેતુ, દૈવત-દેવ, ચૈત્ય-ઈષ્ટદેવ પ્રતિમા, તેની જેમ ચૈત્ય, પર્યુપાસયામઃ - સેવા કરીએ.

આ ભગવદ્ વંદનાદિ આપણને પેચ્ચભવે - જન્માંતરે, પાઠાંતરથી આ ભવે અને પરભવે. हियाए - પથ્ય અન્નવત્ હિતને માટે. सुहाए - સુખને માટે, खमाए - સંગતપણાથી ક્ષાંતિપ્રદ, નિઃશ્રેયસાય-મોક્ષને માટે, આણુગામિયત્તાએ - આનુગામિક-પણાથી ભવ પરંપરામાં સાનુબંધ સુખને માટે થશે - તે હેતુથી. उग्ग - ઋષભ દેવે સ્થાપિત આરક્ષકવંશજ. उग्गपुत्त - તે જ કુમારવસ્થામાં હોય, भोग - ઋષભદેવે સ્થાપેલ ગુરુવંશજ, ભોગપુત્રા-તે જ કુમારાવસ્થા૦ -

● **સૂત્ર-૨૭ (અધુરેથી) :-**

***- - એ પ્રમાણે દ્વિપ્રત્યાવતારથી - રાજન્ય, ક્ષત્રિય, બ્રાહ્મણ, સુભટ,***



***યોદ્ધા, પ્રશાસ્તા, મલ્લકી, લેચ્છવી-લેચ્છવીપુત્ર, તે અને બીજા પણ ઘણાં રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ*** *[તથા તેમના પુત્રોમાંના]* ***કેટલાંક વંદન નિમિત્તે, કેટલાંક પૂજન નિમિત્તે, એ રીતે સત્કાર નિમિત્તે, સન્માન નિમિત્તે, દર્શન નિમિત્તે, કુતૂહલ નિમિત્તે, કેટલાંક અર્થ-વિનિશ્ચય હેતુ, ન સાંભળેલને સાંભળીશુ, સાંભળેલને નિઃશંકિત કરીશું, કેટલાંક અર્થ-હેતુ-કારણ-વ્યાકરણ પુછીશું.***

● **વિવેચન-૨૭ (અધુરેથી) :-**

આ પ્રમાણે બે પદના ઉચ્ચારણથી શેષ પદો જાણવા. તેમાં राजन्य - ભગવત્‌ના વયસ્યના વંશજ, ક્યાંક "इक्ष्वाकु-ज्ञात-कौरव्य" પાઠ પણ છે. ઇક્ષ્વાકુ-નાભેયના વંશજ, નાય-નાગવંશ્ય કે જ્ઞાતવંશજ, કૌરવ્ય-કુરુવંશજ. खत्तियत्ति - સામાન્યરાજ કુલીન, માહણ-બ્રાહ્મણ, ભડ-શૂરો, જોહ-યોધો, સહસ્રયોદ્ધાદિ. પ્રશસ્તા-ધર્મશાસ્ત્રપાઠક, મલ્લકી-લેચ્છકી રાજા વિશેષ. કહેવાય છે કે ચેટક રાજાને અઢાર ગણરાજા હતા - નવમલ્લકી, નવ લેચ્છકી, કાશી-કોશલક એ અઢાર ગણરાજાઓ હતા.

રાજા-માંડલિક, ઈશ્વર-યુવરાજ, અણિમાદિ ઐશ્વર્ય યુક્ત, તલવર-ખુશ થઈને રાજાએ આપેલ પટ્ટબંધથી વિભૂષિત, રાજસ્થાનીય, માડંબિક-મડંબના અધિપતિ, કૌટુંબિક-કેટલાંક કુટુંબનો અધિપતિ, ઈભ્ય-જે દ્રવ્યનો ઢગલો પડેલ હોય, તો હાથી પણ ન દેખાય, શ્રેષ્ઠી-શ્રીદેવતા અધ્યાસિત સુવર્ણપટ્ટ વિભૂષિત મસ્તકવાળા, સેનાપતિ-રાજાએ નિયુક્ત કરેલ ચતુરંગ સૈન્ય નાયક, સાર્થવાહ-સાર્થનાયક, વંદન પ્રત્યય-વંદન અર્થે. ક્યાંક આવો પાઠ છે - અર્થાત્-જીવાદિ, હેતુન્-તદ્‌ગમક-અન્વય વ્યતિરેકયુક્ત, કારણ-ઉપપતિ માત્ર, જેમકે - નિરુપમ સુખ સિદ્ધો હોય છે. વ્યાકરણ-બીજાના પ્રશ્નોના ઉત્તરરૂપ.

● **સૂત્ર-૨૭ (અધુરેથી) :-**

***કેટલાંક ચોતરફથી મુંડ થઈને, ગૃહત્યાગ કરીને અણગારિત પ્રવ્રજિત થઈશું (એમ વિચારી), કેટલાંક પાંચ અણુવ્રત-સાત શિક્ષાવ્રતયુક્ત બાર ભેદે ગૃહસ્થ ધર્મ સ્વીકારીશું (એમ વિચારી) કેટલાંક જિનભક્તિરાગથી, કેટલાંક પોતાનો આચાર સમજીને સ્નાન-બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, ગળામાં માળામાં ધારણ કરી, મણિ-સુવર્ણ જડિત હાર-અર્ધહાર-ત્રિસરક-પ્રાલંબ-પ્રલંબ-કટિસૂત્રક-શોભાયુક્ત આભરણોથી પોતાને સજાવી, ઉત્તમ વસ્ત્રો પહેરી, ચંદનથી લિપ્ત ગાત્ર-શરીર થઈ....*** *[સૂત્ર ચાલુ છે - - -]*

● **વિવેચન-૨૭ (અધુરેથી) :-**

कयबलिकम्म - સ્વગૃહ દેવતાનું બલિકર્મ કરીને તથા કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરીને. તેમાં પ્રાયશ્ચિત્ત-દુઃસ્વપ્નાના નિવારણ માટે અવશ્ય કરણીયપણાથી, કૌતુક-મષી, તિલકાદિ, મંગલ-સરસવ, દહીં, અક્ષતાદિ. ઉચ્છોલન-ઘણાં જળ વડે ધોવાની ક્રિયા વડે, ધૌત-ગાત્ર [અંગો] ધોઈને. અહીં સ્નાનના પ્રચુર જળપણાનું સૂચનાર્થે વિશેષણ છે. સ્નાન સિવાયનું પ્રયોજન ગત જાણવું. મસ્તકે અને માળા ધારણ કરેલ

છે, જેણે તે. આવિદ્ધ-પરિહિત મણિ-સુવર્ણના કલ્પિત - ઈષ્ટ રચિત હાર આદિ કટીસૂત્ર પર્યન્ત તથા બીજાં પણ સુકૃત્-શોભન-આભરણો. પવરવત્થપરિહિય-પ્રધાન વસ્ત્રો પહેરેલ. ચંદણોલિત્તગાયસરીરા-ચંદન વડે અનુલિપ્ત ગાત્ર [અંગો] તથા શરીર જેમના છે તે...

● સૂત્ર-૨૭ (અધુરેથી) :-

***કેટલાંક ઘોડા ઉપર, એ રીતે હાથી ઉપર, રથ ઉપર, શિબિકા ઉપર, સ્યંદમાનિકા ઉપર, કેટલાંક પગે ચાલતા, પુરુષરૂપી વગુરથી પરિક્ષિપ્ત, મહાન્ ઉત્કૃષ્ટ સીંહનાદ-બોલ-કલકલ રવથી પ્રક્ષુભિત મહાસમુદ્રના રવ ભૂત સમાન કરતાં ચંપાનગરીની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે, ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરની કંઈક સમીપ, છત્રાદિ તિર્થકરાદિ અતિશય જુએ છે, જોઈને યાન-વાહનને સ્થાપે છે, સ્થાપીને યાન-વાહનથી ઉતરે છે, ઉતરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, પછી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન-નમન કરે છે. વાંદી-નમીને બહુ નીકટ નહીં-બહુ દૂર નહીં તે રીતે શ્રવણની ઈચ્છાથી નમન કરતા, અભિમુખ થઈ, વિનયથી અંજલી જોડીને, પર્યુપાસના કરે છે.***

● વિવેચન-૨૭ :-

બીજી વાચનામાં આ પદપંચક છે - યાન-શકટાદિ, યુગ્ય-ગોલ્લ દેશ પ્રસિદ્ધ જંપાન, બે હાથ પ્રમાણ - ચાર ખૂણાવાળી વેદિકા. ગિલ્લિ-હાથી ઉપર અંબાડીરૂપ, થિલ્લિ-લાટ દેશ વિશેષ, જે બીજા દેશમાં થિલ્લિ કહેવાય છે. પવહણ-વેગસર આદિ પ્રવહણ, સીય-શિબિકા, કૂટ આકાર આચ્છાદિત જંપાન વિશેષ. સંદમાણિય-સ્યંદમાનિકા, પુરુષપ્રમાણ લાંબી જંપાન વિશેષ. પાદ વિહારરૂપ જે સંચરણ તેના દ્વારા.

पुरिसवागुर - વાગુર-મૃગબંધન, પુરુષ વાગુર જેવા. ક્યાંક वग्गावग्गिं गुम्मागुम्मिं પાઠ છે. તેમાં વર્ગ-સમાન જાતીય વૃંદ, વર્ગ-વર્ગ વડે થઈને વર્ગાવર્ગી. ગુલ્મ-વૃંદમાત્ર. ગુલ્મ-ગુલ્મ થઈને ગુલ્માગુલ્મી. महय - મહત્, રવ-[શબ્દ] જોડવું. ઉત્કૃષ્ટિ-આનંદ મહાધ્વનિ, સિંહનાદ, બોલ-વર્ણવ્યકતતા વર્જિત ધ્વનિ, કલકલ-વ્યક્ત વચન, તે જ આવા લક્ષણરૂપ જે રવ તે. તથા સમુદ્રરવભૂત સમાન કરતા. ક્ષોભ પામેલ મહા સમુદ્રના ઘોષ સમાન તન્મયવત્ નગરને કરતા.

ક્યાંક આ ચાર પદ દેખાય છે - पायदद्दरेण भूमिं कंपेमाण० - ત્વરિત ગમન જનિત પાદ પ્રહારથી, પગ પછાડવાના પ્રતિરવથી આકાશને ફોડતા હોય તેમ, એક જ દિશામાં, એક ભગવંતને લક્ષ્ય કરીને મુખ જેમાં તે એકાભિમુખ. તીર્થકરાતિશેષાન્-જિનેશ્વરના અતિશયથી, जाणवाहण ठावइंति - શકટાદિ વાહન-ગાય આદિને સ્થાપે છે - સ્થિર કરે છે. ક્યાંક विट्ठब्भंती પાઠ દેખાય છે. તેમાં-વિશેષથી સ્તંભિત-નિશ્ચલ કરે છે.

અહીં બીજીવાચનામાં રહેલ ઘણું લખે છે - જમીન ઉપર રાખે છે. વાહનોને વિસર્જિત કરે છે. સચિત્ત-સચેતન, અલંકાર-રાજ લક્ષણરૂપ, તેનું વિસર્જન કરે છે.



કેવા સચિત્તને ? પુષ્પ, તાંબુલાદિ. આદિ શબ્દથી તેવા ફળાદિને લેવા. અલંકાર કેવા ? આયુધાદિ. ખડ્ગ તથા છત્ર, ચામર, મુગટ. પાહણ-ઉપાનહ, જોડા, એક શાટક ઉત્તરીય વસ્ત્ર કરે છે. શૌચ અર્થ જળસ્પર્શ કર્યો. આચમન વડે અશુચિદ્રવ્ય દૂર કરે છે. અત્યર્થ શુચિભૂત થઈ. ઉપચારથી ભગવંતને ઉપચરે છે.

દર્શન થતાં, મન વડે અનેકત્વનું એકત્વ કરવું તે એકત્વીભાવ, તેનું જ કરવું તે, તેના વડે એકત્વીભાવ કરણથી-મનથી એકાગ્રતા. કાયિક પર્યુપાસનાને કહે છે — બાહ્ય વૃત્તિથી અત્યંત નિભૃત, પ્રશાંત-અંતર્વૃત્તિથી, ઉપશાંત થઈને, હાથ-પગ સંલીન કરેલ છે જેણે. તેથી જ અંજલિરૂપપણે, મુકુલાકારે હાથ કરીને તથા વાચિક પર્યુપાસનાને કહે છે — આ પ્રમાણે આ ભદંત ! સામાન્યથી ભટ્ટારક, વિશેષથી અવિતથ. તેથી જ અસંદિગ્ધ-શંકાથી અવિષય. તેથી જ અમને આ ઈષ્ટ છે, પ્રતિચ્છિત-ભગવંતના મુખથી પડતું આ ગ્રહણ કરેલ છે. અહીં ક્યાંક 'ઈષ્ટ' જ દેખાય છે, બીજે 'પ્રતીપ્સિત' જ દેખાય છે. તેથી ઇચ્છિત પ્રતિચ્છિત કહ્યું.

આ અર્થ સત્ય છે - પ્રાણિને હિતકર છે. માનસિકમાં-તે ભગવદ્વચનમાં ચિત્ત-ભાવમન જેમનું છે, તે તચ્ચિત. સામાન્ય ઉપયોગ અપેક્ષાએ તચ્ચિત્ત, તમ્મણ-દ્રવ્ય મનને આશ્રીને, વિશેષ ઉપયોગ. તલ્લેસ-ભગવત્ વચનગત શુભાત્મ પરિણામ વિશેષ, લેશ્યા-કૃષ્ણાદિ દ્રવ્ય જનિત આત્મ પરિણામ. - x - x - અહીં અધ્યવસાય વડે અધ્યવસિત તચ્ચિત્તત્વાદિ ભાવયુક્ત થઈને ભગવદ્ વચનમાં જ અધ્યવસિત ક્રિયા સંપાદન વિષય જેમનો છે, તે તદધ્વવસિત, तत्तिव्वज्झवसाण - તે જ ભગવદ્ વચનમાં તીવ્ર અધ્યવસાન-શ્રવણ વિધિ ક્રિયા પ્રયત્ન વિશેષરૂપ જેમાં છે તે. - - -

- - - तदप्पियकरण - તેમાં ભગવતને અર્પિત કરણ-ઈન્દ્રિય-શબ્દ, રૂપાદિમાં શ્રોત્ર-ચક્ષુ આદિ, તેના વડે અર્પિત કરણ. तस्य - ભગવદ્ વચનનો જે અર્થ, તેમાં ઉપયુક્ત, તે તદર્થોપયુક્તા. तेन - ભગવદ્ વચનથી અથવા તે અર્થથી જે ભાવના-વાસના, તેના વડે વાસિત, બીજી વાસનાને ઉપગત નહીં, તે ભાવનાથી ભાવિત. તેથી જ एगमण - મનથી અપ્રમાદિત્વથી. અનન્ય મનથી. શું કહે છે ?

जिणवयणधम्माणुरागरत्तमणा - જિનવચન કે જિનવદનમાં ધર્માનુરાગથી રક્ત મન જેમનું છે તે, અથવા આ એકાર્થિક છે. તે મન વગેરે સર્વે પદો, તે એકાગ્રતાના પ્રકર્ષને પ્રતિપાદનાર્થે છે. વિકસિત શ્રેષ્ઠ કમળ જેવા નયન અને વદન જેમના છે, તેમને પર્યુપાસે છે.

વસતિમાં સમવસરણ. गवेसह - ભગવદ્ અવસ્થાનના અવગમ અર્થે નિરૂપણ કરે છે. અર્થાત્ ભગવન્ ક્યાં સ્થિત છે તે જાણે છે. आगंतारेसु - જેમાં આગંતુકો વસે છે. आरामगारेसु - આરામ મધ્યવર્તી ઘરોમાં, આવેશનાનિ - જેમાં લોકો આવે છે તે લુહાર, કુંભારાદિના સ્થાનો. આવસથ-પરિવ્રાજકના સ્થાનો, પણિયગૃહ-હાટ, દુકાનો. પણિયસાલા-ભાંડ શાળા, ગૃહ-સામાન્ય શાળા. - x - યાન ગૃહોમાં, યાન શાળામાં, કોષ્ઠાગાર-ધાન્ય ગૃહોમાં, સુસાણ-શ્મશાનમાં, સુન્નાગાર-શુન્યગૃહોમાં

પરિહિંડમાણે-ભ્રમણ કરતાં, પરિઘોલેમાણે-ગમનાગમન કરતા.

● **સૂત્ર-૨૮,૨૯ :-**

*[૨૮] ત્યારે તે પ્રવૃત્તિ નિવેદકે આ વૃત્તાંત જાણતાં હૃષ્ટતુષ્ટ યાવત્ હૃદયી થઈ, સ્નાન કરી યાવત્ અલ્પ-મહાર્ઘ આભરમથી અલંકૃત્ શરીરી થઈ, પોતાના ઘેરથી નીકળ્યો, પોતાના ઘેરથી નીકળીને ચંપાનગરીની વચ્ચોવચ્ચથી જે બાહ્ય ઉપસ્થાન શાળાએ આવ્યો, બધી જ વક્તવ્યતા પૂર્વવત્ યાવત્ નીકળે છે, નીકળીને તે પ્રવૃત્તિ નિવેદકને સાડાબાર લાખનું પ્રીતિદાન આપે છે, આપીને સત્કાર, સન્માન કરે છે, સત્કારી-સન્માનીને વિદાય કરે છે.*

*[૨૯] ત્યારે તે ભંભસારપુત્ર કૂણિક રાજાએ બલવ્યાપૃત્તને આમંત્ર્યો, આમંત્રીને એમ કહ્યું — ઓ દેવાનુપ્રિય ! જલ્દીથી આભિષેક્ય હસ્તિરત્નને સુસજ્જ કરાવો, ઘોડા-હાથી-રથ-પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેનાને તૈયાર કરો. સુભદ્રા આદિ રાણીઓને બાહ્ય ઉપસ્થાનશાળામાં પ્રત્યેક-પ્રત્યેકને માટે યાત્રાભિમુખ જોતેલ યાનો ઉપસ્થાપિત કરો. પછી ચંપાનગરીને અંદર અને બહારથી પાણીથી સીંચાવો, સિંચાવી સાફ કરાવો, લીંપાવો, નગરીના અંદરના માર્ગો-ગલીઓની સફાઈ કરાવો. મંચાતિમંચ યુક્ત કરાવો, વિવિધ રંગોની ઉંચી ધ્વજા-પતાકાથી મંડિત કરાવો. નગરીની દીવાલોને લિંપાવો-પોતાવો. ગોશીર્ષ-સરસ-લાલ-ચંદન યાવત્ ગંધવર્તીભૂત કરો-કરાવો, કરી-કરાવીને આ આજ્ઞા પાછી સોંપો. [પછી] હું શ્રમણ ભગવન્ મહાવીરના વંદનાર્થે જઈશ.*

● **વિવેચન-૨૯ :-**

બલવાઉય-સૈન્ય વ્યાપાર પરાયણ, આભિસેક્ક-અભિષેક માટે યોગ્ય તે આભિષેક્ય, હસ્તિરત્ન-પ્રધાન હાથી, પડિકપ્પેહિ-સજ્જ કરો. પાડેક્ક-પ્રત્યેક, એક-એક. જતાભિમુહ-ગમન અભિમુખ, જુતાઇ-બળદો વડે યુક્ત. ક્વચિત્ 'યુગ્ય' પાઠ છે, તે જંપાનવિશેષ છે. जाणाइं - ગાડાં, સબ્ભિંતરબાહિરિય - નગરનો મધ્ય ભાગ અને નગરનો બાહ્ય ભાગ. - x - આસિક્ત-જળ છંટકાવીને, સંમાર્જિત-કચરો શોધીને, ઉપલિપ્ત-છાણ આદિથી કોને ? શ્રૃંગાટક-ત્રિક-ચતુષ્કાદિને.

આ બે વાક્ય ક્યાંક જોવા મળતા નથી — આસિક્ત-કંઈક જળ છંટકાવ, સિક્ત-તે સિવાય, તેથી જ શુચિ-પવિત્ર, સંમૃષ્ટ-કચરો દૂર કરાવીને. રથ્યાંતરાણિ-ગલી મધ્યે, આપણવીથય-હાટ માર્ગ. મંચ-માળા, પ્રેક્ષણદૃષ્ટા લોકોના બેસવાના નિમિત્તે, અતિમંચ-તેના ઉપર જે મંચ વડે યુક્ત. વિવિધ રાગ વડે ઉચ્છ્રિત-ઊર્ધ્વીકૃત, ધ્વજ-ચક્ર, સિંહાદિ લાંછન યુક્ત, પતાકા-તે સિવાયની અતિપતાકા વડે અર્થાત્ પતાકાની ઉપરિવર્તી પતાકાથી મંડિત. બાકીનું નગરી વર્ણન, ચૈત્યના વર્ણન માફક જાણવું. આણત્તિઅં પચ્ચપ્પિણાહિ-આજ્ઞા પાળી મને કહો.

● **સૂત્ર-૩૦ (અધુરુ) :-**

*ત્યારે તે બળવ્યાપૃત, કોણિક રાજાએ આમ કહેતા. હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ, બે હાથ જોડીને, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી આમ કહ્યું*



*— હે સ્વામી ! એ પ્રમાણે વિનયથી આજ્ઞાવચનને સ્વીકારે છે. સ્વીકારીને હસ્તિવ્યાપૃતને આમંત્રે છે, આમંત્રીને કહ્યું — ઓ દેવાનુપ્રિય ! જલ્દીથી ભંભસારપુત્ર કોણિક રાજાના આભિષેક્ય હસ્તિરત્નને સજાવો. ઘોડા-હાથી-રથ-પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેનાને સજાવો, સજાવીને આ આજ્ઞા પાલન થયાનું નિવેદન કરો.*

*ત્યારપછી તે હસ્તિવ્યાપૃતે બલવ્યાપૃતના આ અર્થને સાંભળીને, વિનયપૂર્વક તેમના આજ્ઞા વચનને સ્વીકારે છે, સ્વીકારીને, કુશળ આચાર્યના ઉપદેશથી ઉત્પન્ન મતિ વિકલ્પના વિકલ્પથી સુનિપુણ બુદ્ધિ વડે ઉજ્જ્વલ વસ્ત્ર-વેશભૂષા દ્વારા શીઘ્ર સજાવ્યો. તેનો ધાર્મિક ઉત્સવ અનુરૂપ શ્રૃંગાર કર્યો, કવચ લગાવ્યુ, કક્ષાને તેના વક્ષઃસ્થળથી કસીને બાંધ્યુ, ગળામાં હાર અને ઉત્તમ આભૂષણ પહેરાવી શોભાવ્યો.*

*તે હાથી અધિક તેજ યુક્ત થયો. સલલિત શ્રેષ્ઠ કર્ણપૂરથી શોભિત થયો. લટકતા લાંબા ઝૂલ અને ભમરાથી અંધકાર સદૃશ લાગતો, ઝુલ ઉપર વેલ-બૂંટા ભરેલ પ્રચ્છદ વસ્ત્ર નાંખ્યુ. શસ્ત્ર તથા કવચ યુક્ત તે હાથી યુદ્ધાર્થ સજ્જિત જેવો હતો. છત્ર-ધ્વજ-ઘંટ-પતાકા યુક્ત, પાંચ કલગી સહ પરિમંડિત, સુંદર લાગતો હતો. બંને તરફ બે ઘંટ લટકાવ્યા. તે હાથી વિજળી સહિત કાળા વાદળ સમાન લાગતો હતો. ઔત્પાતિક પર્વત વત્ ચાલતો હતો, ઉન્મત્ત અને ગુલગુલંત કરતો, મન અને પવનનો જય કરતા વેગવાળો, ભીમ, સંગ્રામિક યોગ્ય, આભિષેક્ય હસ્તિ રત્નને સજાવ્યો, સજાવીને ઘોડા-હાથી-રથ-પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેના સજ્જ કરી, સજ્જ કરીને જ્યાં બલવ્યાપૃત્ત હતો ત્યાં આવ્યો, આવીને આ આજ્ઞાપિત કાર્ય પૂર્ણ થયાનું નિવેદન કર્યુ.*

*ત્યારપછી તે બલવ્યાપૃતે યાનશાલિકને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિય ! જલ્દી સુભદ્રા આદિ રાણીને માટે બાહ્ય ઉપસ્થાન શાળામાં પ્રત્યેક-પ્રત્યેક માટે યાત્રાભિમુખ જોડેલા વાહનો ઉપસ્થાપિત કરો, કરીને મારી આ આજ્ઞા પાછી સોંપો.*

● **વિવેચન-૩૦ (અધુરુ) :-**

હસ્તિવ્યાપૃત-મહાવત, અહીં પ્રદેશમાં ક્યાંક ''આભિષેક્ય હસ્તિરત્ન'' દેખાય છે, તે અપપાઠ છે. કેમકે આગળ આ પ્રમાણે કહેવાયું છે — નિપુણ એવા આચાર્ય-શિલ્પોપદેશ દાતા, તેના ઉપદેશથી જે બુદ્ધિ તેની જે કલ્પના-વિકલ્પો, કેવા પ્રકારના ? સુનિપુણ અથવા નિપુણ નર વડે, ઉજ્જ્વલનેપથ્યથી-નિર્મળવેષથી, હત્થંતિ-શીઘ્ર પરિપક્ષિત-પરિગૃહીત તે, પાઠાંતરથી ઉજ્જ્વલ નેપથ્ય વડે, સુસજ્જ્-સારી રીતે પ્રગુણ, ધર્મમાં નિયુક્ત તે ધાર્મિક, તેના વડે સન્નદ્ધ-સન્નાહ, સજ્જ કરાયેલ તે ધાર્મિક સન્નદ્ધ, બદ્ધ કવચ-સન્નાહ વિશેષ, તે જ બદ્ધકવચિક, અથવા ધર્મિતાદિ શબ્દો એકાર્થક અને સન્નદ્ધતાના પ્રકર્ષને જણાવવાને માટે છે. ભેદપણું રૂઢિથી જાણવું.

ઉત્પીડિત-ગાઢ કરાયેલ, કક્ષા-રજ્જુ, દોરડું, વક્ષસિછાતી ઉપર, બદ્ધ ગ્રૈવેયક-ડોકનું આભરણ, ઉત્તમ આભુષણોથી શોભતો, તેથી ગ્રૈવેયકબદ્ધભૂષણ વિરાજિત -

x - ક્યાંક અહિયતેયજુત્તં પાઠ છે. તેમાં અધિકાધિકેન-અત્યર્થ અધિક અથવા અહિત-શત્રુના અહિતથી-અપથ્યથી, તેજસા-પ્રભાવ વડે યુક્ત તે છે. સલલિત-લાલિત્ય યુક્ત ઉત્તમ જે કર્ણપૂર-કાનનું આભરણ, તેના વડે શોભતો. પ્રલંબાનિ અવચૂલાનિ-નીચે લટકતા અધોમુખ ઝુમખા, મધુકર-ઝરતા મદની ગંધ વડે આકૃષ્ટ ભ્રમરોથી અંધકાર કરેલ છે જેને તે. બીજી વાચનામાં ''વિરચિતવરકર્ણપૂર સલલિત પ્રલંબાવચૂલ ચામરોત્કર કૃતાન્ધકાર'' પાઠ છે. તેમાં ચામરોના કૃષ્ણવર્ણપણાથી ચામરના સમૂહ વડે કરાયેલ અંધકારપણું અર્થ જાણવો. ચિત્રપરિચ્છેક-લઘુ પ્રચ્છદ-વસ્ત્ર વિશેષ જેને છે તે. પ્રહરણાવરણ-આયુધ કવચથી ભરેલ જે યુદ્ધસજ્જ-સંગ્રામ પ્રગુણ જે છે તે તથા પાઠાંતરથી ''ધનુષ્-બાણ-આયુધકવચ વડે ભરેલ અને યુદ્ધસજ્જ'' એ પ્રમાણે જાણવું.

છત્ર, ધ્વજ, ઘંટસહિત. પતાકા સહિત પણ જોવા મળે છે. તેમાં પતાકા-ગરુડ, સિંહાદિ ચિહ્નરહિત, પાંચ આમેલક-ચૂડા વડે પરિમંડિત, તેથી જ અભિરામ-રમ્ય છે જે તે. અવસારિત-અવલંબિત, યમલ-સમ, યુગલ-બે ઘંટ જેમાં તે. ઘંટ, પ્રહરણ આદિની ઉજ્જ્વલ દીપ્તિ યુક્તત્વથી વિદ્યુત્ સમાન કે વિદ્યુત્ પરિગત, હાથીના દેહના કાળાપણા અને મોટાપણાને કારણે મેઘસમાન હોવાથી કાલમેઘ કહ્યું. સ્વાભાવિક પર્વત ચાલતા નથી, તેથી ઔત્પાતિક પર્વતવત્ ચાલતા, પાઠાંતરથી ઔત્પાતિક પર્વતવત્ સક્ખંતિ-સાક્ષાત્. - x -

ક્યાંક 'મહામેઘ' સમાન પાઠ છે. મન-પવનને જિતનાર વેગ જેનો છે તે. ક્યાંક 'શીઘ્રવેગ' પાઠ છે. ભીમ, સાંગ્રામિક, આયોગ-પરિકર જેનું છે, તે. પાઠાંતરમાં સંગામિયાઓજ્જ - સંગ્રામ માટેનું વાદ્ય. પાઠાંતરમાં સાંગ્રામિક અયોધ્ય-જેની સાથે બીજો હાથી યુદ્ધ કરી ન શકે તે.

**● સૂત્ર-૩૦ (અધુરેથી) :-**

***ત્યારે તે યાનશાલિકે બલવ્યાપૃતના આ અર્થ-વચન આજ્ઞાને વિનય વડે સ્વીકારી, સ્વીકારીને યાનશાલામાં આવીને યાનનું પ્રત્યુપ્રેક્ષણ કર્યું, કરીને યાનની સંપ્રમાર્જના કરી, કરીને યાનને હટાવ્યા, હટાવીને, યાનને બહાર કાઢ્યા, કાઢીને યાનના વસ્ત્રો દૂર કર્યા. કરીને યાનને સમલંકૃત્ કર્યા. કરીને યાનને ઉત્તમ ભૂષણોથી આભૂષિત કર્યા. કરીને યાન-વાહન જોડ્યા, જોડીને પ્રતોદલાઠી, પ્રતોદધરને સ્થાપિત કર્યો, કરીને રાજમાર્ગ પકડાવ્યો. પછી બલવ્યાપૃત્ત પાસે આવ્યો, આવીને બલવ્યાપૃત્તની ઉક્ત આજ્ઞા પરિપૂર્ણ થયાની સૂચના આપી.***

***ત્યારપછી તે બલવ્યાપૃતે નગરગુપ્તિકને આમંત્રીને કહ્યું — ઓ દેવાનુપ્રિય ! જલ્દીથી ચંપાનગરીને અંદરથી અને બહારથી પાણી વડે સીંચાવો, યાવત્ કરીને મારી આ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે નગરગુપ્તિક બલવ્યાપૃત્તના આ અર્થ-વચન આજ્ઞાને વિનયપૂર્વક સ્વીકારે છે, સ્વીકારીને ચંપાનગરીને અંદર અને બહારથી સીંચાવીને યાવત્ કરાવીને જ્યાં બલવ્યાપૃત્ત છે, તેની પાસે આવે છે, આવીને તેમની આજ્ઞાના પાલન થયાનું નિવેદન કરે છે.***





***ત્યારપછી તે બલવ્યાપૃત્ત, ભંભસારપુત્ર કોણિક રાજાના આભિષેક્ય હસ્તિરત્નને સુસજ્જિત થયેલ જુએ છે. ઘોડા, હાથી યાવત્ સુજ્જ કરેલ જુએ છે, સુભદ્રા આદિ રાણીના પ્રત્યેકના યાન ઉપસ્થાપિત જુએ છે, ચંપાનગરી અંદર બહારથી યાવત્ ગંધવર્તિભૂત કરાયેલ જુએ છે, જોઈને હૃષ્ટ-તુષ્ટ-આનંદિત ચિત્ત અને પ્રીતિયુક્ત મનવાળો યાવત્ હૃદયી થઈને જ્યાં ભંભસારપુત્ર કોણિક રાજા છે ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી યાવત્ કહે છે — આપ દેવાનુપ્રિયનો આભિષેક્ય હસ્તિરત્ન, ઘોડા-હાથી-રથ-પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેના સુસજ્જ થયેલ છે, સુભદ્રા આદિ રાણીઓના પ્રત્યેકને માટે બાહ્ય ઉપસ્થાન શાળામાં યાત્રાભિમુખ જોડેલ યાન ઉપસ્થાપિત કરાયેલ છે, ચંપાનગરી અંદર-બહારથી પાણી વડે સિંચિત્ યાવત્ ગંધવર્તીભૂત કરાયેલ છે, તો હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવંત મહાવીરને વંદનાર્થે પધારો.***

**● વિવેચન-૩૦ (અધુરેથી) :-**

जाणाइं पच्चुवेक्खइ - ગાડાં આદિનું નિરીક્ષણ કર્યુ, संपमज्जेइ-રજરહિત કરે છે, णीणेइ - શાળામાંથી બહાર કાઢે છે, संवट्टेइ - એકત્ર સ્થાને લઈ જાય છે, दूसे पवीणेइ - તેના આચ્છાદન વસ્ત્રો દૂર કરે છે. समलंकारेइ - ચંત્ર, ચોક્ત્રાદિ વડે અલંકારયુક્ત કરે છે. वर भंडगमंडियाइं - પ્રવર આભૂષણથી ભૂષિત કરે છે. वाहण - બળદોને, આસ્ફાલયતિ - હાથ વડે તાડન કરે છે - ઉત્તેજિત કરે છે. दूसे पवीणेइ - માખી, મશકાદિ નિવારણાર્થે નિયુક્ત વસ્ત્રોને દૂર કરે છે. जाणाइं जोएइ - વાહન વડે યાનને જોડે છે. पओयलट्ठि - પ્રાજનક દંડ, पओयधर - પ્રતોત્રધર, શકટખેટક, समं - એક કાળે, आडहइ - નિયુક્ત, वट्टं गाहेइ - વર્ત્મને ગ્રહણ કરે છે અર્થાત્ યાનોને માર્ગમાં સ્થાપે છે.

**● સૂત્ર-૩૧ (અધુરુ) :-**

***ત્યારે તે ભંભસારપુત્ર કૂણિક રાજા, બલવ્યાપૃતના આ અર્થને સાંભળી, અવધારીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈને જ્યાં અટ્ટનશાળા છે, ત્યાં આવે છે. આવીને અટ્ટન શાળામાં પ્રવેશે છે, પ્રવેશીને અનેક વ્યાયમ યોગ્ય વલ્ગન, વ્યામર્દન, મલ્લયુદ્ધ કરવા વડે શ્રાંત, પરિશ્રાંત થઈને શતપાક-સહસ્રપાક, દર્પણિય, મદનિય બૃંહણીય સુગંધી તેલ આદિ વડે સર્વેન્દ્રિય અને ગાત્રને પ્રહ્લાદનીય અભ્યંજન વડે અભ્યંજિત થઈને તેલ ચર્મમાં પ્રતિપૂર્ણ હાથ-પગ સુકુમાલ કોમળ તલવાળા પુરુષો, જે નિપુણ, દક્ષ, પ્રાપ્તાર્થ, કુશળ, મેધાવી, નિપુણ શિલ્પોપગત, અભ્યંજન-પરિમર્દન-ઉદ્વલન કરણ ગુણમાં સમર્થ હતા, તેમના વડે અસ્થિ-માંસ-ત્વચા-રોમને સુખકારી એવી ચતુર્વિધ સંબાધનાથી સંબાધન કરાયા પછી ખેદ-પરિશ્રમ દૂર થતાં અટ્ટનશાળાથી બહાર નીકળે છે - -***

***- - બહાર નીકળીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે, ત્યાં આવીને સ્નાનગૃહમાં પ્રવેશે છે, પ્રવેશીને મોતીની જાલથી રમ્ય, વિચિત્ર મણિ-રત્ન જડિત તલવાળા રમણિય સ્નાન મંડપમાં વિવિધ મણિરત્ન વડે ચિત્રિત સ્નાન પીઠ ઉપર***

***સુખેથી બેસે છે. શુદ્ધ-ગંધ-પુષ્પ અને શુભ [ચાર] જળ વડે તથા કલ્યાણકર-પ્રવર સ્નાન વિધિથી સ્નાન કરે છે. પછી બહુવિધ સેંકડો કૌતુક વડે કલ્યાણકપ્રવર સ્નાન કર્યા પછી, રુંવાટીવાળા-સુકુમાલ-ગંધકાષાયિત વસ્ત્રથી શરીર લુંછ્યુ અને સરસ-સુરભી-ગોશીર્ષ ચંદનથી ગાત્રોને લેપન કર્યું.***

***અદૂષિત-સુમહાર્ધ-દૂષ્યરત્નથી સુસંવૃત્ત થયો, પવિત્ર માળા પહેરી, વર્ણકવિલેપન કર્યું, મણિ સુવર્ણના બનેલ હાર, અર્દ્ધહાર, ત્રિસરક, પ્રાલંબ, પ્રલંબમાન કટિસૂત્ર વડે સારી રીતે શોભા કરી. ગ્રૈવેયક પહેર્યું. આંગળીમાં અંગુઠી પહેરી, લલિત આભરણોથી અંગોને વિભૂષિત કર્યા. ઉત્તમ કટક, ત્રુટિત વડે ભૂજા સ્તંભિત કરી. રાજાની શોભા અધિક થઈ, મુદ્રિકાને કારણે આંગળીઓ પીળી લાગતી હતી, મુખ કુંડલથી ઉદ્યોતિત લાગતું હતું, મુગટથી મસ્તક દીપતું હતું, હારથી વક્ષસ્થળ સુરચિત હતું. લાંબુ-લટકતું-વસ્ત્રનું ઉત્તરીય કર્યું. વિવિધ મણિ-કનક-રત્નયુક્ત વિમલ-મહાર્હ-નિપુણ શિલ્પીથી તૈયાર કરાયેલ ચમકતા-વિરચિત-સુશ્લિષ્ટ-વિશિષ્ટ-લષ્ટ વીરવલયો પહેર્યા.***

**● વિવેચન-૩૦ (અધુરુ) :-**

अट्टणसाला - વ્યાયામ શાળા. अणेगवायामजोग्ग० અનેક વ્યાયામ નિમિત્ત યોગ્ય આદિ વડે. તેમાં યોગ્ય-ગુણકારી, વલ્ગન-ઉલ્લંઘવું, વ્યામર્દન-એકબીજાના અંગોનું મોટન, મલ્લયુદ્ધ, કરણ-અંગભંગ વિશેષ જે મલશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. સયપાગ-સો વખત જે પકાવેલ અથવા જુદી જુદી સો ઔષધિ વડે તૈયાર કરીને જે પકાવેલ તે શતપાક, એ રીતે સહસ્ર પાક પણ જાણવું. સુગંધી તેલ આદિથી અભ્યંગન કર્યુ. આદિ શબ્દથી ઘી-કપૂર-પાણી આદિ લેવા.

તે કેવા પ્રકારે હતું ? પીણણિજ્જ-રસ, લોહી, ધાતુને સમતાકારી. દપ્પણિજ્જ-બલકારી હોવાથી દર્પણીય. મયણિજ્જ-મન્મથ વર્દ્ધનપણાથી મદનીય, વિંહણિજ્જ-બૃંહણીય-માંસને પુષ્ટ કરવાથી. સર્વેન્દ્રિય અને ગાત્રોને પ્રહ્લાદનીય. બીજી વાચનામાં ક્રમ ભેદ છે.

તેલ્લચર્મ-તેલથી અભ્યંજિતને જ્યાં રહીને સંબાધના કરાય છે તે તૈલચર્મ, ત્યાં સંબાધિત કર્યા. पडिपुण्णपाणिपाय० પ્રતિપૂર્ણ હાથ-પગો, સુકુમારકોમલ-અત્યંત કોમળ, તલ-તળીયા તે. छेक - અવસરજ્ઞ, બોંતેર કલા પંડિતો વડે. दक्ख - કાર્યમાં અવિલંબિતકારી વડે, पत्तट्ठ - પ્રાપ્તાર્થ, લબ્ધ ઉપદેશ વડે. कुसल - સંબાધન કર્મમાં સાધુ વડે, मेहावी - અપૂર્વ વિજ્ઞાન ગ્રહણશક્તિક. નિપુણ-સૂક્ષ્મ, જે શિલ્પ-અંગમર્દનાદિ, તેને ઉપગત-અધિગત વડે. अब्भंगण० અભ્યંગન-મર્દન-ઉદ્વલન કરણમાં જે ગુણ-વિશેષના નિર્માતા.

अट्ठिसुहाए - હાડકાને સુખકારી, તેના વડે. એ રીતે બાકીના પદો જાણવા. संवाहणाए - સંબાધના કે સંવાહના વડે અર્થાત્ વિશ્રામણા વડે. ખેદ-દિનતા, પરિશ્રમ-વ્યાયામ જનિત શરીરનું અસ્વાસ્થ્ય વિશેષ, તેને દૂર કરે છે. સમસ્ત-સર્વ, જાલ-વિવિધ છિદ્ર સહિતનો ઘરનો કોઈ ભાગ વિશેષ, તેનાથી આકુલ-વ્યાપ્ત અને અભિરામ-



રમ્ય. પાઠાંતરથી समुक्त - મુક્તાફલ યુક્ત જાળ વડે આકુળ અને રમ્ય. વિચિત્ર મણિરત્નયુક્ત કુટ્ટિમતલ-ભૂમિકા.

सुहोदएहिं - શુભોદક, તીર્થોદક વડે અથવા સુખોદક-અતિ ઉષ્ણ નહીં તેવા, ગંધોદક-ચંદનાદિ રસ મિશ્ર, પુષ્પોદક-પુષ્પ રસ મિશ્ર, શુદ્ધોદક-સ્વાભાવિક જળ. તત્થ કોઉયસત-તત્ર અર્થાત્ સ્નાન અવસરે, જે કૌતુક-રક્ષા આદિ સેંકડો વડે. પક્ષ્મલ-રુંવાટીવાળા, તેથી જ સુકુમાલ, ગંધપ્રધાન કાષાયી-કષાય રંગી વસ્ત્ર તથા લૂક્ષિત-વિરૂક્ષિત, અંગ-શરીર જેનું તે. अहत - ઉંદર આદિ વડે દૂષિત ન કરાયેલ, સુમહાર્ઘ-બહુમૂલ્ય જે દૂષ્યરત્ન-પ્રધાન વસ્ત્ર, તેના વડે સંવૃત્ત-પરિગત અથવા સારી રીતે સંવૃત-પરિહિત.

शुचिनी - પવિત્ર, માળા-પુષ્પદામ, વર્ણક વિલેપન-શોભા કરનાર કુંકુમાદિ વિલેપન. જો કે વર્ણક શબ્દથી નામકોષમાં 'ચંદન' અર્થ છે. તો પણ ''ગોશીર્ષ ચંદનથી અનુલિપ્ત ગાત્ર'' આ વિશેષણથી ચંદનને કહેલ હોવાથી અહીં વર્ણકની 'ચંદન' વ્યાખ્યા કરી નથી. आविद्ध - પહેર્યા છે મણિ સુવર્ણ૦ - X - પિનદ્ધ-બદ્ધ, ગ્રીવાદિ-ગ્રૈવેયક, અંગુલીયક-ડોક અને આંગળીનું આભરણ. લલિતાંગક-લલિતશરીર. કૃતાનિ-વિન્યસ્ત, પહેર્યા છે, લલિત આભરણ જેણે તે. અથવા પિનદ્ધ-ગ્રૈવેયક, અંગુલીયક લલિત અંગ સમાન મનોજ્ઞ કેશ-આભરણ અને પુષ્પાદિ જેના વડે તે. વરકટકતુટિક-પ્રધાન હસ્ત આભરણ, બાહાના આભરણ વિશેષ, તેના બહુત્વથી સ્તંભિત થયેલ ભુજા જેની છે, તે તથા અધિકરૂપથી સશ્રીક-શોભાસહિત જે છે તે.

- - ક્યાંક ''વીંટી વડે પીળી આંગળી'' એવો પાઠ પણ છે કુંડલ વડે ઉદ્યોતિત મુખ આદિ સ્પષ્ટ છે. હારોત્થય-હાર વડે આચ્છાદન કરાયેલ, સુકયરઈય-સારી રીતે કરાયેલ રતિક [પ્રીતિકર] વક્ષ-છાતી જેની છે તે. પાલંબ-દીર્ઘ, પલંબમાણ-ઝુંબમાન-લટકતા, પડ-વસ્ત્ર, તેના વડે સારી રીતે કરાયેલ ઉતરાસંગ વાળો. णाणामणिकणग० વિવિધ મણિ-કનક-રત્ન વડે વિમલ, મહાર્હ, નિપુણ શિલ્પી વડે ઓવિયત્તિ-પરિકર્મિત, મિસિમિસંત-દેદીપ્યમાન, વિરચિત-નિર્મિત, સુશ્લિષ્ટ-સારી સંધી, વિશિષ્ટાનિ-બીજા કરતાં વિશેષતાવાળી, લષ્ટ-મનોહર, આવિદ્ધ-પહેરેલા છે, વીરવલય કે શ્રેષ્ઠ વલયો જેના વડે તે. કદાચ બીજા કોઈ સુભટ હોય તો તે આ વીરને જીતી ન શકે કે આ વલય છોડાવી ન શકે એવા તે વીરવલય.

**● સૂત્ર-૩૧ (અધુરેથી) :-**

***[તે રાજાનું] બીજું કેટલું વર્ણન કરીએ ? કલ્પવૃક્ષ જેવો તે રાજા અલંકૃત-વિભૂષિત થયા પછી જણાતો હતો. કોરંટપુષ્પની માળા યુક્ત છત્રને ધારણ કરેલો, ચાર ચામરથી વિંઝાતા અંગવાળો, લોક દ્વારા મંગલ-જય શબ્દ કરાતો, સ્નાનગૃહથી નીકળ્યો. સ્નાન ગૃહથી નીકળીને તે રાજા અનેક ગણનાયક, દંડનાયક, રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલ સાથે સંપરિવૃત્ત થઈ ધવલ મહામેઘનતી જેમ નીકળ્યો. ગ્રહગણ અને તારાગણથી દીપતા અંતરિક્ષ મધ્યે રહેલ ચંદ્ર જેવા પ્રિયદર્શનવાળો***

***નરપતિ, જે બાહ્ય ઉપસ્થાનશાળા, જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન હતો, ત્યાં આવે છે, આવીને અંજનગિરિ પર્વત સદેશ ગજપતિ ઉપર તે નરપતિ આરૂઢ થયો.***

**● વિવેચન-૩૧ (અધુરેથી) :-**

कप्परुक्खए चेव - કલ્પવૃક્ષ માફક, અલંકિય-મુગટ આદિ વડે, વિભૂસિય-વસ્ત્રાદિ વડે. સકોરંટ-કોરંટ નામક પુષ્પ૦ માલ્યદામ-પુષ્પની માળા જેમાં છે તે. બીજી વાચનામાં છત્ર વર્ણન પણ જોવા મળે છે – અભ્રપટલમિવ-મેઘસમૂહવત્, બૃહત્ છાયાના હેતુપણાથી 'અભ્રપટલ' કહ્યું. પિંગલ-સુવર્ણકંબિકાથી નિર્મિત હોવાથી પીળું, ઉજ્જવલ-નિર્મળ, અથવા અભ્ર - અભ્રક, પૃથ્વીકાય પરિણામ વિશેષ, તેના પટલવત્ પિંગલ-ઉજ્જ્વલ. અવિરલ ઘનશલાકાપણાથી સમ તુલ્ય શલાકા યોગથી સહિયત્તિ-નિમ્ન ઉન્નત્ત શલાકા યોગથી સંહત અને ચંદ્રમંડલસમપ્રભ જે દીપ્તિ.

मंगलसयभत्तिछेय० ઈત્યાદિ. તેમાં મંગલ-માંગલ્ય, શતભક્તિ-સો સંખ્યા વિચ્છિત્તિ વડે, છેક-નિપુણ શિલ્પી વડે ચિત્રિત. કિંકિણી-લઘુ ઘંટિકા વડે, મણિહેમજાલ-રત્ન, સુવર્ણની જાળ વડે વિરચિત-કરેલ અથવા વિશિષ્ટ રતિ દાયકપણાથી, પરિગત-પરિવેષ્ટિત પર્યન્ત-પ્રાંતે, છેડે. સુવર્ણની ઘંટિકા વડે, કેવી ઘંટિકા? પ્ર-ચલિત, કિણ-કિણ અવાજ કરતી, શ્રુતિ સુખ સુમધુર શબ્દવાળી શોભતી હતી. સપ્રતર-આભરણ વિશેષયુક્ત જે શ્રેષ્ઠ મોતીઓની માળા, લંબંતત્તિ-પ્રલંબમાન, લટકતી. તે આભૂષણો.

- - નરેન્દ્ર-તે જ રાજાના વામપ્રમાણથી-પ્રસારિત ભુજાયુગલ માનથી, રુંદ-વિસ્તીર્ણ, પરિમંડલ-વૃત્તભાવ. શીત, આતપ, વાત, વૃષ્ટિ, વિષજન્ય દોષો તેનો જે વિનાશ કરવો તે. तमस् - અંધકાર, રજ-રેણુ, મળ. તેનું બહુલ-ઘન, જે પટલ-વૃંદ, તેની ધાડની-નાશ કરનારી જે પ્રભા-કાંતિ, તેને કરનાર અથવા રજોમલથી અંધકારના ઘનપટલનો નાશ કરવામાં પ્રભાકર અર્થાત્ સૂર્ય સમાન તથા ઋતુ-કાળ વિશેષ, સુખ-સુખનો હેતુ તે ઋતુસુખ, શિવ-નિરૂપદ્રવ જે છાયા-આતપ નિવારણ લક્ષણ તથા સમનુબદ્ધ-અનવચ્છિન્ન. વૈડૂર્યમય દંડમાં સજ્જિત.

વજ્રમયી વસ્તુ - શલાકા નિવેશન સ્થાનમાં નિપુણ શિલ્પી વડે યોજિત-સંબંધિત, અટ્ઠસહસ્સ-૧૦૦૮ સંખ્યાની જે શ્રેષ્ઠ સુવર્ણશલાકા વડે નિર્મિત જે, તે તથા તેના વડે સુનિર્મલ, રજત સંબંધી સુચ્છદ-શોભન પ્રચ્છાદન પટ જેમાં તે તથા નિપુણ શિલ્પી વડે અથવા જે રીતે નિપુણ થાય છે, ઉવિયત્તિ-પરિકર્મિત, મિસિમિસિંત-દેદીપ્યમાન જે મણિરત્નો તે તથા સૂરમંડલથી-આદિત્યબિંબથી જે અંધકારનો નાશ કરનારા છે, તે કરા-કિરણો નીકળે છે, તેમાંના જે અગ્ર, તે પ્રતિહત-નિરાકૃત્, ફરી પણ પ્રત્યાપતન્તિ-પ્રતિવર્તમાન જે ચંચલ મરીચિકવચથી અથવા સૂર્યમંડલથી વિતિમિર કરતા નીકળતા, આગળથી પ્રતિહત, ફરી પણ પ્રતિવર્તમાન તે-તે મરીચિકવચ-ચપલ કિરણસમૂહ. - x - x - x - x - सपडिदंडेण - અતિ ભારેપણાથી એક દંડ વડે દુર્વહત્વપણાથી પ્રતિદંડ સહિત, ધારણ કરતા આતપત્રથી શોભે છે.

અધિકૃત્ વાચનામાં - ચાર ચામર વડે વીંઝાતા આદિ સ્પષ્ટ છે. બીજી વાચનામાં



चउहियपवरगिरि० ઈત્યાદિ છે, તેમાં ચઉહિયત્તિ - ચાર વડે, તાહિય-તેના વડે, તથાવિધ વર્ણક વર્ણિત સ્વરૂપ વડે ચામર વડે યુક્ત. - x - પ્રવર જે ગિરિકુહર-પર્વતનિકુંજ તેમાં જે વિચરણ-સંચરણ, તેના વડે સમુદિત-અતિ હૃષ્ટ, નિરુપહત-ઉપઘાત રહિત જે ચમર-અટવીની ગાય વિશેષ તેનું જે પાછળનું શરીર-શરીરનો પાછળનો ભાગ, તેમાં જે સંજાત-ઉત્પન્ન અને સંગત-અનવદ્ય, તેના વડે. अमलियसियकमल० ઈત્યાદિ. તેમાં અમલિત-અમર્દિત, જે શ્વેતકમલ અર્થાત્ પુંડરીક તથા વિમલ-નિર્મળ, ઉજ્જ્વલિત-ઉદ્દીપ્ત જે રજતગિરિ શિખર અર્થાત્ વૈતાઢ્યગિરિકૂટ તથા વિમલ જે શશિકિરણ, તેની સમાન જે, તે તથા કલધૌતનિર્મલ-રૂપાની જેમ ઉજ્જ્વલ. - - -

- - - તેથી તેના વડે पवणाहयचवल० ઈત્યાદિ. તેમાં પવનાહત-વાયુ વડે પ્રેરિત, ચપલ-તરલ, લલિત-મનોહર, તરંગહસ્ત-પાતળા કલ્લોલરૂપ હાથ, તે વડે નાચતા હોય તેમ નાચતા જે, તે તથા વીચય-મહાકલ્લોલ, તેના વડે પ્રસૃત-વિસ્તારને પામ્યા, તે આ ક્ષીરોદક-ક્ષીર આકાર જળ, તે આ પ્રવરસાગર, તેનું જ ઉત્પૂર-પ્રકૃષ્ટ પ્રવાહ, તે તથા તેની જેમ ચંચળ જે તે તથા તેના વડે माणससर० આદિ, અહીં હંસવધૂ [હંસલી] વડે જે યુક્ત એવું 'માનસ' નામનું સરોવર, તેનું પરિસર-પ્રાંતમાં પરિચિત-પુનઃપુનઃ કરાયેલ આવાસ-નિવાસ.

વિશદવેષ-ધવલ આકાર, તેના વડે કનકગિરિ-મેરુ કે બીજાના જે શિખર, તેનાથી સંસૃત જે તે તથા તેના વડે અવપતિતોત્પતિત અર્થાત્ નીચે પડતા અને ઉપર ઉઠતા ત્વરિત ચપલ-અત્યંત ચપળ, જવિન-શીઘ્ર વેગવાન્ મધ્યે અતિ શીઘ્ર વેગ-ગતિ વિશેષ જેની છે, તે તથા તેના વડે-હંસિકા વડે યુક્ત, અહીં હંસિકા વડે ચામરોના ધવલત્વથી દંડપરિવર્તિતત્વથી અને ચપળતાથી સમાનપણું છે. તથા णाणामणिकणग रयण० ઈત્યાદિ - x - વિવિધ મણિ-કનક-રત્નોના સંબંધી નિર્મળ, મહાર્ઘ, તપનીય ઉજ્જ્વલ-રક્તવર્ણ સુવર્ણદીપ્ર, વિચિત્ર-વિવિધ ચિત્રિત દંડ જેનો છે, તે તથા ચિલ્લિયાહિં-દીપતા કે લીન થયેલ વડે. - -

- - નરપતિના શ્રી સમુદયને પ્રકાશનકારી. વરપટ્ટણુગ્ગાયે-પ્રધાન પાટણથી સમુદ્ભવ. શ્રેષ્ઠ પાટણમાં જે શ્રેષ્ઠ શિલ્પી હોય છે, તેના વડે પરિકર્મિત હોવાથી પ્રધાન હોય છે, તેથી શ્રેષ્ઠ પાટણમાંથી બનેલ કહ્યું અથવા વરપટ્ટનાત્-પ્રધાન આચ્છાદન કોશકથી ઉદ્ગત-નિષ્કાશિત. સમૃદ્ધ રાજકુળ વડે સેવિત. कालागुरुपवर० ઈત્યાદિ - x - कालागुरु - કાળો અગરુ, પ્રવર કુંદુરુક્ક-સચ્ચીડ, તરુક્ક-સિલ્હક, વરવર્ણ-પ્રધાન ચંદન, આ બધાંનો જે વાસ-વાસન, તેમાંથી જે ગંધ-સૌરભ્ય, ઉદ્ભૂત-ઉદ્ભૂત, તેના વડે અભિરામ-રમ્ય, જે છે તે, તથા તેના વડે.

સલલિત, ઉભઓ પાસંપિ-બંને બાજુના પડખાંઓ. ચામરો વિંઝાઈ રહી હતી. સુહસીયલવાયવીઈયંગે - સારી રીતે વીંઝાતી ચામરોનો જે જે શુભ અને શીતલ વાયુ, તેના વડે વીંઝાતુ અંગ જેનું છે તે તથા. - - - અહીંથી અધિકૃત્ વાચના-મંગલ જયસદ્દકયાલોએ અર્થાત્ મંગલને માટે જય શબ્દ કરેલ લોકો વડે આલોક-દર્શન જેનું છે તે તથા ''અનેક ગણનાયક'' ઈત્યાદિ પૂર્વવત્.

● **સૂત્ર-૩૧ (અધુરેથી) :-**

***ત્યારે તે ભંભસારપુત્ર કોણિક રાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થઈને ચાલ્યો ત્યારે પહેલા આ અષ્ટ મંગલ તેની આગળ ક્રમશઃ રવાના થયા. તે આ પ્રમાણે - સૌવસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત્ત, વર્ધમાનક, ભદ્રાસન, કલશ, મત્સ્ય, દર્પણ. ત્યારપછી પૂર્ણ કળશ, ભૃંગાર, દિવ્ય છત્ર, પતાકા, ચામર તથા દર્શન રચિત રાજાના દૃષ્ટિપથમાં અવસ્થિત દર્શનીય, હવાથી ફરકતી, ઉંચી, આકાશને સ્પર્શતી હોય તેવી વિજયધ્વજા, આગળ અનુક્રમે ચાલી.***

***ત્યારપછી વૈડૂર્યથી દેદીપ્યમાન વિમલ દંડ, લટકતી કોરંટ પુષ્પની માળા વડે ઉપશોભિત, ચંદ્રમંડલ સદૃશ, સમૂશ્રિત-વિમલ-આતપત્ર, પ્રવર સીંહાસન, ઉત્તમ મણિરત્નની પાદપીઠ હતી, તેના ઉપર પાદુકાઓની જોડ રાખેલ હતી. તે ઘણાં કિંકર-કર્મકર-પુરુષ પદાતિ વડે ઘેરાયેલ હતું. તે અનુક્રમે આગળ ચાલ્યું. ત્યારપછી ઘણાં લાઠી-કુંત-ચાપ-ચામર-પાસ-પુસ્તક-ફલક-પીઠ-વીણા-કૂપ્ય-હડપ્પને ગ્રહણ કરનારા અનુક્રમે આગળ ચાલ્યા.***

***ત્યારપછી ઘણાં દંડી-મુંડી-શિખંડી-જટી-પિચ્છી-હાસ્યકર-ડમરકર-ચાટુકર-વાદકર-કંદર્પકર-દવકર-કૌકુચિત-ક્રિડા કરો ચાલ્યા, તેઓ વગાડતા-ગાતા-હસતા-નાચતા-બોલતા-સંભળાવતા-રક્ષા કરતા-અવલોકન કરતા અને જય-જય શબ્દનો પ્રયોગ કરતા અનુક્રમે આગળ ચાલ્યા.***

● **વિવેચન-૩૧ (અધુરેથી) :-**

पुण्णकलसभिंगार - જળથી પરિપૂર્ણ એવો ઘડો અને ભૃંગાર. દિવ્વાય છત્તપડાગા-દિવ્યવત્ દિવ્ય-શોભન, તે છત્રની સાથે પતાકા, તે છત્રપતાકા, સચામર-ચામર સહિત, દર્શને-રાજાના દૃષ્ટિમાર્ગમાં, રચિત-વિહિત તે દર્શનરચિત કે દર્શન થતાં રતિદા-સુખપ્રદ, દર્શન-રતિદાયક, આલોક-દૃષ્ટિપથ જ્યાં સુધી દેખાય છે અતિ ઉચ્ચ વડે જે તે આલોકદર્શનીય. વાતેનોદ્ભૂત-ઉત્કમ્પિત વિજય સૂચિકા વૈજયંતી-ધ્વજા, બંને પડખે લઘુપતાકિકાથી યુક્ત-પતાકા વિશેષ જ. ઉત્સૃત-ઊર્ધ્વીકૃત્. સ્વઃ-સ્વકીય અર્થાત્ રાજાની, પાદુકાયોગ-પાદુકાયુગલથી યુક્ત.

ઘણાં જે કિંકર-પ્રતિકર્મ, પ્રભૂને પૂર્વે કાર્યની પૃચ્છા કરનાર, કર્મકર-તેનાથી અન્ય પ્રકારે એવા તે પુરુષો. પાદાત-પદાતિસમૂહ વડે પરિક્ષિપ્ત જે, તે તથા ક્વચિત્ ''દાસી-દાસ-કિંકર-કર્મકર-પુરુષ-પદાતિ વડે પરિક્ષિપ્ત'' એવો પાઠ દેખાય છે. તેમાં દાસી-ચેટી, દાસ-ચેટક, લટ્ઠિ-કાષ્ઠિકા, લાકડી. ક્યાંક असिलट्ठि એવો પાઠ છે. અસિ-ખડ્ગ, તે જ યષ્ટિદંડ અથવા અસિ અને યષ્ટિ તે અસિયષ્ટિ. - x - પાશ-ધુતનું ઉપકરણ અથવા ઘોડા આદિનું બંધન. ચાપ-ધનુષ્, પુસ્તક-આય પરિજ્ઞાન હેતુ લેખક સ્થાનો અથવા પંડિતના ઉપકરણ, ફલક-સંપુટફલક કે ખેટક. અથવા અવષ્ટંભન કે ધુત ઉપકરણ અને પીઠક-આસન વિશેષ.

વીણા, કુતુપ-પક્વ તેલ આદિનું ભાજન, હડપ્ફ-દ્રમ્માદિ ભાજન અથવા તાંબુલ માટે પૂગફલાદિ ભાજન. સિહંડી-શિખાધારી. પિચ્છિણ-મયૂરાદિપિંછવાહી. ડમરકર-



વિડ્વરકારી, દવકર-પરિહાસકારી, ચાટુકર-પ્રિયવાદી, કંદર્પિય-કામપ્રધાન ક્રીડાકારી. કૌત્કુચિત-ભાંડ અથવા ભાંડપ્રાય, સાસિંતા-શિક્ષણ આપતા, સાવેંત-આ અને આ થશે, એ પ્રમાણે વચનો સાંભળતા કે શાપ આપતા. રક્ખંત-અન્યાયથી રક્ષા કરતા, ક્વચિત્ 'रावित्ता' પાઠ છે. શબ્દને કરતા કે રમાડતા. આલોય-રાજાદિનું અવલોકન કરતા. આ આલાવામાં કેટલાંક પદો સ્પષ્ટ હોવાથી કહેલા નથી. ક્યાંક આ આલાવાની સંગ્રહ ગાથા જોવા મળે છે. તે આ –

ખડ્ગ, લાઠી, કુંત, ધનુષ્, ચામર, પાસા, ફલક, પુસ્તક, વીણા-કૂયગ્રાહ, ત્યારપછી હડપ્ફગ્રાહ. તથા દંડી, મુંડી, સિહંડી, પિચ્છી, જડી, હાસ્યક્રિડા, દવકારી, ચાટુકારી, કંદર્પિત, કૌત્કુચિત. ગાતા, વગાડતા, નાચતા, હસતા, હાસી કરતા, બોલતા, રવ કરતા, આલોક, જય પ્રયોજતા.

● **સૂત્ર-૩૧ (અધુરેથી) :-**

***ત્યારપછી જાત્ય ૧૦૮ ઘોડા યથાક્રમે ચાલ્યા. તે ઘોડાઓ વેગ, શક્તિ, સ્ફૂર્તિમય વયમાં સ્થિત હતા. હરિમેલાની કળી અને મલ્લિકા જેવી તેની આંખ હતી. પોપટની ચાંચ સમાન વક્ર પગ ઉઠાવીને શાનથી ચાલતા હતા. તેઓ ચપલ, ચંચળ ચાલવાળા હતા. લાંઘણ-વલ્ગન-ધાવન-ધોરણ-ત્રિપદી-જયિની સંજ્ઞક-અતિશાયી ગતિથી દોડતા આદિ ગતિક્રમ શીખેલ હતા. ગળામાં પહેલા શ્રેષ્ઠ આભૂષણ લટકતા હતા. મુખના આભૂષણ, અવચૂલક, દર્પણાકૃતિ અલંકાર, અમ્લાન, ઘણાં સુંદર દેખાતા હતા. કટિભાગ ચામરદંડથી સુશોભિત હતા. સુંદર તરુણ સેવકે ગ્રહેલ હતા.***

***ત્યારપછી યથાક્રમે ૧૦૮ હાથી ચાલ્યા. તે કંઈક મત્ત અને ઉન્નત હતા. તેમના દાંત કંઈક બહાર નીકળેલા હતા. કંઈક ઉત્સંગ-વિશાલ-ધવલ દાંતવાળા, સુવર્ણ કોશી પ્રવિષ્ઠ દાંતવાળા હતા. સુવર્ણ-મણિ, રત્ન-ભૂષિત, ઉત્તમ પુરુષ આરોહક વડે યુક્ત હતા.***

***ત્યારપછી છત્ર-ધ્વજ-ઘંટ-પતાકા-ઉત્તમ તોરણ-નંદિઘોષ-ક્ષુદ્ર ઘંટિકા જાળ પરિક્ષિપ્ત સહિત, હેમવત પર્વત ઉપર ઉત્પન્ન તિનિશના કાષ્ઠ જે સ્વર્ણખચિત હતા, તે રથોમાં લાગેલા હતા. રથના પૈડાના ઘેરાવા ઉપર લોઢાના પટ્ટા ચડાવેલા હતા. પૈડાથી ધુરા ગોળ-સુંદર-સુદૃઢ હતી. તેમાં ઉત્તમ શ્રેણિના ઘોડા જોડાયેલા હતા. તેને કુશલ-છેક-નર સારથીઓએ ગ્રહિત કરેલા હતા. તે બત્રીશ તરકશો વડે સુશોભિત હતા. તે કવચ, શિરસ્ત્રાણ, ધનુષ્, બાણ તથા બીજા શસ્ત્રો તેમાં રાખેલ હતી. આવા યુદ્ધ સજ્જ ૧૦૮ રથો અનુક્રમે આગળ ચાલ્યા.***

***ત્યારપછી હાથમાં તલવાર, શક્તિ, કુંત, તોમર, શૂલ, લાઠી, ભિંડિમાલ, ધનુષ્, ધારણ કરેલ સૈનિકો આગળ ચાલ્યા.***

● **વિવેચન-૩૧ (અધુરેથી) :-**

तरमल्लिहायण – તરુ-વેગ કે બળ તથા મલ્લ-ધારક, તરોમલ્લ-બળધારક, હાયન-સંવત્સર વર્તે છે, જેમાં તે, તરોમલ્લિહાયન અર્થાત્ યૌવનવાળા. તેથી તે શ્રેષ્ઠ

ઘોડાઓની એમ જોડવું. બીજી વાચનામાં આવો પાઠ પણ છે. - वरमल्लिभासण - પ્રધાન માળાવાળા, તેથી જ દીપ્તિમાન્. - - હરિમેલા-વનસ્પતિ વિશેષ, તેની મુકુલ-કળી અને મલ્લિકા, તેના જેવી આંખો જેની છે તે અર્થાત્ શ્વેત આંખવાળા.

ચંચુચ્ચિય-ચંચુરિત, કુટિલગમન અથવા ચંચુ-પોપટની ચાંચની જેમ વક્ર, ઉચ્ચિત-ઉચ્ચતા કરણ અથવા પગને ઉંચો કરવો તે. લલિત-વિલાસવત્ ગતિ અને પુલિત-ગતિ વિશેષ પ્રસિદ્ધ જ એવા પ્રકારના ચલ-અસ્થિર, ચપળપણાથી ચંચલ અર્થાત્ અતી ચટુલ ગતિ જેમની છે તે. लंघणवग्गण० ઈત્યાદિ. લંઘન-ખાડા આદિને ઓળંગવા, વલ્ગન-ઉંચે કુદવું, ધાવન-શીઘ્ર અને ઋજુ ગમન. ધોરણ-ગતિ ચાતુર્ય, ત્રિપદી-ભૂમિ ઉપર ત્રણ પદનો ન્યાસ, જયિની-ગમન પછી જયવતી કે જવિની-વેગવાળી, શિક્ષિતા-અભ્યસ્તા ગતિ.

ललंतलामग० આદિ - x - લલંતિ-દોલાયમાન થતા, લામંતિ-રમ્ય, ગલલાતાનિ-કંઠ વડે આત્ત, વરભૂષણ. આદિ मुहभंडग० - x - મુખભાંડક-મુખનું આભરણ. અવચૂલા-લટકતા એવા ગુચ્છા, સ્થાસકા-આર્દશક આકારવાળા તથા મિલાણ-પર્યાણ અથવા અમ્લાન-અમલિન, ચમરીગંડ-ચામર દંડ વડે પરિમંડિત કમર જેની છે તે. તથા ઉત્તમ તરુણ કિંકર વડે પરિગૃહિત.

હવે અધિકૃત્ વાચનાને અનુસરીએ છીએ - थासगअहिलाणचामर० ઈત્યાદિ. સ્થાસક, અહિલાણ-મુખસંયમન, ચોકડુ તેનાથી યુક્ત. બાકી પૂર્વવત્ જાણવું. ईसि - ઈષત્, કંઈક. उच्छंग - ઉત્સંગ વત્ ઉત્સંગ અર્થાત્ પૃષ્ઠદેશ, તેમાં કંઈક વિશાળતા, તે જે યૌવન આરંભવર્તીત્વથી તથા તે ધવલ દાંતવાળા. કાંચનકોશી-સોનાની ખોલ, દાંતમાં ખોસેલ હતી. ક્યાંક પાઠ છે - ‘‘વરપુરિસારોહગસુસંપઉત્તાણ’’. તેમાં આરોહક-હસ્તિપક, મહાવત. ધ્વજા અને પતાકા, તેમાં ધ્વજા-ગરુડાદિ યુક્ત, તેનાથી બીજી તેપતાકા. સનંદિ ઘોસાણ-નંદી તે બાર વાદ્યોનો નિર્ઘોષ. તે આ પ્રમાણે — ભંભા, મકુંદ, મર્દલ, કડંબ, ઝલ્લરી, હુડુક્ક, કંસાલ, કાહલ, તલિમા, વંશ, શંખ, પ્રણવ એ બાર છે. સખિંખિણી-ક્ષુદ્ર ઘંટિકા વડે સહિત, તેની વડે જે જાલ-જાલક, તે આભરણ વિશેષ, તેના વડે પરિક્ષિપ્ત-પરિકરિત જે, તે તથા તેમાં हेमवयचित्त० ઈત્યાદિ - x - હૈમવત-હિમવત્ ગિરિ સંભવે છે, ચિત્ર-વિવિધ, તૈનિશ-તિનિશ નામક વૃક્ષ સંબંધી કનક-સુવર્ણખચિત નિર્યુક્ત દારુક-કાષ્ઠ જેમાં તે.

कालायससुकय० તેમાં કાલાયસ-લોઢું વિશેષ, તેના વડે સારી રીતે કરેલ નેમ-ચક્ર ગંડધારાનું જેમાં કર્મ-બંધનક્રિયા તે. સુસિલિટ્ઠ-સારી રીતે શ્લિષ્ટ, વૃત્તમંડલ-અતિ મંડલ ધૂરિ જેમાં છે તે તથા સુસંવિદ્ધ-સદ્વેધાનિ કરાયેલ, ચક્ર-સ્થાંગ, મંડલ-વૃત્ત ધૂરી જેમાં છે તે. આકીર્ણ-જાતિવંત, શ્રેષ્ઠ અશ્વોથી સુસંપ્રયુક્ત. કુશલનર-વિજ્ઞપુરુષો, તે છેકસારથી-કુશલ સારથી. - x - x -

हेमजालगवक्ख० ઈત્યાદિ - x - હેમજાલ-સુવર્ણનું આભરણ વિશેષ, ગવાક્ષજાલ-જાળ યુક્ત ગવાક્ષ, કિંકિણી-લઘુ ઘંટિકા, ઘંટા-મોટા ઘંટા. જે જાલ-સમૂહ, તે તથા હેમજાલાદિ વડે પરિકરિત. તેમાં बत्तीसतोण० બત્રીશ તોણ-મસ્રક વડે પરિમંડિત જે.



ક્યાંક बत्तीसतोरणपरिमंडित પાઠ છે. બત્રીશ વિભાગ જે તોરણ, તેના વડે પરિમંડિત, તે. કવચૈરવતંસકૈઃ - શેખરક કે શિરસ્ત્રાણથી જે છે તે.

सचावसरपहरण० ચાપશરૈઃ અર્થાત્ ધનુષ્બાણ સહિત જે પ્રહરણો-ખડ્ગાદિ આવરણ-સ્ફુરકાદિ, તેમાં ભરિત-ભૃત, તેથી જ યુદ્ધસજ્જ હતા તે. असिसत्तिकुंततोमर० ઈત્યાદિ - x - તેમાં અસિ-ખડ્ગ આદિ પ્રસિદ્ધ છે. વિશેષ એ કે — શક્તિ-ત્રિશૂળ, શૂલ-એક શૂળ, લઉલ-લકુટ, ભિંડિમાલ-રૂઢિથી જાણવું, તે અસિ આદિને પાણૌ-હાથમાં જેને છે, તે તથા, તેનાથી સજ્જ-યુદ્ધને માટે. પાયત્તાણિય-પાદાતાનીક-પદાતિકટક. બીજી વાચનામાં આમ કહે છે —

સન્નદ્ધ બદ્ધવમ્મિયકવયં — તેમાં બદ્ધ - કશ વડે બાંધવાથી, વર્મિત-વર્મીકૃત, શરીરના રક્ષણના હેતુથી શરીરમાં નિયોજનથી કવચ-અંગરક્ષક જેના વડે છે તે. - x - x - ઉત્પીડિત-આરોપેલ પ્રત્યંચા અને શરાસન પટ્ટિકા-ધનુર્યષ્ટિ અથવા ઉત્પીડિતા-બાહુમાં બદ્ધ શરાસન પટ્ટિકા-ધનુર્દંડ આકર્ષણમાં, બાહુની રક્ષાર્થે ચર્મપટ્ટ જેના વડે તે. પિનદ્ધ-પરિહિત, ગ્રૈવેયક-ડોકનું આભરણ, સારી રીતે મસ્તકમાં બાંધેલ. ચિહ્ન પટ્ટ - વીરતા સૂચક નેત્રાદિ વસ્ત્રમય પટ્ટ. गहियाउहप्पहरण - ગૃહીત આયુધ-ખડ્ગ આદિ પ્રહરણ જેના વડે તે અથવા આયુધ-અક્ષેપ્ય અને પ્રહરણ તે ક્ષેપ્ય વિશેષ.

**• સૂત્ર-૩૧ (અધુરેથી) :-**

***ત્યારે તે કૂણિક રાજાનું વક્ષસ્થળ હારો વડે સુશોભિત હતું, કુંડલથી ઉદ્યોતીત વદન હતું, મસ્તક મુગટથી દીપ્ત હતું, તે નરસીંહ, નરપતિ, નરેન્દ્ર, નરવૃષભ, મનુષ્યરાજ વૃષભ સમાન, અત્યધિક રાજ તેજલક્ષ્મીથી દીપતા, હાથીના સ્કંધે આરૂઢ થઈ કોરંટપુષ્પની માળાથી યુક્ત છત્રને ધારણ કરતા, શ્રેષ્ઠ શ્વેત ચામર વડે વીંઝાતા-વીંઝાતા, વૈશ્રમણ સમાન તે નરપતિ, અમરપતી-ઈન્દ્ર સદૃશ ઋદ્ધિ, વિસ્તૃત કિર્તી, ઘોડા-હાથી-રથ-શ્રેષ્ઠ યોદ્ધા સહિત ચાતુરંગિણી સેના વડે સમ્યક્ અનુગમન કરાતો જે પૂર્ણભદ્ર ચૈત્ય હતું, ત્યાં જવા નીકળ્યો. ત્યારે તે ભંભસારપુત્ર કૂણિક રાજા આગળ મહાન્ અશ્વો-અશ્વધર, બંને પડખે હાથી-હાથીધર. પાછળ રથનો સમુદાય હતો.***

**• વિવેચન-૩૧ (અધુરેથી) :-**

હવે અધિકૃત્ વાચનાને આશ્રીને કહે છે — ત્યારે તે કૂણિક રાજા૦ ઈત્યાદિ, ‘‘મહાનઅશ્વો’’ પર્યન્ત સુગમ અને વ્યાખ્યાત પ્રાયઃ છે. વિશેષ એ કે — જવાને નીકળ્યો. - - નરસીહ-શૂરત્વથી, નરપતી-સ્વામીપણાથી, નરેન્દ્ર-પરમ ઐશ્વર્ય યોગથી, નરવસભ-અંગીકૃત્ કાર્યભાર નિર્વાહકત્વથી. મનુજરાજા-નૃપતીઓના, વૃષભ-નાયક અર્થાત્ ચક્રવર્તી, તત્કલ્પ-તેની સમાન, ઉત્તરભરતાર્દ્ધના સાધવા-જીતવાને પ્રવૃત્ત હોવાથી. વૈશ્રમણ ચેવ-યક્ષરાજા સમાન, नरवई अमरवई० આ નરપતિ કેવળ અમરપતિ સદૃશ ઋદ્ધિ વડે પ્રથિત કીર્તિ - વિશ્રુતયશવાળા. જે દિશામાં પૂર્ણભદ્ર ચૈત્ય છે, તે જ દિશામાં પ્રધારિતવાન્-જવાને માટે પ્રવૃત્ત થયા. गमणाए - ગમન માટે, ગમનાર્થે નીકળ્યા. મહાશ્વા-મોટા ઘોડાઓ. આસધર-અશ્વધારક પુરુષો, પાઠાંતરથી आसवर

કેવા અશ્વો ? અશ્વવર-અશ્વો મધ્યે પ્રધાન, नाग - હાથી, નાગધર-હાથી ધારક પુરુષો. રહસંગેલ્લિ-રથ સમુદાય.

**● સૂત્ર-૩૧ (અધુરેથી) :-**

***ત્યારે તે ભંભસારપુત્ર કૂણિક રાજા ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈ નીકળ્યો. તેની આગળ જળ ભરેલ ભૃંગાર, પ્રગૃહિત તાલવૃંત, ઉંચુ કરેલ શ્વેત છત્ર, ઢોળાતા એવા ચામર ચાલતા હતા. તે સર્વઋદ્ધિથી, સર્વદ્યુતિથી, સર્વબલથી, સર્વ સમુદયથી, સર્વ આદરથી, સર્વ વિભૂતિથી, સર્વ વિભૂષાથી, સર્વ સંભ્રમથી, સર્વ પુષ્પ-ગંધ-માળા-અલંકારથી, સર્વ ત્રુટિત શબ્દના સંનિપાતથી, મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબલ, મહા સમુદય, મહાન્ શ્રેષ્ઠ તૂર્ય એકસાથે વગાડાતા હતા તે શંખ, પ્રણવ, પટહ, ભેરી, ઝલ્લરી, ખરમુહી, હુડુક્ક, મુખમુરવ, મૃદંગ, દુંદુભિના નિર્ઘોષના નોદિત રવ-ધ્વનિ થઈ રહ્યો હતો.***

**● વિવેચન-૩૧ (અધુરેથી) :-**

ત્યારે તે કોણિક૦ ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ કે – ''તે નીકળે છે'', એ સંબંધ જોડવો. અભ્યુદ્ગત-અભિમુખ ઉદ્ગત-ઉત્પાટિત ભૃંગાર તથા પ્રગૃહીત તાલવૃંત-વીંઝણાને લઈને, ઉચ્છ્રિત શ્વેતછત્ર-સફેદ છત્ર ઉંચુ રાખીને. પ્રવીજિતા વાલવ્યંજનિકા-ચામરો વિંઝાતા. સવ્વ-સમસ્ત, ઋદ્ધિ-આભરણાદિરૂપ લક્ષ્મી, આ પ્રમાણે બીજા પદો પણ જાણવા. વિશેષ આ - जुत्ता - સંયોગથી પરસ્પરોચિત પદાર્થોના, बल - સૈન્ય, समुदय - પરિવારાદિ સમુદાયથી, આદર-પ્રયત્નથી, વિભૂતિ વડે, વિભૂષા-ઉચિત વેશભૂષા આદિ કરવાથી. સંભમ-ભક્તિની ઉત્સુકતાથી, ક્યાંક આ ચાર પદ વધારે દેખાય છે - पगई - કુંભકારાદિ શ્રેણિ વડે, नायक - નગર કટકાદિ પ્રધાન વડે, तालायर - તાળી આપીને, પ્રેક્ષાકારી અથવા દંડપાશિક વડે. सव्वोरोहेहिं - સર્વ અવરોધ વડે, સમસ્ત અંતઃપુર વડે, સર્વ પુષ્પ-ગંધ-માળા-અલંકાર વડે. પુષ્પ-અગ્રથિત, વાસ-ગંધ, માલ્ય-ગ્રથિત, આ જ અલંકાર અથવા મુગટ આદિ.

ક્યાંક ''સર્વે પુષ્પ-ગંધ-માળા-અલંકાર-વિભૂષા વડે'' એવો પાઠ પણ છે. સર્વે તૂર્યોનો જે શબ્દ-ધ્વનિ અને તેનો સંગત જે નિનાદ-પ્રતિશબ્દ તે. તથા તે પૂર્વોક્ત ઋદ્ધ્યાદિ પદાર્થોના સર્વપણા છતાં તેનું મહત્પણું કહેલ નથી, તેથી કહે છે – મહાન્ ઋદ્ધિથી અહીં યુક્ત શબ્દ બધાં સાથે જોડવો. આ રીતે બીજા પદો પણ જાણવા. મહત્-બૃહત્ શ્રેષ્ઠ તૂર્ય-વાદ્યોના ચમકસમક-યુગપત્, સાથે જે પ્રવાદિત-ધ્વનિત, તથા શંખ, પ્રણવ-ભાંડપડહ-ઢોલ, પટહ-પણવથી વિપરીત, ભેરી-મોટું કાહલ. હુડુક્ક, મુરજ-મહામર્દલ, મૃદંગ-મર્દલ, દુંદુભી-મહાઢક્કા આ બધાંનો જે નિર્ઘોષ-નાદિતરૂપ રવ, તેમાં નિર્ઘોષ-મહાધ્વનિ, નાદિત-શબ્દાનુસારી નાદ.

**● સૂત્ર-૩૨ :-**

***ત્યારે તે કૂણિક રાજા ચંપાનગરીની વચ્ચોવચ્ચથી નીકળતા, ઘણાં ધનાર્થી, કામાર્થી, ભોગાર્થી, કિલ્બિષિક, કારોટિક, લાભાર્થી, કરબાધિત, શાંખિક, ચક્રીક, લાંગલિક, મુખ માંગલિક, વર્દ્ધમાન, પુષ્યમાનવ, ખંડિકગણ તેવી ઈષ્ટ-કાંત-***



***પ્રિય-મનોજ્ઞ-મણામ-મનોભિરામ-હૃદયગમનીય વાણી વડે જય-વિજય-મંગલાદિ સેંકડો શબ્દોથી અનવરત અભિનંદતા, અભિસ્તવતા આ પ્રમાણે કહે છે – હે નંદ ! તમારો જય થાઓ, હે ભદ્ર ! તમારો જય થાઓ, આપનું કલ્યાણ થાઓ, ન જીતેલાને જીતો. જીતેલને પાળો, જીતેલા મધ્યે રહો.***

**● વિવેચન-૩૨ :-**

अत्थत्थिया - દ્રવ્યાર્થી, કામાર્થી-મનોજ્ઞ શબ્દ-રૂપનો અર્થી, ભોગાર્થી-મનોજ્ઞ ગંધ-રસ-સ્પર્શનો અર્થી, લાભાર્થી-ભોજન માત્રાદિ પ્રાપ્તિનો અર્થી, કિલ્બિષિક-પરવિદૂષકપણાથી પાપવ્યવહારી ભાંડાદિ, કારોટિક-કાપાલિક અથવા તાંબૂલ સ્થગિક વાહક. કારવાહિક-કર પીડિત અથવા નૃપાભાવ્યવાહી. શાંખિકા-હાથમાં ચંદન ગર્ભ શંખ રાખેલા અથવા માંગલ્યકારી શંખવાદક, ચક્રિક-ચક્ર પ્રહરણવાળા અથવા કુંભકાર, તૈલિક આદિ, નાંગલિક-ગળામાં લટકતું સોનાનું હળ આકારે ધારણ કરનાર ભટ્ટ વિશેષ કે ખેડૂત. મુહમંગલિય-જેના મુખમાં મંગળ છે તે, ચાટુકારી. વદ્ધમાણ-સ્કંધ ઉપર રાખેલ પુરુષ, પૂસમાણવ-પૂષ્ય માનવ માગધા. ખંડિકગણ-છાત્ર સમુદાય. તાહિં-વિવક્ષિત વડે.

હવે વિવક્ષિતત્વને કહે છે – इट्ठाहिं-ઈચ્છવા યોગ્ય તે ઈષ્ટ અર્થાત્ વાંછિત. પ્રયોજન વશ ક્યારેક ઈષ્ટ પણ કાંત હોય કે અકાંત પણ હોય, તેથી કહે છે – કાંત-શબ્દો વડે કમનીય, પિય-પ્રિયાર્થ, મનોજ્ઞ-જે મનથી સુંદરપણે જણાય છે તે અર્થાત્ ભાવથી સુંદર, મણામ-મનથી જે ફરી ફરી ગમે છે કેમકે સુંદરપણું છે તેથી. મણાભિરામ-મનથી વિધિપૂર્વક બહુ કાળ પર્યન્ત રમ્ય લાગે છે તે મનોભિરામ. તેના વડે.

બીજી વાચનામાં પ્રાયઃવાણીના વિશેષણરૂપે જોવા મળે છે તે ઉરાલ-ઉદાર, શબ્દથી અને અર્થથી. કલ્લાણ-કલ્યાણ, શુભાર્થ પ્રાપ્તિસૂચક. સિવ-ઉપદ્રવરહિત અર્થાત્ શબ્દાર્થ દૂષણરહિત ધણ્ણ-ધન્ય, ધનપ્રાપ્તિક, મંગલ-અનર્થ પ્રતિઘાત સાધ્વી વાણી વડે, સશ્રીક-શોભાયુક્ત, હિયયગમણિજ્જ-હૃદયગમનીય, સુબોધા. હિયયપલ્હા-યણિજ્જ-હૃદય પ્રહલાદનીય, હૃદયગત કોપ-શોક ગ્રંથીની નાશકારી. મિત-પરિમિત અક્ષરવાળી, મધુર-કોમળ શબ્દવાળી, ગંભીર-મહા ધ્વનિ, ગ્રાહિકા-શ્રોતાને દૂરવધાર્ય અર્થને ગ્રહણ કરાવનારી.

अट्ठसइयाहिं - જેમાં સો અર્થો હોય છે તે. અથવા અર્થથી ઘણાં ફળપણાથી યુક્ત, તાહિં - અપુનરુક્ત એવી, વગ્ગૂ-વાણી વડે. આ વાણી વિશેષણો ઈષ્ટ૦ આદિ પ્રાયઃ એકાર્થિક છે. જયવિજયમંગલસએહિં-જય, વિજય ઈત્યાદિ મંગલ અભિધાયક સો વચનો વડે. અનવરત-નિરંતર, અભિનંદત-અભિનંદન આપતા, રાજાની સમૃદ્ધિ અનંત થાય તેમ કહેતા. અભિથુણંતા-રાજાને અભિસ્તવતા. જય જય નંદા! અહીં જય જય એ સંભ્રમમાં દ્વિવચન છે. નંદતિ-સમૃદ્ધ થાય છે. 'નંદ' એ આમંત્રણ વચન છે. જગન્નંદ-ભુવન સમૃદ્ધિકારક. ભદ્ર-કલ્યાણવાન્ કે કલ્યાણકારી. શેષ વ્યક્ત છે - x -

**● સૂત્ર-૩૨ (અધુરેથી) :-**

***દેવોમાં ઈન્દ્ર સમાન, અસુરોમાં ચમરવત્, નાગકુમારોમાં ધરણવત્, તારામાં***

*ચંદ્રવત્, મનુષ્યોમાં ભરતવત્ ઘણાં વર્ષો, અનેક શત વર્ષો, અનેક સહસ્ર વર્ષો, અનેક લાખ વર્ષો, અનઘસમગ્ર, હૃષ્ટ-તુષ્ટ, પરમાયુનું પાલન કરો. ઈષ્ટજનથી સંપરિવૃત્ત રહી ચંપાનગરીનું તથા બીજાં ઘણાં ગામ, નગર, આકર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, નિગમ, સંવાહ, સંનિવેશોનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞા-ઐશ્વર્ય-સૈનાપત્ય કરતા, પાલન કરતા, મહતા આહત-નૃત્ય-ગીત-વાજિંત્ર-તંત્રી-તાલ-ત્રુટિત-ઘન મૃદંગ-દુંદુભિ આદિ વાજિંત્રના શબ્દોથી વિપુલ ભોગોપભોગ ભોગવતા વિચરો એમ કહીને જય-જય શબ્દ કરે છે.*

● **વિવેચન-૩૨ (અધુરેથી) :-**

ઈન્દ્ર જેવો ઈત્યાદિ વાચના વ્યક્ત છે. વિશેષ એ કે - अणह - નિર્દોષ, સમગ્ગ-સમગ્ર પરિવાર. હટ્ઠતુટ્ઠ-અતી તુષ્ટ, પરમાઉં પાલયાહિ-તે કાળની અપેક્ષાએ જે ઉત્કૃષ્ટ આયુ તે પરમાયુ. ગામ-જનપદને આશ્રીને. આકર-લવણ આદિ ઉત્પત્તિ ભૂમિ, નગર-જ્યાં કર વિદ્યમાન નથી તે. ખેટ-ધૂળીયો પ્રાકાર, કર્બટ-કુનગર, મડંબ-નજીકમાં નિવેશ ન હોય તે. દ્રોણમુખ-જળમાર્ગ, સ્થળમાર્ગયુક્ત. પત્તન-જળમાર્ગ કે સ્થળમાર્ગયુક્ત, બીજા કહે છે પત્તન-રત્નભૂમિ. આશ્રમ-તાપસ આદિ આવાસ. સંવાહ-પર્વતના નિતંબાદિ દુર્ગ સ્થાન. સન્નિવેશ-ઘોષ વગેરે [પડાવ]. *- આ બધાનું*

આધિપત્ય - તેને આશરે રહેલ લોકોથી અધિકપણે તેનું અવસ્થાયિત્વ. પૌરોપત્ય-અગ્રેસરપણું. ભર્તૃત્વ-પોષકપણું. સ્વામિત્વ-સ્વસ્વામિ સંબંધ માત્ર. મહત્તરત્વ-તેને આશ્રિત જનની અપેક્ષાની મહત્તમપણું. આજ્ઞેશ્વર-આજ્ઞાપ્રધાન જે સેનાપતિ-સૈન્ય નાયક, તેનો ભાવ કે કર્મ. કારેમાણે-બીજા પાસે કરાવતો. પાલેમાણે-સ્વયંજ પાલન કરતો. महयाहयनट्टगीय० આદિ. અહીં મહત્ રવ વડે એટલું જોડવું. आहयत्ति - આખ્યાનક પ્રતિબદ્ધ કે અહત અર્થાત્ અવ્યવચ્છિન્ન અથવા આહત-આસ્ફાલિત. જે નાટ્ય-નાટક. તેમાં જે ગીત-ગેય, વાદિત-વાદ્ય, તથા તંત્રી-વીણા, તલતાલ-હાથ અફડાવાનો રવ અથવા તલ-હાથ, તાલ-કશિકા. તુડિયત્તિ-શેષ તૂર્ય, ઘનમૃદંગ-મેઘ ધ્વનિર્મદ્દલ. પટુપ્રવાદિત-દક્ષપુરુષ વડે આસ્ફાલિત. આ બધાંનો જે રવ-ધ્વનિ.

● **સૂત્ર-૩૨ (અધુરેથી) :-**

*ત્યારપછી તે ભંભસારપુત્ર કૂણિક રાજા હજારો નયન-માલા વડે જોવાતો-જોવાતો, હજારો હૃદયમાળા વડે અભિનંદાતો-અભિનંદાતો, હજારો મનોરથમાળા વડે સાંનિધ્ય ઈચ્છાતો-ઈચ્છાતો, હજારો વચનમાલા વડે અભિસ્તવાતો-અભિસ્તવાતો, કાંતિ-સૌભાગ્ય ગુણો વડે પ્રાર્થના કરાતો-કરાતો, ઘણાં હજારો નર-નારીઓની હજારો અંજલિ માલાઓને પોતાના જમણા હાથ વડે સ્વીકારતો-સ્વીકારતો, અત્યંત કોમળ વાણીથી કુશળ વાર્તા પૂછાતો, હજારો ભવનોની પંક્તિઓને ઉલ્લંઘતો-ઉલ્લંઘતો ચંપા નગરીની વચ્ચોવચ્ચથી નીકળ્યો.*

*- નીકળીને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં આવ્યો. આવીને શ્રમણ ભગવંત*



*મહાવીરની કંઈક સમીપે તીર્થંકરના છત્ર આદિ અતિશય જુએ છે, જોઈને આભિષેક્ય હસ્તિ રત્નને ઉભો રાખ્યો, રાખીને આભિષેક્ય હસ્તિરત્નથી નીચે ઉતર્યો. ઉતરીને પાંચ રાજ-ચિહ્નો—ખડ્ગ, છત્ર, મુગટ, ઉપાનહ, ચામરને દૂર કર્યા. પછી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે.*

*ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને પાંચ પ્રકારના અભિગમથી સન્મુખ જાય છે. તે આ પ્રમાણે -૧- સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, ૨- અચિત્ત દ્રવ્યોનો અત્યાગ, ૩- એક શાટિક ઉત્તરાસંગ કરણ, ૪- જોતાંની સાથે જ અંજલિ જોડવી, ૫- મનથી એકત્ર ભાવ-કરણ વડે. - - શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમન કરે છે. વંદન-નમન કરીને ત્રણ પ્રકારની પર્યુપાસનાથી પર્યુપાસે છે. તે આ પ્રમાણે — કાયિકી, વાચિકી, માનસિકી, કાયા વડે અગ્ર હાથ-પગ સંકોચીને, શ્રવણની ઈચ્છા કરતા, નમન કરતા, અભિમુખ વિનયથી અંજલિ જોડી પર્યુપાસે છે. વાચા વડે જ્યારે જ્યારે ભગવન્ બોલતા હતા. ત્યારે-ભગવન્ ! તે એમજ છે, ભગવન્ ! તે તેમજ છે, અવિતથ છે, અસંદિગ્ધ છે, ઈચ્છિત છે, પ્રતિચ્છિત છે, ઈચ્છિત-પ્રતિચ્છિત છે. ભગવન્ ! તમે કહો છો તેમજ તે છે, એ રીતે અનુકૂળ વચન બોલતો હતો. માનસિક વડે મહા સંવેગ જનિત તીવ્રધર્માનુરાગરત થઈ સેવે છે.*

● **વિવેચન-૩૨ (અધુરેથી) :-**

નયનમાલા - શ્રેણિમાં રહેલ લોકોની નેત્ર પંક્તિ. हियय मालासहस्सेहिं अभिनंदिज्जमाणे - હજારો લોકોના મન વડે સમૃદ્ધિને પામીને જય જીવ-નંદ ઈત્યાદિ પર્યાલોચન વડે અભિનંદન કરાતા. उन्नइज्जमाण - ઉન્નતિને કરતા કે પામતા. મણોહરમાલા સહસ્સેહિં વિચ્છિપ્પમાણે - ''આમના વાસમાં વસીએ'' ઈત્યાદિ લોકોના વિકલ્પો વડે વિશેષથી સ્પર્શ કરતો - x - કંતિસોભગ્ગગુણેહિંપત્થિજ્જમાણે-કાંતિ આદિ ગુણ અને હેતુથી પ્રાર્થના કરાતો-ભર્તા કે સ્વામીપણે લોકો વડે અભિલાષ કરાતો. મંજુમંજુણાઘોસેણ પડિપુચ્છમાણ-અતિ કોમળ સ્વર વડે નમીને સ્વરૂપાદિ વૃત્તાંત પૂછાતો. પાઠાંતરમાં पडिबुज्झमाण પાઠ છે અર્થાત્ અપ્રચલાયમાન, જાગૃત કરાતો - x -. समइच्छमाणं - અતિક્રમાન્ ઉલ્લંઘન કરાતો.

બીજી વાચનામાં ''તંત્રી-તલ-તાલ-ત્રુટિત-ગીત-વાદ્યના રવ-ધ્વનિ વડે ''તે વ્યક્ત છે. કેવા પ્રકારનો રવ ? - મધુર. તેથી જ મનહર તથા જય શબ્દ ઉદ્‌ઘોષ વિષયથી મંજુમંજુલ ઘોષ વડે. જય શબ્દનો ઉદ્‌ઘોષ, વિશદ-સ્પષ્ટ જેમાં છે તે તથા તેના વડે. મંજુમંજુના-કોમળ ઘોષ-ધ્વનિ વડે. - x -

कंदरगिरिविवरकुहरगिरिवर० ઈત્યાદિ. તેમાં કંદર-પર્વતની દરી, વિવરકુહર-ગુફા કે પર્વતનું અંતર, ગિરિવર-પ્રધાન પર્વત, પ્રાસાદ-સાત માળનો આદિ, ઉર્દ્વઘન-ભવન-ઉંચા અવિરલ ગૃહ, દેવકુલ, શ્રૃંગાટક-ત્રિક-ચતુષ્ક-ચત્વર પૂર્વવત્. આસમ-પુષ્પજાતિ પ્રધાન વનખંડ, ઉદ્યાન-પુષ્પાદિ યુક્ત વૃક્ષવાળા, કાનન-નગરથી દૂરવર્તી, સભા-આસ્થાયિકા, પ્રપા-જલદાનનું સ્થાન, આ બધાંનો જે પ્રદેશ-દેશરૂપ ભાગ તે.

તેમાં પ્રદેશ-લઘુતર ભાગ, દેશ-મહત્તર ભાગ. પડિસદ્દ૰ - x - પ્રતિશબ્દ લાખ સંકુલ કરતો કૂણિક નીકળે છે. [એ સંબંધ જોડવો.]

હણહણતા ઘોડા, ગુલગુલ કરતા હાથી, ઘણઘણ શબ્દ કરતા રથો લોકોના મહા કલકલ રવ વડે આકાશને પૂરતા અથવા પ્રદેશ-દેશ ભાગોને પૂરિત કરતા. સુગંધવરકુસુમ૰ - સુગંધી શ્રેષ્ઠ પુષ્પોના ચૂર્ણોના ઉવ્વિદ્ધ - ઉંચે ગયેલ જે વાસરેણુ-વાસક રજ, તેના વડે જે કપિલ, તથા નભ - આકાશને કરતા. કાળો અગરુ, કુંદુરુષ્ક, તુરુષ્કના ધૂપથી ઉવેખતા જીવલોકવત્ વાસયુક્ત કરતા. બાકી પૂર્વવત્. સર્વત્ર ક્ષુભિત ચક્રવાલ-જનમંડલ જેમાં નિર્ગમનમાં છે તે, એ રીતે તે નીકળે છે તથા પઉરજણબાલવુડ્ઢ૰ ઈત્યાદિ - x - પ્રચુર જન અથવા પૌરજન અને બાલવૃદ્ધો જે પ્રમુદિત થઈ ત્વરિત દોડતા-જલ્દી જતાં, તેમના અતિ વ્યાકુળ જે બોલ-શબ્દો ઘણાં છે, તે તથા એવા પ્રકારના આકાશને કરે છે.

હવે અધિકૃત્ વાચનાને આશ્રીને કહે છે — અદૂરસામંત અર્થાત્ અનિકટ આસને, ઉચિત દેશમાં. ઠવેઈ-સ્થિર કરે છે. અવહટ્ટુ-પરિત્યાગ કરીને. રાયકકુહ-નૃપના ચિહ્નો. ઉપ્ફેસ-મુગટ, વાલ વીયણિય-ચામર. સચિત્તાણ દવ્વાણં વિઉસરણયાએ-પુષ્પાદિ સચેતન દ્રવ્યના ત્યાગથી. - x - વસ્ત્ર, આભરણાદિ અચિત્ત દ્રવ્યનો ત્યાગ ન કરીને. ચક્ખુફાસ-ભગવન્ ઉપર દૃષ્ટિ પડતાં. બીજી વાચનામાં હાથીરૂપ જે સ્કંધ-પુદ્ગલ સંચય તેની જે સ્થાપના. ત્રણ વખત આયાહિણં - દક્ષિણ પાર્શ્વેથી આરંભીને પ્રદક્ષિણા-દક્ષિણ પાર્શ્વવર્તી જે તે આદક્ષિણપ્રદક્ષિણા કરે છે. દક્ષિણ બાજુથી ત્રણ વખત ભ્રમણ કરે છે. વંદન કરે છે આદિ પૂર્વવત્.

**● સૂત્ર-૩૩ :-**

*ત્યારપછી તે સુભદ્રા આદિ રાણીઓ અંતઃપુરમાં અંદર સ્નાન યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, ઘણી કુબ્જા, ચિલાતી, વામણી, વડભી, બર્બરી, બકુશી, યુનાની, પહ્લવિ, ઈસિનિકી, ચારુકિનિકિ, લકુશિકા, સિંહાલિ, દમીલિ, આરબી, પુલંદિ, પકવણી, બહલી, મુરુંડી, શબરિકા, પારસી - [અર્થાત્ તે-તે દેશાદિની] જે પોતપોતાની વેશભૂષાથી સજ્જિત હતી, જે ચિંતિત કે અભિલષિત ભાવને સંકેત કે ચેષ્ટા માત્રથી સમજી લેવામાં વિજ્ઞ હતી. પોત-પોતાના દેશાનુસાર જેણે વસ્ત્રાદિ ધારણ કરેલા એવી દાસીઓના સમૂહથી ઘેરાયેલી, વર્ષધર-કંચુકી તથા અંતઃ પુરના પ્રામાણિક રક્ષાધિકારી વડે ઘેરાયેલી બહાર નીકળી.*

*ત્યારપછી જ્યાં પ્રત્યેકના યાન હતા ત્યાં ગઈ, જઈને પ્રત્યેક-પ્રત્યેકના યાત્રાભિમુખ જોડાયેલ યાનમાં બેસી, બેસીને નિજક-પરિવાર સાથે સંપરીવરીને ચંપાનગરીની વચ્ચોવચ્ચથી નીકળી, નીકળીને પૂર્ણભદ્ર ચૈત્યે આવી, આવીને શ્રમણ ભગવંત મહાવીરની કંઈક સમીપે છત્ર આદિ તિર્થંકરના અતિશયને જોયા, જોઈને પ્રત્યેક-પ્રત્યેકે પોતાના યાનને રોક્યા, રોકીને યાનમાંથી નીચે ઉતરી, ઉતરીને ઘણી કુબ્જા યાવત્ દાસીથી પરિવૃત્ત થઈને શ્રમણ ભગવંત*



*મહાવીર પાસે આવી. આવીને ભગવંતને પાંચ પ્રકારના અભિગમથી સન્મુખ ગઈ. તે આ પ્રમાણે - સચિત દ્રવ્યોનો ત્યાગ, અચિત્ત દ્રવ્યોનો અત્યાગ યાવત્ મનનું એકત્રીભાવકરણ. પછી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે. વંદન-નમસ્કાર કરે છે. વાંદી-નમીને ઉભી રહી કોણિકરાજાને આગળ કરીને, પોતાના પરિજનો સહિત ભગવન્ સન્મુખ વિનય પૂર્વક હાથ જોડીને પર્યુપાસના કરવા લાગી.*

**● વિવેચન-૩૩ :-**

સુભદ્રા આદિ, ધારિણી અને સુભદ્રા એ નામાંતર સંભવે છે, તેથી અહીં નિર્દેશ છે, ક્યાંક ધારિણી આદિ પણ જોવા મળે છે. અંત - મધ્યે, અંતઃપુરની. બીજી વાચનામાં બધું સુગમ જ છે. વિશેષ એ કે - वाहयसुभयसोवत्थियबद्धमाणपुस्समाणव॰ ઈત્યાદિ - x - વ્યાહતસુભગ તે સૌવસ્તિક-સ્વસ્તિવાદક, તેવા बद्धमान - અભિમાન કરેલા, પૂષ્યમાનવ-માગધ, તેમના જે જય-વિજય ઈત્યાદિ સેંકડો મંગલ, તેની તથા कप्पायछेयायरियरइय सिरसाओ - કલ્પાક અર્થાત્ મસ્તકના વાળ બાંધેલ કલ્પજ્ઞ વડે, છેક - નિપુણ વડે, આચાર્ય-અંતઃપુરોચિત શિલ્પી વડે રચિત. શિરાંસિ-ઉપચારથી શિરોજબંધન જેમાં છે તે. महया गंधद्धणिं मुयंतीओ - મહતી ગંધ ઘ્રાણને છોડતા.

હવે અધિકૃત વાચના — खुज्जा - કુબ્જિકા ચેલા-ચેટિકા અથવા અનાર્ય-દેશોત્પન્ના. વામણી-અત્યંત ટુંકા દેહવાળી, ઠીંગણી અથવા હ્રસ્વોન્નત હૃદય-કોષ્ઠવાળી, વડભિ-વટકિભા, વક્ર અધોકાયા. બર્બરી-બર્બર નામક અનાર્યદેશોત્પન્ન, આ પ્રમાણે બીજા સોળે પદ જાણવા. નાનાદેસીહિં-વિવિધ જનપદમાં જન્મેલ, વિદેશપરિમંડિય-વિદેશના પરિમંડિત જેના વડે છે તે. વાચનાંતરમાં વિદેશપરિપિંડિત શબ્દ છે. તેમાં વિદેશમાં પરિપિંડિત-મળેલી. इंगियचिंतियपत्थिय वियाण - ઇંગિત અર્થાત્ ચેષ્ટિત વડે ચિંતિત અને પ્રાર્થિત વસ્તુને જાણે છે. પાઠાંતરથી - x - ઇંગિત ચિંતિત પ્રાર્થિત, મનોગત-મનમાં વર્તતા અને વચનાદિ વડે ન કહેવાયેલને જાણે છે. સ્વેદશ નેપથ્યવત્ ગૃહીત વેશ જેના છે તે. તથા ચેટિકા, ચક્રવાલ, વર્ષધર-વર્દ્ધિતક, તેના સિવાયના તે કંચુકી, મહત્તર-અંતઃપુરરક્ષક, તેમનું જે વૃંદ, તેના વડે પરિવૃત્ત છે તે નિજક-પરિવારની સાથે સંપરિવૃત્તા ઠિયાउ - ઉર્ધ્વસ્થિત જ.

**● સૂત્ર-૩૪ (અધુરુ) :-**

*ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરે ભંભસારપુત્ર કૂણિક રાજાને, સુભદ્રા આદિ રાણીઓને, તે મહામોટી પર્ષદાને-ઋષિપર્ષદા, મુનિપર્ષદા, યતિપર્ષદા, દેવપર્ષદા, અનેકશત, અનેક શતવૃંદ, અનેક શતવૃંદ પરિવાર [ઉપસ્થિત હતો - તેમાં]*

*ઓઘબલી, અતિબલી, મહાબલી, અપરિમિત બલ-વીર્ય-તેજ-મહતા-કાંતિયુક્ત, શારદ-નવ-સ્તનિત-મધુર-ગભીર-ક્રૌંચ-નિર્ઘોષ-દુંદુભિસ્વરયુક્ત, ઉરમાં વિસ્તરતી, કંઠમાં અવસ્થિત થતી, મસ્તકમાં પરિવ્યાપ્ત થતી, સુવિભક્ત અક્ષરો સાથે, અસ્પષ્ટ ઉચ્ચારણ વર્જિત, સર્વાક્ષર સન્નિપાતિક, પૂર્ણતા યુક્ત,*

***સર્વભાષાનુગામી, એક યોજન સુધી પહોંચાડનાર સ્વરમાં, અર્ધમાગધી ભાષામાં બોલતા અરહંતે ધર્મને કહ્યો.***

**● વિવેચન-૩૪ (અધુરું) :-**

तीसे य महइमहालियाए - તે મહા-અતિમહતિ, ગુરુક મધ્યે અતિગુરુકા. इसिपरिसा - જુએ છે તે ઋષિ, તે જ પરિવાર તે ઋષિપરિષદ-અતિશયજ્ઞાની સાધુને. ધર્મ કહે છે તે જોડવું. मुणि - મૌનવાળા સાધુને-વાક્‌નિયમન કરેલ સાધુને. यति - ચારિત્ર પ્રતિ પ્રયત્ન કરે છે તે, ચારિત્રમાં ઉદ્યત સાધુઓને. अणेग सयवंदाए - અનેક શત પ્રમાણ વૃંદો જેના છે તે. अणेगसयवंदपरियालाए - અનેક શત પ્રમાણ જે વૃંદો, તે પરિવાર જેનો છે તે. કેવો ?

ओहबल - અવ્યવચ્છિન્નબલ, अइबल - અતિશય બલ, महब्बल - પ્રશસ્ત બળ, अपरिमियबल० આદિ. અપરિમિત-અનંત જે બલ આદિ, તેના વડે યુક્ત જે તે. તેમાં બલ-શારીરિક, પ્રાણ. વીર્ય-જીવથી ઉત્પન્ન, તેજ-દીપ્તિ, માહાત્મ્ય-મહાનુભાવતા, કાંતિ-કામ્યતા. सारयनवत्थणिय० શારદ-શરત્કાલિન, જે નવો છે, સ્તનિત-મેઘધ્વનિત, તેની જેમ મધુર અને ગંભીર તથા ક્રૌંચના નિર્ઘોષવત્ દુંદુભિવત્ સ્વર જેનો છે તે.

કેવા સ્વરૂપના ધર્મને કહે છે — उरेवित्थडाए - હૃદયમાં વિસ્તૃતપણે હૃદયમાં વિસ્તીર્ણત્વથી. કંઠમાં અવસ્થિત - x - સિરે સમાઈણ્ણાએ - મસ્તકમાં સંકીર્ણતા - x - અગરલાએ-સુવિભક્ત અક્ષરતાથી, અમમ્મણાએ-તોતડાપણ આદિ વિના, સુવ્યક્ત અક્ષર સંનિપાત-વર્ણસંયોગ જેમાં છે તે. પુણરત્તાએ-સ્વર કલા વડે પૂર્ણા, રક્તા-ગેયરાગ અનુરક્તા જે છે તે તથા.

ક્વચિત્ બે વિશેષણ છે. સ્ફૂટવિશદા-અત્યંત વ્યક્ત અક્ષરવાળા અથવા સ્ફૂટવિષયવાળા-સ્ફૂટ અર્થવાળા, મધુર-કોમળ, ગંભીર-મહતી, ગ્રાહિક-અકલેશથી અર્થ બોધ કરનારી. સર્વાક્ષરોનો સંનિપાત-અવતાર જેમાં છે તે અથવા સર્વે અક્ષર સંનિપાત-સંયોગો જેમાં છે તે. તે સર્વાક્ષરસંનિપાતિક. સરસ્સઈએ-વાણી વડે, જોયણનીહારિણ-યોજનને અતિક્રામતા સ્વર વડે. જે માગધ ભાષા લક્ષણ તેના વડે પરિપૂર્ણ અને પ્રાકૃત ભાષા લક્ષણ બહુલા તે અર્દ્ધમાગધી કહેવાય છે.

**● સૂત્ર-૩૪ (અધુરેથી) :-**

***તે સર્વે આર્યો અને અનાર્યોને અગ્લાનપણે ધર્મ કહે છે. તે અર્ધમાગધી ભાષા તે સર્વે આર્યો અને અનાર્યોને પોત-પોતાની ભાષામાં પરિણામથી પરિણમે છે.*** *[તે દેશના આ પ્રમાણે-]* ***લોક છે, અલોક છે, એ પ્રમાણે જીવ-અજીવ, બંધ-મોક્ષ, પુન્ય-પાપ, આશ્રવ-સંવર, વેદના-નિર્જરા તથા અરિહંત, ચક્વર્તી, બલદેવ, વાસુદેવ (તથા) નરક-નૈરયિક, તિર્યંચયોનિક-તિર્યંચયોનિની, માતા-પિતા, ઋષિ, દેવો-દેવલોકો, સિદ્ધિ-સિદ્ધો, પરિનિર્વાણ-પરિનિવૃત્ત*** *[આ બધાનું અસ્તિત્વ છે]* ***પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન પરિગ્રહ છે. ક્રોધ, માન, માયા, લોભ યાવત્ મિથ્યાદર્શનશલ્ય છે.***





**● વિવેચન-૩૪ (અધુરેથી) :-**

आरियमणारियाण - આર્ય કે અનાર્ય દેશોત્પન્ન મનુષ્યો. अप्पणो सभासए परिणामेणं परिणमइ - આર્યાદિને, તત્સંબંધી જીવને સ્વભાષા-પોતાની ભાષા સંબંધી પરિણામ-સ્વરૂપથી પરિણમે-વર્તે છે જે પ્રકારે ધર્મ કહે છે, તેને દર્શાવવાને માટે કહે છે, તે આ પ્રમાણે — લોક છે, ઈત્યાદિ કલ્યાણપ્રાપક સુધી બધું સુગમ છે. વિશેષ આ —

લોક-પંચાસ્તિકાયમય, અલોક-કેવળ આકાશ રૂપ, આ બંનેનું અસ્તિત્વ જણાવીને શૂન્યવાદનો નિરાસ કર્યો છે. તેના નિરાસની યુક્તિ બીજા ગ્રંથોથી જાણવી. એ પ્રમાણે પ્રાયઃ આગળ પણ છે. 'જીવો છે.' આ લોકાયતક મતના નિષેધાર્થે કહ્યું. 'અજીવો છે.' પુરુષઅદ્વૈતાદિવાદના નિષેધાર્થે છે. 'બંધ-મોક્ષ છે.' જીવને કર્મનો બંધ અને સર્વે કર્મોનો વિયોગ છે. આ બંને સાંખ્યમતના નિષેધાર્થે છે. - x - ''પુન્ય-પાપ છે.'' પાપજ ઘટતા અને વધતા સુખદુઃખ નિબંધન છે, પુન્યકર્મ નથી. પુન્ય જ વધે કે ઘટે તે સુખદુઃખનો હેતુ છે, પાપ નહીં આ બંને વાદનો નિરાસ કર્યો છે. અથવા જગત્ વૈચિત્ર્ય નિબંધન કેવળ સ્વભાવવાદના નિરાસાર્થે છે.

''આશ્રવ-સંવર છે.'' કર્મબંધનો હેતુ તે આશ્રવ, આશ્રવનો નિરોધ તે સંવર. આ બંને બંધ-મોક્ષના નિષ્કારણત્વના પ્રતિષેધાર્થે છે. અથવા વીર્યના પ્રાધાન્યને જણાવવા માટે છે. ''વેદના-નિર્જરા'' છે. વેદના-કર્મનું અનુભવવું કે પીડા, નિર્જરા-દેશથી કર્મનો ક્ષય. આ ભોગવ્યા વિના કર્મ ક્ષય ન પામે, તે પ્રતિપાદન કરવાને છે. અરિહંતાદિ ચારની સત્તા, તેમનો જગત્‌માં અતિશયપણાની શ્રદ્ધા ન કરનારને શ્રદ્ધા ઉત્પન્ન કરાવવાને છે. નરક અને નૈરયિકનું અસ્તિત્વ પ્રતિપાદન ''પ્રમાણના અભાવે તેનું અગ્રાહ્યત્વ છે'' એ મતના નિષેધાર્થે છે.

તિર્યંચાદિ અસ્તિત્વ પ્રતિપાદન તો પ્રત્યક્ષ પ્રમાણ છે. ''ભ્રાંતિથી કુવાસનાજન્ય આ તિર્યંચાદિ પ્રતિભાસ છે, તેની સત્તા નથી'' એમ જે માને છે, તેના મતને નિષેધાર્થે છે. માતા-પિતાની સત્તાનું અભિધાન - x - x - વાસ્તવમાં માતાપિતાનો વ્યવહાર નથી, તેવા મતના નિરાસ માટે છે. - x - x - તથા જેઓ માને છે કે પુરુષો રાગાદિ યુક્ત હોવાથી અતીન્દ્રિયાર્થદૃષ્ટા સંભવતા નથી, તેના મતના નિરાસ માટે ઋષિ સત્તા બતાવી અને તે નિરાસ ચંદ્રનું ગ્રહણ આદિ જ્ઞાનના અવિસંવાદ દર્શનથી છે.

દેવાદિનું અસ્તિત્વ અભિધાન-જેઓ અપ્રત્યક્ષ હોવાથી દેવાદિ નથી, તેના મતને નિવારવાને માટે છે.

સિદ્ધિ-ઈષત્પ્રાગ્ભારા કે નિષ્ઠિતાર્થતા. સિદ્ધો એટલે સિદ્ધિવાળા. પરિનિર્વાણ-કર્મકૃત્ સંતાપને ઉપશાંત કરી સમ્યકપણે રહેવું. પરિનિર્વૃત્ત-પરિનિર્વાણવાળા તથા જેઓ માને છે - પ્રાણાતિપાતાદિ બંધ-મોક્ષનો હેતુ થતો નથી, જીવના અભાવે બંધ-મોક્ષ થતો નથી, તે મતના નિષેધાર્થે ''પ્રાણાતિપાત છે'' ઈત્યાદિ કહ્યું. - x - x -

અહીં યાવત્ શબ્દથી રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિરતી, માયામૃષા જાણવું. તેમાં पेज्ज - પ્રેમ [રાગ] અનભિવ્યક્ત છે, માયા-લોભ વ્યક્ત રાગ માત્ર છે. દ્વેષ-અનભિ વ્યક્‌ત છે, ક્રોધ-માન વ્યક્તિક અપ્રીતિમાત્ર છે.

કલહ-રાટિ, ઝઘડો. અભ્યાખ્યાન-અસત્ દોષનું આરોપણ, પૈશુન્ય-પ્રચ્છન્ન સદ્દોષને પ્રગટ કરવો, પરપરિવાદ-વિપ્રકીર્ણ બીજાના ગુણ દોષને કહેવા તે. અરતિરતિ-અરતિ મોહનીયના ઉદયથી ચિત્ત ઉદ્વેગનું ફળ, રતિ-વિષયોમાં મોહનીયથી ચિત્તની અભિરતિ. માયામૃષા-ત્રીજો કષાય અને બીજા આશ્રવનો સંયોગ. આના દ્વારા બધાં સંયોગો જણાવ્યા અથવા વેષાંતર અને ભાષાંતર કરણથી જે બીજાને છેતરવા તે માયામૃષાવાદ. મિથ્યાદર્શન શલ્યની માફક વિવિધ વ્યથા આપનાર છે માટે શલ્ય.

● સૂત્ર-૩૪ (અધુરેથી) :-

*પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, પરિગ્રહ વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેક છે. સર્વે અસ્તિભાવ છે, તેમ કહેવાય છે, સર્વે નાસ્તિભાવ નથી તેમ કહેવાય છે.*

*સુચિર્ણ કર્મો સુચિર્ણ ફળવાળા થાય છે, દુશ્ચિર્ણ કર્મો દુશ્ચિર્ણફળવાળા થાય છે. જીવ પુણ્ય-પાપનો સ્પર્શ કરે છે - બંધ કરે છે, જીવ ઉત્પન્ન થાય છે. પુન્ય-પાપ ફળ દેનાર છે.*

*[બીજી રીતે] ધર્મ કહે છે — આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર, કેવલ, સંશુદ્ધ, પ્રતિપૂર્ણ, નૈયાયિક, શલ્યકર્તન, સિદ્ધિમાર્ગ, મુક્તિમાર્ગ, નિર્વાણમાર્ગ, નિર્યાણમાર્ગ, અવિતથ-અવિસંધિ, સર્વ દુઃખ પ્રક્ષીણમાર્ગ, આમાં સ્થિત જીવો સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત અને સર્વે દુઃખોના અંતકર થાય છે.*

● વિવેચન-૩૪ (અધુરેથી) :-

પ્રાણાતિપાત વિરમણ ઈત્યાદિમાં તેની વિધમાનતાનું અભિધાન "અપ્રમાદથી સર્વથા કરવાનું અશક્ય હોવાથી તેનો અસંભવ છે, "આ મતના નિષેધાર્થે છે. કેટલુંક કહેવું ? अस्ति એ ક્રિયાયુક્ત ભાવ તે અસ્તિભાવ, नास्ति એ વિવક્ષા-નિબંધનભૂત ભાવ નાસ્તિભાવ છે. સુચરિત તપ વગેરે કર્મો-ક્રિયા. સુચરિત-સુચરિત-હેતુપણાથી પુન્યકર્મબંધાદિ, તે જ ફળ જેનું છે તે અર્થાત્ શુભફળ. - x - x -

फुसइ पुण्णपाव - સારી કે નઠારી ક્રિયા વડે જીવ શુભાશુભ કર્મ બાંધે છે. તેથી જીવો પચ્ચાયંતિ-ઉત્પન્ન થાય છે. "ભસ્મીભૂત અને શાંતનું પુનઃઆગમન ક્યાંથી ?" આ નાસ્તિકવચન સત્ય નથી. પછી ઉત્પત્તિ થતાં सफले कल्लाणपावए - સૌભાગ્ય કે દુર્ભાગ્યના નિબંધનપણાથી ફળવત્ શુભાશુભ કર્મ છે.

ભગવન્ બીજી રીતે ધર્મ કહે છે —

આ-પ્રત્યક્ષ, નૈગ્રર્ન્થ પ્રવચન-જિનશાસન, સત્ય-જીવોને હિતકારી, અનુત્તર-તેનાથી પ્રધાનતર બીજું કંઈ નથી, કેવલ-અદ્વિતીય, કેવલિ-સર્વજ્ઞભાષિત, અનંત-અનંતાર્થવિષયત્વથી. પડિપુણ-અલ્પગ્રન્થત્વાદિથી પ્રવચનગુણથી પ્રતિપૂર્ણ. કષ આદિ વડે શુદ્ધ સુવર્ણવત્ નિર્દોષ ગુણપૂર્ણત્વથી સંશુદ્ધ. નૈયાયિક-પ્રમાણ અબાધિત. શલ્લક્તણ-માયાદિ શલ્યકર્તન ભાવશલ્ય વ્યવચ્છેદ, સિદ્ધિમાર્ગ-નિષ્ઠિતાર્થત્વ ઉપાય, મુક્તિમાર્ગ-સર્વ કર્મ વિયોગનો હેતુ અથવા મુક્તિ-નિર્લોભતા માર્ગ જેને પ્રાપ્ત છે તે. નિજ્જાણમગ્ગ-અનાવૃતિક ગમનનો હેતુ, નિર્વાણમાર્ગ-સકલ સંતાપ રહિતપણાનો



માર્ગ. અવિતથ-સદ્ભૂત અર્થ, અવિસંધિ-અવિરુદ્ધ પૂર્વાપરઘટ્ટન. સર્વ દુઃખના ક્ષયનો માર્ગ અથવા જેમાં બધાં દુઃખોહીન થાય છે, તે માર્ગ-શુદ્ધિ.

તેથી જ આમાં રહેલ જીવો सिज्झंति - વિશેષથી સિદ્ધિ ગમનયોગ્ય થાય છે અથવા અણિમાદિ મહાસિદ્ધિ પ્રાપ્ત કરનાર થાય છે. बुज्झंति - કેવળજ્ઞાન પ્રાપ્તિ વડે. मुच्चंत्ति - ભવોપગ્રાહિક કર્માંશના ચાલ્યા જવાથી. परिनिव्वायंति - કર્મકૃત્ સકલસંતાપના વિરહથી. શું કહેવા માંગે છે ? તે કહે છે — સર્વે દુઃખોનો અંત કરે છે.

● સૂત્ર-૩૪ (અધુરેથી) :-

*'એકાર્ચ્ચા' એવા ભદંત પૂર્વ કર્મો બાકી રહેતા કોઈ એક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય, દૂરગતિક, ચિરસ્થિતિક [દેવલોકમાં જાય છે.] તે ત્યાં મહર્દ્ધિક યાવત્ ચિરસ્થિતિક દેવ થાય છે. તે હાર વડે શોભતા વક્ષસ્થળવાળો યાવત્ પ્રભાસિત કરતા, કલ્પોપગ, ગતિકલ્યાણા, આગમેષિભદ્ર યાવત્ પ્રતિરૂપ થાય છે. [ભગવન્] આગળ કહે છે - એ પ્રમાણે...*

*- - જીવ ચાર સ્થાને નૈરયિકપણાનું કર્મ બાંધે છે, કર્મ બાંધીને નૈરયિકમાં ઉત્પન્ન થાય છે. તે આ - મહારંભતા, મહાપરિગ્રહતા. પંચેન્દ્રિય વધ અને માંસાહાર વડે. આ આલાવા વડે તિર્યંચયોનિકમાં માયા પૂર્વકની નિકૃતિ, અલિકવચન, ઉત્કંચનતા, વંચનતાથી ઉત્પન્ન થાય. મનુષ્યમાં પ્રકૃતિભદ્રતા, પ્રકૃતિ વિનિતતા, સાનુક્રોશતા અને અમાત્સર્યથી ઉત્પન્ન થાય છે. દેવમાં સરાગ સંયમ, સંયમાસંયમ, અકામ નિર્જરા અને બાળતપોકર્મથી ઉત્પન્ન થાય છે તે કહે છે —*

● સૂત્ર-૩૫ થી ૩૯ :-

*[૩૫] જે નરકમાં જાય છે, તે ત્યાં નૈરયિકો જેવી વેદના પામે છે. તિર્યંચયોનિકમાં શારીરિક-માનસિક દુઃખ પામે છે. - [૩૬] - મનુષ્ય જીવન અનિત્ય છે. વ્યાધિ-જરા-મરણ-વેદના પ્રચુર છે. દેવલોકમાં દેવઋદ્ધિ અને દેવસૌખ્ય પામે છે. - [૩૭] - ભગવંતે નરક, તિર્યંચયોનિ, માનુષભાવ, દેવલોક તથા સિદ્ધ, સિદ્ધાવસ્થા અને છ જીવનિકાયને કહેલ છે - [૩૮] - જે રીતે જીવ બંધાય છે, મૂકાય છે, અને પરિક્લેશ પામે છે. કેટલાંક અપ્રતિબદ્ધ જીવો જે રીતે દુઃખોનો અંત કરે છે - [૩૯] - પીડા અને આકુળતાપૂર્ણ ચિત્તવાળા જીવ દુઃખ સાગરને પામે છે, જે રીતે વૈરાગ્ય પામેલ જીવ કર્મદળનો ધ્વંસ કરે છે.*

● વિવેચન-૩૪ થી ૩૯ :-

एकार्चा - જેમાં એક જ મનુષ્યભાવ બાકી હોય તે. કોઈ ભદંત-કલ્યાણી કે ભક્તાર-નૈર્ગન્થપ્રવચનને સેવનાર, પૂર્વકર્મ શેષ બાકી રહેતા કોઈ દેવોના મધ્યે૦ મહર્દ્ધિક- અહીં યાવત્ કરણથી આમ જાણવું - મહાદ્યુતિક, મહાબલી, મહાયશા, મહાનુભાગ. દૂરંગતિક-અચ્યુત સુધીના દેવલોકગતિમાં. हारविराइयवच्छा० યાવત્ શબ્દથી કટક, ત્રુટિતથી સ્તંભિત ભૂજાવાળા, અંગદ કુંડલ મૃષ્ટગડંયલ કર્ણપીઠધારી વિચિત્ર હસ્તાભરણવાળા, દિવ્ય એવા સંઘયણ સંસ્થાન ઋદ્ધિ દ્યુતિ પ્રભા છાયા અર્ચી

તેજ લેશ્યા, દશે દિશાને ઉધોતિત કરતા. - x -

કપ્પોવગ-દેવલોકજન્ય, આગમેસિભદ્-ભવિષ્યકાળ ભાવિ કલ્યાણ, નિર્વાણ-લક્ષણ૦ યાવત્ શબ્દથી પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ. નિર્ગ્રન્થ પ્રવચન ફળ વક્તવ્યતાનો નિષ્કર્ષ કહે છે — તે પ્રવચનના ફળને કહે છે. હવે બીજા પ્રકારે ધર્મને કહે છે एवं खलु ઈત્યાદિ૦ વ્યક્ત જ છે. - x - कुणिम - માંસ, उक्कंचणयाए वंचणयाए - ઉત્કંચનતા મુગ્ધ વંચન પ્રવૃત્તની સમીપવર્તી વિદગ્ધ ચિત્તરક્ષાર્થે ક્ષણ માટે અવ્યાપારતાથી અવસ્થાન, વંચનતા-પ્રતારણ...

પ્રકૃતિભદ્રકતા-સ્વભાવથી જ ભદ્રકપણું, સાનુક્રોશતા-દયાપણું. तमाइक्खइ - તે ધર્મને કહે છે, આ ધર્મકથાનો નિષ્કર્ષ છે. હવે ઉક્ત ધર્મદેશનાને જ સવિશેષ જણાવે છે - પાંચ ગાથા વ્યક્ત છે. તે ઉક્ત કથનની સંગ્રાહિકા છે. તેમાં अट्टा - શરીરથી દુઃખી, अट्टियचित्ता - શોકાદિથી પીડિત અથવા ધ્યાનવિશેષથી આર્તિચિતવાળા અથવા આર્ત્ત-પીડાથી દુખાર્દિત ચિત્ત જેનું છે તે.

● **સૂત્ર-૪૦ (અધુરું) :-**

***રાગથી કરેલા કર્મોના ફળ વિપાક પાપપૂર્ણ હોય છે, કર્મથી સર્વથા રહિત સિદ્ધો સિદ્ધાલયને પામે છે. - - ભગવંતે જ ધર્મ બે ભેદે કહ્યો છે, તે આ - અગાર ધર્મ અને અણગાર ધર્મ. અણગાર ધર્મમાં નિશ્ચે સર્વતઃ સર્વાત્મભાવથી મુંડ થઈને, ગૃહવાસ છોડીને અનગારપણામાં પ્રવજિત થાય છે, સર્વથા પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહથી તેમજ રાત્રિભોજનથી વિરત થાય છે. હે આયુષ્યમાન્ ! આ અણગાર સામયિક ધર્મ કહ્યો છે. આ ધર્મની શિક્ષામાં ઉપસ્થિત, વિચરતા નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી આજ્ઞાના આરાધક થાય છે.***

● **વિવેચન-૪૦ (અધુરુ) :-**

બીજી વાચનામાં ગાથા ક્રમાંતરથી જોવા મળે છે. एवं खलु जीवा निस्सीले આદિ પાઠ છે, તેમાં શીલ - મહાવ્રતરૂપ કે સમાધાન માત્ર. णिव्वय - વ્રત, અણુવ્રત. णिग्गुण - ગુણ, ગુણવ્રતો, निम्मेर - નિર્મયાદા અને મર્યાદા-ગમ્ય, અગમ્યાદિ વ્યવસ્થા. णिप्पच्चक्खाणपोसहोववास તેમાં પ્રત્યાખ્યાન-પોરિસિ આદિ, પૌષધ-અષ્ટમી આદિ પર્વદિનમાં ઉપવસન, अक्कोह - ક્રોધોદયનો અભાવ, णिक्कोह - ઉદય પ્રાપ્ત ક્રોધને નિષ્ફળ કરવો. તેથી જ छीणक्कोहा - ક્ષપિત ક્રોધ. આ રીતે માનાદિના આલાવા છે - x - તે જાણવા.

હવે અધિકૃત વાચના-અહીં મૃત્યુલોકમાં, સર્વતઃ દ્રવ્યથી અને ભાવથી. સર્વાત્મના - સર્વ ક્રોધાદિ આત્મ પરિણામોને આશ્રીને. એ મૂંડ થઈને અનગારિતા પ્રવ્રજિત થયા. अयमाउसो - આ આયુષ્યમાન્ ! અણગારસમાઈય-સાધુની સમાચારી કે સિદ્ધાંત અથવા અનગારસામયિક. શિક્ષા-અભ્યાસ, આણાએ-આજ્ઞા વડે વિચરતા જ્ઞાનાદિનો આરાધક થાય છે અથવા જિનોપદેશનો આરાધક થાય છે.

● **સૂત્ર-૪૦ (અધુરેથી) :-**

***અગાર ધર્મ બાર ભેદે કહ્યો છે, તે આ - પાંચ અણુવ્રતો. ત્રણ ગુણવ્રતો,***



***ચાર શિક્ષાવ્રત. પાંચ અણુવ્રત આ છે - સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ, સ્થૂળ મૃષાવાદ વિરમણ, સ્થૂળ અદત્તાદાન વિરમણ, સ્વદારા સંતોષ, ઈચ્છા પરિમાણ. ત્રણ ગુણવ્રતો - અનર્થદંડ વિરમણ, દિક્‌વ્રત, ઉપભોગ પરિભોગ પરિમાણ, ચાર શિક્ષાવ્રત. - સામાયિક, દેશાવકાસિક, પૌષધોપવાસ, અતિથી સંયતનો વિભાગ. અપશ્ચિમ મારણાંતિક સંલેખના-જૂષણા-આરાધના. - - હે આયુષ્યમાન્ ! આ અગારસામયિક ધર્મ કહ્યો. ધર્મ શિક્ષા માટે ઉપસ્થિત શ્રાવક કે શ્રાવિકા આજ્ઞાથી વિચરતા આરાધક થયા છે.***

● **વિવેચન-૪૦ :-**

અપશ્ચિમ - अ કાર અમંગલના પરિહારાર્થપણાથી અપશ્ચિમ-પશ્ચાતકાળ ભાવિની, તેથી જ મારણાંતિકી-મરણરૂપ અંત-અવસાનમાં થનારી, સંલેખના-કાયાને તપ વડે કૃશ કરવી, તેની જૂષણા-સેવા, આરાધના-જ્ઞાનાદિ ગુણોની વિશેષથી પાલના કરવી.

● **સૂત્ર-૪૧ થી ૪૩ :-**

***[૪૧] ત્યારે તે મહા-મોટી મનુષ્યપર્ષદા, શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, સમજીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ ઉત્થાનથી ઉઠે છે, ઉત્થાનથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન-નમન કરે છે, કરીને કેટલાંક મુંડ થઈને ઘરથી નીકળી અણગારિક પ્રવ્રજ્યા લીધી. કેટલાંક પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રતરૂપ બાર ભેદે ગૃહીધર્મ સ્વીકાર્યો. બાકીના પર્ષદા શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમન કરીને કહે છે — ભગવન્ ! આપે નિર્ગ્રન્થ પ્રવચન સારી રીતે કહ્યું એ પ્રમાણે સુપ્રજ્ઞપ્ત, સુભાષિત, સુવિનીત, સુભાવિત છે. ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચન અનુત્તર છે.***

***[ભગવન્ !] આપે ધર્મને કહેતા, ઉપશમને કહ્યો છે. ઉપશમને કહેતા વિવેકને કહ્યો છે, વિવેકને કહેતા વિરમણને કહ્યું છે - વિરમણને કહેતા પાપકર્મને ન કરવાનું કહ્યું. બીજા કોઈ શ્રમણ કે બ્રાહ્મણ નથી કે જે આવા પ્રકારનો ધર્મ કહી શકે. આનાથી શ્રેષ્ઠ ધર્મોપદેશની વાત જ ક્યાં ? આમ કહી જ્યાંથી આવેલ તે દિશામાં પાછા ગયા.***

***[૪૨] ત્યારપછી ભંભસારપુત્ર કૂણિક રાજા, શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, સમજી હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ ઉત્થાનથી ઉત્થિત થયો, ઉત્થાનથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન-નમન કરે છે, કરીને આમ કહ્યું — ભગવન્ ! આપે નિર્ગ્રન્થપ્રવચન સારી રીતે કહ્યું યાવત્ આનાથી શ્રેષ્ઠ બીજું શું હોઈ શકે ? એમ કહીને જ્યાંથી આવેલ, તે દિશામાં પાછો ગયો.***

***[૪૩] ત્યારપછી તે સુભદ્રા આદિ રાણીએ શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, સમજી હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈને ઉત્થાનથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરીને, વંદન-નમન કરે છે, કરીને આમ કહ્યું — ભગવન્ ! આપે નિર્ગ્રન્થ પ્રવચન સારી રીતે કહ્યું યાવત્***

***આનાથી શ્રેષ્ઠ બીજું શું હોઈ શકે ? એમ કહીને જે દિશામાંથી આવેલ, તે જ દિશામાં પાછી ગઈ. સમોસરણ પૂર્ણ.***

**● વિવેચન-૪૧ થી ૪૩ :-**

महइमहालिया - મહામોટી, અતિ મોટી - x - x - શ્રુત્વા-સાંભળીને, નિશમ્ય-અવધારીને, उत्थया - કાયાના ઉર્ધ્વ થવાથી, સુયક્ખાએ-સારી રીતે કહેલ સામાન્યથી કહેતા. सुपण्णत्त - વિશેષ કહેવાથી - સારી રીતે પ્રજ્ઞપ્ત. सुभासिए - સુ ભાષિત વચન. સુવિણીએ-સુવિનિત શિષ્યોમાં સારી રીતે વિનિયોજિત. सुभाविए - તત્ત્વ કહેવાથી, સારી રીતે ભાવિત. उवसम - ક્રોધાદિનો નિરોધ, विवेग - બાહ્યગ્રન્થીનો ત્યાગ, वेरमण - મનથી નિવૃત્તિ. धर्म - ઉપશમાદિ રૂપ, नत्थि - સમર્થ થતા નથી. - x - x - उत्तरंत्तर - પ્રધાનતર, पाउब्भूय - આવેલ. *[સમવસરણ વર્ણન.]*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**“સમવસરવર્ણન” ટીકાનુવાદ પૂર્ણ**



## ❀ ઉપપાત વર્ણન ❀

— x — x — x —

**● સૂત્ર-૪૪ (અધુરુ) :-**

***તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર, જે ગૌતમ ગોત્રના, સાત હાથ ઉંચા, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, વજ્રઋષભનારાચ સંઘયણી, કસોટી ઉપર ખચિત સ્વર્ણરેખાની આભા સહિત કમળ સમાન ગૌરવર્ણી હતા. તેઓ ઉગ્ર-દીપ્ત-તપ્ત-મહા અને ઘોર તપવાળા હતા, ઉદાર, ઘોર, ઘોર ગુણવાળા, ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચર્યવાસી, ઉત્ક્ષિપ્તશરીરી, સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યાવાળા હતા. ભગવંત મહાવીરની કંઈક સમીપ ઉર્ધ્વજાનૂ-અધોશિર થઈ ધ્યાનરૂપી કોઠામાં ઉપગત થઈ સંયમ અને તપથી આત્માને ભાવતા રહેલા હતા.***

**● વિવેચન-૪૪ (અધુરુ) :-**

સતુસ્સેહે - સાત હાથ ઉંચા, બે વિશેષણ આગમસિદ્ધ છે. કનગપુલગ-નિગ્ઘસપમ્હગોર-કનક અર્થાત્ સુવર્ણના, પુલક-લવ, તેનો જે નિકષ-કષપટ્ટમાં રેખારૂપ તથા પમ્હ-પદ્મગર્ભ, તેની જેમ ગૌર જે છે તે. વૃદ્ધ વ્યાખ્યા-કનકના, લોહાદિની નહીં, જે પુલક-સાર, વર્ણાતિશય, તેનાથી પ્રધાન જે નિકષ-રેખા, તેનું જે પક્ષ્મ-બહુલત્વ, તેની જેવા જે ગૌર તથા ઉગ્ર-અપ્રધૃષ્ય, દીપ્ત-બળતા અગ્નિ માફક કર્મવનને બાળવાથી જ્વલત્ તેજ તપ જેનું છે તે, તપ્ત-તાપિત, તે તપ્ત તપ જેના વડે કર્મો સંતાપીને, તે તપ વડે પોતાના આત્મા પણ તપોરૂપ સંતાપિત છે, જેથી બીજાને તે અસ્પૃશ્યવત્ થાય છે. મહાતવ-પ્રશસ્ત કે બૃહત્તપ.

ઓરાલ-ભીમ, કઈ રીતે ? અતિ કષ્ટ તપને કરતા, પાસે રહેનાર અલ્પસત્વ-વાળાને ભયાનક લાગે છે. બીજા કહે છે ओराल - પ્રધાન, ઘોર-નિર્ઘૃણ, પરીષહ-ઈન્દ્રિય-કષાય નામક શત્રુનો વિનાશ કરનાર. બીજા આત્મ નિરપેક્ષને ઘોર કહે છે. ઘોરગુણ-બીજા વડે દુરનુચર મૂળ ગુણાદિ જેમને છે તે. ઘોરતપસ્વી-ઘૌર તપ વડે તપસ્વી. ઘોરબંભચેરવાસી-દારુણ, જે અલ્પસત્વવાળાને દુરનુચરપણે છે. બ્રહ્મચર્ય-શીલ. ઉચ્છૂઢ-સંસ્કારત્યાગ વડે શરીરનો ત્યાગ કર્યો છે તે. સંક્ષિપ્ત-શરીરમાં લીન, વિપુલ-વિસ્તીર્ણ, અનેક યોજન પ્રમાણ ક્ષેત્ર આશ્રિત વસ્તુને બાળવામાં સમર્થ, તેજોલશ્યા-વિશિષ્ટ તપોજન્યલબ્ધિ વિશેષથી ઉત્પન્ન તેજોજ્વાલા. ઉર્ધ્વજાનૂ-શુદ્ધ પૃથ્વીરૂપ આસનને વર્જિને, ઔપગ્રહિક નિષધાના અભાવે ઉત્કુટુક આસને રહેલ, ઉંચા જાનૂ જેના છે તે. અધોશિર-અધોમુખ, ઉર્ધ્વ કે તિર્યંચ નહીં, તેવી દૃષ્ટિ રાખેલા. ધ્યાનરૂપી કોષ્ઠમાં રહેલા, જેમ કોઠામાં ધાન્ય નાંખવાથી અવિપ્રકીર્ણ થાય, તેમ તે ભગવન્ ધર્મધ્યાનના કોઠામાં પ્રવેશીને ઈન્દ્રિય અને મનને આશ્રીને સંવૃતાત્મા થાય છે.

**● સૂત્ર-૪૪ (અધુરેથી) :-**

***ત્યારે તે ગૌતમસ્વામી જાતશ્રદ્ધ, જાતસંશય, જાતકુતૂહલ તથા ઉત્પન્ન શ્રદ્ધ, ઉત્પન્ન સંશય, ઉત્પન્ન કુતૂહલ અને સંજાતશ્રદ્ધ, સંજાત સંશય, સંજાત***

*કુતૂહલ, તેમજ સમુત્પન્ન શ્રદ્ધા, સમુત્પન્ન સંશય, સમુત્પન્ન કુતૂહલ થઈ ઉત્થાનથી ઉઠે છે, ઉઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન-નમન કરે છે, કરીને બહુ નીકટ નહીં - બહુ દૂર નહીં. તે રીતે સુશ્રૂષા કરતા, નમન કરતા, અભિમુખ રહી વિનયથી અંજલિ જોડી પર્યુપાસતા આમ કહ્યું —*

**● વિવેચન-૪૪ (અધુરેથી) :-**

जायसड्ढ - પ્રવૃત્ત ઈચ્છાવાળા, શેની ? કહેવાનાર પદાર્થોના તત્ત્વપરિજ્ઞાનમાં. जायसंसय - જેને સંશય થયો છે તે. સંશય-અનિર્દ્ધારિત અર્થ - x - જેમકે - ભગવંત મહાવીરે પહેલા અંગના પહેલા શ્રુત-સ્કંધના પહેલા અધ્યયનના, પહેલા ઉદ્દેશામાં જીવનો ઉપપાત કહ્યો તે શું આત્માને અસત્ કે સત્ પરિણામાંતર આપત્તિ રૂપ છે. जात कोउहल्ल - જેને કૌતુક થયેલ છે તે. ભગવન્ કેવો ઉપપાત કહે છે, એવા સ્વરૂપને સાંભળવાની ઉત્સુકતા જન્મી.

ઉત્પન્ન શ્રદ્ધ-પહેલા ન ઉત્પન્ન થયેલ શ્રદ્ધા જેને છે તે. ઉત્પન્ન શ્રદ્ધ અને જાત શ્રદ્ધમાં શું ભેદે છે ? કંઈ નહીં. તો તેનો પ્રયોગ કેમ કર્યો ? હેતુપણુ દેખાડવાને. ઉત્પન્ન શ્રદ્ધાપણાથી જાત શ્રદ્ધ અર્થાત્ પ્રવૃત્ત શ્રદ્ધ. સંજાત શ્રદ્ધ આદિ - 'સં' શબ્દ પ્રકર્ષાદિ વચન છે, બીજા કહે છે — જેને પૂછવાની ઈચ્છા જન્મી છે તે જાતશ્રદ્ધ. કઈ રીતે ? જેમાંથી સંશય જન્મ્યો. સંશય કેમ જન્મ્યો ? જેમાંથી પૂર્વે કુતૂહલ-આ ઉપપાત કેવા પ્રકારે છે ? એવો. ત્યાં સુધી અવગ્રહ છે. એ રીતે ઉત્પન્ન-સંજાત-સમુત્પન્ન શ્રદ્ધાદિને ઈહા-અપાય-ધારણા ભેદથી સમજવા. આ રીતે ઉપોદ્ઘાતગ્રંથની વ્યાખ્યા કરી.

**● સૂત્ર-૪૪ (અધુરેથી) :-**

*ભગવન્ ! તે જીવ, જે અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાન પાપકર્મી, સક્રિય, અસંવૃત્ત, એકાંતદંડ, એકાંત બાલ, એકાંત સુપ્ત છે તે પાપકર્મથી લિપ્ત થાય છે ? હા, લિપ્ત થાય છે.*

*ભગવન્ ! તે જીવ, જે અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાન, પાપકર્મી, સક્રિય, અસંવૃત્ત, એકાંત દંડ, એકાંત બાલ, એકાંતસુપ્ત છે તે મોહનીય પાપકર્મથી લિપ્ત થાય છે ? હા, લિપ્ત થાય છે.*

*ભગવન્ ! જીવ મોહનીય કર્મને વેદતા, શું મોહનીયકર્મ બાંધે છે ? વેદનીય કર્મ બાંધે છે ? ગૌતમ ! મોહનીય કર્મ બાંધે અને વેદનીયકર્મ પણ બાંધે. માત્ર ચરમ મોહનીય કર્મ વેદતા વેદનીય કર્મ બાંધે પણ મોહનીય કર્મ ન બાંધે.*

*ભગવન્ ! તે જીવ, જે અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાન, પાપકર્મી, સક્રિય, અસંવૃત્ત, એકાંતદંડ, એકાંતબાલ, એકાંત સુપ્ત, અવસન્ન ત્રસ-પ્રાણ ઘાતી, કાળમાસે કરીને નરકમાં ઉત્પન્ન થાય ? હા, થાય.*

*ભગવન્ ! તે જીવ જે અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાનપાપકર્મી છે, તે અહીંથી મરીને ભાવિમાં દેવ થાય ? ગૌતમ ! કેટલાંક દેવ થાય, કેટલાંક*



*દેવ ન થાય. ભગવન્ એમ કેમ કહ્યું કે કેટલાંક દેવ થાય અને કેટલાંક દેવ ન થાય ? ગૌતમ ! જે આ જીવો ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સન્નિવેશમાં અકામતૃષ્ણા-ક્ષુધા-બ્રહ્મચર્યવાસથી, અકામ અસ્નાન-શીત-આતપ-ડાંસ-મસગ-શ્વેદ-જલ્લ-મલ્લ-પંક-પરિતાપથી થોડા કે વધુ કાળ માટે આત્માને પરિક્લેશ આપે છે, આપીને કાળમાસે કાળ કરીને કોઈ વ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે, ત્યાં તેમની ગતિ, ત્યાં તેમની સ્થિતિ, ત્યાં તેમનો ઉપપાત કહ્યો છે.*

**● વિવેચન-૪૨ (ચાલુ) :-**

હવે કર્મબંધપૂર્વકપણાથી ઉપપાતની કર્મબંધ પ્રરૂપણા કહે છે - असंयतादि० અસંયત-અસંયમી, અવિરત-તપમાં વિશેષથી રત નહીં તે. અથવા કેમ અસંયત ? કારણ કે અવિરત-વિરતિ રહિત છે. ન પ્રતિહિત-સમ્યક્ત્વ પ્રાપ્તિથી હ્રસ્વીકૃત્ [ન કરેલ.] પ્રત્યાખ્યાતિ- સર્વ વિરતિના સ્વીકારથી પ્રતિષેધિત પાપકર્મ-જ્ઞાનાવરણાદિ જેણે તે. અથવા પ્રતિહત-નિંદા વડે અતીત કાળના કર્મો અને પ્રત્યાખ્યાત-નિવૃત્તિ વડે અનાગતકાળ ભાવી કર્મોને. પાપકર્મ-પ્રાણાતિપાતાદિ પાપક્રિયા જેણે તે. તેના નિષેધથી અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મી.

તેથી જ સકિરિય-કાયિકી આદિ ક્રિયાયુક્ત, અસંવૃત્ત-અનિરુદ્ધ ઈન્દ્રિય. એકાંત દંડ-સર્વથા જ પાપપ્રવૃત્તિથી આત્માને કે બીજાને દંડે છે તે. એકાંતબાલ-સર્વથા મિથ્યાદૃષ્ટિ. તેથી એકાંતસુપ્ત-સર્વથા મિથ્યાત્વ નિદ્રા વડે પ્રસુપ્ત. પાપકર્મ-જ્ઞાનાવરણાદિ અશુભ કર્મ, અણહાઈ-આશ્રવતિ અર્થાત્ બાંધે છે. હંત-કોમળ આમંત્રણ કે પ્રતિ અવધારણાર્થે છે. અણહાઈ-બાંધે છે, એ ઉત્તર છે. - x - x -

ત્રીજા સૂત્રમાં નન્નત્થ चरिममोहणिज्जं कम्मं० આદિ કહ્યું નન્નત્થ-કેવળ. ચરમમોહનીય સૂક્ષ્મસંપરાય ગુણ સ્થાનકમાં લોભ મોહનીય સૂક્ષ્મકિટ્ટિકારૂપ વેદતા વેદનીયને બાંધે છે. અયોગી જ વેદનીયના અબંધક હોવાથી આમ કહ્યું. ફરી મોહનીય ન બાંધે. કેમકે સૂક્ષ્મ સંપરાય મોહનીય-આયુ સિવાયની છ જ પ્રકૃતિના બંધક હોય. - x - x -

હવે ઉપપાતનું નિરૂપણ કરતા કહે છે — जीवे णं० આદિ. તેમાં उस्सणं - બહુલતાથી, કાલમાસે કાલંકિચ્ચ-મરણાવસરે મરીને.

इओचुए पेच्च० આ સ્થાન-મૃત્યુલોક રૂપ સ્થાનથી ચ્યવી-ભ્રષ્ટ થઈ, પ્રેત્ય-જન્માંતરે દેવ થાય. से केणट्ठेणं - હવે કયા કારણથી ? આ - પ્રત્યક્ષ દેખાતા જીવો-પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યરૂપ, ગ્રામાદિ પૂર્વવત્. अकाम - નિર્જરાદિની અભિલાષા વગરના. તૃષ્ણા-તૃષા તે અકામતૃષ્ણાથી, એ રીતે બીજા બે પદ. अकामअण्हागसीया० स्वेद - પરસેવો નીકળે કે લાગે, જલ્લ-રજમાત્ર, મલ્લ-કઠિનરૂપ, પંક-મલ જ પણ પરસેવાથી ભીનો થયેલ. અસ્નાનાદિ વડે જે પરિતાપ તે. થોડાં કે વધારે કાળ માટે. अण्णतर - ઘણાં મધ્યે કોઈ એક. વાણમંતર-વ્યંતર, દેવલોક-દેવજન મધ્યે. તસ્મિન્-વ્યંતર દેવલોકમાં. તેષામ્-અસંયતાદિ વિશેષણવાળા જીવોની, ગતિ-ગમન, ઠિઈ-

અવસ્થાન, ઉવવાઓ - દેવપણે ઉત્પન્ન થવું.

● સૂત્ર-૪૪ (અધુરેથી) :-

*ભગવન્ ! તે દેવોની કેટલાં કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! દશ હજાર વર્ષની છે. ભગવન્ ! શું તે દેવોને ઋદ્ધિ, ધુતિ, યશ, બલ, વીર્ય કે પુરુષાકાર પરાક્રમ હોય છે ? હા, હોય છે. ભગવન્ ! શું તે દેવો પરલોકના આરાધક હોય છે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*જે આ ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાધ, સંનિવેશમાં મનુષ્યો હોય છે જેવા કે — અંડુ બદ્ધક, નીગલબદ્ધક, હડિબદ્ધક, ચારગબદ્ધક, હાથ-પગ-કાન-નાક-હોઠ-જીભ-મસ્તક-મુખ-મધ્ય કે વૈકક્ષ છેદાયેલા એવા, હૃદય-નયન-દાંત કે વૃષભ ઉત્પાદિત કરાયા હોય, ગર્દન છેદાયેલ હોય, તંદુલવત્ છેદાયેલા હોય, ટુકડા કરીને માંસ ખવડાવાતું હોય, કુવા આદિમાં લટકાવેલા, વૃક્ષે લટકાવેલા, પત્થરાદિએ ઘસેલા, ધોલણ કરાયેલા, ફાડી નાંખેલા, પીલાયેલા, શૂળે પરહોવાયેલા, શૂળથી ભેદેલા, ખારવર્તિક, વધ્યવર્તિક, જનનેન્દ્રિય કાપેલ, દવાગ્નિમાં બાળેલ, કાદવમાં ડૂબેલ, કાદવમાં ખુંચેલ, વલય-વશાર્ત્ત-નિદાન કે અંતોશલ્યથી મરનારા, પર્વત-વૃક્ષ કે મરુભૂમિમાં પડીને મરનારા, પર્વત-વૃક્ષ કે મરુભૂમિના પડખાથી પોતાને આંદોલિત કરનારા, પાણી કે અગ્નિમાં પ્રવેશ કરનારા, વિષભક્ષણ કરનારા, શસ્ત્ર વડે ઉત્પાટિક, વૈહાનસિક, ગૃદ્ધસ્પૃષ્ટિક, કાંતારમૃતક, દુર્ભિક્ષ મૃતક, અસંક્લિષ્ટ પરિણામવાળા કાળમાસે કાળ કરીને કોઈ વ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે, ત્યાં તેમની ગતિ-સ્થિતિ-ઉપપાત કહ્યો છે.*

*ભગવન્ ! તે દેવની કેટલી કાળ-સ્થિતિ કહી છે ? ગૌતમ ! ૧૨,૦૦૦ વર્ષની સ્થિતિ છે. ભગવન્ ! તે દેવોની ઋદ્ધિ, ધુતિ, યશ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ હોય છે ? હા, છે. ભગવન્ ! તે દેવો પરલોકના આરાધક હોય છે ? ના, તે અર્થ સમર્થ નથી.*

● વિવેચન-૪૪ (ચાલુ) :-

इड्ढी - પરિવારાદિ સંપત્તિ, जुइ - ધુતિ, શરીર આભરણાદિ દીપ્તિ, जस - યશ, ખ્યાતિ. ક્યાંક ‘उट्ठाणे इ वा कम्मे इ वा’ પાઠ પણ છે. તેમાં ઉત્થાન-ઉર્ધ્વ થવું તે. કર્મ-ઉત્ક્ષેપણાદિ ક્રિયા. બલ-શારીરિક પ્રાણ, વીર્ય-જીવપ્રભવ પ્રાણ જ. પુરુષકાર-પુરુષાભિમાન, તે જ નિષ્પાદિત ફળ તે પરાક્રમ. હંતે-તેમજ છે. - X - અકામનિર્જરાથી પ્રાપ્ત દેવભવવાળા વ્યંતર, પરલોક-જન્માંતરના નિર્વાણસાધન અનુકૂળના, આરાધકા-નિષ્પાદક થાય છે ? એ પ્રશ્ન. नो इणट्ठे - ના, આ અર્થ समट्ठे - સંગત નથી. અહીં એવું કહેવા માંગે છે કે - જે સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક અનુષ્ઠાનથી દેવો થાય છે, તે અવશ્યપણે અનંતર કે પરંપર નિર્વાણને અનુકૂળ ભવાંતરને આવર્જે છે. તે સિવાયનાને ભજના [તેમ હોય કે ન હોય.]

से जे इत्यादि સૂત્ર વ્યક્ત છે. - X - અંડુબદ્ધગ-અંદુક, લાકડા કે લોઢાનું



હાથ કે પગનું બંધન વિશેષ. નિયલબદ્ધગ-નિગડ, લોઢાની પગની બેડી. હડિબદ્ધગ-ખોટક. ચારગબદ્ધગ-કેદખાનામાં બંધ. મુરવ-મુરજ, ગળાની ઘંટિકા, મજ્ઝ-મધ્ય ઉદરદેશ, વઈકચ્છચ્છિન્નગ-ઉત્તરાસંગ ન્યાયથી. છિન્નગ-વિદારેલ, ચીરેલ.

હિયઉપ્પાડિયગ-ઉત્પાટિત હૃદયવાળા, કલેજાનું માંસ ખેંચી કાઢેલ. વસલુપ્પા-ડિયગ-ઉત્પાટિત વૃષણ, અંડ ખેંચી કાઢેલ. તંડુલ છિન્નગ-ચોખા પ્રમાણ ખંડ-ખંડ કરેલ, કાગણિમંસ ખાઈય-શરીરનું કોમળ માંસ ઉખેડીને તેને જ ખવડાવવું. ઉલ્લંબિયગ-દોરડુ બાંધીને ખાડા આદિમાં ઉતારેલા. ઉલ્લંબિત પર્યાયા આવા ન હોય કેમકે તે વૈહાયસિક શબ્દથી કહેવાનાર છે. લંબિયગ-વૃક્ષની શાખાએ બાહુ બાંધી લટકેલ. ઘંસિયગ-ચંદનની જેમ પત્થર ઉપર ઘસેલ, ઘોલિયય-દહીંની જેમ મથેલ.

- - ફાલિયય-કુહાડા વડે લાકડાની જેમ ફાળેલ. બીજી પ્રતમાં પીલિયગ-યંત્ર વડે શેરડીની જેમ પીલાયેલ. સૂલાઈયગ-શૂળીમાં પરોવેલ, સૂલભિન્નગ-શૂળી વડે વિંધાયેલ. ખારવત્તિય-ક્ષાર વડે કે ક્ષારમાં-તોક્ષકવૃક્ષની ભસ્મ આદિથી નિર્મિત મહાક્ષારમાં ક્ષિપ્ત અથવા ક્ષારપાત્ર કરાયેલ-ક્ષાર પાત્રમાં નંખાયેલ. વજ્ઝવત્તિય-વાધરી વડે બાંધી દેવાયેલ, વર્દ્ધપાત્રમાં બાંધેલ. અથવા વિદારીને બાંધેલ.

સીહપુચ્છિયય-અહીં પુચ્છ શબ્દથી મેહન-લિંગ જાણવું. ઉપચારથી તેથી સીહપુચ્છ કરીને સંજાત છે તે સિંહપુચ્છિતા, સિંહને જ મૈથુનથી નિવૃત્ત કરવા અતિ આકર્ષણ-ખેંચવાથી કદાચ લિંગ તુટે છે. તેમ જે ક્વચિત્ અપરાધમાં રાજપુરુષો વડે તુટેલા લિંગવાળા કરાય છે, તે સિંહપુચ્છિતક કહેવાય છે અથવા કૃકાટિકાથી પૂતપ્રદેશ-કુલના પ્રદેશમાં આવી વાધરી ઉતારીને સિંહપુચ્છાકાર કરાય છે તે સિંહપુચ્છિતા.

દવગ્ગિદડ્ઢગ-દાવાનલ વડે જે દગ્ધ તે. પંકોસન્નગ-કાદવમાં જે અવસન્ન-સર્વથા નિમગ્ન તે. પંકેખુત્તગ-કાદવમાં કંઈક ડૂબેલ, કેવળ તેને પાર ઉતરવામાં અશક્ત. વલયમયગ-સંયમથી ભ્રંશ થતા અથવા ભુખ આદિ વડે પીડિત થઈને મરેલ તે. વસટ્ટમયગ-વિષય પરતંત્રતાથી પીડાઈને મરેલ, અથવા વિષય પરતંત્રતાને પામેલ તે વશાર્ત્ત, તેવા થઈને જે મર્યા હોય તે. શબ્દાદિ રક્ત હરણાદિવત્.

નિયાણમયગ-નિદાન કરીને બાળતપ-આચરણાદિ યુક્ત થઈને જે મરેલ હોય તે. અંતોસલ્લમયગ-ન ઉદ્ધરેલ ભાવશલ્ય મધ્યવર્તી ભાલા આદિ શલ્ય વાળો થઈને જે મરે તે. ગિરિપડિયગ-ગિરિ-પર્વતથી પતિત અથવા ગિરિ-મહાપાષાણ જેના ઉપર પડે તે. આ પ્રમાણે તરુપતિતકા. મરુપડિયગ-મરુ એટલે નિર્જળ દેશમાં જે પતિત છે, તે તથા, મરુ - નિર્જળ દેશનો એક ભાગ વિશેષ અર્થાત્ સ્થળ, તેમાં પતિત છે જે તે. ક્યાંક ‘ભરપડિયગ’ પદ છે. તેમાં ભાર-તૃણ, કપાસ આદિ ભારથી પતિત કે જેના ઉપર ભાર પડાયેલ છે તે.

ગિરિપક્ખંદોલયા-ગિરિ પક્ષે - પર્વત પાર્શ્વમાં અથવા છિન્ન ટંકગિરિમાં પોતાને અંદોલય કરે છે, મારવાને માટે પાડે છે. આ રીતે વૃક્ષના પાર્શ્વથી અંદોલકાદિ પણ કહેવું. સત્થોવાડિયગ-શસ્ત્ર વડે પોતાને મરવાને માટે વિદારે છે, તે. વેહાયસિ-આકાશમાં, વૃક્ષનતી શાખાએ પોતાને લટકાવીને જે મરણ થાય છે, તે વૈહાયસ, તે

જેમાં છે તે વેહાનસિક મરણ. ગિદ્ધપિટ્ઠગ-મરણને માટે મરેલ મનુષ્ય, હાથી, ઉંટ, ગધેડાદિના દેહમાં પ્રવિષ્ટ થઈને ગીધોની ચાંચોથી વિદારિત થઈને મરે છે તે ગૃધ્રસ્પૃષ્ટક. અસંકિલિષ્ટ પરિણામ-સંક્લિષ્ટ પરિણામવાળા મહાઆર્ત્તરૌદ્ર ધ્યાન વશ થઈ દેવત્વને પામતા નથી માટે.

● સૂત્ર-૪૪ (અધુરેથી) :-

*તે જે આ ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશોમાં મનુષ્યો હોય છે, તે જેમકે — પ્રકૃતિભદ્રક, પ્રકૃતિઉપશાંતક, પ્રકૃતિપ્રતનું ક્રોધ-માન-માયા-લોભ, મૃદુ માર્દવસંપન્ન, આલીન, વિનીત, માતા-પિતાની સેવા કરનારા, માતા-પિતાના વચનોનું અતિક્રમણ ન કરનારા, અલ્પેચ્છા, અલ્પારંભ, અલ્પપરિગ્રહ, અલ્પ આરંભ વડે, અલ્પ સમારંભ વડે, અલ્પ આરંભસમારંભ વડે આજીવિકાને કરતા, ઘણાં વર્ષો આયુષ્ય પાળે છે. પાળીને કાળમાસે કાળ કરીને કોઈ એક વ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં જ તેમની ગતિ, તેમની સ્થિતિ, તેમનો ઉપપાત કહ્યો છે.*

*ભગવન્ ! તે દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! ચૌદ હજાર વર્ષની સ્થિતિ છે.*

● વિવેચન-૪૪ (ચાલુ) :-

પગઈભદ્દગ-સ્વભાવથી જ, બીજાની અનુવૃત્તિ આદિથી નહીં ભદ્રક-પરોપકાર કરવાના સ્વભાવવાળા. પગઈઉવસંત-ક્રોધોદયના અભાવથી ઉપશાંત. પગઈતણુકોહ-માણમાયલોહ-કષાયનો ઉદય થવામાં પાતળા ક્રોધાદિ ભાવ. મિઉમદ્દવસંપન્ન-મૃદુ જે માર્દવ-અતિશય અહંકારના જયને જે પ્રાપ્ત છે તે. આલીન-ગુરુને આશરે રહેલ. ભદ્દગ-અનુપતાપક, સેવ્ય શિક્ષાગુણથી. તેથી જ વિનીત. એ જ કહે છે —

અમ્માપિઊણ સુસ્સૂસગા-માતાપિતાના શુશ્રૂષક-સેવક. તેથી જ અમ્માપિઊણ અણઈક્કમણિજ્જવયણા-માતાપિતાના વચનને તેઓ ઉલ્લંઘતા નથી તે. અપ્પિચ્છા-મહેચ્છારહિત. અલ્પારંભપરિગ્રહ-અહીં આરંભ-પૃથ્વી આદિ જીવોનું ઉપમર્દન, કૃષિ આદિ રૂપ, પરિગ્રહ-ધન-ધાન્યાદિનો સ્વીકાર. આ જ વાત વાક્યાંતરથી કહે છે — अप्पेण आरंभेण ઈત્યાદિ. અહીં આરંભ-જીવોનો વિનાશ, સમારંભ-તેમને જ પરિતાપ કરવો તે. આરંભ સમારંભ, તે આ બંને જાણવા. વિત્તિં-વૃત્તિ, આજીવિકા, કપ્પેમાણ—કરતાં.

● સૂત્ર-૪૪ (અધુરેથી) :-

*તે જે આ ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશોમાં જે સ્ત્રીઓ હોય છે તે આ રીતે — અંતઃપુરની અંદર રહેનારી, પતિ પરદેશ ગયો હોય, મૃતપતિકા, બાળવિધવા, પતિ દ્વારા પરિત્યક્ત, માતૃરક્ષિતા, પિતૃરક્ષિતા, ભ્રાતૃરક્ષિતા, કુલગૃહરક્ષિતા, શ્વશૂર કુળ રક્ષિતા, [સંસ્કારના અભાવે] જેના નખ, માંસ, કેશ, કક્ષાના વાળ*



*વધી ગયા હોય, પુષ્પ-ગંધ-માળા-અલંકાર રહિત હોય, જે અસ્નાન, શ્વેદ, જલ્લ, મલ, પંકથી પરિતાપિત હોય, જે દૂધ-દહીં-માખણ-ઘી-તેલ-ગોળ-નમક-મધુ-મદ્ય-માંસરહિત આહાર કરતી હોય જે અલ્પેચ્છા, અલ્પારંભી, અલ્પ પરિગ્રહી હોય, જે અલ્પ આરંભ, અલ્પ સમારંભ, અલ્પ આરંભસમારંભ વડે આજીવિકા ચલાવતી હોય, અકામ બ્રહ્મચર્યવાસ વડે. તે પતિ-શય્યા અતિક્રમતી ન હોય, તેવી સ્ત્રીઓ આવા સ્વરૂપના વિહારથી વિચરતી ઘણાં વર્ષો આયુ ભોગવી ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ ૬૪,૦૦૦ વર્ષની સ્થિતિ કહી છે.*

● વિવેચન-૪૪ (ચાલુ) :-

से जाओ इमाओ - હવે જે આ [સ્ત્રીઓ] અંતો અંતેઉરી-અંતઃપુરની મધ્યે રહેલી. કુલઘરરક્ખિયાઓ - પિતૃગૃહે રહેલી. ક્યાંક मित्तनाइनियगसंबंधिरक्खियाओ પાઠ છે. તેમાં મિત્રો-પિતા કે પતિ આદિના અથવા તેમના જ સુહૃદ, એ પ્રમાણે જ્ઞાતિજન-મામા આદિ સ્વજન, નિજક-ગોત્રીય, સંબંધી-દિયર આદિ રૂપ, परूढणहकेस० વૃદ્ધિને પામેલ વિશિષ્ટ સંસ્કારના અભાવથી નખાદિ જેના તે પાઠાંતરમાં 'પરૂઢનહકે-સમંસુરોમાઓ' છે. અહીં શ્મશ્રૂ-દાઢી, મુંછના વાળ. તે જો કે સ્ત્રીઓને હોતા નથી, તો પણ કોઈકને થોડા-થોડા હોય છે માટે તેનું ગ્રહણ કરેલ છે. अण्हाणगसेय० સ્નાન ન કરવાના કારણે પરસેવા આદિ વડે પરિતાપ જેણીને છે તે. તેમાં સ્વેદ-પરસેવો, જલ્લ-રજમાત્ર, મલ-તે જ કઠિન થયેલ. પંક-પરસેવાથી ભીનો થયેલ મેલ. ववगयखीरदहि० ઈત્યાદિ. જેમાંથી ક્ષીર-દૂધ આદિ ચાલ્યા ગયા છે તે, તથા મધુ આદિનો ત્યાગ કરેલ છે જેના વડે તેણી, આવા પ્રકારનો આહાર જેણી વડે કરાય છે તે. पइसेज्जं नाइक्कमंति - જે મૈથુનને આશ્રીને તે જ પતિશય્યા-ભર્તા સાથે શયનને ઉલ્લંઘતી નથી અર્થાત્ ઉપપતિની સાથે આશ્રય કરતી નથી.

● સૂત્ર-૪૪ (અધુરેથી) :-

*તે જે આ ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશોમાં મનુષ્યો હોય છે. તે આ પ્રમાણે — બીજું જળ [ભાત અને પાણી], ત્રીજું જળ, સાતમું જળ, અગીયારમું જળ, ગોતમ, ગોવ્રતીક, ગૃહીધર્મા, ધર્મચિંતક, અવિરુદ્ધ-વિરુદ્ધ-વૃદ્ધ-શ્રાવક વગેરે, તે મનુષ્યોને આ નવ રસવિગઈનો આહાર કરવો કલ્પતો નથી. તે આ પ્રમાણે — દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધુ, મદ્ય, માંસ. એક સરસવ વિગઈ સિવાય બીજી કોઈ વિગઈનું સેવન ન કરે. તે મનુષ્યો અલ્પેચ્છા ઈત્યાદિ પૂર્વવત્. માત્ર ૮૪,૦૦૦ વર્ષની સ્થિતિ કહી છે.*

● વિવેચન-૪૪ (ચાલુ) :-

दगबीय - ભાત, દ્રવ્યની અપેક્ષાએ દક-ઉદક, પાણી બીજું જેના ભોજનમાં છે તે. दगतइय - ઓદનાદિ બે દ્રવ્યની અપેક્ષાએ ત્રીજું પાણી જેમાં છે તે. दगसत्तम - ઓદનાદિ છ દ્રવ્યની અપેક્ષાએ સાતમું પાણી જેના ભોજનમાં છે તે. આ પ્રમાણે दगएक्कारसम પણ જાણવું. गोतमगोव्वइयगिहिधम्म० ઈત્યાદિ. ગૌતમ-નાનો બળદ,

તેના વડે ગૃહીત પાદપતનાદિ વિચિત્ર શિક્ષાથી જનચિત્ત આક્ષેપ દક્ષથી ભિક્ષા માટે ભમે તે. ગોવ્વઈય - જેને ગોવ્રત છે, તે ગાય ગામથી નીકળતા નીકળે છે, ચરે ત્યારે ખાય છે, પીએ ત્યારે પીએ છે, ગાય આવે ત્યારે આવે છે, સુએ ત્યારે સુવે છે. કહ્યું છે કે — ગાયની જેમ જ નિર્ગમ-પ્રવેશ-શયન-આસન કરે છે, ગાયની જેમ ખાય છે અને તિર્યક્વાસ ધારણ કરે છે.

ગૃહીધર્મી-ગૃહસ્થ ધર્મ જ કલ્યાણકારી છે, એમ માનીને દેવ, અતિથિને દાનાદિ રૂપ ગૃહસ્થધર્મને અનુસરે છે. ધર્મચિંતક-ધર્મશાસ્ત્રપાઠક અર્થાત્ સભાસદ. અવિરુદ્ધ-વૈનયિક. કહ્યું છે — દેવ આદિને પરમ ભક્તિથી વિનય કરનાર તે અવિરુદ્ધ, જે રીતે વૈશ્યાયનસુત, આ પ્રમાણે બીજા પણ જાણવા. વિરુદ્ધ-અક્રિયાવાદી, કેટલાક આત્માને ન સ્વીકારીને બાહ્યાંતર વિરુદ્ધત્વથી. વૃદ્ધ-તાપસ, વૃદ્ધ કાળમાં જ દીક્ષાનો સ્વીકાર કરે છે માટે. આદિનાથના કાળમાં ઉત્પન્નત્વથી સર્વે લિંગિ-વેશવાળા કે સાધુમાં આદ્યપણાથી વૃદ્ધ. શ્રાવક-ધર્મશાસ્ત્રના શ્રવણથી. બ્રાહ્મણ-વૃદ્ધશ્રાવક. આ બધાં જેની આદિમાં છે તે.

નવનીત-માખણ, સર્પિસ્-ઘી, ફાણિય-ગોળ. તેમાં માત્ર સરસવના તેલનો આહાર નિષેધ નથી. બાકીનીનું વર્જન કરે છે.

**● સૂત્ર-૪૪ (અધુરેથી) :-**

***તે જે આ ગંગાકૂલકા વાનપ્રસ્થ તાપસો હોય છે. તે આ પ્રમાણે — હોતૃક, પોતૃક, કોતૃક, યાજ્ઞિક, શ્રાદ્ધકી, ધાલકી, હંબઉટ્ઠ-કુંડી ધારણ કરનાર, દંતુકખલિક-ફલભોજી, ઉન્મજ્જક, સંમાર્જક, નિમજ્જક, સંપ્રક્ષાલા, દક્ષિણકૂલક, ઉત્તરકૂલક, શંખધમક, કૂલધમક, મૃગ લુબ્ધક, હસ્તિતાપસ, ઉદ્દંડક, દિશાપ્રોક્ષી, વલ્કવાસી, અંબુવાસી, બિલવાસી, જલવાસી, વેલવાસી, વૃક્ષમૂલિક, અંબુભક્ષી, વાયુભક્ષી સેવાલભક્ષી, મૂલાહારી, કંદાહારી, ત્વચાહારી, પત્રાહારી, પુષ્પાહારી, બીજાહારી, પરિસડિત કંદ-મૂલ-ત્વચા-પત્ર-પુષ્પ-ફળાહારી, જલાભિષેક કઠિનગાત્રભૂત, પંચાગ્નિતાપ વડે આતાપના લેનાર, અંગારામાં પકાવેલ, ભાડમાં ભુંજેલ, પોતાના દેહને અંગારામાં પાકી હોય તેવી કરતા, ઘણાં વર્ષો તાપસ પર્યાય પાળે છે, પાળીને કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી જ્યોતિષ્ક દેવોમાં દેવપણે ઉત્પન્ન થાય છે. પલ્યોપમ અને લાખ વર્ષ અધિકની સ્થિતિ હોય છે. આરાધક થાય ? ના, તે અર્થ સમર્થ નથી.***

**● વિવેચન-૪૪ (ચાલુ) :-**

ગંગાકૂલગ - ગંગાકૂલ આશ્રિતા, વાનપ્પત્થ-વનમાં પ્રસ્થાન ગમન કે અવસ્થાન તે વાનપ્રસ્થ, તે જેમાં હોય છે તેવી અવસ્થા, બ્રહ્મચર્ય-ગૃહસ્થ-વાનપ્રસ્થ અને યતિ એ ચારમાં ત્રીજા આશ્રમ વર્તીઓ. હોતૃક-અગ્નિ હોત્રિક, પોતૃક-વસ્ત્રધારી, કોતૃક-ભૂમિ એ સુનારા, યાજ્ઞિક-યજ્ઞ કરનારા, સઙ્ઢઈ-શ્રાદ્ધિક, થાલઈ-ભાંડ લઈ ફરનારા, હુંબઉટ્ઠ-કુંડિકાધારી શ્રમણ, દંતુખલિય-ફળભોજી, ઉમ્મજ્જક-ઉન્મજ્જન માત્રથી જે ન્હાય છે, સંમજ્જગ-ઉન્મજ્જનની જેમ અસકૃત્કરણથી જે ન્હાય છે, નિમ્મજ્ક-સ્નાન



માટે નિમગ્ન જ જે ક્ષણવાર રહે છે. સંપક્ખાલ-માટી આદિને ઘસવા પૂર્વક જે શરીરને પ્રક્ષાલે છે. દક્ષિણકૂલક-જે ગંગાના દક્ષિણતટે જ વસે છે તે. ઉત્તરકૂલગ-ઉક્તથી વિપરીત, સંખધમગ-શંખ વગાડીને જે જમે છે, જ્યાં અન્ય કોઈપણ આવતા નથી. કૂલધમગ-જે તટે રહીને શબ્દ કરીને ખાય છે. મૃગલુબ્ધક-પ્રસિદ્ધ છે. હસ્તિતાપસ-જે હાથીને મારીને તેના વડે જ ઘણો કાળ ભોજનથી જીવન વીતાવે છે —

— ઉડ્ડંડગ-દંડ ઉંચો કરીને જે સંચરે છે. દિશાપ્રોક્ષિણ-જળ વડે દિશાને પ્રોક્ષીને જે ફળ પુષ્પાદિ એકઠા કરે છે. વાકવાસિ-વલ્કલના વસ્ત્રોવાળા, ચેલવાસી-વસ્ત્રવાસી. પાઠાંતરથી વેલવાસી-સમુદ્ર વેળાની નીકટ વસે છે. જલવાસી. જે જળમાં ડૂબીને જ રહે છે. બાકી પ્રસિદ્ધ છે. વિશેષ એ કે — 'જલાભિસેયકઢિણગાયા' જે સ્નાન કર્યા વિના ખાતા નથી, અથવા સ્નાન કરીને પાંડુરીભૂત ગાત્રવાળા રહે છે. પાઠાંતરથી જલાભિષેક કઠિન ગાત્રને પ્રાપ્તા જે છે તે. ઇંગાલસોલ્લિય-અંગાર વડે જે પકાવેલ, કંડુસોલ્લિય-કંદુમાં પકાવેલ એવું, લાખ વર્ષ અધિક પલ્યોપમ.

**● સૂત્ર-૪૪ થી ૪૮ :-**

***[૪૪-અધુરેથી] તે જે આ ગામ યાવત્ સંનિવેશોમાં દીક્ષા લઈને શ્રમણો થાય છે. જેમકે — કંદર્પિક, કૌકુત્યિક, મૌખરિક, ગીતરતિપ્રિય, નર્તનશીલ, તેઓ આ વિહારથી વિચરતા ઘણાં વર્ષો શ્રામણ્યપર્યાય પાળે છે, પાળીને, તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને, ઉત્કૃષ્ટથી સૌધર્મકલ્પમાં કંદર્પિક દેવોમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં જ તેમની ગતિ-સ્થિતિ-ઉપપાત હોય છે. વિશેષ એ કે ૧૦૦૦ વર્ષ અધિક પલ્યોપમની સ્થિતિ હોય છે.***

***તે જે આ ગામ યાવત્ સંનિવેશમાં પરિવ્રાજકો હોય છે. જેમકે — સાંખ્ય, યોગી, કપિલ, ભાર્ગવ, હંસ, પરમહંસ, બહૂદક, કુટીચર, કૃષ્ણ પરિવ્રાજકો હોય છે. તેમાં આ આઠ બ્રાહ્મણ પરિવ્રાજકો કહ્યા છે —***

***[૪૫] કૃષ્ણ, કરંડક, અંબડ, પરાસર, કર્ણ, દ્વીપાયન, દેવગુપ્ત અને નારદ. - - - [૪૬] તેમાં નિશ્ચે આ આઠ ક્ષત્રિય પરિવ્રાજકો હોય છે [૪૭] તે આ — શીલધી, શશિધર, નગ્નક, ભગ્નક, વિદેહ, રાજારાજ, રાજારામ, બલ.***

***[૪૮] તે પરિવ્રાજકો ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ, અથર્વણવેદ, પાંચમો ઈતિહાસ, છટ્ઠુ-નિગ્ઘંટ તે છ ને સંગોપાંગ, સરહસ્ય ચારે વેદના સ્મારક, પારગ, ધાર, વારક, ષડ્ અંગવિદ્, ષષ્ઠિતંત્ર વિશારદ, સંખ્યાન, શિક્ષાકલ્પ, વ્યાકરણ, છંદ, નિરુક્ત, જ્યોતિષ્ શાસ્ત્ર તથા અન્ય બ્રાહ્મણ શાસ્ત્રોમાં સુપરિનિષ્ઠિત હોય છે.***

***તે પરિવ્રાજકો દાનધર્મ, શૌચધર્મ, તિર્થાભિષેકને આખ્યાન કરતા, પ્રજ્ઞાપના કરતા, પ્રરૂપણા કરતા વિચરે છે. તેમના મતે જે કોઈ અશુચી થાય છે, તે જળ અને માટી વડે પ્રક્ષાલિત કરતા શુચિ-પવિત્ર થાય છે. એ પ્રમાણે અમે ચોકખા-ચોકખા આચારવાળા, શુચિ-શુચિ સમાચારવાળા થઈને અભિષેકજળ દ્વારા અમને***

***પોતાને પવિત્ર કરી નિર્વિઘ્ને સ્વર્ગે જઈશું.***

***તે પરિવ્રાજકોને માર્ગે ચાલતા કૂવા, તળાવ, નદી, વાવડી, પુષ્કરિણી, દીર્ધિકા, ગુંજાલિકા, સરોવર, સાગરમાં પ્રવેશવું કલ્પતું નથી. ગાડા યાવત્ સ્યંદમાનિકામાં બેસીને જવાનું કલ્પતું નથી.***

***તે પરિવ્રાજકોને ઘોડા, હાથી, ઉંટ, બળદ, પાડા, ગધેડા ઉપર બેસીને જવું કલ્પતું નથી, તે પરિવ્રાજકોને નટપ્રેક્ષા યાવત્ માગધપ્રેક્ષા જોવાનું કલ્પતું નથી. તે પરિવ્રાજકોને લીલી વનસ્પતિનો સ્પર્શ કરવો - ઘટ્ટન કરવું - સ્તંભન-લૂસણ-ઉત્પાટન કરવાનું કલ્પતું નથી.***

***તે પરિવ્રાજકોને સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજકથા, ચોરકથા રૂપ અનર્થદંડ કરવો કલ્પતો નથી. તે પરિવ્રાજકોને લોહપાત્ર, રાંગપાત્ર, તંબપાત્ર, જસત્પાત્ર, શીશાપાત્ર, રૂપ્યપાત્ર, સુવર્ણપાત્ર કે અન્ય કોઈ બહુમૂલ્ય (પાત્ર) ધારણ કરવું કલ્પતું નથી. માત્ર તુંબપાત્ર, કાષ્ઠપાત્ર અને માટીપાત્ર કલ્પે છે. તે પરિવ્રાજકોને લોહબંધન, રાંગબંધન, તંબ બંધન યાવત્ બહુમૂલ્ય (બંધન) ધારણ કરવું કલ્પતું નથી.***

***તે પરિવ્રાજકોને વિવિધ વર્ણરાગ રક્ત વસ્ત્રો ધારણ કરવા કલ્પતા નથી. માત્ર એક ધાતુરક્ત વસ્ત્ર કલ્પે. તે પરિવ્રાજકને હાર, અર્ધહાર, એકાવલિ, મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ, મુરવી, કંઠમુરવિ, પ્રાલંબ, ત્રિસરક, કટિસૂત્રક, દશમુદ્રિકાનંતક, કડક, ત્રુટિત, અંગદ, કેયુર, કુંડલ, મુગટ, ચૂડામણિને ધારણ કરવા ન કલ્પે માત્ર તામ્રપવિત્રક કલ્પે.***

***તે પરિવ્રાજકને ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ ચાર પ્રકારની માળા ધારણ કરવી ન કલ્પે, માત્ર એક કર્ણપૂરક કલ્પે. તે પરિવ્રાજકને અગલુ-ચંદન-કુંકુમ વડે શરીરને અનુલિંપન કરવું ન કલ્પે. માત્ર એક ગંગાની માટી વડે લેપન કલ્પે છે તેમને માગધ પ્રસ્થક જળ લેવું કલ્પે છે. તે પણ વહેતુ-ન વહેતુ નહીં, તે પણ સ્વચ્છ પણ કાદવવાળું પાણી નહીં, તે પણ ઘણું પ્રસન્ન-સાફ પણ ઘણું અપ્રસન્ન-ગંદુ નહીં. તે પણ ગાળેલું-ગાળ્યા વિનાનું નહીં. તે પણ દેવાયેલુ-અદત્ત પાણી નહીં, તે પણ પીવાને માટે, હાથ-પગ-ચરુ-ચમસ-પ્રક્ષાલન કે ન્હાવા માટે નહીં.***

***તે પરિવ્રાજકોને માગધ તોલ મુજબ અર્ધ આઢક પ્રમાણ જળ લેવું કલ્પે છે, તે પણ વહેતુ-ન વહેતુ નહીં યાવત્ અદત્ત નહીં. તે પણ હાથ-પગ-ચરુ-ચમસ-પ્રક્ષાલનને માટે પીવા કે ન્હાવા માટે નહીં.***

***ને પરિવ્રાજકો આવા પ્રકારના વિહારથી વિચરતા ઘણાં વર્ષોનો પર્યાય પાળીને, કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી બ્રહ્મલોક કલ્પે દેવપણે ઉપજે છે. ત્યાં જ તેમની ગતિ-સ્થિતિ છે. તે સ્થિતિ દશ સાગરોપમની કહી છે.***

***બાકી પૂર્વવત્ જાણવું.***

**● વિવેચન-૪૪ થી ૪૮ :-**

સમણ - નિર્ગ્રન્થ, સાધુ. કંદપ્પિય-વિવિધ હાસ્યકારી, કુક્કુઈય-કુત્સિત ચેષ્ટાદિ





કરનાર, જે ભ્રમર-નયન-વદન-કર-ચરણ આદિ વડે ભાંડની જેમ ચેષ્ટા કરે છે જેમકે - પોતે હસે છે અને બીજાને હસાવે છે. મોહરિય-મુખરતા, વિવિધ અસંબદ્ધ પ્રલાપ. ગીયરઇપિય ગીત વડે જે રતિ-રમણક્રીડા, તે જેને પ્રિય છે તે અથવા ગીતરતિક લોકો પ્રિય જેને છે તે. સામણપરિયાગ-શ્રામણ્ય પર્યાય, સાધુત્વ.

પરિવ્વાયગ-તેમાં સંખ-સાંખ્ય, બુદ્ધિ-અહંકારદિ કાર્ય, ગ્રામવાદી, પ્રકૃતિ અને ઈશ્વરને જગત્ના કારણરૂપે સ્વીકારનારા. જોઈ - યોગી, અધ્યાત્મ શાસ્ત્ર અનુષ્ઠાયી. કવિલ-કપિલ જેમનો દેવતા છે તે. સાંખ્ય-નિરીશ્વર. ભિઉચ્ચ-ભૃગુ, લોકપ્રસિદ્ધ ઋષિ વિશેષ, તેમના આશિષ્ય તે ભાર્ગવ. હંસ-પરમહંસ-બહૂદક-કુડિવ્રતા, આ ચારે પરિવ્રાજકના મતના યતિ વિશેષ છે. તેમાં ‘હંસ’, જે પર્વત, કુહર, પથ, આશ્રમ, દેવકુલ, આરામના નિવાસી ભિક્ષાર્થે ગામમાં પ્રવેશે છે. ‘પરમહંસ’ જે નદીપુલિન સમાગમ પ્રદેશમાં વસે છે. ચીર કૌપીન અને કુશને ત્યાગીને પ્રાણોને ત્યાગે છે. બહૂદકો ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ પ્રાપ્ત ભોગોને ભોગવે છે. કુટીવ્રતા-કુટીચર, તેઓ ઘરમાં વર્તનારા, ક્રોધ-લોભ-મોહ રહિત અને અહંકારને વર્જનારા હોય છે.

કણ્હપરિવ્વાયગ-કૃષ્ણ પરિવ્રાજક, એ પરિવ્રાજક વિશેષ છે, કેટલાંક નારાયણ-ભક્તિક કહે છે. કંડૂ આદિ સોળ પરિવ્રાજકો લોકથી જાણવો. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ. પછી પાંચમો ઈતિહાસ અર્થાત્ પુરાણ. છટ્ઠો નિઘંટુ નામે નામકોશ છે. સંગોવંગ-તેમાં અङ्ग - શિક્ષા આદિ, उपांग - અંગના વિસ્તારનો પ્રબંધ. સરહસ્સ-રહસ્ય સહિત, ઐદંપર્યયુક્ત. ચારે વેદોના सारय - અધ્યાપન દ્વારથી પર્વતક અથવા સ્મારક, બીજા વિસ્મૃત કરેલાને સ્મરણ કરાવવાથી. પારય-પર્યન્તગામી, ધારય-ધારણ કરવાને ક્ષમ. સડંગવી-ષડ્ અંગવિદ્, શિક્ષાદિ વિચારક. સટ્ઠિતંતવિસારય-કાપિલીયતંત્ર પંડિત.

સંખાણ-સંખ્યાન, ગણિતસ્કંધમાં સુપરિનિષ્ઠિત. હવે ષડંગોને દર્શાવતા કહે છે – सिक्खाकप्प તેમાં શિક્ષા-અક્ષરના સ્વરૂપનું નિરૂપક શાસ્ત્ર, કલ્પ-તથાવિધ સમ-આચાર નિરૂપક શાસ્ત્ર જ, તે શિક્ષાકલ્પ. વાગરણ-શબ્દ લક્ષણ શાસ્ત્ર, છંદ-પદ્યવચન લક્ષણ શાસ્ત્ર, નિરુત્ત-શબ્દની નિરુક્તિનું પ્રતિપાદક. જોઈસમાયણ-જ્યોતિષ્ શાસ્ત્ર અને બીજા પણ ઘણાં બ્રાહ્મણોના-વેદ વ્યાખ્યાનરૂપ બ્રાહ્મણ સંબંધી શાસ્ત્ર કે આગમ. બીજી વાચનામાં ‘‘પરિવ્રાજક સંબંધી નયોમાં’’ એવો પાઠ પણ છે. સુપરિનિટ્ઠિય-સુનિષ્ણાંત પણ હોય છે.

આઘવેમાણ - કહેતા, પણ્ણવેમાણ-બોધ કરતાં, પરૂવેમાણ અર્થાત્ ઉપપત્તિ વડે સ્થાપના કરતા. ચોક્ખા ચોક્ખાચાર-વિમલ દેહ નેપથ્યવાળા, નિરવદ્ય વ્યવહારવાળા. શું કહેવા માંગે છે ? શુચિ-શુચિ આચારવાળા. અભિસેયજલપૂયપ્પાણ-અભિષેકથી જળ વડે આત્મા પવિત્રિત કરાય છે તે. તથા અવિગ્ઘેણ-વિઘ્નના અભાવથી અગડ-કૂવો, વાવિ-વાપી, ચારકોણ જળાશય વિશેષ, પુક્ખરિણી-પુષ્કરિણી, કમળથી યુક્ત એવું વર્તુળ જળાશય. દીહિય-દીર્ધિકા, સારણી. ગુંજાલિય-ગુંજાલિકા અર્થાત્ વક્ર

સારણી. સરસિ-મોટું સરોવર. - x - x -

સગડ૦ ગાડું, અહીં યાવત્ કરણથી આ પ્રમાણે જાણવું — રથ, યાન, યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, પ્રહરણ કે શીબિકા. આ બધાંની વ્યાખ્યા પૂર્વવત્ કરવી. હસ્તિકાયની લેસણયા - સંશ્લેષણતા, સ્પર્શ ઘટ્ટણયા-સંઘટ્ટન, થંભણયા-સ્તંભન, ઉર્ધ્વીકરણ. ભૂસણયા-હાથ વડે પનકાદિનું સંમાર્જન. ઉપ્પાડણયા-ઉન્મૂલન.

अयपायाणि૦ અહીં યાવત્ શબ્દથી ત્રપુક, સીસું, કરજન, જાત્યરૂપું, - x - લોહ, કાંસુ, હારપુટ, મણિ, શંખ, દાંત, ચર્મ, ચેલ, શૈલ શબ્દ વિશેષિત પાત્રો. અન્ય તેવા પ્રકારના મહદ્ધણ મોલ્લ. તેમાં अय - લોઢું, રજત-રૂપું, જાતરૂપ-સુવર્ણ, કાચ-પત્થરનો વિકાર. વેડંતિય-રૂઢિથી જાણવું. વૃત્તલોહ-ત્રિકુટી. કાંસ્યલોહ-કાંસાનું જ, હારપુટક-મુક્તાશુક્તિપુટ, રીતિકા-પીતલ. તેમાંના કોઈ એક, અનાથી વ્યતિરિક્ત કે તેવા પ્રકારના ભોજનાદિ કાર્યકરણ સમર્થ. મહત્-પ્રભૂત, ધન-દ્રવ્ય, મૂલ્ય-પ્રતીત. અલાબુપાત્ર-તુંબડાનું વાસણ.

અયબંધન૦ યાવતકરણથી ત્રપુકબંધનથી શૈલબંધન સુધી પાત્રાની જેમ જાણવું. - x - બીજી પ્રતમાં આ બંને સૂત્ર આ પ્રમાણે સમગ્ર છે. માત્ર ધાતુરક્તવસ્ત્ર સિવાય. અહીં યુગલિક વસ્ત્ર જાણવા. હાર આદિ પૂર્વવત્. માત્ર 'દશમુદ્રિકાનંતક' રૂઢ શબ્દત્વથી હાથની આંગળીની દશ મુદ્રિકા જાણવી. पवित्तएण - અંગુલીયક. ગ્રંથિમ-ગ્રંથન વડે રચેલી માળારૂપ, વેષ્ટિમ-માળાને વીંટીને બનાવેલ, પુષ્પલંબૂસક આદિ. પૂરિમ-પૂરણ દ્વારા નિર્વૃત્ત, પરસ્પર નાળ પ્રવેશન વડે માલ્યની વિશિષ્ટ રચના. - x - કણ્ણપૂરણ-કર્ણપૂરક, પુષ્પમય કર્ણ આભરણ.

માગધક પ્રસ્થક-બે અસતીની એક પ્રસૃતિ, બે પ્રસૃતિ વડે એક સેતિકા. ચાર સેતિકાનો એક કુડવ, ચાર કુડવનો એક પ્રસ્થક થાય છે. ચાર પ્રસ્થકનો આઢક, ચાર આઢકનો દ્રોણ થાય છે. આવા પ્રકારના લક્ષણથી લક્ષિત માગધપ્રસ્થ છે. તે પણ વહેતા જળમાંથી અર્થાત્ નદ્યાદિ શ્રોતવર્તી લેવો. સ્તિમિત ઓદક-જેની નીચે કાદવ ન હોય તે. બહુપ્રસન્ન-અતિ સ્વચ્છ. પરિપૂત-વસ્ત્ર વડે ગાળેલ. પિબિત્તએ-પીવા માટે, ચરુચમસ-થાળી વિશેષ અને દર્વિકા, કડછી.

● સૂત્ર-૪૯ :-

*તે કાળે, તે સમયે અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો, ગ્રીષ્મકાળ સમયમાં જ્યેષ્ઠામૂળ મહિનામાં ગંગા મહાનદીના ઉભયકૂળથી કંપિલપુર નગરથી પુરિમતાલ નગરે વિહાર કરતા નીકળ્યા. ત્યારે તે પરિવ્રાજકોને તે અગ્રામિક, છિન્નાવપાત, દીર્ઘમાર્ગી અટવીના કેટલોક દેશાંતર ગયા પછી, તે પૂર્વગૃહીત ઉદક અનુક્રમે પરિભોગવતા ક્ષીણ થયું. ત્યારે તે પરિવ્રાજકો ક્ષીણ ઉદક થતાં તૃષ્ણા વડે પરાભવિત થતાં દૂર દૂર સુધી પાણીને દેનારાને ન જોતાં, પરસ્પર બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિય ! નિશ્ચે આપણે આ અગ્રામિક યાવત્ અટવીના કેટલાંક દેશાંતરને પાર કરતા તે પાણી યાવત્ ક્ષીણ થયું છે. તો હે દેવાનુપ્રિયો ! એ શ્રેયસ્કર છે, આપણે આ અગ્રામિક યાવત્ અટવીમાં જળ*



*દેનારાની ચોતરફ માર્ગણા ગવેષણા કરીએ.*

*આ પ્રમાણે કહી એકબીજાની પાસે આ અર્થનો સ્વીકાર કરે છે, સ્વીકારીને તે અગ્રામિક યાવત્ અટવીમાં જળ દેનારાની ચારે દિશા-ચારે વિદિશામાં માર્ગણા-ગવેષણા કરે છે. કરીને પાણીને દેનાર ન મળતા, બીજી વખત એકબીજાને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! અહીં પાણી આપનારા નથી, તો આપણને અદત્ત ગ્રહણ કરવું કલ્પતું નથી, અદત્તનું સેવન કલ્પતું નથી, તો આપણે અહીં આપત્તિ કાળમાં પણ અદત્ત ન સ્વીકારીએ, અદત્ત ન સેવીએ, જેથી આપણે તપના લોપ કરનારા ન થઈએ. તો હે દેવાનુપ્રિયો ! આપણે માટે શ્રેયસ્કર છે કે ત્રિદંડક, કુંડિકા, કંચનિકા, કરોટિકા, ભિસિકા, છન્નાલક, અંકુશક, કેસરિકા, પવિત્રક, ગણેત્રિકા, છત્રક, વાહન, પાદુકા, ધાતુરક્ત વસ્ત્રોને એકાંતમાં સંલેખના-ઝોસિત કરી, ભોજન-પાનના પ્રત્યાખ્યાન કરી પાદોપગત અનશન કરીને કાળની અપેક્ષા ન કરીએ.*

*આમ કરી એકબીજાને પાસે આ કથનનો સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને ત્રિદંડક યાવત્ એકાંતમાં મૂકે છે. મૂકીને ગંગા મહાનદી અવગાહે છે, અવગાહીને રેતીના સંથારામાં સંથરે છે. રેતીના સંથારામાં આરૂઢ થાય છે, આરૂઢ થઈને પૂર્વાભિમુખ રહી પદ્માસને બેસીને બે હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું — અરહંત યાવત્ સંપ્રાપ્તને નમસ્કાર થાઓ. શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સંપ્રાપ્તિની કામનાવાળાને નમસ્કાર થાઓ. અમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક અંબડ પરિવ્રાજકને નમસ્કાર થાઓ. પૂર્વે પણ આપણે અંબડ પરિવ્રાજક પાસે સ્થૂળ પ્રાણાતિપાતના જાવજ્જીવ માટે પ્રત્યાખ્યાન કરેલ છે. મૃષાવાદ અને અદત્તાદાનને જાવજ્જીવ માટે પ્રત્યાખ્યાન કરેલ છે. જાવજ્જીવ માટે સર્વે મૈથુનના પ્રત્યાખ્યાન કરેલ છે. સ્થૂળ પરિગ્રહના જાવજ્જીવ માટે પ્રત્યાખ્યાન કરેલ છે - -*

*- - હવે આપણે શ્રમણ ભગવંત મહાવીરની પાસે જાવજ્જીવ માટે સર્વ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કરીએ છીએ. સર્વે ક્રોધ-માન-માયા-લોભ-પેજ્જ (રાગ), દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિરતિ, માયામૃષા, મિથ્યા-દર્શનશલ્યને ન કરવાના પચ્ચક્ખાણ કરીએ છીએ. જાવજ્જીવને માટે સર્વે અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એ ચારે પ્રકારના આહારને જાવજ્જીવને માટે પચ્ચક્ખીએ છીએ.*

*જે આ શરીર, ઈષ્ટ-કાંત-પ્રિય-મનોજ્ઞ-મણામ-સ્થૈર્ય-વિશ્વાસ્ય-સંમત-બહુમત-અનુમ-ભાંડકરંડક સમાન છે, તેને શીત-ઉષ્ણ-ક્ષુધા-પિપાસા-વ્યાલ-ચોર-ડાંસ-મશગ કે વાતિક-પિત્તિક-સંનિપાતિક વિવિધ રોગાતંકરૂપ પરીષહ-ઉપસર્ગોને સ્પર્શે તેમ સાચવેલ છે, તેને પણ છેલ્લા શ્વાસોચ્છ્વાસે વોસિરાવીએ છીએ એમ કરી સંલેખના આરાધના કરતા, ભોજન-પાનનું પ્રત્યાખ્યાન કરી, પાદોપગત અનશન કરી, કાળની અપેક્ષા ન કરતા વિચરે છે.*

*ત્યારે તે પરિવ્રાજકો ઘણાં ભોજનને અનશન વડે છેદે છે, છેદીને,*

***આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિ પામી, કાળ માસે કાળ કરીને બ્રહ્મલોક કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં તેમની દશ સાગરોપમની સ્થિતિ કહી છે. તેઓ પરલોકના આરાધક છે. બાકી બધું પૂર્વવત્ છે.***

**● વિવેચન-૪૯ :-**

જે ચરક પરિવ્રાજક બ્રહ્મલોકે ગયા, તેના ઉપદર્શનથી અધિકૃત અર્થના સમર્થનને માટે કહે છે — जेट्ठामूलमासंसि - જ્યેષ્ઠા કે મૂળ નક્ષત્રની પૂનમ જેમાં થાય તે જ્યેષ્ઠા મૂળ માસ અર્થાત્ જેઠ માસ. અગ્રામિક-અવિદ્યમાન ગ્રામાદિ. છિન્નાપાત-વ્યવચ્છિન્ન આપાત-સાર્થ, ગોકુલાદિનો સંયોગ જેમાં તે. તથા તેના દીહમદ્ધાએ-દીર્ઘ માર્ગમાં. સદ્દાવિંતિ-બોલાવે છે, સંભાષ કરે છે. મગ્ગણગવેસણ - मार्गण - અન્વય ધર્મથી અન્વેષણ અને ગવેષણ-વ્યતિરેક ધર્મ વડે અન્વેષણ એ જ માર્ગણા-ગવેષણા. સાઇજ્જિત્તએ - ભોગવવાને. ક્વચિત્ अदिन्नं साइज्जित्तए એવો પાઠ છે. તેમાં ભુંજિત્તએ-ભોગવવાને, સાઈજ્જિત્તએ-ભોગવાવતા કે ભોગવનારની અનુમોદના કરવાને.

ત્રિદંડક-ત્રણ દંડકોનો સમાહાર. કુંડિકા-કમંડલુઓ, કાંચનિકા-રુદ્રાક્ષની માલિકા, કરોટિકા-માટીનું બનેલ ભાજન વિશેષ, ભિસિકા, વૃષિકા-બેસવાની પટ્ટડિકા, છણ્ણાલય-છ નાલક વાળી ત્રિકાષ્ઠિકા. અંકુશકા-દેવની પૂજાને માટે વૃક્ષ-પલ્લવ આકર્ષવાને. કેસરિકા-પ્રમાર્જના માટેનો વસ્ત્ર ખંડ, પવિત્રકા-તામ્રમય અંગીલયક. ગણેત્રિકા-હાથનું આભરણ વિશેષ. છત્ર અને ઉપાનહ પ્રસિદ્ધ છે. ધાતુરક્તા-ગૈરિક રંગે રંગેલ વસ્ત્ર વિશેષ. પડિસુણેન્તિ-સ્વીકારે છે.

સંપલિયકનિસન્ન-પદ્માસને બેસેલ. પ્રાણાતિપાતાદિ વ્યાખ્યા પૂર્વવત્. શરીર વિશેષણ વ્યાખ્યા આ પ્રમાણે છે — ઈષ્ટ એટલે વલ્લભ, કંત-કાંત, કામ્યત્વથી. પિય-પ્રિય, સદા પ્રેમવિષયત્વથી. મનોજ્ઞ-સુંદર, મણોમ-મન વડે અમ્યતે-પ્રાપ્ત થાય છે, ફરી ફરી યાત કરાય જે તે મણામ. पेज्ज - સર્વે પદાર્થો મધ્યે અતિશય પ્રિયત્વ થકી પ્રેય અથવા પ્રકર્ષથી ઈજ્ય-પૂજા, જેની છે તે પ્રેજ્ય અથવા પ્રેર્ય-કાલાંતરે લઈ જવાથી. થેજ્જ-સ્થૈર્ય, અસ્થિરમાં પણ મૂઢ વડે સ્થૈર્યના આરોપણથી. વેસાસિય-વિશ્વાસ, જેનું પ્રયોજન છે તે વૈશ્વાસિક, પરશરીર જ પ્રાયઃ અવિશ્વાસ હેતુ થાય છે.

સંમય-સંમત, તેના કરેલા કાર્યોના સંમતપણાથી. બહુમય-ઘણાંની મધ્યે મત-ઈષ્ટ છે જે તે બહુમત. અનુમત-વૈગુણ્ય દર્શન છતાં પણ પાછળથી તેને અનુમત થાય. ભંડકરંડક સમાન - આભરણ, કરંડક તુલ્ય ઉપાદેય. તથા मा णं सीय - આદિ વ્યક્ત છે. માત્ર मा શબ્દ નિષેધાર્થે છે. અહીં સ્પૃશત્વ એ યથાયોગ યોજવું. અથવા मा णं એ ‘‘આ શરીર નહીં’’ એમ વ્યાખ્યા કરવી. વ્યાલ-શ્વાપદ કે સર્પ. રોગ-કાળ મહા વ્યાધિ, આતંક-સદ્યઘાતી. પરીષહ-ક્ષુધા આદિ બાવીશ ઉપસર્ગો-દિવ્ય આદિ. ફુસંતુ-સ્પર્શતા.

इतिकट्टु - એ પ્રમાણે વિચારીને જે પાળવું તે. एयंपि - આ શરીર પણ, વોસિરામિ-ત્યાગ કરવો, વિસર્જન કરીને વિચરે છે. સંલેહણા-શરીરને તપ વડે કૃશ કરવું. તેને કે તેના દ્વારા झूसिय - જુષ્ટ કે સેવિત. તથા ‘‘સંલેહણા ઝોષણા ઝોષિત.’’



ક્વચિત્ સંલેખના-કષાય શરીરનું કૃષિ-પાતળું કરવું તે. જોષણા-પ્રીતિ કે સેવા. તે તથા તેના વડે જે જુષ્ટ-સેવિત તે સંલેખના જોષણા વડે झूसिता - ક્ષીણ કરાયેલ જે છે તે. તથા ભોજન-પાનના પ્રત્યાખ્યાન કરેલ.

पाओवगया - પાદપઉપગત, વૃક્ષવત્ નિષ્પંદનપણે અવસ્થિત. कालं અણ-વકંખમાણ-મરણની અપેક્ષા ન કરતા. કેટલાંક અતિ કષ્ટ પામેલા મરણની અપેક્ષા રાખે છે, તેના નિષેધ માટે કહે છે. અણસણાએ છેઇંતિ-અનશન વડે પરિહરે છે. આ બધાં જો કે દેશ વિરતિમાં રહેલા હતા છતાં પરિવ્રાજક ક્રિયાથી બ્રહ્મલોકે ગયા, એમ જાણવું. અન્યથા આ કથન નિષ્ફળ જ થાય. દેશવિરતિફળ, આમને પરલોકના આરાધકપણું છે, બ્રહ્મલોક ગમન તે પરિવ્રાજક ક્રિયાનું ફળ છે, તેમ ન કહેવું. નહીં તો મિથ્યાદૃષ્ટિ કપિલાદિને પણ તે કહેત.

**● સૂત્ર-૫૦ :-**

***ભગવન્ ! ઘણાં લોકો એકબીજાને એમ કહે છે, એમ ભાખે છે, એમ પ્રરૂપે છે કે નિશ્ચે અંબડ પરિવ્રાજક, કંપિલપુરનગરમાં સો ઘરોમાં આહાર કરે છે, સો ઘરોમાં વસતિ કરે છે. ભગવન્ ! તે કેવી રીતે ? ગૌતમ ! જે ઘણાં લોકો એકબીજાને એમ કહે છે યાવત્ એમ પ્રરૂપે છે - નિશ્ચે અંબડ પરિવ્રાજક કંપિલપુરમાં યાવત્ સો ઘરોમાં વસતિ કરે છે. આ અર્થ સત્ય છે. ગૌતમ ! હું પણ એમ કહું છું યાવત્ પ્રરૂપું છે કે નિશ્ચે અંબડ પરિવ્રાજક યાવત્ વસતિ કરે છે.***

***ભગવન્ ! એમ કેમ કહ્યું કે — અંબડ પરિવ્રાજક યાવત્ વસતિ કરે છે ? ગૌતમ ! અંબડ પરિવ્રાજકને પ્રકૃતિભદ્રતાથી યાવત્ વિનીતપણાથી, નિરંતર છઠ્ઠ-છઠ્ઠના તપોકર્મ વડે, બાહુને ઉર્ધ્વ રાખીને, સૂર્યાભિમુખ થઈ આતાપના ભૂમિમાં આતાપના લેતા શુભ પરિણામથી, પ્રશસ્ત વિશુદ્ધ્યમાન લેશ્યાથી, અન્યદા કોઈ દિવસે તેના આવરક કર્મોના ક્ષયોપશમથી ઈહા-અપોહ-માર્ગણા-ગવેષણા કરતા વીર્યલબ્ધિ, વૈક્રિય લબ્ધિ અને અવધિજ્ઞાન લબ્ધિ સમુત્પન્ન થઈ છે. તેથી તે અંબડ પરિવ્રાજક તેવી વીર્યલબ્ધિ-વૈક્રિયલબ્ધિ-અવધિજ્ઞાનલબ્ધિ સમુત્પન્ન હોવાથી લોકોને વિસ્મય પમાડવાના હેતુથી કંપિલપુરના સો ઘરોમાં યાવત્ વસતિ કરે છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે — અંબડ પરિવ્રાજક કંપિલપુરનગરના સો ઘરોમાં યાવત્ વસે છે.***

***ભગવન્ ! અંબડ પરિવ્રાજક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને, ઘરથી નીકળી અણગારિકપણે પ્રવ્રજિત થવા સમર્થ છે. ના, આ અર્થ સંગત નથી. ગૌતમ ! અંબડ પરિવ્રાજક શ્રાવક જીવાજીવનો જ્ઞાતા યાવત્ આત્માને ભાવિત કરતા વિચરે છે. વિશેષ એ - ઉચ્છ્રિત સ્ફટિક, અપ્રાવૃત્તદ્વાર, ત્યક્ત અંતઃપુર ગૃહદ્વાર પ્રવેશી અપ્રિય ન હતો.***

***અંબડ પરિવ્રાજકે સ્થૂળ પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહનું જાવજ્જીવ માટે પ્રત્યાખ્યાન કરેલ છે. વિશેષ એ કે મૈથુનનું પચ્ચક્ખાણ જાવજ્જીવને માટે સર્વથા કરેલ છે. અંબડને માર્ગગમનથી અતિરિક્ત ગાડાની ધુરિ પ્રમાણ જળમાં પણ***

શીઘ્રતાથી ઉતરવાનું કલ્પતું નથી. અંબડને ગાડી આદિની સવારી કલ્પતી નથી, ઈત્યાદિ પૂર્વવત્ કહેવું યાવત્ ગંગાની માટીના લેપ સુધી બધું કહેવું.

અંબડ પરિવ્રાજકને આધાકર્મી, ઔદ્દેશિક, મીશ્રજાત, અધ્યવપૂરક, પૂતિકર્મ, ક્રીતકૃત્, પ્રામિત્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત, સ્થાપિત, રચિત, કાંતારભક્ત, દુર્ભિક્ષભક્ત, પ્રાહુણક ભક્ત, ગ્લાનભક્ત કે વર્દલિકાભક્ત, ભોજન-પાન કલ્પતા ન હતા.

અંબડ પરિવ્રાજકને મૂલભોજન યાવત્ બીજભોજન ખાવા-પીવા કલ્પતા ન હતા. અંબડ પરિવ્રાજકને ચતુર્વિધ અનર્થદંડના જાવજ્જીવને માટે પ્રત્યાખ્યાન હતા, તે આ પ્રમાણે-અપધ્યાનાચરિત પ્રમાદાચરિત, હિંસપ્રદાન, પાપ કર્મોપદેશ. તેને માગધ અર્ધઆઢક જળ લેવું કલ્પતું હતું. તે પણ વહેતુ, ન વહેતુ નહીં યાવત્ તે પણ ગાળેલું-ગાળ્યા વિનાનું નહીં, તે પણ સાવદ્ય-નિરવદ્ય સમજીને નહીં, તે પણ સજીવ-અજીવ નહીં, તે પણ દત્ત-અદત્ત નહીં, તે પણ દાંત, હાથ, પગ, ચરુ, ચમસને ધોવાને માટે કે પીવાને માટે પણ સ્નાન માટે નહીં. તેને માગધ આઢક જળ ગ્રહણ કરવું કલ્પે, તે પણ વહેતુ યાવત્ દત્ત પણ અદત્ત નહીં, તે પણ ન્હાવા માટે, પણ હાથ-પગ-ચરુ-ચમસ ધોવા કે પીવાને માટે નહીં.

અંબડને અન્યતીર્થિક, તેના દેવ કે અન્યતીર્થિક પરિગૃહીત ચૈત્યને વંદન-નમન યાવત્ પર્યુપાસવા કલ્પતા નથી. સિવાય કે અર્હત્ અને અર્હત્ ચૈત્ય. - - ભગવન્ ! અંબડ કાળમાસે કાળ કરીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! તે ઉચ્ચાવચ્ચ શીલ-વ્રત-ગુણ-વેરમણ-પ્રત્યાખ્યાન-પૌષધોપવાસ વડે આત્માને ભાવિત કરતા ઘણાં વર્ષો શ્રમણોપાસક પર્યાય પાળે છે, પાળીને માસિકી સંલેખનાથી આત્માને આરાધી, સાઈઠ ભક્તોને અનશનથી છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને સમાધિ પ્રાપ્ત થઈ, કાળમાસે કાળ કરી, બ્રહ્મલોકે દેવપણે ઉત્પન્ન થશે.

ત્યાં કેટલાંક દેવોની દશ સાગરોપમ સ્થિતિ કહી છે. ત્યાં અંબડ દેવની પણ આ સ્થિતિ થશે. ત્યાંથી આયુ-ભવ-સ્થિતિ ક્ષય કરી પછી ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! મહાવિદેહ વાસમાં જે કુળ આઢ્ય, દીપ્ત, વિત્ત, વિસ્તીર્ણ-વિપુલ-ભવન-શયન-આસન-યાન-વાહનવાળા કુળો છે, જેમાં બહુ ધન-જાત્યરૂપ-રજત આદિ છે, આયોગ-પ્રયોગ સંપ્રયુક્ત છે, વિચ્છર્દિત-પ્રચુર-ભોજન પાન છે, ઘણાં દાસી-દાસ-ગાય-ભેંસ-ઘેટા આદિ છે, ઘણાં લોકો અપરિભૂત છે, તેવા પ્રકારના કુળોમાં પુત્રપણે ઉપજશે.

ત્યારપછી તે બાળક ગર્ભમાં આવ્યા પછી માતા-પિતા ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞાવાળા થશે. તે ત્યાં નવ માસ પ્રતિપૂર્ણ અને સાડાસાત અહોરાત્ર વીત્યા પછી સુકુમાલ હાથ-પગવાળો યાવત્ શશિ-સૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શન, સુરૂપ બાળકને જન્મ આપશે. ત્યારપછી તે બાળકના માતા-પિતા પહેલા દિવસે



સ્થિતિપતિતા કરશે, બીજા દિવસે ચંદ્ર-સૂર્યનું દર્શન કરાવશે, છટ્ઠે દિવસે જાગરિકા કરશે, અગીયારમો દિવસ વીત્યા પછી અશુચિ જાતકર્મ કરણથી નિવૃત્ત થઈ, બારમો દિવસો સંપ્રાપ્ત થતા, માતાપિતા આ આવા સ્વરૂપનું ગૌણ, ગુણનિષ્પન્ન નામ કરશે. - - જ્યારથી અમને આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારથી અમે ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞાવાળા થયા, તેથી અમારા આ બાળકનું દૃઢ પ્રતિજ્ઞાવાળા થયા, તેથી અમારા આ બાળકનું દૃઢપ્રતિજ્ઞ નામ થાઓ. ત્યારે તે બાળકના માતાપિતા તેનું “દૃઢપ્રતિજ્ઞ” એ પ્રમાણે નામ પાડશે.

તે દૃઢપ્રતિજ્ઞ બાળકને તેના માતા-પિતા સાતિરેક આઠ વર્ષનો થયો જાણીને શોભન તિથિ-કરણ-નક્ષત્ર-મુહૂર્તમાં કલાચાર્ય પાસે લઈ જશે. ત્યારપછી તે કલાચાર્ય તે દૃઢપ્રતિજ્ઞ બાળકને જેમાં ગણિત પ્રધાન છે તેવી લેખાદિ શકુનરુત પર્યન્તની બોંતેર કળા સૂત્ર-અર્થ-કરણથી સાધિત કરાવશે, શીખવશે.

તે કળા આ પ્રમાણે – લેખ, ગણિત, રૂપ, નૃત્ય, ગીત, વાજિંત્ર, સ્વરગત, પુષ્કરગત, સમતાલ, દ્યુત, જનવાદ, પાસક, અષ્ટાપદ, પૌરસ્કૃત્ય, દક્મટ્ટીક અન્નવિધિ, પાનવિધિ, વસ્ત્રવિધિ, વિલેપનવિધિ, શયનવિધિ, આર્યા, પ્રહેલિકા, માગધિકા, ગાથા, ગીતિક, શ્લોક, હિરણ્યયુક્તિ, સુવર્ણયુક્તિ, ગંધયુક્તિ, ચૂર્ણયુક્તિ, આભરણવિધિ, તરુણીપ્રતિકર્મ, સ્ત્રી લક્ષણ, પુરુષ લક્ષણ, અશ્વ લક્ષણ, હાથીલક્ષણ, બળદલક્ષણ, કુર્કુટલક્ષણ, ચક્રલક્ષણ, છત્ર લક્ષણ, વાસ્તુવિદ્યા, સ્કંધાવારમાન, નગરમાન, વસ્તુનિવેશન, વ્યૂહ, પ્રતિવ્યૂહ, ચાર, પ્રતિચાર, ચક્રવ્યૂહ, ગરુડવ્યૂહ, શકટવ્યૂહ, યુદ્ધ, નિર્યુદ્ધ, યુદ્ધાતિયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ, લતાયુદ્ધ, ઇષુશસ્ત્ર, ત્સરુપ્રવાહ, ધનુર્વેદ, હિરણ્યપાક, સુવર્ણપાક, વૃત્તખેડ, ક્ષુતાખેડ, નાલિકાખેડ, પત્રછેદ, કટછેદ, સજીવ, નિર્જીવ, શકુનરુત આ બોંતેરકળા સધાવી-શીખવી માતાપિતાને સોંપ્યો.

ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞના માતા-પિતાએ તે કલાચાર્યને વિપુલ અશન-પાન-ખાન-સ્વાદિમ વડે, વસ્ત્ર-ગંધ-માળા-અલંકાર વડે સત્કાર્યા, સન્માન્યા. સત્કાર અને સન્માન કરીને વિપુલ જીવિતાર્હ પ્રીતિદાન આપે છે. આપીને વિદાય કર્યા.

ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞ બાળક બોંતેર કલા પંડિત થયો, તેના નવ સુપ્તાંગ જાગૃત થઈ ગયા. અઢાર દેશી ભાષાનો વિશારદ થયો. ગીતરતી, ગંધર્વ-નૃત્ય કુશળ, અશ્વયોધી, હસ્તીયોધી, રથયોધી, બાહુયોધી, બાહુપ્રમર્દી, વિકાલચારી, સાહસિક અને ભોગને માટે પર્યાપ્ત સમર્થ થયો.

ત્યારે દૃઢપ્રતિજ્ઞ દારકને માતાપિતાએ બોંતેર કલાપંડિત યાવત્ ભોગસમર્થ જાણીને વિપુલ અન્નભોગ, પાન-ભોગ, લયનભોગ, વસ્ત્રભોગ, શયનભોગ, કામભોગો વડે નિમંત્રિત કરશે. ત્યારે તે દૃઢપ્રતિજ્ઞ બાળક, વિપુલ અન્નભોગ યાવત્ શયનભોગમાં આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ, અધ્યુપપન્ન થશે નહીં.

જેમ કોઈ ઉત્પલ, પદ્મ, કુસુમ, નલિન, સુભગ, સુગંધ, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, લક્ષપત્ર [કમલો] કાદવમાં જન્મે છે, પાણીમાં વૃદ્ધિ પામે છે,

***પણ પંકરજમાં કે જલરજમાં ઉપલિપ્ત થતાં નથી. એ પ્રમાણે દૃઢપ્રતિજ્ઞ બાળક કામમાં જન્મ્યો, ભોગમાં વૃદ્ધિ પામ્યો પણ કામરજ કે ભોગરજમાં લીપ્ત થશે નહીં, મિત્ર-જ્ઞાતિ-નિજક-સ્વજન-સંબંધિ-પરિજનમાં લિપ્ત થશે નહીં.***

***તે તથારૂપ સ્થવિરો પાસે કેવલ બોધિ પામશે, કેવલબોધિ પામીને, ઘરથી નીકળી અણગારિક પ્રવ્રજ્યા લેશે. તે ઇર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી અણગાર થશે. તે ભગવંતને આવા વિહારથી વિચરતા અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પરિપૂર્ણ કેવળ વર જ્ઞાનદર્શન સમુત્પન્ન થશે.***

***ત્યારે તે દૃઢ પ્રતિજ્ઞ કેવલી ઘણાં વર્ષો કેવલિપર્યાયને પાળશે. કેવલિપર્યાયને પાળીને, માસિકી સંલેખનાથી આત્માને આરાધીને, સાઈઠ ભક્તોને અનશન વડે છેદીને, જે હેતુથી નગ્નભાવ અને મુંડભાવને કરેલ, અસ્નાન-અદંતવન-કેશલોચ-બ્રહ્મચર્ય વાસ-અછત્રક-અનોપાહનક-ભૂમિશય્યા-ફલકશય્યા-કાષ્ઠ શય્યા-પરગૃહ પ્રવેશ-પ્રાપ્ત કે અપ્રાપ્ત આહારમાં-બીજા દ્વારા હીલના, ખિંસના, નિંદણા, ગર્હણા, તાલના, તર્જના, પરિભવના, પ્રવ્યથના-ઉચ્ચાવચ્ચ, ગ્રામકંટક, બાવીશ પરીષહ ઉપસર્ગોને સહન કરે છે, તે અર્થને આરાધીને છેલ્લા શ્વાસોચ્છ્વાસે સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વૃત્ત થશે, સર્વ દુઃખોનો અંત કરશે.***

● **વિવેચન-૫૦ :-**

બહુજણેણ આદિ વ્યક્ત છે. વિશેષ આ - પ્રકૃતિભદ્રતા૦ અહીં યાવત્ કરણથી "પ્રકૃતિ ઉપશાંતતા, પ્રકૃતિ તનુ ક્રોધ-માન-માયા લોભ, મૃદુ માર્દવસંપન્નતા, આલીનતા, ભદ્રતા" લેવું. અનિક્ષિપ્તેન-અવિશ્રાંતથી, પગિજ્ઝિય-પ્રગૃહ્ય. પરિણામ-જીવપરિણતિ, અધ્ય વસાન-મનોવિશેષ, લેસા-તેજોલેશ્યાદિ, તદાવરણિજ્જ-વીર્યાન્તર, વૈક્રિયલબ્ધિ પ્રાપ્તિ નિમિત્ત અવધિજ્ઞાનાવરણ. ઈહા-શું તે આમ હશે કે તેમ, એવી સદર્થાલોચનાભિમુખ મતિની ચેષ્ટા. વ્યૂહ-આ આમ જ છે, એવો નિશ્ચય, માર્ગણા-અન્વય ધર્મ આલોચન - x - x - પ્રાયઃ સ્થાણુધર્મા જ ઘટે છે. ગવેષણા-વ્યતિરેક ધર્મ આલોચન જેમકે - સ્થાણુ જ છે, આ શિરઃકંડૂયનાદિ પ્રાયઃ પુરુષ ધર્મા નથી.

વીરિયલદ્ધિએ - વીર્યલબ્ધિ વડે, વેઉવ્વિયલદ્ધીએ-વૈક્રિય લબ્ધિ વડે. ઓહિણાણલદ્ધિ-અવધિજ્ઞાનલબ્ધિ સમુત્પન્ન-વીર્યલબ્ધિ આદિ ત્રણ ઉત્પન્ન થયા. - x - x - x - સ્થાનાંગાદિ પુસ્તકમાં 'अम्मड' એમ દર્શાવેલ છે. 'अहिगयजीवाजीव' અહીં યાવત્ શબ્દથી આમ જાણવું - પુન્ય, પાપને ઉપલબ્ધ. આશ્રવ-સંવર-નિર્જરા-ક્રિયા-અધિકરણ-બંધ-મોક્ષ તત્ત્વમાં કુશળ. અહીં આશ્રવ - પ્રાણાતિપાતાદિ, સંવર - પ્રાણાતિપાતવિરમણાદિ, નિર્જરા - કર્મનું દેશથી ક્ષપણ, ક્રિયા - કાયિકી આદિ, અધિકરણ - ખડ્ગાદિ નિર્વર્તન સંયોજનાદિ. બંધમોક્ષ - કર્મ વિષયમાં. આના વડે જ્ઞાનસંપન્નતા કહી.

असहेज्ज - અવિદ્યમાનસાહાય્ય કુતીર્થિકથી પ્રેરિત થઈ સમ્યક્ત્વ અવિચલન પ્રતિ બીજાની સહાયની અપેક્ષા કરતા નથી. તેથી જ કહે છે — देवासुरनाग सुवण्णजक्ख૦ ઈત્યાદિ. તેમાં — देवा - વૈમાનિકો, असुरनाग - અસુરકુમાર, નાગકુમાર



ભવનપતિ વિશેષ. સુવણ-જ્યોતિષ્ક, ક્યાંક 'ગરુડ' એ પાઠ નથી. તેથી સુવણ-સુવર્ણકુમાર-ભવનપતિ વિશેષ. યક્ષ-રાક્ષસ-કિન્નર-કિંપુરુષ એ વ્યંતરના ભેદ છે. ગરુડ-ગરુડ ચિહ્નવાળા સુવર્ણકુમાર, ગંધર્વ અને મહોરગ, વ્યંતરો છે.

આ નિર્ગ્રન્થ પ્રવચનમાં નિસ્સંકિય-સંદેહ રહિત, નિક્કંખિય-બીજા દર્શનના પક્ષપાતથી મુક્ત. નિવ્વિઇગિચ્છ-ફળ પ્રતિ શંકારહિત. લદ્ધટ્ઠ-અર્થ શ્રવણથી લબ્ધાર્થ. ગહિયટ્ઠ-અવધારણથી ગૃહિતાર્થ. પુચ્છિયટ્ઠ-સંશય થતાં પૃષ્ટાર્થ. અહિગયટ્ઠ-અધિગત અર્થ કે અભિગત અર્થવાળા, અર્થના અવબોધથી. વિણિચ્છિયટ્ઠે-ઐદંપર્યાર્થનાઉપલંભથી વિનિશ્ચિત્તાર્થ. તેથી જ अट्ठि - અસ્થિઓ, मिंज - તેની મધ્યે રહેલ ધાતુ વિશેષ, અસ્થિમિજ્જાથી પ્રેમાનુરાગ-સર્વજ્ઞના પ્રવચન પ્રીતિલક્ષણથી કુંસુંભાદિ રાગ વડે રંગાયેલ માફક રક્ત. કયા ઉલ્લેખથી આમ કહે છે — अयमाउसो૦ ઈત્યાદિ.

अयम - આ, आउसो-આયુષ્યમાન્, પુત્રાદિને આમંત્રણ, ક્યાંક 'इणमो निग्गंथे' પાઠ છે. शेषं — ધન, ધાન્ય, પુત્ર, કલત્ર, મિત્ર, રાજ્ય, કુપ્રવચનાદિ. ઉસિયફલિહા - ઉન્નત્ત સ્ફટિક ચિત્ત જેનું છે તે. મૌનીન્દ્ર પ્રવચનથી પામેલ પરિપુષ્ટ મનવાળા. આ વૃદ્ધ વ્યાખ્યા છે. બીજા કહે છે — उच्छ्रित - અર્ગલાના સ્થાનથી ઉપનીય-ઉર્ધ્વીકૃત, તીર્છી નહીં. કબાટના પાછળના ભાગથી દૂર કરાયેલ - એવો અર્થ છે. અથવા ઉત્સૃત-અપગત, પરિઘ-અર્ગલા જેના ગૃહદ્વારે તે ઉચ્છ્રિત પરિઘ કે ઉત્સૃતપરિઘ અર્થાત્ ઔદાર્ય અતિશયથી અતિશય દાન-દાયિત્વથી ભિક્ષુપ્રવેશને માટે જેના ગૃહદ્વાર ખુલ્લા રહે છે તે. આ બધું અંબડને સંભવતુ નથી. કેમકે સ્વયં જ તે ભિક્ષુક છે.

તેથી જ પુસ્તકમાં લિખિત-ઊસિયફલિહ ઈત્યાદિ ત્રણ વિશેષણ કહેતા નથી. અપ્રાવૃત્ત દ્વાર - બારણા આદિ વડે બંધન કરાયેલ ગૃહદ્વાર. સદ્દર્શનના લાભથી કોઈ પાખંડીથી ડરતા નથી. શોભન માર્ગના પરિગ્રહથી ઉઘાડા શિરે રહે છે એમ વૃદ્ધ વ્યાખ્યા છે. કોઈ કહે છે — ભિક્ષુક પ્રવેશાર્થે ઔદાર્યથી ગૃહદ્વાર બંધ કર્યા નથી. આ અંબડને ઘટતું નથી. चियत्त૦ લોકોને પ્રીતિકર હોવાથી અંતઃપુર કે ગૃહના દ્વારમાં જેનો પ્રવેશ છે તે. અર્થાત્ અતિ ધાર્મિકપણાથી જે સર્વત્ર આશંકા રહિત છે તે. બીજા કહે છે — चियत्तोत्ति - અંતઃપુર ગૃહદ્વારથી અપ્રીતિકર થતાં નથી, અપદ્વાર પ્રવેશ રહિત અર્થાત્ શિષ્ટજનનો પ્રવેશ જેને છે, તે. આ વિશેષણ ઈર્ષ્યાલુતા રહિતાને પ્રતિપાદન કરે છે, આ પણ અંબડને ઘટતું નથી. કેમકે [તેને] અંતઃપુરનો જ અભાવ છે. ક્યાંક આ પાઠ આ પ્રમાણે દેખાય છે — चियत्त - પ્રીતિકારિણી જ, ગૃહ કે અંતઃપુરમાં પ્રવેશવાનો આચાર છે જેનો તે તથા ત્યજેલ છે ગૃહમાં કે અંતઃપુરમાં અકસ્માત પ્રવેશ.

चउद्दसअट्ठम૦ આઠમ, ચૌદશ, અમાસ, પૂર્ણિમામાં. અહીં ઉદ્દિષ્ટ-અમાસ. પ્રતિપૂર્ણ પૌષધનું અનુપાલન કરતા અર્થાત્ આહાર પૌષધ આદિ ભેદથી ચારે પ્રકારનો પૌષધ કરતા. શ્રમણ નિર્ગ્રન્થને પ્રાસુક, એષણીય અશન-પાનખાદિમ-સ્વાદિમ વડે તથા વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપ્રૌંછન વડે. અહીં પડિગ્ગહ એટલે પાત્ર, પાયપુચ્છણ-પાદપ્રોક્ષણ, રજોહરણ. ओसह - એક દ્રવ્યને આશ્રીને, ભૈષજ્ય - દ્રવ્ય સમુદાયરૂપ અથવા ઔષધ-

ત્રિફળાદિ, ભૈષજ-પથ્ય.

પ્રાતિહારિક પીઠફલક શય્યા સંસ્તારક વડે પ્રતિલાભિત કરતા. પ્રતિહાર-પાછું આપવાના હેતુથી લીધેલ. તેના વડે પીઠ-આસન, ફલક-અવષ્ટંભનાર્થે કાષ્ઠ વિશેષ. શય્યા-વસતિ કે શયન, જ્યાં પ્રસારિત પગ વડે સુવાય છે. સંસ્તારક-લઘુતર શયન.

સીલવ્વય ગુણવેરમણ૦ ઈત્યાદિ. તેમાં શીલવ્રત-અણુવ્રત, ગુણ-ગુણવ્રત, વિરમણ-રાગાદિ વિરતિ પ્રકારે, પ્રત્યાખ્યાન-નમસ્કાર સહિતાદિ, પૌષધોપવાસ-અષ્ટમી આદિ પર્વ દિનોમાં ઉપવસન-આહાર ત્યાગ. યથા પરિગૃહીત તપોકર્મ વડે આત્માને ભાવિત કરતા.

નો कप्पइ अक्खसोयप्पमाण૦ ઈત્યાદિ. અક્ષશ્રોત પ્રમાણ-ગાડાના પૈડાની નાભિરૂપ છિદ્ર પ્રમાણ માત્ર. સયરાહ-અકસ્માત, જલ્દીથી. આધાકર્મિક ઈત્યાદિ વ્યક્ત છે. માત્ર रइय - રચિત, તે ઔદ્દેશિકનો ભેદ છે, જેમકે લાડવાના ચૂર્ણાદિને ફરી લાડુ રૂપે કરે અથવા ભાત-દહીં આદિ, જે કરંબકાદિપણે વિરચિત, તે રચિત કહેવાય.

કાંતારભક્ત-અરણ્ય, તેમાં ભિક્ષુકોના નિર્વાહાર્થે જે સંસ્કારાય છે તે. દુર્ભિક્ષભક્ત-દુર્ભિક્ષમાં જે ભિક્ષુકને માટે સંસ્કારાય છે. આ બધાં ઔદ્દેશિકાદિના ભેદો છે. વર્દલિકા ભક્ત-દુર્દિન માટેનું ભોજન. ગ્લાનભક્ત-બિમારને આરોગ્ય માટે જે અપાય તે. પ્રાઘૂર્ણકભક્ત - કોઈ પણ ક્યાંય જાય ત્યારે સંસ્કારીને અપાય છે અથવા અહીં આવેલ સાધુ આદિને જે અપાય છે તે.

મૂલભોયણ-મૂળ આદિનું ભોજન. અહીં યાવત્ કરણથી ત્રણ પદ જણાય છે - कंदभोयण - કંદ એટલે સુરણકંદાદિ, फलभोयण - ફલ એટલે આમ્ર આદિ. हरियभोयण - હરિત એટલે મધુર તૃણ કટુક ભાંડાદિ. बीयभोयण - બીજો એટલે શાલિ, તિલ આદિ. ભોક્તું-ભોજન કરવાનું કે પાતું - પીવાનું, આધાકર્માદિ ભોજન, પાન ન કલ્પે.

અપધ્યાનેન-આર્ત્ત આદિથી આચરિત, આસેવિત જે અપધ્યાનનું જે આસેવન તે અનર્થદંડ છે. પમાદાયરિય-પ્રમાદ વડે - ઘી, ગોળ આદિ દ્રવ્યોના સ્થગનાદિ કરણમાં આળસ લક્ષણથી આચરિત તે અનર્થદંડ અથવા પ્રમાદ વડે આચરિત તે પ્રમાદાચરિત. હિંસપ્પયાણ-હિંસ્ર અર્થાત્ ખડ્ગાદિનું પ્રદાન-નિષ્પ્રયોજન જ બીજાને અર્પણ તે હિંસ્રપ્રદાન. પાપકર્મોપદેશ-પર્યોજન વિના કૃષિ આદિનો ઉપદેશ. 'સાવધ' કરીને - જે આ જળનું પરિમાણ કરણ, તે જળને સાવધ કરીને. સાવધ કઈ રીતે ? જીવા-અપ્કાયિકવાળું કરીને અથવા કઈ રીતે ગાળીને ગ્રહણ કરે છે તે કહે છે — સાવધ કરીને. તે કઈ રીતે કરે ? જીવ વાળું કરીને. અહીં પાણીના પોરા છે તેમ કરીને.

અન્યયૂથિક - અરહંત સંઘની અપેક્ષાથી, અન્ય શાક્યાદિ. चेइय - અરિહંત ચૈત્ય અર્થાત્ જિનપ્રતિમા. नन्नत्थअरहंतेहि - આ અપવાદ કહ્યો. અહીં न - પ્રતિષેધ માટે છે, અર્હત્, અર્હત્ ચૈત્ય સિવાય. તે જો પરિવ્રાજક વેષધારક હોય, અન્યતીર્થિકના દેવતાના વંદનાદિનો નિષેધ કહેતા અર્હતની પણ વંદનાદિનો નિષેધ ન થાય તે જણાવવા અહીં नन्नत्थ મૂકેલ છે. उच्चावच्च - ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ વડે.



આયુક્ષય-આયુકર્મના દલિક નિર્જરવાથી. ભવક્ષય-દેવભવ બંધન રૂપ કર્મ-ગતિ આદિની નિર્જરાથી, સ્થિતિ ક્ષય-આયુકર્મ તથા તે સિવાયની સ્થિતિનો ક્ષય થવાથી. અનંતર ચયં ચઈત્ત-દેવભવ સંબંધી શરીર ત્યજીને અથવા ચ્યવન કરીને. અડ્ઢ-પરિપૂર્ણ, દિત્ત-દૃપ્તવાન્, વિત્ત-વ્યાખ્યાત શેષપણે કૂણિકના વર્ણનવત્ જાણવા. તેવા પ્રકારના કુળોમાં - અહીં કેટલાંક કુળોમાં એ પ્રમાણે શેષ જાણવું. पुमत्ताए - પુરુષપણે. पच्चायाहिति - ઉત્પન્ન થશે.

સ્થિતિપતિત - કુળ ક્રમથી આવેલ પુત્ર જન્મોચિત અનુષ્ઠાન વિશેષ. ચંદ-સૂર્ય દર્શનિકા નામે પુત્ર જન્મોત્સવ વિશેષ. જાગરિય-રાત્રિ જાગરિકા, પુત્ર જન્મોત્સવ વિશેષ. નિવૃત્તે-અતિક્રાંત થતા. અસુઈ-અશુચિયુક્ત, જાતકર્મ-પ્રસવ વ્યાપારનું જે કરણ-વિધાન તે. તેમાં બારસમે દિવસે અથવા બાર દિવસોનો સમાહાર તે દ્વાદશાહ, તે દિવસ જેના વડે પૂર્ણ થાય છે, તે દ્વાદશાહ દિવસ. તેમાં માતા-પિતાએ આ કહ્યું — एया रूवं - આવા રૂપે-સ્વભાવ જેનો છે, અન્યથા રૂપે નથી, તેવું તદ્રૂપ ગૌણ-શું કહે છે ? ગુણ નિષ્પન્ન, ગૌણ શબ્દ અપ્રધાન અર્થમાં પણ વર્તે છે, તેથી અહીં કહ્યું — ગુણનિષ્પન્ન. નામધેજ્જ-પ્રશસ્ત નામ જ.

આ સ્થાને બીજી પ્રતમાં "પાંચ ધાત્રી વડે પરિગૃહીત" ઈત્યાદિ પાઠ દેખાય છે, તે પૂર્વવત્ વ્યાખ્યાયિત કરવો. - x - એક હાથથી બીજા હાથમાં સંહ્રિયમાણ-લઈ જવાતો. એક ખોળામાંથી બીજા ખોળામાં અર્થાત્ ઉત્સંગથી બીજા ઉત્સંગમાં જતાં, ઉત્સંગ સ્પર્શસુખને અનુભવતો. ઉપનર્ત્યમાન - નર્તન કરતો. ઉપગીયમાન - તથાવિધ બાલોચિત ગીત વિશેષથી ગવાતો કે ગવડાવાતો. ઉપલાલ્યમાન - ક્રીડાદિ લાલનપાલન કરાતો. ઉપગૂહ્યમાન-આલિંગાતો, અપત્રાસ્યમાન - ત્રાસ રહિત કરાતો. - x - ઉત્કંઠના અતિરેકથી નિર્દય આલિંગન વડે ન પીડાતો, સમીહિત પૂરણ કરવાથી પ્રયાસન કરાતો. પરિવંદ્યમાન - સ્તવના કરાતો, પરિચુંબ્યમાન - ચુંબન કરાતો, પરઙ્ગ્યમાણ-ધુમાડા તો - x - નિર્વાત કે નિર્વ્યાઘાત જે ગિરિકંદરા તેમાં રહેલ.

હવે અધિકૃત્ વાચના - કંઈક અધિક આઠ વર્ષ ગયેલા છે જેને જન્મ્યાને તે. તેને અર્થથી-વ્યાખ્યાનથી, કરણથી-પ્રયોગથી. સેહાવેહ-સધાવે છે, નિષ્પાદન કરે છે. સિક્ખાવેહ-શિક્ષા આપે છે - અભ્યાસ કરાવે છે. વિન્નય પરિણયમેત્તે - ક્વચિત્ તેમાં વિજ્ઞ જ વિજ્ઞક, તે આ પરિણત માત્ર-બુદ્ધિ આદિ પરિણામવાળો જ વિજ્ઞક પરિણત માત્ર. અહીં માત્રા શબ્દ બુદ્ધ્યાદિ પરિણામના અભિનવત્વને જણાવવા માટે છે. નવંગ — બે શ્રોત્ર, બે નેત્ર, બે ઘ્રાણ, એક જીભ, એક ત્વચા, એક મન. આ નવે સુતેલની જેમ સુપ્ત-બાળપણાથી અવ્યક્ત ચેતનાવાળા, પ્રતિબોધિત - યૌવનથી વ્યક્ત ચેતના યુક્ત કરાયેલ છે જેના તે. વ્યવહારભાષ્યમાં - શ્રોત્રાદિ નવ કહ્યું છે.

હયજોહી-અશ્વ વડે યુદ્ધ કરનાર. એ રીતે રથયોધી અને બાહુયોધી. બાહુ વડે પ્રમર્દન કરનાર તે બાહુપ્રમર્દી. વિયાલચારી-સાહસિકપણાથી વિકાલે પણ - રાત્રિમાં પણ ચરે છે તે. તેથી જ સાહસિક, સાત્વિક. अलं भोग समत्थ - અત્યર્થ ભોગાનુભવ સમર્થ. नो सज्जिहिति - ન સંગસંબંધ કરશે. नो रज्जिहिति - ન રાગ-પ્રેમ, ભોગ

સંબંધ હેતુ કરશે, અપ્રાપ્ત ભોગોની આકાંક્ષા કરશે નહીં. नाध्युपपत्स्यते - તે અત્યંત તેમાં એકાગ્ર મનવાળા થશે નહીં. से जहाणामए - અથ શબ્દાર્થમાં અથશબ્દ-વાક્ય ઉપક્ષેપાર્થે છે. નામ શબ્દ સંભાવના માટે છે.

उप्पलेति वा, ઉત્પલ, ઉત્પલાદિ પદોનો અર્થભેદ, વર્ણ આદિ વડે લોકથી જાણવું. વિશેષ આ - પુંડરીક - શ્વેત પદ્મ, પંક-કાદવ, તે જ રજ, પદ્મ સ્વરૂપ ઉપરંજનથી, શ્લક્ષ્ણ અવયવ રૂપત્વથી કે રેણુ-રજતુલ્યત્વથી. કામરજ - કામ-શબ્દ અને રૂપ, તે જ રજ. ભોગરજ - ભોગ-ગંધ, રસ અને સ્પર્શ, તે રૂપ રજ. મિત્ર-સુહૃદ, જ્ઞાતિ-સજાતીય, નિજક-ભાઈ, પુત્રાદિ, સ્વજન-મામા આદિ, સંબંધી-શ્વશૂરાદિ, પરિજન-દાસ આદિ.

કેવલં બોહિં બુજ્ઝિહિઈ - વિશુદ્ધ સમ્યગ્દર્શન અનુભવશે. અર્થાત્ તે પામશે. अनंत - અનંતાર્થવિષયત્વથી, अनुत्तर - સર્વોત્તમત્વથી. નિર્વ્યાઘાત - કટ, કુટ્યાદિ વડે અપ્રતિહતત્વથી. નિરાવરણ-ક્ષાયિકત્વથી. કૃત્સ્ન-સર્વ અર્થના ગ્રાહકત્વથી, પ્રતિપૂર્ણ - સર્વ અંશ સમન્વિત. કેવલવરનાણદંસણ - સહાય રહિત, તેથી જ શ્રેષ્ઠ જ્ઞાન અને દર્શન. તેમાં જ્ઞાન-વિશેષ અવબોધરૂપ છે, દર્શન-સામાન્ય અવબોધરૂપ છે.

હીલણા-જન્મ, કર્મ, મર્મ ઉદ્‌ઘટ્ટન. નિંદણા-મનથી કુત્સના, ખિંસણા - લોક સમક્ષ કુત્સા. ગર્હણા-સમક્ષ જ કુત્સા કરવી. તર્જના-મસ્તકમાં અંગુલિ આદિ સ્ફોરણથી. - x - તાડના-થપ્પડ આદિ મારવા, પરિભવણા-પરિભાવ કરવો. પ્રવ્યથના - ભય ઉત્પાદના વડે. ઉચ્ચાવચ-ઉત્કૃષ્ટ, નિકૃષ્ટ. ગામકંટય - ઈન્દ્રિય સમૂહને પ્રતિકૂળ.

સિજ્ઝિહિઇ - સિદ્ધ થશે, કૃતકૃત્ય થશે. બુજ્ઝિહિઈ-બોધ પામશે, કેવળજ્ઞાન વડે સર્વ અર્થોને જાણે. મુચ્ચિહિઈ - સર્વ કર્માંશોથી મુક્ત થશે. પરિનિવ્વાહિઈ - પરિનિર્વાણ પામશે, કર્મકૃત્ સંતાપ ભાવથી શીત થશે. તેથી શું કહે છે ? સર્વે દુઃખોનો અંત કરશે.

● સૂત્ર-૫૧ :-

*જે આ પ્રમાણે ગામ, આકર યાવત્ સન્નિવેશોમાં પ્રવ્રજિત થઈ શ્રમણ થાય છે. તે આ — આચાર્યપ્રત્યનીક, ઉપાધ્યાયપ્રત્યનીક, કુલપ્રત્યનીક, ગણપ્રત્યનીક, આચાર્ય-ઉપાધ્યાયનો અપયશકારક, અવર્ણકારક, અકિર્તિકારક, ઘણી જ અસદ્‌ભાવના ઉદ્‌ભાવનાથી, મિથ્યાત્વાભિનિવેશ થકી પોતાને, બીજાને અને તદુભયને વ્યુદ્‌ગ્રાહિત કરતા, વ્યુત્પાદિત કરતા વિચરીને ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળે છે. પાળીને તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી લાંતક કલ્પમાં કિલ્બિષિક દેવમાં, કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં જ તેની ગતિ છે, ૧૩-સાગરોપમની સ્થિતિ છે. તેઓ અનારાધક હોય છે. બાકી પૂર્વવત્.*

*તે જે આ પર્યાપ્તા સંજ્ઞા પંચેન્દ્રિયતિર્યંચયોનિકો હોય છે. તે આ — જલચર, ખેચર, સ્થલચર. તેમાં કેટલાંક શુભ પરિણામથી, પ્રશસ્ત અધ્યવસાનથી, વિશુદ્ધ થતી લેશ્યાથી, તદાવરણીય કર્મોના ક્ષયોપશમથી, ઈહા-અપોહ-માર્ગણા*



*ગવેષણા કરતા સંજ્ઞીપણાથી પૂર્વવર્તી ભવોની સ્મૃતિ ઉત્પન્ન થાય છે. ત્યારપછી તે સમુત્પન્ન જાતિસ્મરણથી સ્વયં જ પાંચ અણુવ્રતોને સ્વીકારે છે, સ્વીકારીને ઘણાં શીલ-વ્રત-ગુણ-વેરમણ-પ્રત્યાખ્યાન-પૌષધોપવાસથી આત્માને ભાવિત કરતાં, ઘણાં વર્ષોનું આયુ પાળે છે, પાળીને ભક્ત પ્રત્યાખ્યાન કરે છે. ઘણાં ભોજનને અનશન વડે છેદે છે, છેદીને આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિ પામી, કાળમાસે કાળ કરી ઉત્કૃષ્ટથી સહસ્રાર કલ્પમાં દેવપણે ઉપપાત પામે છે. ત્યાં તેમની ગતિ, ૧૮-સાગરોપમની સ્થિતિ, પરલોકના આરાધક થાય છે.*

*તે જે આ ગામ, આકર યાવત્ સંનિવેશમાં આજીવિકો છે, જેવા કે — દ્વિગૃહાંતરિક, ત્રિગૃહાંતરિક, સપ્તગૃહાંતરિક, ઉત્પલ બેંટિક, ગૃહ સામુદાનિક, વિદ્યુતાંતરિક, ઉષ્ટ્રિક શ્રમણ. તે આવા સ્વરૂપના વિહારથી વિચરતા ઘણાં વર્ષોનો પર્યાય પાળે છે, પાળીને કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પે દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં જ તેમની ગતિ, ૨૨-સાગરોપમ સ્થિતિ, અનારાધક થાય છે. - x -*

*તે જે આ ગામ, આકર યાવત્ સન્નિવેશમાં પ્રવ્રજિત શ્રમણ હોય છે. જેમકે — આત્મોત્કર્ષક, પરપરિવાદિક, ભૂતિકર્મિક, વારંવાર કૌતુક કારક, તેઓ આવા પ્રકારના વિહારથી વિચરતા ઘણાં વર્ષોનો શ્રામણ્ય પર્યાય પાળીને તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ ન કરીને કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પમાં આભિયોગિક દેવમાં દેવપણે ઉપપાત પામે છે. ત્યાં તેમની ગતિ છે, બાવીશ સાગરોપમની સ્થિતિ છે, પરલોકના અનારાધક છે. બાકી પૂર્વવત્.*

*તે જે આ ગામ, આકર યાવત્ સંનિવેશમાં નિહ્નવો હોય છે જેવા કે — બહુરત, જીવપ્રદેશિક, અવ્રતિક, સામુચ્છેદિક, દ્વૈક્રિય, ત્રૈરાશિક, અબદ્ધિક. આ સાત પ્રવચન નિહ્નવો કેવળ ચર્યા, લિંગ શ્રામણ્યા, મિથ્યાદૃષ્ટિ, ઘણી અસત્ ઉદ્‌ભાવનાથી, મિથ્યાત્વાભિનિવેશથી પોતાને, બીજાને અને તદુભયને વ્યુદ્‌ગ્રાહિત કરતા, વ્યુત્પાદિત કરતા વિચરીને ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળે છે. પાળીને કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી ઉપરી ગ્રૈવેયકમાં દેવપણે ઉપપાત થાય છે. ત્યાં તેમની ગતિ, એકત્રીશ સાગરોપમ સ્થિતિ છે, પરલોકના આરાધક થાય છે, બાકી પૂર્વવત્.*

*તે જે આ ગામ, આકર, યાવત્ સન્નિવેશમાં મનુષ્યો થાય છે, જેવા કે — અલ્પારંભી, અલ્પપરિગ્રહી, ધાર્મિક, ધર્માનુગ, ધર્મિષ્ઠ, ધર્માખ્યાયી, ધર્મપ્રલોકી, ધર્મપ્રરંજન, ધર્મસમુદાચાર, ધર્મથી આજીવિકા કરનારા, સુશીલ, સુવ્રતી, સુપ્રત્યાનંદ હોય છે તેઓ સાધુ પાસે એકચ્ચા-જાવજ્જીવ માટે પ્રાણાતિપાતથી પ્રતિવિરત, એકચ્ચાથી અપ્રતિવિરત એ રીતે યાવત્ પરિગ્રહથી, એકચ્ચા ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિરતિ, માયામૃષાવાદ, મિથ્યા દર્શનશલ્યથી જાવજ્જીવ માટે પ્રતિવિરત અને એકચ્ચાથી અપ્રતિવિરત, એકચ્ચાથી જાવજ્જીવ માટે આરંભ-સમારંભથી પ્રતિવિરત અને એકચ્ચાથી*

*અપ્રતિવિરત, એકચ્ચાંથી કરણ-કારાવણથી જાવજ્જીવ માટે પ્રતિવિરત અને એકચ્ચાંથી અપ્રતિવિરત, એકચ્ચાંથી જાવજ્જીવ માટે પચન-પચાવન થકી પ્રતિવિરત અને એકચ્ચાંથી પચન-પચાવનથી અપ્રતિવિરત...*

*(-તથા-) એકચ્ચાંથી કુટ્ટણ-પિટ્ટણ-તર્જન-તાડન-વધ-બંધ-પરિક્લેશથી જાવજ્જીવને માટે પ્રતિવિરત અને એકચ્ચાંથી અપ્રતિવિરત છે. એકચ્ચાંથી સ્નાન, મર્દન, વર્ણક, વિલેપન, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ, માળા, અલંકારથી જાવજ્જીવાર્થે પ્રતિવિરત, એકાર્યાથી અપ્રતિવિરત હોય. જે આવા અને આવા પ્રકારના સાવધયોગ યુક્ત કર્મવાળા, બીજાના પ્રાણોને પરિતાપ કરનારા થાય છે, તેનાથી યાવત્ એકચ્ચાંથી અપ્રતિવિરત છે.*

*એવા શ્રાવકો હોય છે, જીવ-અજીવના જ્ઞાતા, ઉપલબ્ધ પુન્ય-પાપ, આશ્રવ-સંવર-નિર્જરા-ક્રિયા-અધિકરણ-બંધ-મોક્ષ કુશલ, સહાયના અનિચ્છુક, દેવ-અસુર-નાગ-યક્ષ-રાક્ષસ-કિંનર-કિંપુરુષ-ગરુડ-ગંધર્વ-મહોરગાદિ દેવગણ વડે નિર્ગ્રન્થ પ્રવચનથી અનતિક્રમણીય, નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સક, લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પૃચ્છિતાર્થા, અભિગતાર્થા, વિનિશ્ચિતાર્થા, અસ્થિ-મિંજ-પ્રેમ-અનુરાગરક્ત હોય છે. હે આયુષ્યમાન્ ! નિર્ગ્રન્થ પ્રવચન જ અર્થરૂપ છે, આ પરમાર્થ છે, બાકી બધું અનર્થક છે. ઉચ્છ્રિત સ્ફટિક, અપ્રાવૃત્ત દ્વારવાળા, ત્યક્તાંતપુર પરગૃહદ્વાર પ્રવેશ, ચૌદશ-આઠમ-અમાસ-પૂનમે પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પાલન કરતા, શ્રમણ નિર્ગ્રન્થને પ્રાસુક એષણીય. અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વડે, વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપ્રોંછનક વડે, ઔષધ-ભેષજ વડે, પ્રાતિહારિક પીઠ-ફલક-શય્યા-સંથારક વડે પ્રતિલાભિત કરતા વિચરે છે, વિચરીને ભોજનના પ્રત્યાખ્યાન કરે છે, તેઓ ઘણાં ભોજનને અનશન વડે છેદે છે, છેદીને આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિ પામીને, કાળમાસે કાળ કરીને, ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પમાં દેવપણે ઉપપાત પામે છે. ત્યાં તેમની ગતિ, બાવીશ સાગરોપમની સ્થિતિ, આરાધક થાય, બાકી પૂર્વવત્.*

*તે જે આ ગામ, આકર યાવત્ સંનિવેશમાં મનુષ્યો હોય છે, તે આ — અનારંભ, અપરિગ્રહ, ધાર્મિક યાવત્ આજીવિકા કરનાર, સુશીલ, સુવ્રત, સુપ્રત્યાનંદ, તે સાધુઓ સર્વથા પ્રાણાતિપાત પ્રતિવિરત યાવત્ સર્વથા પરિગ્રહથી પ્રતિવિરત, સર્વથા ક્રોધ-માન-માયા-લોભ યાવત્ મિથ્યાદર્શનશલ્યથી પ્રતિવિરત, સર્વથા આરંભ-સમારંભથી પ્રતિવિરત, સર્વથા કરણ-કારાવણથી પ્રતિવિરત, સર્વથા પચન-પચાવનથી પ્રતિવિરત, સર્વથા કુટ્ટણ-પિટ્ટણ-તર્જન-તાડન-વધ-બંધ-પરિક્લેશથી પ્રતિવિરત, સર્વથા સ્નાન-મર્દન-વર્ણક-વિલેપન-શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધ-માળા-અલંકારથી પ્રતિવિરત, જે આવા અને આવા પ્રકારના સાવધ યોગથી યુક્ત, પરપ્રાણ પરિતાપનાર કર્મોનો અંત કરનાર તથા તેનાથી જાવજ્જીવને માટે પ્રતિવિરત હોય છે.*

*તે જે કોઈ અણગાર હોય છે તે ઈર્યાસમિત, ભાષાસમિત યાવત્ આ*



*નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરીને વિચરે છે. તે ભગવંતોને આ વિહારથી વિચરતા કેટલાંકને અનંત યાવત્ કેવલવર જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, તેઓ ઘણાં વર્ષો કેવલિ પર્યાય પાળે છે, પાળીને ભક્ત પ્રત્યાખ્યાન કરે છે, ઘણાં ભોજનને અનશન વડે છેદે છે, છેદીને જે હેતુને માટે નગ્નભાવ ધારણ કરેલ છે, યાવત્ અંત કરે છે.*

*જે કેટલાંકને કેવળ વર જ્ઞાનદર્શન ઉત્પન્ન થતા નથી તેઓ ઘણાં વર્ષો છદ્મસ્થ પર્યાય પાળે છે, પાળીને આબાધા ઉત્પન્ન થતા કે ન થતાં ભક્તપ્રત્યાખ્યાન કરે છે. ઘણાં ભોજનને અનશન વડે છેદીને જે પ્રયોજન માટે નગ્નભાવ ધારણ કરેલ છે યાવત્ તે અર્થને આરાધી છેલ્લા શ્વાસોચ્છ્વાસે અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ, કેવળવરજ્ઞાનદર્શનને પ્રાપ્ત કરે છે, ત્યારપછી સિદ્ધ થાય છે યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.*

*કેટલાંક વળી એક ભવ કરનારા, પૂર્વકર્મ અવશેષ રહેતા કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉપપાત પામે છે. ત્યાં તેમની ગતિ છે, તેત્રીશ સાગરોપમની સ્થિતિ હોય છે. તેઓ આરાધક હોય છે. બાકી બધું પૂર્વવત્.*

*જે આ ગામ, આકર યાવત્ સંનિવેશમાં મનુષ્યો હોય છે, તે આ — સર્વકામ વિરત, સર્વરાગ વિરત, સર્વ સંગથી અતીત, સર્વ સ્નેહને ઉલ્લંઘી ગયેલ, અક્રોધી, નિષ્ક્રોધી, ક્ષીણક્રોધી, એ પ્રમાણે માન-માયા-લોભ ક્ષીણ કરેલા અનુક્રમે આઠ કર્મ પ્રકૃતિઓનો ક્ષય કરીને ઉપર લોકાગ્રે પ્રતિષ્ઠિત થાય છે.*

**● વિવેચન-૫૧ :-**

अयसफारक - પરાક્રમકૃત્ સર્વદિગ્ગામી અથવા પ્રખ્યાતિ, તે યશ, તેના પ્રતિષેધથી અયશ. અવણ્ણકારય-અવજ્ઞા, અનાદર કે અવર્ણ, વર્ણનું ન કરવું. અકિર્તિકારક - દાનકૃત એકદિક્ગામિની કે પ્રસિદ્ધિ, કીર્તિ-તેના નિષેધથી અકીર્તિ. અસદ્ભાવ-અવિધમાન અર્થની ઉદ્ભાવના-ઉત્પ્રેક્ષણ. મિચ્છત્તાભિનિવેસ-વસ્તુવિપર્યાસ અથવા મિથ્યાદર્શન નામક કર્મની સાપેક્ષતાથી અભિનિવેશ-ચિત્ત અવષ્ટંભ. વુગ્ગાહેમાણ-કુ-ગ્રહમાં જોડતા. વુપ્પાએમાણ-અસત્ ભાવોદ્ભાવનામાં સમર્થ કરતા. અણાલોઈય અપડિકાંત - ગુરુની સમીપે આલોચના ન કરેલ, તેથી દોષથી અનિવૃત્ત. આવાને વિશિષ્ટ શ્રામણ્યજન્ય દેવત્વ અને પ્રત્યનીકતા જન્ય કિલ્બિષિકત્વ મળે છે. તેઓ ચંડાલપ્રાયઃ દેવ થાય.

સંજ્ઞીપૂર્વજાઈસરણ-સંજ્ઞી થઈને પૂર્વભવનું સ્મરણ.

આજીવિક-ગોશાલક મતાનુવર્તી. દુઘરંતરિય-એક ઘરમાં ભિક્ષા લઈને અભિગ્રહ વિશેષથી બે ઘર ઓળંગીને ફરી ભિક્ષાને ગ્રહણ કરે છે. પણ નિરંતર કે એકાંતર ઘરમાંથી ભિક્ષા ન લે. બે ઘરના અંતરથી ભિક્ષાગ્રહણ જેમને છે તે દ્વિગૃહાંતરિક જાણવા. એ રીતે ત્રણ ગૃહાંતરિક અને સાત ગૃહાંતરિક જાણવા. ઉપ્પલબેંટિય-નિયમ વિશેષથી ગ્રહણ કરેલ ભૈક્ષત્વ વડે જેમાં છે તે ઉત્પલવૃંતિકા. ગૃહસમુદાન-પ્રતિગૃહે

ભિક્ષા જેમાં ગ્રહણપણે હોય છે તે. વિજ્જુયંતરિય-વિજળી થતાં અંતરમાં જેમને ભિક્ષા ગ્રહણ છે તે. વિજળી થાય ત્યારે ભિક્ષા ન લે. ઉટ્ટિયાસમણ-મોટા માટીના ભાજન વિશેષ, તેમાં પ્રવેશી જે તપ કરે છે તે ઉષ્ટ્રિકા શ્રમણ, આ પદને આશ્રીને વ્યાખ્યા કરી છે.

જેમાં આત્મોકર્ષ છે, તે આત્મોકર્ષિકા. પરપરિવાઈય-બીજાની નિંદા જેમાં છે તે. ભૂતિકર્મ - જ્વરિતોના ઉપદ્રવની રક્ષાર્થે ભૂતિદાન જેમાં છે તે. પુનઃપુનઃ કૌતુક-સૌભાગ્યાદિ નિમિત્ત બીજાને સ્નપનાદિ તેના કર્તા, તે કૌતુકકારક. અભિયોગ-આદેશકર્મમાં નિયુક્ત તે આભિયોગિક. આમનું દેવત્વ ચારિત્રથી આભિયોગિકત્વ અને આત્મોકર્ષથી છે.

બહુરત-ઘણાં સિદ્ધાંતોમાં રત-આસક્ત, ઘણાં જ સિદ્ધાંત વડે કાર્ય નિષ્પન્ન થાય છે, એક સમયથી નહીં, એ પ્રમાણે બોલનારા. તેવા જમાલિના મતને અનુસરનારા તે. - - - જીવપ્રદેશ - જીવ અને પ્રદેશ એક જ છે જેમના મતે તે, એક પ્રદેશથી ન્યૂન જીવ ન થાય, જે એક પ્રદેશથી પૂર્ણ થઈને જીવ થાય છે, તે એક જ પ્રદેશ જીવ થાય છે, એ પ્રમાણે બોલનાર તિષ્યગુપ્તાચાર્ય મતાવિસંવાદી. અવ્યક્ત - આ સર્વ જગત્ સાધુ આદિ વિષયમાં આ શ્રમણ છે કે દેવ છે ? ઈત્યાદિ વિવિક્ત પ્રતિભાસના ઉદયના અભાવથી તે અવ્યક્ત વસ્તુ છે તેવા મતવાળા. આષાઢાચાર્યના શિષ્યોના મતને અનુસરનારાઓ. - x -

સામુચ્છેદિક-નારકાદિભાવોનો પ્રતિક્ષણ સમુચ્છેદ-ક્ષયને કહેનારા. અશ્વમિત્રના મતને અનુસરનારા. દોકિરિય-શીત વેદના અને ઉષ્ણવેદનાદિ સ્વરૂપ એક સમયે જીવો અનુભવે છે, એવું બોલનારા તે, ગંગા આર્યમતાનુવર્તી. તેરાસિય-ત્રણ રાશિ જીવ-અજીવ-નોજીવ રૂપ છે તેમ કહેનાર તે ત્રૈરાશિક-રોહગુપ્તમતાનુસારી. અબદ્ધિક-અબદ્ધ સત્કર્મ કંચુક પાર્શ્વથી સ્પૃષ્ટ માત્રને જીવને અનુસરે છે એવું કહેનારા, ગોષ્ઠામાહિલના મતના અનુસરનારા. - x - x -

પ્રવચન નિહ્નવ-જિનાગમનો અપલાપ કરે છે, અન્યથા તેના એકદેશનો સ્વીકાર કરે છે તે. મિથ્યાદૃષ્ટિ-વિપરીત બોધવાળા ચર્યા-ભિક્ષાટન આદિ ક્રિયા વડે લિંગ-વેશથી, રજોહરણાદિથી સાધુતૂલ્ય.

ધાર્મિક-ધર્મ-શ્રુત ચારિત્રરૂપથી જે વિચરે છે તે. આવું કઈ રીતે તે કહે છે — ધર્માનુગ-શ્રુતરૂપ ધર્મને અનુસરે છે તે. તે કઈ રીતે ? ધર્મિષ્ઠ-શ્રુતરૂપ ધર્મ જ ઈષ્ટ-વલ્લભ, પૂજિત છે જેમાં તે. અથવા ધર્મીને વેષ્ટ અથવા ધર્મ જેમાં છે તે ધર્મિણ. તે જ બીજા કરતા અતિશયવંત હોય તે. તેથી જ ધમ્મક્ખાઈ-ધર્મને કહનાર, ભવ્યોને પ્રતિપાદન કરનાર તે અથવા ધર્મથી જેની ખ્યાતિ-પ્રસિદ્ધિ છે તે.

ધમ્મપલોઈ-ધર્મને ઉપાદેયપણે જુએ છે કે પાખંડીઓની ગવેષણા કરે છે તે ધર્મપ્રલોકી. ધર્મ ગવેષણા પછી ધમ્મપલજ્જણ-ધર્મમાં પ્રકૃષ્ટ રાગ કરે છે - આસક્ત રહે છે તે. તેથી ધર્મસમુદાચાર-ધર્મરૂપ ચારિત્રાત્મક સદાચાર કે સપ્રમોદ જેમાં છે તે. તેથી જ ધમ્મેણ ચેવ વિત્તિં કપ્પેમાણ-ચારિત્ર અવિરોધી ધર્મથી જ કે શ્રુતઅવિરોધથી





વૃત્તિ-જીવિકા કરનારા-કરીને વિચરનારા. - - - સુવ્વય-શોભનચિત્ત વૃત્તિવાળા. સુપ્પડિયાણંદા-ચિત્તનો આહ્લાદ જેમાં છે સુપ્રત્યાનંદ, સાધુસુ-વિષય ભૂતોમાં અથવા 'સાહૂહિં'નો ઉત્તર વાક્ય સાથે સંબંધ જોડે છે. - x -

એકચ્ચાં પ્રાણાતિપાતથી - એકથી પણ સર્વથી નહીં. અહીં પાઠાંતરમાં एगइयाओ પાઠ છે. તેમાં એકક જ એકકિક છે. - x - x - મિચ્છાદંસણસલ્લાઓ — મિથ્યાદર્શન-તદ્જન્ય અન્યતીર્થિકને વંદનાદિ ક્રિયા, તેના ભાવથી વિરત, પણ રાજાદિ અભિયોગ હોય તો અવિરત રહે. कुट्टणपिट्टण० ઈત્યાદિ. તેમાં કુટ્ટન-ખદિરાદિ માફક છેદ વિશેષ કરવો તે. પિટ્ટણ-વસ્ત્રાદિ માફક મુદ્‌ગરાદિ વડે પીટવા, તર્જન-બીજાને - "હે જાલિમ તું જાણે છે" એવા વાક્યથી તર્જના કરે. તાડના-થપ્પડ આદિ વડે મારવા અથવા તાલન-ગૃહદ્વારાદિને તાળા વડે બંધ કરવા.

વધ-મારણ, બંધ-દોરડાદિ વડે બાંધવા, પરિક્લેશ-બાધા ઉત્પન્ન કરવી. સાવજ્જજોગોવહિય-સાવધયોગ ઔષધિકા-માયા પ્રયોજન, કષાય પ્રત્યયી. અથવા ઉપકરણ પ્રયોજન જે છે તે. કમ્મંત-વ્યાપાર અંશો. બીજી વાચનામાં "સાવજ્જા અબોહિયાકમ્મંત" પાઠ છે. અહીં અબોધિકા-અવિધમાનબોધિકા. આ પ્રમાણે સામાન્યથી કહેલ મનુષ્યોના વિશેષ નિર્દેશનાર્થે કહે છે, ઈત્યાદિ. - x -

आबाहे - રોગાદિ બાધામાં, એકચ્ચાં-અસાધારણ ગુણત્વથી અદ્વિતીય મનુજભવ ભાવિની. અથવા અર્ચા-જેમાં એક શરીર બાકી છે તે. પુનઃ શબ્દ પૂર્વોક્ત અર્થની અપેક્ષાએ ઉત્તર વાક્યાર્થના વિશેષ ધોતનાર્થે છે. બીજા કહે છે — एक्के - કેવળજ્ઞાન-ભાજન વડે, भयंतार - ભક્તાર, અનુષ્ઠાન વિશેષા સેવનાર કે ભવથી રક્ષણ આપનાર. - x - x -

સવ્વકામવિરત-સર્વે કામથી, સમસ્ત શબ્દાદિ વિષયથી વિરત-નિવૃત્ત કે તેનાથી વિરત-ઉત્સુકતાથી રહિત જે છે તે. કેમકે સવ્વરાગવિરય-સર્વરાગથી, સમસ્ત વિષયાભિમુખ્ય હેતુભૂત આત્મ પરિણામ વિશેષથી વિરત-નિવૃત્ત જે છે તે. સવ્વસંગાતીત-બધાં જ સંગ-માતાપિતાદિ સંબંધથી અતીત-અપક્રાંત તે. કેમકે સવ્વસિણેહ અઇક્કંત-માતા આદિ સંબંધ હેતુ અતિક્રાંત-ત્યાગ કરનાર તે. અક્કોહ-ક્રોધના વિફલીકરણથી, નિક્કોહ-ઉદયના અભાવથી, આ જ કઈ રીતે ? તે કહે છે — ક્ષીણક્રોધ-ક્ષીણક્રોધ મોહનીય. અથવા આ એકાર્થક શબ્દો છે.

● સૂત્ર-૫૨ થી ૫૪ :-

***[૫૨] ભગવન્ ! ભાવિતાત્મા અણગાર કેવલીસમુદ્‌ઘાતથી સમવહત થઈને કેવલકલ્પ લોકને સ્પર્શીને રહે છે ? હા, રહે છે. ભગવન્ ! તેઓ શું કેવલકલ્પ લોકમાં તે નિર્જરા પુદ્‌ગલથી સ્પર્શે ? હા, સ્પર્શે.***

***ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલના કંઈક વર્ણથી વર્ણ, ગંધથી ગંધ, રસથી રસ, સ્પર્શથી સ્પર્શને જાણે-જુએ ? ગૌતમ ! આ અર્થ સંગત નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલોને કંઈપણ વર્ણથી વર્ણ યાવત્ ન જાણે-ન જુએ ? ગૌતમ ! આ જંબૂદ્વીપ દ્વીપ સર્વે***

દ્વીપસમુદ્રોમાં સર્વથી અંદરનો, બધાંથી નાનો, તેલના પૂડલાના આકારે સંસ્થિત એવો વૃત્ત, રથ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત એવો વૃત્ત, પુષ્કરકર્ણિકા સંસ્થાને સંસ્થિત એવો વૃત્ત, પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાને સંસ્થિત એવો વૃત્ત, એક લાખ યોજન લંબાઈ-વિષ્કંભથી, ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૨૮ ધનુષ્, ૧૩।। અંગુલથી કંઈક વિશેષ પરિક્ષેપથી કહેલો છે. કોઈ મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલી, મહાયશસ્વી, મહાસૌખ્ય, મહાનુભાવ દેવ, વિલેપન સહિત ગંધના દાબડાને લઈને તેને વિખેરે, વિખેરીને યાવત્ આમ કરી કેવલકલ્પ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડવા જેટલા સમયમાં એકવીશ વખત ભ્રમણ કરીને જલ્દી પાછો આવે. તો હે ગૌતમ ! તે કેવલકલ્પ જંબૂદ્વીપ દ્વીપમાં તે ઘ્રાણ પુદ્ગલને સ્પર્શે ? હા, સ્પર્શે ? ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય તે ઘ્રાણ પુદ્ગલોને કંઈક વર્ણથી વર્ણ યાવત્ જાણે જુએ ? ભગવન્ ! તે અર્થ સંગત નથી. હે ગૌતમ ! તે કારણથી કહ્યું કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્ગલને વર્ણથી વર્ણ યાવત્ કંઈ પણ ન જાણે - ન જુએ. તે પુદ્ગલો આટલા સૂક્ષ્મ કહ્યા છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! તે પુદ્ગલો સમગ્ર લોકનો સ્પર્શ કરીને સ્થિત રહે છે.

ભગવન્ ! કેવલી કયા કારણે સમુદ્ઘાત કરે છે ? કેવલી શા માટે સમુદ્ઘાત કરીને જાય છે ? ગૌતમ ! કેવલીને ચાર કર્માંશો ક્ષીણ થયા હોતા નથી. તે આ – વેદનીય, આયુ, નામ, ગોત્ર. તેમાં સૌથી વધુ વેદનીય કર્મ હોય છે. સૌથી થોડાં આયુકર્મ હોય છે. બંધન અને સ્થિતિ વડે વિષમને સમ કરે છે. બંધન અને સ્થિતિથી વિસમને સમ કરવાને માટે કેવળી સમવહત થાય છે. એ રીતે નિશ્ચે કેવલી સમુદ્ઘાતને કરે છે. ભગવન્ ! બધાં જ કેવલી, સમુદ્ઘાત કરે છે ? ના, આ અર્થ સંગત નથી.

[૫૩] સમુદ્ઘાત કર્યા વિના જ અનંત કેવલી, જિન જરામરણથી વિપ્રમુક્ત થઈ ઉત્તમ સિદ્ધિ ગતિને પામ્યા છે.

[૫૪] ભગવન્ ! આવર્જીકરણ કેટલા સમયનું કહેલ છે ? ગૌતમ ! અસંખ્યાતસમયિક અંતર્મુહૂર્ત કહેલ છે. ભગવન્ ! કેવલી સમુદ્ઘાત કેટલા સમયના કહેલ છે. ગૌતમ ! આઠ સમયનું કહે છે. તે આ પ્રમાણે - પહેલા સમયે દંડ કરે છે, બીજા સમયે કપાટ કરે છે, ત્રીજા સમયે મથન કરે છે, ચોથા સમયે લોકને પૂરે છે, પાંચમાં સમયે લોકનું પ્રતિસંહરણ કરે છે, છઠ્ઠે સમયે મંથનનું પ્રતિસંહરણ કરે છે. સાતમે સમયે કપાટને પ્રતિસંહરે છે, આઠમે સમયં દંડને પ્રતિસંહરે છે. પડિસંહરણ કરીને પછી શરીરસ્થ થાય.

ભગવન્ ! તે તેવા સમુદ્ઘાતમાં જતાં શું મનોયોગને જોડે છે ? વચનયોગને જોડે છે ?, કાયયોગને જોડે છે ? ગૌતમ ! મનોયોગને જોડતા નથી, વચનયોગને જોડતા નથી, પણ કાયયોગને જોડે છે.

કાયયોગને જોડતાં શું ઔદારિક શરીર કાયયોગને જોડે છે ? ઔદારિક મિશ્ર શરીર કાયયોગને જોડે છે ? વૈક્રિયશરીરકાય યોગને જોડે છે ? વૈક્રિય



મિશ્ર શરીર કાયયોગને જોડે છે ? કે કાર્મણશરીર કાયયોગને જોડે છે ? ગૌતમ ! ઔદારિકશરીર કાયયોગને જોડે છે, ઔદારિક મિશ્ર શરીરકાય યોગને જોડે છે, વૈક્રિય શરીરકાય યોગને જોડતા નથી, વૈક્રિયમિશ્ર શરીરકાય યોગને જોડતા નથી, આહારકશરીર કાયયોગને જોડતા નથી, આહારકમિશ્રશરીર કાયયોગને જોડતા નથી, કાર્મણશરીર કાય યોગને પણ જોડે છે, બીજા-છઠ્ઠા અને સાતમાં સમયમાં ઔદારિક-મિશ્રશરીર કાયયોગને જોડે છે, ત્રીજા-ચોથા-પાંચમામાં કાર્મણશરીર કાયયોગને જોડે છે.

ભગવન્ ! તે તેવા સમુદ્ઘાતગત સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખોના અંતકર થાય ? આ અર્થ સંગત નથી. તે ત્યાંથી પ્રતિનિવૃત્ત થઈ, - x - પછી અહીં પાછા આવે છે. આવીને પછી મનોયોગને વચનયોગને, કાયયોગને પણ જોડે છે. મનોયોગમાં જોડાયેલ શું સત્યમનોયોગને જોડે છે કે મૃષામનોયોગને, સત્યામૃષા-મનોયોગને કે અસત્યામૃષા મનોયોગને જોડે છે ? ગૌતમ ! સત્યમનો યોગને જોડે છે, મૃષા મનોયોગને જોડતા નથી. સત્યામૃષા મનોયોગને જોડતા નથી. અસત્યામૃષા મનોયોગને પણ જોડે છે. વચનયોગને જોડતાં શું સત્યવચન યોગને જોડે છે કે યાવત્ અસત્યામૃષા વચનયોગને જોડે છે ? ગૌતમ ! સત્યવચન અને અસત્યામૃષા વચન યોગને જોડે છે પણ મૃષાવચનયોગને અને સત્યામૃષા વચનયોગને જોડતા નથી. કાયયોગને જોડતાં આવે છે, ઉભે છે, બેસે છે, સુવે છે, ઉલ્લંઘે છે, પ્રલંઘે છે, ક્ષેપણ-અવક્ષેપણ-તિર્યક્ક્ષેપણ કરે છે. પ્રાતિહારિક પીઠ-ફલક-શય્યા-સંસ્તારક પાછા આપે છે.

● વિવેચન :-

આ પ્રમાણે ઉપપાત કહ્યો. હવે અનંતરોક્ત સિદ્ધ ઉપાપાત સંબંધથી તેના કારણભૂત સમુદ્ઘાતાદિ કહે છે – તેમાં કેવલિ સમુદ્ઘાતથી, કષાયાદિ સમુદ્ઘાતથી નહીં, સમવહત-વિક્ષિપ્ત પ્રદેશ. કેવલકલ્પ-સંપૂર્ણ. અથવા કેવલ-સંપૂર્ણ, કલ્પ-સ્વકાર્ય કરવામાં સમર્થ વસ્તુરૂપ. તે નિર્જરાપ્રધાન પુદ્ગલ, જીવ વડે અકર્મતાપાદિત કર્મપ્રદેશ. તે નિર્જરા પુદ્ગલ વડે સ્પૃષ્ટ-વ્યાપ્ત... છદ્મસ્થ-નિરતિશયજ્ઞાનયુક્ત - x - છદ્મસ્થ પણ વિશિષ્ટાવધિ જ્ઞાનયુક્ત નિર્જરા પુદ્ગલોને જાણે છે.

વણ્ણેણં વણ્ણ-વર્ણપણે અર્થાત્ યાથાત્મ્ય. વર્ણ-કાળાવર્ણાદિને વિશેષથી જાણે છે, સામાન્યથી જુએ છે. આ અર્થ સંગત નથી. કર્મ પુદ્ગલોના સાતિશય જ્ઞાનગમ્યત્વથી કહ્યું. સર્વાભ્યંતરક, સર્વક્ષુલ્લક, વૃત્ત, મોદકવત્ વૃત્ત, ઘનવૃત્ત પણ હોય, તેના વ્યવચ્છેદથી પ્રતરવૃત્તતા જણાવવા કહે છે – તેલના પૂડલા આકારે રહેલ. - x - ચક્રવાલ-મંડલ, મંડલત્વ ધર્મયોગથી રથચક્રવાલ. પદ્મબીજકોશ - x - x - x -

તિહિં અચ્છરાનિવાએહિં - ત્રણ ચપટી વગાડતાં જ, તિસત્તખુત્તો-એકવીશ વખત. હવ્વં-શીઘ્ર, ઘાણપોગ્ગલ-ગંધપુદ્ગલ - x - x - એસ્સુહુમાણ-આટલા સૂક્ષ્મ. અર્થાત્ તે એટલા સૂક્ષ્મ હોય છે કે જે છદ્મસ્થ વર્ણાદિ વડે જાણતા નથી. સમણાઉસ્સો - હે શ્રમણ ! હે આયુષ્યમાન્ ! અથવા શ્રમણ એવા આ આયુષ્યમાન્, તે આમંત્રણ

છે. અતિસૂક્ષ્મત્વથી બંધ પુદ્‌ગલોને જાણતા નથી, આ પ્રમાણે નિર્જરાપુદ્‌ગલો પણ દૃષ્ટાંત-ઉપનય છે.

ભગવન્ ! કેવલી શા માટે સમવહત થાય છે - આત્મ પ્રદેશોને દિશામાં પ્રક્ષેપે છે. આ જ વાત સુખે સમજવા બીજા વાક્યથી કહે છે ? કેવલી સમુદ્‌ઘાતમાં શા માટે જાય છે ? અપલિકખીણ-સ્થિતિના અક્ષયથી. ક્યાંક અવેદિતા, અનિર્જિણ પદો પણ છે. તેમાં અવેદિતા - તેનો રસ ન અનુભવવાથી, અનિર્જિણ - તેના પ્રદેશો જીવપ્રદેશથી ખરી પડ્યા નથી માટે. તે કેવલિ જે સમુદ્‌ઘાત કરે છે, બધાં નહીં. કેટલાંક સમુદ્‌ઘાત ન કરવા છતાં કર્મોનું સમપણું પામે છે - બંધણ - પ્રદેશબંધ અને અનુભાગ બંધને આશ્રીને. ઠિઈ - સ્થિતિબંધ વિશેષને આશ્રીને. બંધ અને સ્થિતિની વિસમતાને સમ કરવા સમુદ્‌ઘાત કરે છે.

આ પ્રમાણે અક્ષર ઘટના છે — નિશ્ચે બંધ આદિ વડે વિષમને સમ કરવાને માટે કેવલી સમુદ્‌ઘાત કરે છે. આવર્જીકરણ-ઉદિરણા આવલિકામાં કર્મ પ્રક્ષેપ વ્યાપાર રૂપ. તે કેવલિ સમુદ્‌ઘાત સ્વીકારેલ પહેલા જ કરે છે. પહેલા સમયે દંડ-પોતાના દેહ વિષ્કંભ ઉર્ધ્વ-અધ બંને બાજુ લાંબા લોકાંતગામી જીવપ્રદેશ સમૂહને દંડસ્થાનીય કેવલી જ્ઞાનના આભોગથી કરે છે. બીજા સમયે તે જ દંડ પૂર્વ-પશ્ચિમ બે દિશામાં પ્રસારીને પડખાંના લોકાંતગામી કપાટ જેવા કરે છે.

ત્રીજા સમયે તે જ કપાટ દક્ષિણ-ઉત્તર બે દિશામાં પ્રસારીને મથન સદૃશ લોકાંત સુધી કરે છે. ચોથા સમયે લોકનિષ્કુટ વડે મથનના અંતરોને પૂરે છે. તેનાથી સર્વલોક પૂરિત થાય છે. પાંચમાં સમયે મન્થાન્તરપૂરકત્વથી જે લોકપૂરક પ્રદેશો છે, તે લોકશબ્દથી કહેવાય છે. તેથી મન્થાંતરાલ પૂરક પ્રદેશોને સંહરી મથિસ્થ થાય છે, મથ્યાકાર વ્યવસ્થાપિત પ્રદેશોને સંહરીને કપાટસ્થ થાય છે, તેમ જાણવું. (એ પ્રમાણે છટ્ઠા સમયે કર્યા પછી) સાતમા સમયે કપાટાકાર ધારક પ્રદેશોને સંહરણથી દંડસ્થ થયા છે. આઠમાં સમયે દંડને સંહરી શરીરસ્થ થાય. અહીં શબ્દવૃત્તિથી કાળભેદે છે - x - પણ અર્થવૃત્તિથી નથી. કેમકે બંને ક્રિયા અષ્ટમસમયે થનારરૂપે કહેવાઈ છે.

મનોયોગ કે વચનયોગને જોડતાં નથી, કેમકે તેના પ્રયોજનનો અભાવ છે. કાયયોગ વિચારણામાં સાત પ્રકારે કાયયોગ છે. તેમાં ઔદારિક શરીર કાયયોગ-વ્યાપાર, તે વાચા આદિને પણ હોય છે, તેથી કાયા શબ્દથી વિશેષિતપણે કાયયોગ કહ્યું, તે અનેક ભેદે નહીં પણ ઔદારિક શરીરથી વિશેષિત કરેલ છે. તેમાં ઉદાર-શેષ પુદ્‌ગલ અપેક્ષાએ સ્થૂલ પુદ્‌ગલ વડે નિર્વૃત્ત તે ઔદારિક - x - તે શરીરનો કાયયોગ, તે ઔદારિક શરીર કાયયોગ ઔદારિક મિશ્રક નામે જે શરીર, તેનો જે કાયયોગ તે જે રીતે છે તે ઔદારિક મિશ્રશરીર કાયયોગ. તે કાર્મણ, ઔદારિક બંને યુગપત્ વ્યાપારરૂપ ઔદારિક શરીરીના ઉત્પત્તિકાળે અથવા કેવલી સમુદ્‌ઘાતમાં છે. ઔદારિક, વૈક્રિય કે ઔદારિક, આહારકના યુગપત્ વ્યાપાર રૂપ, ઔદારિકશરીરીને વૈક્રિયકરણ અને આહારકકાલે હોય છે.

વૈક્રિયશરીરકાય યોગ પૂર્વવત્. માત્ર વિક્રિયા જેનું પ્રયોજન છે તે વૈક્રિય-



સૂક્ષ્મતર વિશિષ્ટ કાર્યકરણક્ષમ પુદ્‌ગલનિર્વૃત્ત. આ વૈક્રિયલબ્ધિવાળા બાદરવાયુકાયિક પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યોને અને દેવ-નારકોને હોય છે. “વૈક્રિયમિશ્ર શરીર કાયયોગ” તે વૈક્રિય અને મિશ્રનો જે કાર્મણાદિ સાથે તે વૈક્રિયમિશ્ર, તે શરીરનો કાયયોગ તે. તે વૈક્રિય અને કાર્મણનો યુગપત્ વ્યાપારરૂપ છે, તે દેવ-નારકને ઉત્પત્તિ કાળે યાવત્ વૈક્રિય અપરિપૂર્ણતા સુધી છે. વૈક્રિય લબ્ધિમાન તિર્યંચ-મનુષ્યોને વિહિત વૈક્રિય શરીરના ત્યાગથી ઔદારિક ગ્રહણ સુધી હોય.

આહારકશરીર કાયયોગ પૂર્વવત્ છે. તેમાં આહારક-વિશિષ્ટતર પુદ્‌ગલથી નિષ્પન્ન, આ ચૌદ પૂર્વધરને ઉત્પન્ન વિશિષ્ટ પ્રયોજનથી કરાયેલ આહારક શરીર થાય છે. “આહારકમિશ્રશરીર કાયયોગ” આહારક અને મિશ્ર. જે ઔદારિક સાથે તે આહારકનું મિશ્ર, તે શરીર. આ આહારક-ઔદારિકના યુગપત્ વ્યાપારરૂપ છે. તે કૃતઆહારકના ત્યાગથી ઔદારિકને ગ્રહણ કરતાં થાય છે.

કાર્મણશરીર કાયયોગ પૂર્વવત્. આ અપાંતરાલમાં ગયેલ કે કેવલિ સમુદ્‌ઘાતમાં થાય છે. પહેલા-આઠમા સમયનો આ અભિપ્રાય છે - જીવપ્રદેશોના દંડપણે પ્રક્ષેપ અને સંહારમાં, પહેલા અને આઠમાં સમયનો ઔદારિકકાય વ્યાપારાદિમાં ઔદારિક કાયયોગ જ છે. બીજા, છટ્ઠા અને સાતમાં સમયમાં પ્રદેશોના પ્રક્ષેપ-સંહારમાં ઔદારિક, તેનાથી બહાર કાર્મણમાં વીર્યપરિસ્પંદથી ઔદારિક કાર્મણમિશ્ર છે. ત્રીજા-ચોથા-પાંચમામાં બહાર ઔદારિકથી કાર્મણકાયવ્યાપારની અસહાયથી કાર્મણ યોગ જ છે, કેમકે તેની માત્ર ચેષ્ટા છે. અહીં જો કે મંથનકરણમાં કપાટ ન્યાયથી ઔદારિકને વ્યાપાર સંભવે છે, તો પણ અહીં આ વચનથી આ યગ કથંચિત્ નથી એમ મંતવ્ય છે.

સત્ય મનોયોગને જોડે છે, અસત્યામૃષા મનોયોગને પણ જોડે છે. મનઃપર્યાયજ્ઞાની વડે કે અનુત્તર દેવો વડે મનથી પૂછાયેલ મનથી જ થાય, તેનો ઉત્તર પણ એ રીતે જ અપાય છે.

સત્ય વચનયોગ તે જીવાદિ પદાર્થોને પ્રરૂપતા થાય અને અસત્યામૃષા વચનયોગ, આમંત્રણાદિમાં હોય.

સમુદ્‌ઘાતથી નિવર્તીને અંતર્મુહૂર્ત વડે યોગનિરોધ કરે છે.

● સૂત્ર-૫૫ :-

***ભગવન્ ! તે તેવા સયોગી સિદ્ધ થાય યાવત્ અંત કરે ? એ અર્થ સંગત નથી. તે પૂર્વે પર્યાપ્ત પંચેન્દ્રિય સંજ્ઞીના જઘન્ય મનોયોગના નીચલા સ્તરે અસંખ્યાતગુણ પરિહીન પહેલા મનોયોગનું રુંધન કરે છે. ત્યારપછી પર્યાપ્ત બેઈન્દ્રિયના જઘન્યયોગના નીચે અસંખ્યાતગુણ પરિહીન બીજા વચનયોગનું રુંધન કરે છે. ત્યારપછી અપર્યાપ્ત સૂક્ષ્મ પનગ જીવના જઘન્યયોગના નીચે અસંખ્યાતગુણ પરિહીન ત્રીજા કાય યોગનું રુંધન કરે છે. તે આ ઉપાયથી પહેલાં મનયોગને રુંધે છે, મનો યોગને રુંધીને વચનયોગને રુંધે છે, વચનયોગને રુંધીને કાયયોગને રુંધે છે અને કાયયોગને રુંધીને યોગ નિરોધ કરે છે.***

***યોગનિરોધને કરીને અયોગત્વને પ્રાપ્ત કરે છે. અયોગત્વ પામીને ઈષત્***

સ્પૃષ્ટ પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ કાળમાં અસંખ્યાત સમયિક અંતર્મુહૂર્તિક શૈલેશીને સ્વીકારે છે. શૈલેશીકાળમાં પૂર્વરચિત ગુણ શ્રેણિ રૂપમાં રહેલ કર્મોને અસંખ્યાત ગુણશ્રેણીઓમાં અનંત કર્માંશો રૂપે ક્ષીણ કરતો વેદનીય, આયુ, નામ, ગોત્રનો એકસાથે ક્ષય કરે છે. આ ચાર કર્મોને એકસાથે ખપાવીને ઔદારિક-તૈજસ-કાર્મણ શરીરનો સર્વથા ત્યાગ કરે છે, એ રીતે ત્યાગ કરીને ઋજુ શ્રેણિ પ્રતિપન્ન થઈ અસ્પૃશ્યમાન ગતિ દ્વારા એક સમયમાં ઉંચે અવિગ્રહ ગતિથી જઈ સાકારોપયોગથી સિદ્ધ થાય.

તે ત્યાં સિદ્ધ થાય છે, સાદિ અનંત, અશરીરી, જીવઘન, દર્શનજ્ઞાનોપયુક્ત, નિષ્ઠિતાર્થ, નિશ્ચલ, નીરજ, નિર્મળ, વિતિમિર, વિશુદ્ધ, શાશ્વત અનાગત કાળ રહે છે. ભગવન્ ! એમ કેમ કહ્યું — તે ત્યાં સિદ્ધ થઈ, સાદિ અનંતકાળ યાવત્ રહે છે ? ગૌતમ ! જેમ કોઈ બીજ અગ્નિથી બળીને ફરી અંકુરરૂપે ઉત્પન્ન થતું નથી. તેમ સિદ્ધોનું કર્મબીજ બળી ગયા પછી ફરી જન્મ-ઉત્પત્તિ થતી નથી. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે તે ત્યાં સિદ્ધ થઈ સાદિ અનંતકાળ રહે છે.

ભગવન્ ! સિદ્ધ થતાં જીવો કયા સંઘયણે સિદ્ધ થાય ? ગૌતમ ! વજ્રઋષભનારાચ સંઘયણે સિદ્ધ થાય છે. - - ભગવન્ ! સિદ્ધ થતાં જીવો કયા સંસ્થાને સિદ્ધ થાય છે ? છ માંના કોઈપણ સંસ્થાને સિદ્ધ થાય. ભગવન્ ! સિદ્ધ થનાર જીવ કઈ ઊંચાઈથી સિદ્ધ થાય ? ગૌતમ ! જઘન્ય સાત હાથ, ઉત્કૃષ્ટ-૫૦૦ ધનુષ્.

ભગવન્ સિદ્ધ થનાર જીવ કેટલા આયુએ સિદ્ધ થાય ? ગૌતમ ! જઘન્યથી સાતિરેક આઠ વર્ષાયુ, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી આયુ.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીની નીચે સિદ્ધો વસે છે ? આ અર્થસંગત નથી. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી કહેવુ.

ભગવન્ ! સૌધર્મકલ્પની નીચે સિદ્ધો વસે છે ? આ અર્થસંગત નથી. આ પ્રમાણે ઈશાનની, સનત્કુમારની યાવત્ અચ્યુતની, ગ્રૈવેયકની, અનુત્તરવિમાનની બધાંની પૃચ્છા કરવી.

ભગવન્ ! ઇષત્ પ્રાગ્ભારા પૃથ્વીની નીચે સિદ્ધો વસે છે ? એ અર્થસંગત નથી. ભગવન્ ! તો સિદ્ધો ક્યાં વસે છે ?

ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાના ભવનોથી ઘણાં સેંકડો યોજન, ઘણાં હજારો યોજન, ઘણાં લાખો યોજન, ઘણાં કરોડો યોજન, ઘણાં કોડાકોડ યોજન ઉર્ધ્વતર-ઉંચે ઉંચે ગયા બાદ સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત પછી ૩૧૮ ગ્રૈવેયક વિમાનવાસી વ્યતિક્રાંત થયા પછી વિજય-વૈજયંત-જયંત-અપરાજિત-સર્વાર્થસિદ્ધ મહાવિમાનના સૌથી ઉપરના શિખરના અગ્ર ભાગથી ઉપર બાર યોજનના અંતરે "ઈષત્ પ્રાગ્ભારા" નામની પૃથ્વી કહેલી છે. આ પૃથ્વી ૪૫-લાખ યોજન લાંબી-પહોળી છે અને ૧,૪૨,૩૦,૨૪૯ યોજનથી કંઈક વિશેષ પરિધિ છે.



આ ઇષત્ પ્રાગ્ભારા પૃથ્વીના બહુ મધ્યદેશ ભાગમાં આઠ યોજન ક્ષેત્રમાં. આઠ યોજન બાહલ્યથી છે. ત્યારપછી જાડાઈમાં ક્રમશઃ થોડી થોડી ઘટતા જતાં સૌથી અંતિમ કિનારે માખીની પાંખથી પાતળી છે. તે અંતિમ છેડાની જાડાઈ અંગુલના અસંખ્યાતમાં ભાગ તુલ્ય છે.

ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના બાર નામો કહ્યા છે. તે આ પ્રમાણે - ઈષત્, ઈષત્ પ્રાગ્ભારા, તનુ, તનુતનુ, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, લોકાગ્ર, લોકાગ્રસ્તૂપિકા, લોકાગ્ર પ્રતિબોધના, સર્વપ્રાણ ભૂતજીવસત્વ સુખાવહા.

ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી શ્વેત, શંખતલ જેળ વિમલ, સોલ્લિય પુષ્પ, કમળનાલ, જલકણ, તુષાર, ગોક્ષીર, હાર જેવા વર્ણયુક્ત છે. ઉલટા છત્રના આકારે સ્થિત, સર્વ અર્જુન સુવર્ણમયી, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નીર્મળ, નિષ્પંક, નિષ્કંડછાયા, સમરીચિકા, સુપ્રભા, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીતલથી એક યોજન ઉપર લોકાંત છે, તે યોજનના ઉપરના ગાઉના છઠ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો સાદિ અનંત સ્થિતિથી, અનેક જન્મ-જરા-મરણ-યોનિ-વેદન-સંસારના ભીષણ ભાવ-પુનર્ભવ-ગર્ભવાસમાં વસવારૂપ પ્રપંચને ઉલ્લંઘીને શાશ્વત અનાગત કાળ સુધી સુસ્થિર રહે છે.

● **વિવેચન-૫૫ :-**

से णं पुव्वामेव० આદિ. તે કેવલી, યોગનિરોધાવસ્થાની પૂર્વે જ સંજ્ઞી-મનોલબ્ધિવંત, પંચેન્દ્રિયના સ્વરૂપનું વિશેષણ, તેથી સંજ્ઞી પંચેન્દ્રિય જ થાય છે, મનઃપર્યાપ્તિ વડે પર્યાપ્ત. તે સિવાયનાને મનોલબ્ધિ હોવા છતાં મનનો અભાવ જ છે, તેથી પર્યાપ્તિ એમ કહ્યું. તે મધ્યમાદિ મનોયોગ પણ હોય, તેથી કહે છે — જઘન્ય મનોયોગવાળા 'हेट्ठ' નીચે જે મનોયોગ છે. અર્થાત્ જઘન્ય મનોયોગ સમાન જે નથી તે. મનોયોગ-મનોદ્રવ્યનો વ્યાપાર. જઘન્યમનોયોગ અધોભાગ વર્તિત્વને દર્શાવવા કહે છે — અસંખ્યાત ગુણ પરીહિન જે છે તે, તથા તે જઘન્ય મનોયોગના અસંખ્યાત ભાગમાત્ર મનોયોગને નિરુદ્ધે છે તે ક્રમથી આ માત્રા વડે સમયે સમયે તેને નિરુંધતા સર્વ મનોયોગને નિરુંધે છે. કેવી રીતે ? અનુત્તર, અચિંત્ય અકરણવીર્યથી.

આ જ કહે છે —

પહેલા - શેષ વચનાદિ યોગની અપેક્ષાએ, આદિથી મનોયોગને નિરુંધે છે. કહ્યું છે કે — પર્યાપ્તમાત્ર સંજ્ઞી સુધી જઘન્યયોગી મનોદ્રવ્યોવાળા થાય છે અને જેટલો તેનો વ્યાપાર, તેનાથી અસંખ્ય ગુણ વિહિન સમયે સમયે તેને નિરુંધે છે. અસંખ્ય સમયથી મનનો સર્વ નિરોધ થાય છે. હ્રસ્વાક્ષરો મધ્યે જે પાંચ સમયથી કહેવાય છે, શૈલેશીકરણને પામેલા માત્ર તેટલો કાળ જ રહે છે.

આ પ્રમાણે બીજા પણ બે સૂત્ર જાણવા. અયોગતાને પામે છે. કઈ રીતે ? ઈષત્ સ્પૃષ્ટ હ્રસ્વ જે પાંચ અક્ષરો, તેનું જે ઉચ્ચારણ, તેનો જે કાળ તે, આ ઉચ્ચારણ ધીમે

કે જલ્દી નહીં પણ મધ્યમ જ લેવું.

શૈલેશ-મેરુ, તેની સ્થિરતા, સામ્યાદિ અવસ્થા તે શૈલેશી અથવા શીલેશ-સર્વ સંવર રૂપ ચારિત્ર, તેની આ અવસ્થા યોગનિરોધરૂપ, તેને સ્વીકારે છે. પૂર્વ-શૈલેશી અવસ્થા પૂર્વે રચિત ગુણશ્રેણિ-ક્ષપણ ઉપક્રમ વિશેષરૂપે. ગુણશ્રેણિ-સામાન્યથી કર્મ ઘણાં અલ્પ-અલ્પ-અલ્પતમ, એ રીતે નિર્જરવાને માટે રચાય છે. પરિણામ વિશેષથી તેમાં તે પ્રમાણે જ રચિત કાલાંતર વેદ્ય અલ્પ-બહુ-બહુતર-બહુતમ, એ પ્રમાણે શીઘ્રતર ક્ષપણને માટે રચે છે, તેને ગુણશ્રેણી કહે છે.

કમ્મં-વેદનીયાદિ ભવોપગ્રાહી કર્મ. તે શૈલેશી કાળમાં ખપાવે છે. આ જ વિશેષથી કહે છે – અસંખ્યાત ગુણશ્રેણિ વડે શૈલેશી અવસ્થામાં અસંખ્યાત સમયત્વથી ગુણશ્રેણિ પણ અસંખ્યાત સમયા છે તેથી તેના પ્રતિસમય ભેદ કલ્પનાથી અસંખ્યાતી ગુણ શ્રેણિઓ થાય છે. તેથી અસંખ્યાત ગુણશ્રેણિ વડે કહેલ છે. અણંત - અનંત પુદ્‌ગલ રૂપત્વથી અનંતા તે कम्मंस - ભવોપગ્રાહી કર્મ ભેદોને खवयंत - નિર્જરા કરતો, સાતા આદિ વેદનીય, મનુષ્યાયુ, મનુષ્યગત્વાદિ નામ, ઉચ્ચગોત્ર આ ચાર કર્માંશોની મૂલપ્રકૃતિને યુગપત્ જ ખપાવે છે. તેથી કહે છે –

પૂર્વ કર્મોની અસંખ્યાતગુણ શ્રેણિ વડે વિરચિત કર્મોને સમયે સમયે શૈલેશીકાળથી કર્મોને ખપાવે છે. બધાંને ખપાવતા કંઈક ઉપરના સમયમાં અને કંઈક ચરમ શૈલેશીમાં નિર્લેપ થાય છે. મનુષ્ય ગતિ-જાતિ-ત્રસ-બાદર-પર્યાપ્ત, સૌભાગ્ય આદેય, કોઈ વેદનીય, નરાયુ ઉચ્ચ ગોત્ર, યશઃનામ, જિનનામ, મનુષ્યાનુપૂર્વી છેલ્લા સમયે સંભવે છે બાકીના કર્મો જિન પાસેથી દ્વિચરમ સમયે નિષ્ઠાને પામે છે.

સર્વાભિ-અશેષ વિશેષ-વિવિધ, પ્રકર્ષથી ત્યાગ. શું કહેવા માંગે છે ? સર્વથા કર્મોનું પરિશાટન, દેશ ત્યાગથી નહીં - x - વિશેષથી ત્યાગીને ઋજુ-અવક્ર શ્રેણિ-આકાશ પ્રદેશ પંક્તિ, તે ઋજુશ્રેણિને આશ્રિત ''અફુસમાણગઈ'' - સિદ્ધિ અંતરાલ પ્રદેશ ગતિ જેની છે તે અસ્પૃશદ ગતિ. - x - તેમાં એક જ સમય ઈષ્ટ છે. જે આયુષ્યાદિ કર્મનો ક્ષય સમય છે. તે જ નિર્વાણ સમય છે. કેમકે અંતરાલમાં સમય અંતરના અભાવથી અંતરાલપ્રદેશોના સંસ્પર્શથી છે, આ અર્થ સૂક્ષ્મ છે, કેવલિગમ્ય ભાવથી છે. એક સમયથી કઈ રીતે ? તે કહે છે – અવિગ્રહ ગતિથી. કેમકે વક્રગતિમાં જ સમયનું અંતર લાગે છે. સાકારોપયુક્ત-જ્ઞાન ઉપયોગવાન્. સિધ્યતિ-કૃતકૃત્યતાને પામે છે - x -

જે આ ગામ, આકર યાવત્ સન્નિવેશમાં મનુષ્યો હોય છે - સર્વકામ વિરત યાવત્ આઠ કર્મપ્રકૃતિઓને ખપાવીને ઉપર લોકાગ્રે પ્રતિષ્ઠાન થાય છે ત્યાં કેવા થાય છે ? તે કહે છે – તે, પૂર્વોપદિષ્ટ વિશેષણવાળા મનુષ્યો, તત્ર-લોકાગ્રે નિષ્ઠિતાર્થા થાય છે. આના દ્વારા જે કેટલાંક માને છે - રાગાદિ વાસના મુક્ત, ચિત્ત નિરામય છે, સદા અનિયત દેશમાં રહેનાર, તેને સિદ્ધ કહેવાય છે, જે બીજા માને છે - ગુણસત્ત્વી, અનંતર જ્ઞાનથી નિવૃત્ત, - x - મુક્તો સર્વત્ર રહે છે, આદિ મતનો નિરાસ કર્યો છે જે કહેવાય છે – સશરીતામાં પણ સિદ્ધત્વ પ્રતિપાદનને માટે કહે છે કે



અણિમાદિ અષ્ટવિધ ઐશ્વર્યને પામેલ, પરમદુસ્તરને તરીને નિવૃત્તાત્મા હર્ષ પામે છે. આ મતને દૂર કરવા કહ્યું.

असरीरा - અવિદ્યમાન પાંચ પ્રકારના શરીરો. जीवघन - યોગ નિરોધ કાળે છિદ્રો પૂરવાથી ત્રિભાગ ન્યૂન અવગાહના થતા જીવઘન. જ્ઞાન-સાકાર, દર્શન-અનાકાર, તે બંનેના ક્રમથી ઉપયુક્ત જે તે. નિષ્ઠિતાર્થા - સમાપ્ત સમસ્ત પ્રયોજન. નિરેયણ-નિશ્ચલ. નીરય-બધ્યમાન કર્મરહિત અથવા નિર્ગત ઉત્સુકતાવાળા, નિર્મલ-પૂર્વબદ્ધકર્મ વિનિર્મુક્ત કે દ્રવ્યમલ વર્જિત, વિતિમિર-અજ્ઞાન રહિત, વિસુદ્ધ-કર્મ વિશુદ્ધના પ્રકર્ષને પામેલા, શાશ્વતી-સિદ્ધત્વના અવિનાશથી અવિનશ્વરી. અનાગત-ભવિષ્યત્કાલમાં રહે છે. जमुप्पत्ति - કર્મકૃત્ પ્રસૂતિ કે ઉત્પત્તિ તે. જન્મગ્રહણથી પરિણામાંતર રૂપથી તેની ઉત્પત્તિ થાય છે, તે કહે છે – પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તત્વથી સદ્‌ભાવ.

જઘન્યથી - સાત હાથ ઉચ્ચત્વમાં મહાવીરવત્ સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ ઋષભસ્વામીવત્. આ બંને તીર્થંકરની અપેક્ષાએ કહેલ છે. તેથી બે હાથ પ્રમાણ કૂર્માપુત્ર કે સાતિરેક ૫૦૦ ધનુષ્ પ્રમાણ મરુદેવીને અપવાદ ગણવા. સાતિરેક આઠ વર્ષ આયુને આશ્રીને કહ્યા. તે આઠ વર્ષે દીક્ષા લેવાથી થાય છે. વર્ષમાં કેવળજ્ઞાન પામીને સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ આયુવાળા મનુષ્ય સિદ્ધ થાય, પછી નહીં.

જો કે લોકાગ્ર સિદ્ધોનું સ્થાન કહેવાયેલ છે, તો પણ મુગ્ધ વિનેયના કલ્પિત વિવિધ લોકાગ્રના નિરાસ કરવા નિરુપચરિત લોકાગ્ર સ્વરૂપ વિશેષને જણાવવા માટે પ્રશ્નોત્તર સૂત્ર કહે છે –

જે આ રત્નપ્રભાનો અધોભાગ, તે જ લોકાગ્ર, તેમાં સિદ્ધો વસે છે, એ પ્રશ્ન. તેનો ઉત્તર છે - આ અર્થ સમર્થ નથી. એમ બધે જાણવું. से कहिं खाइ णं भंते ! અહીં स - તો, कहिंति - કયા દેશમાં खाइ આ દેશીભાષા છે, बहुसम - બહુ સમપણાથી જે રમણીય છે તે. अबाहा - અંતરથી. ઈષત્ - અલ્પ, રત્નપ્રભાદિ પૃથ્વીની જેમ મહાન્ નહીં. પ્રાગ્ભાર-જેનું મહત્તપણું છે તે ઈષત્ પ્રાગ્ભારા. અથવા ઈષત્ - અલ્પ, પૃથ્વીના અંતરની અપેક્ષાએ. लोयग्गपडिबुज्झणा - લોકાગ્રે કે લોકાગ્રને પામે છે.

सव्वपाणभूयजीवसत्तसुहावह - અહીં પ્રાણ-બેઈન્દ્રિયાદિ, ભૂત-વનસ્પતિ, જીવ-પંચેન્દ્રિયો, સત્વ-પૃથ્વી આદિ. આ પૃથ્વી આદિપણે ત્યાં ઉત્પન્નને તે સુખાવહ છે, કેમકે શીતાદિ દુઃખ હેતુનો ત્યાં અભાવ છે. सेय - શ્વેત, તે જ વિશેષણોથી કહે છે, તેમાં – આદર્શતલ-દર્પણતલ, ક્યાંક શંખતલ એવો પણ પાઠ છે. આદર્શતલ સમાન વિમલા. સોલ્લિય-પુષ્પ વિશેષ છે. અર્જુનસુવર્ણ - શ્વેત સુવર્ણમયી અચ્છ-આકાશ સ્ફટિકવત્. સણ્હ-શ્લક્ષ્ણ પરમાણુ સ્કંધ નિષ્પન્ન શ્લક્ષ્ણ તંતુ નિષ્પન્ન વસ્ત્રવત્. લણ્હ-મસૃણ, ઘુંટિત વસ્ત્ર સમાન. घट्ठ - ઘૃષ્ટ પાષણપ્રતિમાની માફક. મટ્ઠ-મૃષ્ટ, સુકુમારશાન પ્રતિમાની જેમ શોધિત કે પ્રમાર્જનિકાવત્. તેથી જ નીરય-રજો રહિત, નિર્મળ-કઠિનમળરહિત. નિપ્પંક-આર્દ્રમળરહિત. અથવા અકલંક. નિષ્કંટક છાયા - નિરાવરણ શોભા જેની છે તે. અથવા અકલંક શોભાયુક્ત. સમરીચિકા - કિરણયુક્ત.

તેથી જ સુપ્પભ - સારી રીતે પ્રકર્ષથી શોભે છે તે. પ્રાસાદીય - મનનો પ્રમોદ એ પ્રયોજન જેનું છે તે, દર્શનીય - ચક્ષુર્વ્યાપારને હિતકારી. તેને જોતા ચક્ષુ થાકતા નથી તે. અભિરૂપ - અભિમતરૂપ જેનું છે તે અર્થાત્ કમનીય, પ્રતિરૂપ.

જોયણ - યોજન, અહીં ઉત્સેધાંગુલથી યોજન સમજવો. તેના જે કોશનો છઠ્ઠો ભાગ, ૩૩૩ પૂર્ણાંક અને ૧/૩ ભાગ પ્રમાણથી છે. અનેક જન્મ-જરા-મરણ પ્રધાન યોનિમાં વેદના જેમાં છે, તે સંસારના કલંકલીભાવ - અસમંજસત્વથી જે પુનર્ભવ-પુનઃ પુનઃ ઉત્પાદ, ગર્ભ આશ્રય નિવાસ, તેનો જે વિસ્તાર, તેને ઓળંગી ગયેલ-નિસ્તીર્ણ. પાઠાંતરથી અનેક જન્મ-જરા-મરણ પ્રધાન જે યોનીઓ જેમાં છે, તે તથા તેવો જે આ સંસાર, તેમાં પુનઃ પુનઃ ઉત્પત્તિથી ગર્ભવાસ વસતીને ઉલ્લંઘેલ.

**● સૂત્ર-૫૬ થી ૭૭ :-**

*[૫૬] સિદ્ધો ક્યાં પ્રતિહત છે ? સિદ્ધો ક્યાં પ્રતિષ્ઠિત છે ? અહીં શરીરનો ત્યાગ કરીને ક્યાં જઈને સિદ્ધ થાય છે ?*

*[૫૭] સિદ્ધો અલોકમાં પ્રતિહત થાય છે, લોકાગ્રે પ્રતિષ્ઠિત થાય છે, અહીં શરીર છોડીને, ત્યાં જઈને સિદ્ધ થાય છે.*

*[૫૮] જે સંસ્થાન આ ભવે છે, તેને છેલ્લા સમયે ત્યજીને પ્રદેશઘન સંસ્થાન થઈને ત્યાં રહે છે.*

*[૫૯] છેલ્લા ભવમાં દીર્ઘ કે હ્રસ્વ જે સંસ્થાન હોય છે, તેથી ત્રણ ભાગ હીન સિદ્ધની અવગાહના કહેલી છે.*

*[૬૦] ૩૩૩ ધનુષ્ તથા ૧/૩ ધનુષ્ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના હોય છે, તેમ સર્વજ્ઞએ કહેલ છે.*

*[૬૧] સિદ્ધોની મધ્યમ અવગાહના ચાર હાથ અને ૧/૩ ભાગ ન્યૂન એક હાથ હોય છે, તેમ સર્વજ્ઞોએ નિરૂપિત કરેલ છે.*

*[૬૨] સિદ્ધોની જઘન્ય અવગાહના એક હાથ અને આઠ અંગુલ હોય છે, એ પ્રમાણે સિદ્ધોએ ભણેલ છે.*

*[૬૩] સિદ્ધો અંતિમ ભવની અવગાહનાથી ત્રીજો ભાગ ન્યૂન અવગાહના યુક્ત હોય છે. જરા-મરણથી મુક્ત થયેલનો આકાર-સંસ્થાન અનિત્થંત્થ - કોઈ લૌકિક આકારને મળતું નથી.*

*[૬૪] જ્યાં એક સિદ્ધ છે, ત્યાં ભવક્ષયથી વિમુક્ત અનંત સિદ્ધો છે, જે પરસ્પર અવગાઢ છે, તે બધાં લોકાંતે સંસ્પર્શ કરીને છે.*

*[૬૫] સિદ્ધો સર્વ આત્મપ્રદેશથી અનંત સિદ્ધોને સંપૂર્ણરૂપે સંસ્પર્શ કરેલ છે, તેનાથી અસંખ્યાતગુણ સિદ્ધ એવા છે, જે દેશ અને પ્રદેશોથી એકબીજામાં અવગાઢ છે.*

*[૬૬] સિદ્ધો, અશરીરી-જીવઘન-દર્શન અને જ્ઞાનોપયુક્ત છે. એ રીતે સાકાર અને અનાકાર ચેતનાએ સિદ્ધોનું લક્ષણ છે.*

*[૬૭] તેઓ કેવળ જ્ઞાનોપયોગથી બધાં પદાર્થોના ગુણો અને પર્યાયોને*



*જાણે છે, અનંત કેવલદર્શનથી સર્વતઃ સર્વ ભાવો જુએ છે.*

*[૬૮] સિદ્ધોને જે અવ્યાબાધ, શાશ્વત સુખ પ્રાપ્ત છે, તે મનુષ્યોને કે સર્વે દેવતાઓને પણ પ્રાપ્ત થતું નથી.*

*[૬૯] દેવોનું જે સુખ ત્રણે કાળનું છે, તેના સમૂહને અનંત ગુણ કરાય તો પણ તે મોક્ષ સુખની સમાન થઈ શકતું નથી.*

*[૭૦] એક સિદ્ધના સુખોને સર્વકાળથી ગુણિત કરવાથી જે સુખરાશિ નિષ્પન્ન થાય છે, તેને જો અનંત વર્ગથી વિભાજિત કરવામાં આવે, તો જે સુખરાશિ ભાગફળના સ્વરૂપમાં પ્રાપ્ત થાય, તે પણ એટલી અધિક હોય છે કે સંપૂર્ણ આકાશમાં સમાવિષ્ટ થઈ શકતી નથી.*

*[૭૧] જેમ કોઈ મ્લેચ્છ પુરુષ નગરના અનેકવિધ ગુણોને જાણતો પણ વનમાં તેવી ઉપમાના અભાવે તે ગુણોને વર્ણવી ન શકે.*

*[૭૨] તેમ સિદ્ધોનું સુખ અનુપમ છે, તેની કોઈ ઉપમા નથી. તો પણ વિશેષરૂપે તેને ઉપમા દ્વારા સમજાવાય છે, તે સાંભળો.*

*[૭૩] જેમ કોઈ પુરુષ સર્વકામગુણિત ભોજન કરી, ભુખ-તરસથી મુક્ત થઈને અપરિમિત તૃપ્તિને અનુભવે છે, તેમ —*

*[૭૪] સર્વકાલતૃપ્ત - અનુપમ શાંતિયુક્ત સિદ્ધ શાશ્વત તથા અવ્યાબાધ પરમ સુખમાં નિમગ્ન રહે છે.*

*[૭૫] તેઓ સિદ્ધ છે, બુદ્ધ છે, પારગત છે, પરંપરગત છે, કર્મકવચથી ઉન્મુક્ત છે, અજર-અમર અને અસંગ છે.*

*[૭૬] સિદ્ધ બધાં દુઃખોથી નિસ્તીર્ણ છે, જન્મ-જરા-મરણ બંધનથી વિમુક્ત છે, અવ્યાબાધ-શાશ્વત સુખોને અનુભવતા રહે છે.*

*[૭૭] અતુલ્ય સુખ સાગરમાં લીન, અવ્યાબાધ-અનુપમ મુક્તાવસ્થા પ્રાપ્ત, સિદ્ધો સર્વ અનાગતકાળમાં સદા સુખ પ્રાપ્ત રહે છે.*

**● વિવેચન-૫૬ થી ૭૭ :- [એક સાથે]**

હવે પ્રશ્નોત્તર દ્વારથી સિદ્ધોની જ વક્તવ્યતા કહે છે — कहिं આદિ બે શ્લોક છે. પ્રતિહત - પ્રસ્ખલિત, સિદ્ધ-મુક્ત. પ્રતિષ્ઠિત-વ્યવસ્થિત. બોંદિ શરીર - x - અલોકે-અલોકાકાશમાં - x - લોકાગ્ર-પંચાસ્તિકાય રૂપ લોકના મસ્તકે, પ્રતિષ્ઠિત-અપુનઃ આગતિરૂપે રહેલ. ઈહ-મનુષ્ય ક્ષેત્રમાં, તત્ર-લોકાગ્રે, सिज्झई़ति - નિષ્ઠિતાર્થ થશે.

जं संठाण० ગાથા - પ્રદેશઘન એટલે ત્રીજા ભાગે પોલાણને પૂરણ કરવાથી. तहिं-સિદ્ધિક્ષેત્રમાં, तस्स-સિદ્ધની. - - दीहं वा गाहा - દીર્ઘ-૫૦૦ ધનુષ્, હ્રસ્વ-બે હાથ પ્રમાણ. वा શબ્દથી મધ્યમ. ततः તે સંસ્થાનથી ત્રિભાગહીન ત્રણ ભાગથી શુષિરપૂરણથી સિદ્ધોની અવગાહના. જે અવસ્થામાં અવગાહે છે તે અવગાહના. ભણિતા-જિન વડે ઉક્ત.

હવે અવગાહનાને જે ઉત્કૃષ્ટાદિ ભેદથી કહે છે. ઉત્કૃષ્ટ-૫૦૦ ધનુષ્માન, મધ્યમ-ચાર ધનુષાદિ અથવા સાત હાથ આદિ, જઘન્ય-સાત હાથ અથવા બે હાથ

પ્રમાણ. - x - શંકા-નાભિ કુલકર-પરપ-ધનુષ્ હતા, તેની પત્ની મરુદેવી, તે પ્રમાણમાં જ હોય, કેમકે "ઉચ્ચત્વં કુલકર સમાન" એ વચનથી. તેથી તેની અવગાહના ઉત્કૃષ્ટથી અધિકતર થાય છે. તો સૂત્ર પ્રમાણે વિરોધ કેમ ન આવે ?

ભલે ઉચ્ચત્વ કુલકરતુલ્ય તેની સ્ત્રીનું પણ કહ્યું છે, તો પણ પ્રાયિકત્વથી સ્ત્રીઓ પુરુષથી થોડી ઓછી ઉંચી હોય છે. તેથી ૫૦૦ ધનુષ્-સંભવે છે. અથવા વૃદ્ધ કાળે સંકોચથી ૫૦૦ ધનુષ્ થયા હોય અથવા બેઠેલ અવસ્થામાં તે સિદ્ધ થયા છે, માટે વિરોધ ન માનવો. અથવા બાહુલ્ય અપેક્ષાએ આ ઉત્કૃષ્ટ અવગાહના કહી હોય, અથવા આને આશ્ચર્ય જાણવું.

પૂર્વે સાત હાથ ઉંચાઈવાળાની જઘન્યથી સિદ્ધિ કહી, તો પછી એક હાથ અને આઠ અંગુલ પ્રમાણને કઈ રીતે સિદ્ધિ થાય ? તો કહે છે કે — સાત હાથ ઉંચાઈમાં સિદ્ધિ કહી તે તીર્થંકર અપેક્ષાએ છે, તે સિવાય બે હાથ પ્રમાણ કુર્મપુત્રાદિ સિદ્ધ થયા, તેથી તેને જઘન્ય જાણવા. બીજા કહે છે — સાત હાથ પ્રમાણના સંવર્તિત અંગોપાંગ વાળાની સિદ્ધિ તે જઘન્યાવગાહના છે.

ओगाहणा० ગાથા — अनित्थंत्थ - x - x - કોઈ લૌકિક પ્રકારે ન રહેલ. શું તે દેશભેદથી સ્થિત છે કે સર્વથી, તેની આશંકા નિવારવા કહે છે — જે દેશમાં એક સિદ્ધ-નિર્વૃત્ત, તે દેશમાં અનંતા કઈ રીતે ? ભવક્ષયથી મુક્ત. આના દ્વારા સ્વેચ્છાથી ભવાવતરણ સામર્થ્યવાળાના મતના વિચ્છેદાર્થે છે. અન્યોન્ય સમવગાઢ, તથાવિધ અચિંત્ય પરિણામત્વથી ધર્માસ્તિકાયાદિવત્. સ્પૃષ્ટા-બધાં લોકાંતે લગ્ન હોય છે. કેમકે અલોકથી પ્રતિસ્ખલિતત્વથી છે.

फुसइ - ગાથા० આત્મસંબંધી સર્વ પ્રદેશોથી અનંતા સિદ્ધો લોકાંતને સ્પર્શે છે. णियमसो - નિયમથી સિદ્ધ. તે પણ અસંખ્યાત ગુણા છે. કઈ રીતે સ્પૃષ્ટ ? સર્વપ્રદેશથી. કઈ રીતે ? સર્વાત્મપ્રદેશથી અનંતો સ્પૃષ્ટ છે. એક સિદ્ધની અવગાહનામાં અનંતો સિદ્ધો અવગાઢપણે હોય છે. એક-એક દેશે અનંતા, એ રીતે એક-એક પ્રદેશથી પણ અનંતા. અહીં દેશ-દ્વયાદિ પ્રદેશ સમુદાય, પ્રદેશ-નિર્વિભાગ અંશ. સિદ્ધના અસંખ્ય દેશપ્રદેશ રૂપ - x -

હવે સિદ્ધોને લક્ષણથી કહે છે. असरीरा ગાથા ઉક્તાર્થ છે.

उवउत्ता दंसणे य णाणे य જ્ઞાન-દર્શનના સર્વ વિષયતા ઉપદર્શન કરતા કહે છે — केवल ગાહા. કેવળજ્ઞાનોપયુક્ત હોવાથી અંતઃકરણ ઉપયુક્ત નહીં. ભાવથી, તેનો અભાવ છે. સર્વભાવગુણભાવાન્ - સમસ્ત વસ્તુગુણ પર્યાય. તેમાં ગુણ - સહવર્તી, પર્યાય - ક્રમવર્તી. पश्यन्ति - સર્વથા કેવલદૃષ્ટિ વડે અનંત - અનંત-કેવલદર્શન વડે. અનંતત્વથી સિદ્ધોના અનંત વિષયત્વથી દર્શન-કેવલ દૃષ્ટિ વડે અનંતા કહ્યા. અહીં આદિમાં જ્ઞાનગ્રહણ વડે પ્રથમપણે તેનું ઉપયોગસ્થપણું સિદ્ધ છે, તે જણાવવાને છે.

હવે સિદ્ધોના નિરુપમ સુખપણાને દર્શાવવા માટે કહે છે — "नवि अत्थि" ગાથા. તેમાં અવ્વાબાહ-વિવિધ આબાધાના અભાવને પ્રાપ્ત. - - એ કઈ રીતે ? जं



देवाण गाहा० અનુત્તર સુર-દેવોનું જે ત્રિકાલિકસુખ, તેને સર્વકાળ - અતીતાદિ ત્રણે કાળથી પિંડિત-ગુણવાથી સર્વાદ્ધાપિંડિત. તેનાથી અનંતગુણ. આ પ્રમાણે કદાચ અસદ્ભાવ કલ્પનાથી એક-એક આકાશ પ્રદેશમાં તેને સ્થાપવામાં આવે તો સકલ લોકાલોકાકાશ અનંત પ્રદેશ પૂરણથી અનંત થાય છે. તો પણ તે મુક્તિ સુખ સમાન ન થાય. કેમકે સિદ્ધોનું સુખ અનંતાનંતપણે છે. દેવસુખ કઈ રીતે ?

અનંત એવા વર્ગવર્ગોથી. વર્ગને વર્ગ વડે વર્ગિત કરવાથી. જેમકે - બે. બેના વર્ગનો વર્ગ એટલે ૨ x ૨ = ૪ નો વર્ગ ૧૬ થાય તેમ. ચૂર્ણિકાર કહે છે — અંત વર્ગ-વર્ગ વડે-ખંડને ખંડ વડે ખંડિત કરવાથી સિદ્ધનું સુખ જે આવે, તે પણ મનુષ્યાદિના સુખની સમાન ન હોય [અર્થાત્ વધુ હોય.]

સિદ્ધના ઉત્કર્ષ બીજા ભંગ વડે કહે છે. સિદ્ધ-મુક્ત સંબંધી સુખ, સુખની જે રાશિ-સમૂહ, સુખસંઘાત. સર્વાદ્ધાપિંડિત - સર્વ કાળ સમય ગુણિત જે થાય, આના વડે આની કલ્પના માત્રતા કહે છે. તે અનંત વર્ગભક્ત - અનંત વર્ગથી અપવર્ગિત કરતા, સર્વાકાશમાં - લોકાલોકરૂપમાં સમાઈ શકતું નથી. - x - x - x - x - સર્વાકાશ પ્રદેશ રાશિથી ભૂયાંસ - ઘણો વધારે થાય છે. - x - x - વૃદ્ધોક્ત અધિકૃત્ ગાથા વિવરણનો ભાવાર્થ —

જે આ સુખભેદો છે તે સિદ્ધસુખ પર્યાયપણે વ્યપદિષ્ટ છે. તેની અપેક્ષાએ તેના ક્રમથી ઉત્કૃષ્યમાન - અનંત સ્થાન વર્તિત્વ ઉપચારથી - તે રાશિને અસદ્ભાવ સ્થાપનાથી સહસ્ર સમયરાશિ, તે સો. સહસ્રને સો વડે ગુણતાં લાખ થાય. ગુણન - સર્વ સમય સંબંધી સુખ પર્યાયોના મીલનાર્થે છે. અનંત રાશિ માનો કે દશ છે. તેનો વર્ગ તે સો. તેને અપવર્ગિત કરતા લાખ થાય. ઈત્યાદિ કલ્પનાથી - x - x - સમીભૂતપણું દેખાડ્યું. તેમાં અનંતરાશિ વડે ગુણિત કરતાં અનંતવર્ગથી અનંતાનંતક રૂપથી અતી મહાસ્વરૂપથી અપવર્તિત કરતાં કંઈક બાકી રહે છે. તે રાશિ ઘણી મોટી હોય છે. તેના કરતાં પણ સિદ્ધસુખ રાશિ મોટી છે. - x - x -

બીજા વળી આ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે - સિદ્ધ સુખ-પર્યાય રાશિ - આકાશપ્રદેશાગ્રથી ગુણિત આકાશપ્રદેશાગ્ર પ્રમાણ. તે પરિણામત્વથી સિદ્ધસુખ પર્યાયો છે. સર્વાદ્ધાપિંડિત - સર્વ સમય સંબંધી સંકલિત થઈને, અર્થાત્ અનંત વડે અનંતશઃ વર્ગ-વર્ગમૂલ વડે ભક્ત-અપવર્તિત, અત્યંત લઘૂકૃત્. - x - x - તે અતિ લઘુકૃત્ હોવા છતાં સર્વાકાશમાં સમાતી નથી.

હવે સિદ્ધસુખની અનુપમતાને દૃષ્ટાંતથી કહે છે. जह० ગાથા. પૂર્વાર્ધ વ્યક્ત છે. न चएइ - અરણ્યથી આવેલો અરણ્યવાસી મ્લેચ્છ નગરના ગુણોને કહેવાને સમર્થ નથી. કેમકે નગરના ગુણોની ઉપમા આપી શકાય તેવી ઉપમાનો અરણ્યમાં અભાવ છે. તેની કથા કંઈક આવી છે - *[સંક્ષિપ્ત કથાસાર-]* કોઈક મ્લેચ્છ મહારણ્ય વસતો હતો, કોઈ વખતે કોઈ રાજા દુષ્ટ અશ્વને કારણે અરણ્યમાં પ્રવેશ્યો. મ્લેચ્છે તે રાજાને જોયો, રાજાનો યથોચિત સત્કાર કર્યો. પછી તેના દેશમાં પહોંચાડ્યો. રાજાએ તેને પોતાનો ઉપકારી સમજીને તેના રાજમાં વિશિષ્ટ ભોગાદિ વડે આગતા-સ્વાગતા કરી,

પ્રાસાદ-બગીચા-વિલાસીની સાથે ભોગ સુખ આદિ અનેક વસ્તુથી તેને ઉપકૃત્ કર્યો. પછી વર્ષાઋતુ આવતા તે મ્લેચ્છ પાછો અરણ્યમાં ગયો. અરણ્યવાસીઓએ તેને નગર કેવું હતું ? તે પૂછ્યું તે મ્લેચ્છ નગરના સુખને જાણતો હતો, તો પણ તે વર્ણવી શક્યો નહીં. કેમકે અરણ્યમાં તેવી કોઈ ઉપમા ન હતી કે, તેના દ્વારા મ્લેચ્છ પોતે અનુભવેલા સુખને વર્ણવી શકે.

દૃષ્ટાંતનો ઉપનય કરતા કહે છે કે — સિદ્ધોને અનુપમ સુખ વર્તે છે, પરંતુ ઉપમાના અભાવે તે વર્ણવી શકાતું નથી. - x - x -

'जह' ગાહા - તેમાં સર્વકામ ગુણિત - સંજાત સમસ્ત કમનીય ગુણ. બાકી વ્યક્ત છે. આ રસનેન્દ્રિયને આશ્રીને ઈષ્ટવિષયથી પ્રાપ્ત ઔત્સુક્ય નિવૃત્તિથી સુખપ્રદર્શન સર્વઈન્દ્રિય વિષયોમાં આમ જ જાણવું. અન્યથા બાધાંતર સંભવથી સુખાર્થનો અભાવ જાણવો.

'इय' ગાથા - શાશ્વતભાવથી સર્વકાળ તૃપ્ત, અતુલ નિર્વાણને સિદ્ધો પામે છે. અહીં શાશ્વત-સર્વકાળ ભાવિ, અવ્યાબાધ-વ્યાબાધા વર્જિત સુખ પ્રાપ્ત-સુખી થઈને રહે છે. અહીં દુઃખનો અભાવ માત્ર જ મુક્તિસુખ છે, તે મતનો નિરાસ કરી વાસ્તવ્ય સુખ પ્રતિપાદનાર્થે 'સુખી' શબ્દ પ્રયોગ છે. તેથી કહે છે — અશેષ દોષના ક્ષયથી શાશ્વત-અવ્યાબાધ સુખને પ્રાપ્ત હોવાથી સુખી થઈને રહે છે.

હવે વસ્તુતઃ સિદ્ધ પર્યાય શબ્દના પ્રતિપાદનાર્થે કહે છે — સિદ્ધ - તેમના કૃતકૃત્યત્વથી કહ્યા. બુદ્ધ-કેવળજ્ઞાનથી વિશ્વને બોધ કરવાથી. પારગત-ભવસમુદ્રના પારગમનથી. પરંપરગત-પુન્યબીજ સમ્યક્ત્વ જ્ઞાન ચારિત્ર ક્રમ પ્રાપ્તિ ઉપાય યુક્તત્વથી પરંપરા વડે ગયેલ તે પરંપરગત કહેવાય છે. સર્વકર્મરહિતપણાથી ઉન્મુક્ત કર્મ કવચવાળા. વયના અભાવે 'अजरा' આયુષ્યના અભાવે અમર. સકલ કલેશના અભાવે असङ्ग. - - - निच्छिण्ण ગાથા. વ્યક્તાર્થ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**ઔપપાતિક સૂત્રનો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

# ભાગ-૧૬-સમાપ્ત

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |